શ્રી

# "અભય"

યાને

## ચડતી પડતીનો પડછાયો.

## નોવેલ.


લેખક અને પ્રકાશક

રામચંદ્ર ગણપતરામ ભટ્ટ.



આવૃત્તી પહેલી                    પ્રત ૧૦૦૦

"પદ્મવિલાસ" પ્રેસ—ભરૂચ.

સંવત ૧૯૬૩                    સન ૧૯૦૭

કીં. રૂ. ૦-૮-૦

ૐ

॥ श्री परमात्मने नमः ॥

# "અભય"

ગાને

## ચડતી પડતીનો પડછાયો.

લેખક અને પ્રકાશક

**રામચંદ્ર ગણપતરામ ભટ્ટ.**

આવૃત્તિ પહેલી. પ્રત ૩૦૦૦.

શ્રી પદ્મવિલાસ પ્રિન્ટીંગ પ્રેસ—ભરૂચ.

સંવત ૧૯૬૩. સને ૧૯૦૭.

મૂલ્ય ફક્ત આઠ આના.

ધર્મ, અર્થ, અને મોક્ષના અધિપતી.

કૃપા, ક્ષમા અને દયાની મુર્તિ.

જગતનું કલ્યાણ કરનાર.

ષડૈશ્વર્ય સંપન્ન મહાત્મા શ્રી અમીધર રૂષિરાજ.

આપ સંસાર પ્રપંચના અનેક વ્યવસાયમાં
ગુંથાયા છતાં માત્ર નિઃસ્વાર્થ પણે તનમનથી
જગતના કલ્યાણ ।। હિતાર્થે સતત્ ઉદ્યોગ
કરો છો તથા નાના પ્રકારના પાપો-
માંથી મુકત કરવા સદા તત્પર રહો
છો. આદિ આપનાં સત્કાર્યો તરફ
આકર્ષાઈ, મારા ખરા પ્રેમથી
આપશ્રીનું અમર નામ
આ પુસ્તક સાથે જોડી
કૃતાર્થ થાઉં છું.

લી.

દાસાનું દાસ.

રામ.

# મારા સુજ્ઞ મિત્ર ભગવાનદાસ નહાનાભાઈ.

આપ સુજ્ઞ મિત્ર શ્રી મારા પ્રતિ જે પ્રેમની લાગણી
દર્શાવો છો અને મને દરેક કાર્યોમાં ઉત્કંઠિત
કરવા આપ ખરા અંતઃકરણથી ખંત લો છો.
તેમજ આપ મારા તરફ જે ભ્રાતૃવત્
લાગણી ધરાવો છો તેને માટે આપનો
હું મારા ખરા અંતઃકરણથી આ-
ભારી છું અને તેજ ઉપકારના
બદલામાં આપનું નામ અમર
કરવા આ પુસ્તક સાથે
જોડું છું.

લી.

તમારો ભ્રાતૃવત્.

કર્તા.

# પ્રસ્તાવના.

આધુનીક સમયમાં જ્યાં ત્યાં દરેક ઠેકાણે દરેકના હાથમાં નવલ કથાઓ જોવામાં આવે છે, પણ તેમાં થોડાજ તેને અ-થથી તે ઇતી સુધી વાંચવા તસ્દી લેતા હશે. લેખકનો ઉદ્દેશ શો છે અને તેમાં કયા વિષયો સમાયલા છે તે ધીરજથી શાંતપણે નહીં વાંચતાં પુસ્તક હાથમાં આવ્યું કે તેમાંનું એકાદ પ્રકરણ કાઢીને વાંચી જોવું અને જો તેમાંનો વિષય પોતાની રૂચીને અનુકુળ આવતો વાંચવાની જીજ્ઞાશા ઉત્પન્ન કરતો લાગે તો આખું પુસ્તક વાંચે નહીંતો તેને એક ખુણામાં રડવડતું નાખીદે. એવા વાંચકોને એટલુંજ કહેવાનું કે આ પુસ્તકમાં લખાયલા વિષયોમાંના એકાદ પ્રકરણના કોઇ ભાગ ઉપરથીજ જો કે તેમના વીચારને અનુકુળ ન આવે તો પણ અમુક નિશ્ચય ન બાંધી પહેલેથી ઠેઠ સુધી વાંચી સઘળા વિષયોમાંથી સાર ગ્રહણ કરશો.

આ પુસ્તકમાં વિશ્વાસુ મનુષ્યોની થતી પાયમાલી, લઘુ-વયના બાળકોપર પડતાં અસહ્ય સંકટોનો આબેહુબ ચિતાર ! સંકટમાં ધૈર્યધરી સત્યથી વર્તનારને અંતે મળતો લાભ વ્યભી ચારમાં લીન થઇ જવાથી થતું નુકશાન, પતિ પરાયણ સ્ત્રી ઓના શીયળનું મહત્મ, વેસ્યાના ખોટા મોહમાં પડવાથી થતી હાની, વિગેરે અગાધ વિષયો દર્શાવવામાં આવ્યા છે.

મારા કેટલાક સુજ્ઞ મિત્રોના આગ્રહથી તેમજ દરેક શ્રીમંત

તેમજ ગરીબ એક સરખો લાભ લઇ શકે તેટલા ખાતરજ તેની કીંમત માત્ર જુજ રાખી છે.

આ પુસ્તક ઘણી ટુંક મુદતમાં છાપી મારા શોખીલા ઉમંગી વાંચકોના હાથમાં મુકવાની ઇચ્છાનેલીધે, તેમજ પુસ્તકની માગણી જલદીથી થવાને લીધે જેમ જેમ તે લખાતું ગયું તેમ તેમ પ્રેસરાં મોકલવામાં આવ્યાથી જે શાંન્તીથી અને અવકાસથી સુધારવાને વખત જોઇએ તે નહીં મળવાથી કેટલેક ઠેકાણે કાળજી રાખ્યા છતાં દોષો રહી ગયા છે તેને માટે માફી આપશો.

સુજ્ઞ વાંચકો ! હું કાંઇ વિદ્વાન કે કવીની ગણત્રીમાં ગણાવા માગતો નથી તેમજ આ પુસ્તક લખવામાં મારો પ્રથમજ પ્રયાસ હોવાથી તેમાં જે બુદ્ધિ દોષ, હસ્તદોષ તેમજ દ્રષ્ટિ દોષથી ખામી રહી ગઇ હોય તે સુધારી વાંચવા કૃપા કરશોજી.

આ કાર્યમાં મારા વડીલ મામાશ્રી ગરબડ આદીતરાંમ તથા સુજ્ઞ મિત્ર મગનલાલ તરફથી મને ઘણી મદદ મળી છે, જેથી તેમનો હું પૂર્ણ આભારી છું.

અર્પણપત્રિકાને માટે ઉતાવળને લીધે કાંઇ નિશ્ચય નહીં હોવાથી આવતી આવૃતિમાં છપાવીશું.

લી.

કર્તા.

ફાલ્ગુન
કૃષ્ણ પક્ષ પંચમી.
તા. ૫-૩-૦૭

રામચંદ્ર ગણપતરાંમ ભટ્ટ
જાબુ બ્રાહ્મણ.
નિવાસ ક્ષેત્ર ( ચાંણોદ. )
ચંડિપુર.

# નજર કરો ! વાંચો !! નજર કરો !!!

## આખા હીંદુસ્તાનમાં માન પામેલી.

## તાવની ચમત્કારક અકસીર ગોળીઓ.

આ ગોળી રોજઓ. એકાંતરો ટાઢીઓ ચોથીઓ વીગેરે દરેક જાતના તાવને એક જાદુની માફક મટાડી દે છે, અને એજ ગોળી શક્તીને પ્રાપ્ત કરે છે. એ શીવાય હમારા દવાખાનામાં દરેક રોગની દવાઓ તથા ભશ્મો બંગ અવલેહ દ્રાક્ષારસ જીવન વીગેરે જથાબંધ તથા છુટક મળશે તેથી વાપરનાર એક વખત વાપરી ખાત્રી કરશે એવી આશા છે.

હમારા દવાખાનામાં જે દરદી આવસે તેના ઉપર પુરતુ ધ્યાન આપી દવા કરવામાં આવશે અને બાહારગામવાળા માટે રહેવાને જુદી સગવડ કરવામાં આવસે ને દરદીની ખુશી પ્રમાણે દરદની ફી છુટક અગર શામટી લેવામાં આવશે ને શામટી ફી ઠરાવનારને દરદ નહી મટે તો પૈસા પાછા આપવામાં આવશે.

**વૈદરાજ નાહાનાભાઈ કેશવદાસ.**

**વડાપાડા ભરૂચ.**

---

ॐ

परमात्मने नमः

शान्ति ! शान्ति !! शान्तिः !!!

# "અભય"

યાને

## ચડતી પડતીનો પડછાયો.

### પ્રકરણ ૧ લું.

#### અરણ્યમાં.

વૈશાખ સુદી પુર્ણીમાનો દીવસ, બપોરના બાર વાગ્યા છે, સવિતાનારાયણ પોતાના પૂર જોસથી તપ્ત કિરણોરૂપી તીવ્ર બાણની વૃષ્ટિ નિર્ભયપણે કરી રહ્યા છે, મરૂત્ દેવતા જાણે તેમની સાથે યુદ્ધ કરતાં હાર પામ્યા હોય તેમ શાન્ત થઇને સ્વભુવનમાં

નિરાંતે ભરાઇ પેઠા છે, કાંઇક લશ્કર રહ્યું હતું તે ત્રાસથી તૃપ્ત થઇ કાંપતું હોય તેમ લાગતું હતું ધરતી ઉપર ઉષ્ણતા વ્યાપી ગઈ છે, ઘરમાંથી બહાર નીકળવાનું મન થતું નથી જંગલમાં ચરતાં પશુ પક્ષીઓ ધીમે ધીમે મોટા ઝાડોની છાંયાનો આશ્રય સોધવા લાગ્યાં છે, આમ્ર વૃક્ષો ફળરૂપી શણગારથી ખીલી રહ્યાં છે, કાબર, કોકિલા, સુડા, કાગડા વીગેરે પક્ષીઓ જાણે પોતાની માલીકીનાંજ વૃક્ષો હોયની તેમ એક ફળથી બીજા ફળ એમ અનેક ફળોનો સ્વાદ લે છે, સવારમાં વહેલાં નીકળેલાં પક્ષીઓ પોતાનો ભક્ષ શોધવો છોડી તરૂવરના શીતળ ઘન પલ્લવમાં લપાવા લાગ્યાં છે, આ વખતે કુંદનપુરથી આશરે વીશેક માઇલ દૂર આવેલા ડુંગરોની તળેટીમાંથી એક યુવક વિચારગ્રસ્ત પસાર થતો હતો, તેના દક્ષિણ ભુજમાં બે નળીની બંદુક હતી, કમરે સોનેરી કમરપટામાં ચાંદીની મૂઠવાળી શીરોઇ તલવાર લટકતી હતી યુવકની ઉમર આશરે વરસ વીશેકની હતી તેનું શરીર કદાવર છાતી પહોળી ભવ્ય કપાળ તેજસ્વી આંખોની સાથે ભ્રમરોના દેખાવપરથી કાંઇક ઉંડા વિચારમાં હોય એમ લાગતું હતું દેખાવપરથી કોઈપણ માણસ અટકળ કરી શકે શકે કે તે ક્ષત્રીપુત્ર હોવો જોઇએ. “ બસ, કોઇ પણ રીતે લક્ષ્મિને બચાવવી પ્રાણ જાય તોપણ ક્ષત્રીની બાળાને આવા નીચ લગ્નમાંથી મુક્ત કરવી. ” આટલા શબ્દો તેના મોઢામાંથી અચાનક નીકળ્યા. વિચારમાં પસાર થતાં આશરે નવ વાગ્યાને શુમારે એક સુંદર ઉપવનની આગળ તે યુવક આવી પહોંચ્યો. ચંદ્રમાની પ્રફુલ્લીત શીતળ છાયા મનને અહલાદક આપતી હતી, જાણે પૃથ્વીપર

રૂપેરી પીછોડી ઓઢાળી હોય તેમ શોભતી હતી. પવનની લહેરીથી સુગંધીદાર પુષ્પોની સુગંધીથી તે યુવકનું મગજ શાંત થયું. ઉપવનની ચારે બાજુએ આશરે છ–સાત ફુટ ઊંચી દીવાલ આવેલી હતી, તેના ઉપરથી કેટલેક ઠેકાણે ચુનોછો ઉખડી જઇને તેમાંથી કાંકરા માલમ પડતા હતા, બાગમાં દાખલ થવાને પુર્વાભીમુખે ફક્ત એકજ દરવાજો હતો, દરવાજાની પાસે અંદરની બાજુએ જમણા હાથ તરફ એક ઝુંપડાના આકારનું ઘર આવેલું હતું, અને તેની આગળના ભાગમાં આશરે છ–સાત હાથ લાંબી અડાળી કાઢેલી હતી તેમાં કેટલાક કોદાળી–પાવડા તથા નાના રોપાઓને પાણી પાવાની મોટી ઝારીઓ વીગેરે પડેલાં હતાં જે ઉપરથી અનુમાન થઇ શકતું હતું કે તે બાગ રક્ષકને રહેવાનું મકાન હતું. આપણો યુવક આ સ્થળે આ દીવાલ આગળ આવી અટક્યો, અંદર જવાના માર્ગ તરફ જોયું તો દરવાજો બંધ હતો. તેણે અંદર જવાને રસ્તો ખોળવા માટે દીવાલની ચારે બાજુએ ફરવા માંડયું, ફરતાં ફરતાં તે બાગના દક્ષિણ ભાગ તરફ આવ્યો, ત્યાં જોતાંજ તેને નવી હોંશ ઉત્પન્ન થઇ, ત્યાં આગળ દીવાલનો કેટલોક ભાગ જીર્ણ થઇ જવાથી તેને દુરસ્ત કરવા માટે કડીઆ કામ ચાલતું હતું, ત્યાં કડીઆઓએ ઉપરના ભાગમાં કામ કરવા માટે પાલકો બાંધેલી હતી. યુવક તે ઉપર ચડયો અને અંદર ઉતર્યો તેની નજરે ચારે બાજુએ ઠેકાણે ઠેકાણે મેંદીના છોડ રોપેલા પડ્યા, જરા આગળ વધ્યો. ગુલાબ, કેતકી, મોગરો, જુઇ, જાઇ, કેવડો, બટમોગરો આદિ પુષ્પના રોપાઓ રોપેલા

તેણે જોયા. જાણે પેલાથી હું રળીઆમણું દીસુંછું, અને તેના કરતાં હું વધારે સુશોભીતછું તેની પરિક્ષા કરાવવા આતુર હોય તેમ પુર જોસમાં પૃથક્ પૃથક્ રોપા ઉપર પૃથક્ પૃથક્ ફુલો ખીલી નીકળ્યાં હતાં. પશ્ચિમ દિશામાં ચંપો, બોરસલી, કદમ, કરેણ વીગેરે મોટાં પુષ્પોનાં વૃક્ષો હારબંધ આવેલાં હતાં, ઉત્તરે અનેક પ્રકારનાં ફળનાં વૃક્ષો, કેળ, દાડમ, સીતાફળ, રામફળ, જામફળ, પપૈયા, અંજીર કમળખ વીગેરે ઉગેલાં હતાં ઉદ્યાનની વચ્ચો વચ્ચ એક ત્રણ માળનો બંગલો બાંધેલો હતો બહારથી સુશોભિત ભિન્ન ભિન્ન રંગોથી કેટલાંક લડાયક ચિત્રો ચિત્રેલાં હતાં, ચારે બાજુએ આરસપહાણના પથ્થરની ચાર ચાર પગથીઆંની પગથી બનાવેલી હતી. લાલ, લીલા, કાળા, સફેદ વીગેરે રંગોના ત્રિકોણાકાર કડકા અંદર જડેલા હતા. બંગલામાં જવાના બે માર્ગ હતા. એક પુર્વ તરફ અને બીજો પશ્ચિમ તરફનો હતો.

યુવક ધીમે પગલે તે બંગલા તરફ આવવા લાગ્યો. બંગલાથી આશરે વીશેક કદમ આવેલા ઝાડને ઓથે ઉભો રહી લાંબે નજર કરી નિહાળવા લાગ્યો તો બંગલાની આગળના ભાગમાં ઓટલા ઉપર ચાર સીપાઇ વાતોના તડાકા મારતા નજરે પડયા તેઓને નોકરીમાં ફક્ત આ નિર્જીવ બંગલાની ચોકી કરવાનું હતું, અને તેઓ હમેશાં આજ સ્થળે બેઠેલા રહેતા.

આજે તેઓ કાંઇ નવાજ રંગમાં બેઠેલા હતા. નિશામાં

ચકચુર હતા, જેથી આપણા યુવકને અંદર દાખલ થવાને એક ઘણી સારી તક મળી.

આવા રમણીય ભવ્યગ્રહમાં વસનાર કેવું સુખ ભોગવતાં હશે તેને ખ્યાલ હરેક વાંચકના અંતઃકરણમાં સ્ફુર્યા વિના રહે-શેજ નહી. પણ નહિ, પ્રીય વાંચકવૃંદ તારી પુર ખુશાલી વચ્ચે કહેવાને દીલગીરછું કે આવા આલ્હાદક મંદિરમાં વસનાર અ-ગાધ દુઃખ દરિયામાં તણાતી એક મુગ્ધા બાળા હતી, તેની ઉમર આશરે વરસ ૧૨ ની હતી, તેનો દેખાવ અદ્દભુત હતો, તેના કપાળનો વિસ્તાર વિશાળ, ભ્રમર કાળી જાણે ધનુષ્યની પ્રપંચા ચઢાવેલી હોયની તેમ વક્ર હતી. ચક્ષુ જાણે મૃગની પાશેથી છાનામાનાં નાસી આવીને અહીંજ આશ્રય લીધો હોય તેમ પો-પચામાં છુપાતાં હતાં, નાસિકા શુકનુ ભાન કરાવતી હતી. અધ-રોષ્ટ પ્રવાળની માફક રક્ત દેખાતા હતાં. એકંદર રીતે જોતાં શરીરમાં કોઇ પણ પ્રકારની ખામી નહોતી; "ઘાતકી પિતા પોતાની નીચ ધારણા પુરી કરવા મને નીચ તુરકને સોંપવા તૈયાર થયો છે. હાય ! દૈવ ! આવા અસહ્ય સંકટમાંથી મને બ-ચાવ" આ પ્રમાણે નિશ્વાસ નાંખતી તે બાળા ઉત્તર દિશાની બારીમાંથી એક બીજા મહેલ તરફ જોતી ખુરશીપર ચિંતાગ્રસ્ત બેઠી હતી.

યુવક એક ખુલ્લી બારીમાંથી અંદર દાખલ થયો, ત્યાં એક દાસી તેને મળી–જોતાં ચમકી–"ગભરાશો નહી" એમ કહી આંગળીએ ઘાલેલી મુદ્રિકા બતાવી, "શું ! આપને સરદારસીંહે

મોકલ્યા ?" "હા, લક્ષ્મી ક્યાં છે" "ચાલો મારી સાથે."

દાસી તેને લઇ આગળ ચાલી તેઓ દાદરપર ચઢી બીજે માળ દિવાનખાનામાં આવ્યાં. "આપ અહીં બેસો હું લક્ષ્મીને ખબર કરૂંછું" "ઠીક" દાસી એક ઓરડા તરફ કે જ્યાં લક્ષ્મી ઉંડા વિચારમાં બેઠી હતી ત્યાં આવી. "બહેન તે દિવસે સરદારસીંહ તરફથી પત્ર મળ્યો હતો, તેમાં લખ્યા મુજબ માણસ અહીં આવેલ છે. આપને મળવા માગે છે." લક્ષ્મી આ સાંભળી ચોંકી એક ક્ષણવારમાં તેના મનમાં હજારો તર્ક વિતર્ક થઇ ગયા. "બોલાવ" દાસી ગઇ. કોણ હશે ? શું કોઈ કપટી તો નહીં હોય ? તેની સાથે શું બોલવું ? હશે ગમે તે હો, હમણાં જણાશે.

દાસી આવેલ યુવકને લક્ષ્મી પાશે લઇ આવી.

એકદમ ખુરશીપરથી ઉઠી અને બાજુએ આવેલા પલંગની છત્રીના દાંડાને અઢેલી સોડીયું વાળી ઉભી—શરમાળ બાળાએ માથું નીચું નમાવ્યું. પગના અંગુઠા વડે જાણે ભોંય ખોતરતી હોય તેમ નીચું જોઈ ઉભી. એક પળ સુધી કોઈ કાંઇ બોલ્યું નહીં. બંને ચિત્રવત્ સ્તબ્ધ રહ્યાં. યુવક તેની શરમ પામી ગયો. અને આવું રમણીય રત્ન પોતાને મળે તો કેવું સારૂં એ વિચાર તેના મસ્તિકમાં ઘુમવા લાગ્યો.

આખરે સમય જોઇ તેણે બોલવાની પહેલ કીધી.

"હાલ ટુંકા વખતમાં કામ ઘણું કરવાનું છે. ખુલાસો

કરવા વખત નથી પણ ખાત્રીથી માનજો કે હું તમારો ખરો શુભેચ્છક છું. મારી પાસે કોઇ પણ વાતની શરમ રાખશો નહીં."

યુવકની બોલવાની છટા તેનું કદાવર ગૌર શરીર ભરાવાદાર ચહેરો, વિશાળ છાતી, લાંબા બાહુ, અને ચળકાટ મારતી મોટી આંખો જોઇ બાળા શરમાઇ–પરવશ થઇ. શું બોલવું તે સુઝયું નહીં. યુવકે આગળ ચલાવ્યું.

"ફુરસીંહે તમને ખરેખર એક મોટા દુઃખ દરિયામાં ધકેલી દેવા પ્રયત્ન કર્યો જણાય છે તો તેનો બનતો ઉપાય કરી તમને તે દુઃખમાંથી મુક્ત કરવા વીર સરદારસીંહને મળી તેમની ભલામણથી અત્રે આવેલ છું. તમારો વિચાર જણાવશો." મેઘવૃષ્ટિને માટે આતુરતાથી ઉંચી ડોક કરી ચાતક પક્ષી રાહ જુવે તેમ યુવક એકી ટશે તે મુગ્ધા બાળા તરફ જોઇ રહ્યો.

પોતાના શરીરમાંનું સર્વ બળ એકઠું કરી મુખમાં આણ્યું. આખા શરીરનું જોર મુખમાં રહી ન શકતું હોય અકળાતું હોય. તેમ બીડેલા હોઠોને એકદમ ઉઘાડી માત્ર "ઉપકારીશ્રી હું એક રંક અબળાની વ્હારે આવ્યા જાણી મહદ્ભાગ્ય માનું છું. આપ જે કરશો તે મારા ભલા ખાતરજ કરશો એવું મારૂં અંતઃકરણ કબૂલ કરે છે." એટલું બોલી વધુ બોલવાની તાકાત ન હોય બોલતાં બોલતાં ક્ષોભ ઉત્પન્ન થતો હોય તેમ બાળા અટકી દાસીને પોતાના તરફથી મુખત્યાર પત્ર આપી યુવકની સાથે વાત કરવા સાન કરી.

દાસીએ તરતજ શરૂ કર્યું.

" વીરપુરૂષ થોડા દીવસ ઉપર એક પત્ર સરદારસીંહ તરફથી અમને મળ્યો હતો, અને તેમા મારી સખીને બચાવવા વિષે લખેલું હતું. તે પ્રમાણે આપ આવ્યા છો. પણ અમારા મનમાં શંકા રહે છે કે સરદારસીંહ એક બહારવટીઓ છે અને તે રાજાને ઘણો કનડે છે તો તેને અમારી બાબતમાં દયા કેમ આવી હશે ?


" શત્રુના શત્રુ તે મીત્ર બરાબર ? તેને ફક્ત રાજા સીવાય બીજા કોઈ સાથે શત્રુતા નથી. હાલ એ બાબત જણાવી શકતો નથી. વાડને પણ કાન હોય છે. "

" વીરપુરૂષ મને આપનો પક્કો ભરોસો છે મારી સખીની ચિંતા આપની શૌર્યતામાં મળી જવાથી તેને માથેથી ભાર ઓછો થશે—નાશ પામશે. "

" ચિંતા મા કરો. તમારી સખીની ચિંતાના કારણને હું પુર્ણ રીતે જાણુંછું. મારાથી તમારી સખીના સર્વ સંકટ દુર થઇ સર્વ મનોરથ સિદ્ધ થશે. તમારા દુઃખની સ્થીતિ મારા જાણવામાં છે, અને વધારે વખત રોકાઈ રહેવા હાલ મારી મરજી નથી. હું મારા પ્રાણાર્પણ કરીને તમારી સખીના સંતાપ દુર કરીશ હાલતો જાઉંછું આજથી ચોથે દીવસે બરાબર રાતના બાર વાગે આ સ્થળે આવીશ.

આટલું કહી યુવક જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તેથી બહાર નીકળ્યો. પરંતુ તેના મનમાં ભાગ્યેજ હશે કે આ સર્વ પ્રયોગ કોઇ બીજો માણસ જોતો હતો.

વાંચક ! લક્ષ્મી અને કેશરીની એકાંત મુલાકાત એક પુરૂષ બાગની અંદર બંગલાની પાસે આવેલા ઝાડની નીચે છુપાઇ સાંભળતો હતો, પણ તેમની વાણી તેનાથી કવચિત સંભળાતી ન સંભળાતી. આ પુરૂષે તેના શરીરને ગુપ્ત રાખવાને કાળા કપડાનું આચ્છાદન કરેલું હતું તેથી તેના શરીરનું વર્ણન કરવું અશક્ય છે, આ પુરૂષ પણ લક્ષ્મીની પ્રીતિ મેળવવા ઇચ્છા રાખનાર એક ઉમેદવાર હતો. જેવો કેસરી બહાર નીકળ્યો કે આ છુપાયલા પુરૂષે બાગની બહાર ગમન કર્યું. "આ બધી બાબત રાજાને હાલજ કહું નહીંતો મારો ધારેલો મનસુબો મનમાંજ રહી જશે, અને લક્ષ્મી આવેલા યુવક સાથે જતી રહેશે." આટલા શબ્દો તેના મુખમાંથી બહાર નીકળ્યા. તે એકદમ રાજાના મહેલ તરફ ગયો.



# પ્રકરણ ૨ જું.

## યોજના.

---

રાત્રાના દસ વાગવાનો સમય થયો હતો. આખું શયનગ્રહ અનેક પ્રકારના સુગંધીમય દ્રવ્યોથી મ્હેક મ્હેક થઇ રહ્યું હતું. જાણે કામદેવનું મુખ્ય સ્થાન અહીંજ હોય તેવી શોભા સાથે સુગંધીથી ભરપુર હતું, અનેક પ્રકારનાં પુષ્પોની માળા ગજરા કલગી વીગેરે સાથે છુટાં છવાયાં પુષ્પોનો પાર નહતો, આ વખતે એક સ્ત્રી પુરૂષનું જોડું ચાંદીની સાંકળો વાળા હીંડોળા ઉપર ઝુલતું હતું એક દાસી હીંચકો નાંખતી હતી જ્યારે બીજી પાન બીડાં કરવાના કામમાં રોકાયલી હતી. "લ્યો બા" કહી નમ્રતા પુર્વક દાસીએ પાન આપ્યાં સ્ત્રીએ પાન આપતાં વાત ઉપાડી. "ખુદાવીંદ અબ શાદી નહીં હોગી તો છરમેંસે દુસરા પરીણામ આયગા એસા મુજકો ખ્યાલ હોતાહય અપને સરપેં દો સંકટ ઝુકતે હય ઉસ્કો પાર કર દેના ચહાઇએ."

"પ્યારી તારા! તારૂં કહેવું ખરૂં છેહું જાણુંછું કે બે માણસો અડચણ કર્ત્તા છે તેનો નાશ જલદી થવો જોઇએ અને તે હું થોડા વખતમાંજ કરીશ."

એકદમ અંતઃદ્વાર ખુલ્યું, એક દાસી દાખલ થઈ, નમન કરી કહ્યું–" મહારાજા ભુપતસીંહ બહાર આવ્યા છે આપને મળવા આજ્ઞા માગે છે. "

" રંગમાં ભંગ ! અત્યારે એને અહીં આવવાનું શું કારણ ? ભલે ગમે તે હો પણ અત્યારે ના કહો કામ હશે તો સવારે આવશે. " તારાએ પ્રથમ ચોંકી અને પછી બેપરવાઈથી જવાબ આપ્યો.

રાજા—" નહીં પ્રીયા એ કાંઇ જરૂરના કારણસર આવેલો હોય એમ જણાય છે નહીંતો અત્યારે અહીં આવેજ નહી. દાસી—જા તેમને દીવાનખાનામાં બેસાડ. " દાસી ગઇ. " પ્યારી હું હમણાંજ આવું છું. " એમ કહી રાજા તરતજ ચાલ્યો, ભુપતસીંહ તેની રાહ જોતાજ ઉભો હતો.

રાજા—" ભુપતસીંહ અત્યારે આ વેશે આ તરફ આવવાનું શું કારણ ? "

ભુપત—મહારાજ આપની યોજના થોડા વખતમાં બલ્કે આજકાલમાં અમલમાં નહીં આવે તો મોટો ફેરફાર થવાનો સંભવ છે એમ જણાય છે અને હું પ્રત્યક્ષ પ્રમાણ કરી આવ્યોછું. હાલ હું બાગમાંથીજ આવું છું. કોઇ માણસને મેં લક્ષ્મીના બંગલામાં તેની સાથે વાત કરતાં સાંભળ્યો, ઘણું દૂર હોવાથી " ચોથે દીવસે આવીશ. " એટલા શબ્દ મેં સાંભળ્યા.

રાજા બોલ્યો, ઠીક થયું કે તમે મને જણાવ્યું નહી તો આપણી ધારેલી આશા નિષ્ફળ થાત. હવે ફક્ત તમને એટલુંજ

કામ સોંપુંછું કે હમણાંજ ત્યાં જઇ તેજ બંગલામાં છુપું ભોં-યરૂં છે તેજ રસ્તેથી કારાગ્રહના વચલા ઓરડામાં જવાય છે ત્યાં એને ઉંઘતી લઇ જઇ કેદ કરો પણ એને ખબર ન પડે કે તેને કયે રસ્તેથી ત્યાં આણી. હવે બેચાર દીવસમાં લગ્નની તૈયારી કરી પરણાવી દઇશ પછી એ સાલ ઓછું થશે. "

આ પ્રમાણે યોજના ઉપર થતી હતી તે વખતે એક પુરૂષ મોંઢા ઉપર મુખવટો પહેરી શ્યામ વસ્ત્ર ધારણ કરી મહેલની ચારે બાજુએ છુપો ફેરા માર્યા કરતો હતો. હત્યારા હમણાંજ તને યમપુરીમાં પહોંચાડું છું. બહાર નીકળ. " આ શબ્દો તેના મુખમાંથી લાંબા નિશ્વાસે સાથે ધીરા સુરથી નીકળ્યા. દાંત પીસતો એક કાળની માફક એક તીવ્ર ખંજર હાથમાં રાખી જામાની બાંયમાં સંતાડી પશ્ચિમ તરફના બારણાના પગથીઆંની છાયા નીચે બેઠો હતો, જાણે સાત દિવસનો ભુખ્યોસીંહ પોતાના ભક્ષને માટે આતુરતાથી જોઇ રહ્યો હોય અને ક્યારે ભક્ષ આવે અને હું પકડું તેમ આ વીર પુરૂષ એકી નજરે દ્વાર તરફ જોયા કરતો હતો એક ક્ષણવારમાં " આહ પ્રપંચ ! ધાજો " આટલા શબ્દો રાજાને કાને હવામાં અથડાયા. બહાર આવી જુએ છે તો છાતીમાં ભોંકાયલા ખંજર સાથે ભુપત પડેલો છે. રૂધીર વહ્યે જાય છે " અરે એક પળવારમાં આ શું થયું ? યોજના કોઇના જાણ્યામાં આવી " છાતીમાંથી ખંજર કાઢી ભુપતસીંહને અંદર લીધો અને એક પાટપર નાંખ્યો અને તેના રૂધીરના વહેતા ઝરાને બંધ કરવાને અંદર દવા મુકી પાટો બાંધ્યો પરંતુ

કટારનો ઘા ઘણો ઉંડો ગયો હતો, કટારના ઝેરી પાનાએ તેની ઝેરી અસર ફેલાવી હતી. ભૂપતસીંહ આખરની અવસ્થામાં હતો અને થોડા વખતમાં આ ફના દુનીઆંનો ત્યાગ કરી તેનો આત્મા પોતાના સરજનહારની હજુરમાં પોતાનો ન્યાય ચુકાવવાને રજુ થયો. ક્રૂરસીંહ ( રાજા ) અંદર જઇ કટાર તપાસવા લાગ્યો, તેના ઉપર કોતરેલા " સરદારસીંહ " એટલા અક્ષરો નજરે પડયા. " સરદાર મેં તારૂં કાંઇ બગાડયું નથી છતાં મને નાહક સતાપે છે પણ યાદ રાખજે કે તને મારા કારાગ્રહમાં કેદ કરીશ. અને મારા હાથેજ તારા પ્રાણ લઇશ તોજ હું શાન્ત થઇશ." ક્રૂરસીંહ વિચારમાંથી જાગ્રત થયો. 'હવે મારે જાતેજ જવું પડશે મારા સીવાય કોઇ જઇને એ કામ પુરી રીતે પાર પાડે તેમ નથી " તે ઉઠયો કાળો ઝભ્ભો પહેરી બાગને રસ્તે પડયો. ત્યાં ગયો. વિમળા આ વખતે જાગતીજ બેઠેલી હતી આ નર પીશાચને જોઇ તે ચમકી બૂમ પાડવા જતી હતી એટલામાં ક્રૂરસીંહે પોતાનું મોઢું ખુલ્લું કર્યું વીમળાને પૂછ્યું "લક્ષ્મી કયાં છે?" "આ પલંગપર સૂતી. " ક્રૂરસીંહે બીજું કાંઇ પણ ન બોલતાં તે બીચારી અનાથ ગરીબડી બાળાને આંખે જોરથી પાટો બાંધ્યો—" ઓ બાપરે મારી આંખો ફુટી ગઇ-કોણ છે આ શું ? વીમળા મને ઉંઘતી શા માટે હેરાન કરે છે. "

" લક્ષ્મિ કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય મારો હાથ ઝાલી મારી પાછળ ચાલ નહીં તો અહીં તારૂ આવી બન્યું સમજ " વીમળા તરફ જોઇ બોલ્યો વીમળા તું પણ ચાલ. આ


વાતની કોઇને પણ ખબર કરતી નહીં. તારે લક્ષ્મીની પાસેજ રહેવું” માળપરથી તરતજ નીચે આવ્યો ઓરડો ઉઘાડ્યો તે ઓરડાની અંદરની ભીંત આશરે પાંચ ફુટ પહોળી હતી તેમાં એક છુપું બારણું મુકેલું હતું તે ચાંપ દબાવી ઉઘેડયું લક્ષ્મીનો હાથ ઝાલી અંદર લીધી વીમળાપણ ગઇ બારણું બંધ થયું. થોડુંક ચાલ્યા પછી એક લોખંડનો દરવાજો આવ્યો તેના ઉપર એક મયુરના જેવો આકાર હતો કુરસીહે તેની ચાંચ દબાવી કે તરતજ તે દરવાજો ખુલ્યો તેમાંથી આગળ ચાલતાં વળી એક પથ્થરની છાટ આવી તે ઉપાડી તો તેઓ એક સાંકડી ગલીમાં આવ્યા આ ગલી ફક્ત એકજ માણસ જઇ શકે એટલી પહોળી હતી, તે ગલીમાંથી પસાર થયા પછી તેતે છેડે એક ત્રાંબાનું કડું દીઠું કુરસીહે તે કડું જોરથી ખેંચ્યું. તરતજ તેની સાથેનું મજબૂત પતરૂં ખસી ગયું તેમાં થઇને તેઓ સીધા ચાલ્યા. તો તેઓ એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. તે મેદાનની અંદર એક કિલ્લો બાંધેલો હતો, તે કિલ્લાની અંદરના વચલા ઓરડામાં લક્ષ્મીને અને વિમળાને લઇ ગયો. લક્ષ્મીનો પાટો છોડ્યો અને બોલ્યો. “ તારૂં કપટ ખુલ્લું થયું ન હોત તો કેટલો અનર્થ થાત તે હું કહી શકતો નથી. બે ત્રણ દીવસમાંજ તારાં લગ્ન કાલુખાં સાથે કરી દઉંશું.”

“ પિતાશ્રી આપ મારા શુભેચ્છક થઈ આવું અનિષ્ટ કરવા તૈયાર થયા છો એ આપ જેવા પીતાને યોગ્ય નથી.”

“ ચુપકર, છોકરી. હવે આજેજ બધો મર્મ ખુલ્લો કરૂંછું

કે હું તારો પીતા નથી. તારો પિતાતો કોઇ બીજોજ હતો અને તે ઘણી લાંબી મુદત થયાં આ હાથે સ્વધામ પહોંચી ગયો છે.''

લક્ષ્મી ચોંકી જાણે એક કુમળી કેળપર વીજળી પડવાથી જેવી તેની હાલત થાય છે તેજ પ્રમાણે લક્ષ્મીના અંતરમાં ઉંડો કારી ઘા લાગ્યો તે કાંઇ બોલી શકી નહીં. તેને તેવીજ સ્થીતિમાં પડતી મુકી કુરસીંહ જે રસ્તે આવ્યો હતો તેજ રસ્તેજથી બહાર નીકળી પડ્યો બીચારી ટળવળતી બાળાનું શાન્ત્વન કરનાર એક જણ શીવાય બીજું કોઇજ નહતું. અને તે વીમળાજ હતી. !



# પ્રકરણ ૩ જું.

## લગ્ન, પાસા અવળા પડયા.

---

રાતના દશ વાગ્યા હતા, અંધારી રાત, તારાઓનો ચળકાટ અને વાયુથી વૃક્ષોનાં પાંદડાંઓનો ખડખડાટ એક સરખો થઇ રહ્યો હતો. આ વખતે એક માણસ કાળો પોષાક પહેરી પગથી માથા સુધી શ્યામ વસ્ત્ર ઓઢી કાળા ઘોડાપર સ્વાર થઈ દક્ષિણ દિશા તરફ પ્રયાણ કરતો હતો; " અરેરે ! આ શોક જનક બીના સાંભળી તે કેવો દુઃખી થશે " એવા વિચારમાં તે પોતાનો માર્ગ કાપ્યો જતો હતો. આશરે કલાકેકનો રસ્તો કાપ્યા પછી એકાએક તેણે પોતાનો વેગ નરમ પાડી ઘોડો અટકાવ્યો ને વધારે સાવચેત થયો કારણ તેણે પોતાનાથી થોડેક દુર ઘોડાના પગની ખરીનો અવાજ સાંભળ્યો. "નક્કી તેજ હોવો જોઇએ " એવી ધારણાથી તે ત્યાંજ થોભ્યો પણ તેની અજાયબી વચ્ચે તેણે બીજોજ બનાવ જોયો. તેની ધારણા નિષ્ફળ ગઇ સામેથી આવનારે પોતાનો ઘોડો અટકાવ્યો. ખંજર કાઢી " કોણછે ?" સવાલ પુછતાં પેલા માણસે સાદ ઓળખ્યો. તેણે જવાબ આપ્યો " કોણ સરદારસીંહ"? ચાલો ઠીક થયું કે તમો પણ મળી ગયા.

સરદારસીંહને આ માણસનો અવાજ પરિચીત હોય એમ

લાગ્યું તે તેના સામું એકી નજરે જોઇ રહ્યો. તેના મનોવિકાર સમજી ગયો હોય તેમ તે માણસે તેના કાનમાં કાંઇ કહ્યું, તે આશ્ચર્ય ચકિત થયો "તમારે આ વખતે આવા વેશમાં આ તરફ આવવાનું શું કારણ?" "કારણ એજકે ચોથા દિવસે કેસરીસીંહે આવી લક્ષ્મીને લઇ જવા દિલાસો આપી ગયા હતા તે અત્યારેજ આવનાર છે; જેથી તેમને અણધારી આફતની જાણ કરવા આવવું થયું છે. સરદારે કહ્યું—" શું કેસરીસીંહ ત્યાં આવ્યા હતા? મેં એ બાબત તેમને જણાવેલ હતી પણ અણધારી આફત વળી કઈ? તે મને જલદી જણાવો?" તે હું હમણાંજ કહુંછું "—એટલું બોલતામાંજ :વળી તેમણે ઘોડાનો પગરવ સાંભળ્યો; બંને ચુપ થઇ ગયા. એક સ્વાર તેમની નજીક આવ્યો બેમાંના એકે પૂછ્યું—" કેસરીસીંહ?" "હા" પ્રશ્નોત્તર થતાં કેસરીસીંહ નીચે ઉતર્યો. પ્રશ્ન કરનારે વાત ચલાવી.

" કેસરીસીંહ દીલગીરછું કે તમને એક શોકજનક બાબતથી વાકેફ કરવા મને ફરજ પડી છે અને જો તેમ ન કરૂં તો મોટી નુકસાની થાય તેમ છે. માટે લાચારીથી કહુંછું કે જે દીવસે તમે આવ્યા હતા, તેજ દીવસે કોણ જાણે રાજાને કેમ ખબર પડી જેથી તેને એક ભયંકર કેદખાનામાં પુરી છે પણ તેજ દીવસે એક જણનું ખૂન થયું, તે રાજાનો વિશ્વાસુ હતો જેથી મને લાગે છે કે તેણે રાજાને જાહેર કરેલું હોવું જોઇએ, પણ ખૂન કોણે કર્યું તેની મને ખબર નથી અને કાલે

યવન સાથે લગ્ન કરી દેનાર છે, માટે કાંઇ પણ યોજના કરવી જોઇએ."

સરદારસીંહ ક્રોધથી તમ થઇ બોલ્યો શું એ નિષ્ઠુર હ્રદયના પાપીએ તેનાપર એટલે સુધી પગલું ભર્યું છે? યાદ રાખ કે તારા ટાંટીઆ તારાજ ગળામાં નાંખુંછું" કેસરીસીંહ ગંભીરતાથી બોલ્યો. "આ સ્થળે બળની સાથે કળનું કામ છે માટે એવી કોઇ પણ યોજના ઘડવી કે જેથી તે આવા સંકટ-માંથી બચે," તેણે ક્ષણભર વિચાર કર્યો. "ઠીક તમારી મદદની મને જરૂર છે મને એક યુક્તી સુઝી છે, જેથી ઇશ્વર કરશે તો આપણે ફતેહમંદ થઇશું." સરદારસીંહે પોતાનું બ્યુગલ પુંક્યું. અવાજ સાંભળી ચાર હથીઆરબંધ માણસો ત્યાં આવ્યા તેમને ત્રણે ઘોડા સોંપી પોતાના રહેઠાણપર જવાનું કહી ત્રણે જણાએ ચાલવાનું શરૂ કર્યું. થોડા વખતમાં તે સ્થાનકેથી અદ્રશ્ય થયા.

બીજે દીવસે કુરસીંહે લગ્ન મંડપની તૈયારી કરી. મંડપ બાંધ્યો, હિંદુ રીવાજ મુજબ વચ્ચો વચ્ચ ચોરી કરાવી. ચોરીની જમણી બાજુએ બે સોનાના હાથા વાળી ખુરશીઓ ફક્ત રાજા અને તારાને બેસવા માટે ગોઠવી હતી, સામી બાજુએ સ્ત્રીઓનું ટોળું ઉભું હતું. ચોરીની પાસે એક બાજઠ એક માંચી બે પાટલા મુકેલાં હતાં. પાટલાપર ગોર મહારાજ અને તેમનો મદદનીશ બેઠા હતા. ચોરીપર અગ્નિ દેવની સ્થાપના કરી પૂર્ણગતિમાં લાવવા મંત્ર ભણી ઘીની આહુતિ આપવા

માંડી ગૃહસાંતીકતો પૂર્વથીજ કરી મુકેલું હતું. 'વરકન્યા પધરાવો' એવા ગોર તરફથી શબ્દો નીકળતાં કાલુ અને લક્ષ્મીને પધરાવ્યા આ વખતે ફકત રાજા સીવાય તારા, ગોર મદદનીશ અને આશરે દશેક સ્ત્રી ( દાસીઓ ) એટલાં હાજર હતાં. મંગળ ફેરા ફેરવ્યા. ત્રણ ફેરા પુરા થયા. ચોથી વખતે ફેરો ફરી આવતાં તારાની છાતીપર લાતનો પ્રહાર કરી કાલુખાંને પણ ગાલપર તમાચો લગાવી, મંગળ ધાટડી કાઢી નાંખી લક્ષ્મીના બદલામાં એક શુરો યુવક અદ્રશ્ય થઇ ગયો. તારા એક હાય મારી નીચે પડી, કાલુખાંના મુખમાંથી જેમ મહાદેવની જટામાંથી ગંગાનો પ્રવાહ ચાલે તેમ રકત સરિતા વહેવા લાગી ! દાશીઓએ તારાને આશ્વાસન કરી સચેત કરી રસીંહ સ્તબ્ધ બની રહ્યો "પ્રપંચ !–દગો ! પકડો !" શબ્દ રાજાના મુખમાંથી નીકળતાંજ બહાર ઉભેલા સિપાઇ તે યુવકની પાછળ દોડયા પરંતુ તે શુરો કયાંઇ ગુમ થઇ ગયો તેનો પત્તો લાગ્યો નહીં. રાજા એકદમ ઉઠી કારાગ્રહમાં ગયો. તપાસ કરી તો લક્ષ્મી ન મળે? "વિમળા લક્ષ્મી કયાં છે ?" વિમળાએ નમ્રતાથી જવાબ આપ્યો, " મહારાજ કયાં છે તે મને ખબર નથી પરંતુ કોણ જાણે કોણ આવી મને બંધન કરી ઉપાડી ગયું." કુરસીંહ ગુસ્સાના આવેશમાં બોલ્યો. " ફીકર નહીં લક્ષ્મી ! તને પાતાળમાંથી શોધી લાવી એનો સાથેજ પરણાવું, ત્યારેજ મારૂં નામ કુરસીંહ."

વાંચકો હવે લક્ષ્મી તરફ આપણી નજર ફેરવીએ, પેલા ત્રણ યુવકો પોતાના ડા સોંપી નીકળ્યા તે પેલા બાગમાં આવ્યા. અને જે રસ્તેથી લક્ષ્મીને અને વિમળાને કારાગ્રહમાં લઇ

જવામાં આવ્યાં હતાં, તેજ રસ્તે થઇને તેઓ કારાગ્રહમાં દાખલ થયાં. તે વખતે આગલો દરવાજો બંધ હતો, પેલા યુવકે કરી રાખેલી સંજ્ઞા પ્રમાણે દરવાજાપર ચાર ટકોરા માર્યા, તરતજ દરવાજાની ડોકાબારી ખુલી. "કાંઇ પણ બોલ્યા વગર અંદર પ્રવેશ કરજો નહીં તો કરેલું ધૂળધાણી થઇ જશે." બારી ખુલતાંજ આવો જવાબ મળ્યો. "કાંઈ ફીકર નહીં" કહી પેલા ત્રણ યુવકો આગળ ચાલ્યા અને લક્ષ્મીની પાસે ગયા. લક્ષ્મી કેસરીને ઓળખતાંજ તેને ગળે વળગી પડી. "વ્હાલા હું તો મૃત્યુના મુખમાં પડીછું, પરંતુ આપ અહીં શા માટે આવ્યા ! આવતી કાલે મારાં લગ્ન પેલા નીચ યવન સાથે કરનાર છે તે વખતે જીભ કરડી મરવાનો નિશ્ચય કર્યો છે" એમ કહી રડવા માંડયું.

"ગભરા નહીં, તારાં વસ્ત્ર ઉતારી આ પોષાક પહેર અને એમની સાથે સુખેથી જા, એમના તરફથી કાંઇ ભય રાખીશ નહીં, તારાં વસ્ત્ર પહેરી અહીં હુંજ તારા નામથી રહુંછું, પછી ઇશ્વર કરે તે ખરૂં."

"શું બોલો છો ? મારે માટે આપને આવું સાહસ કરવુ પડે છે ! ના, ના પ્રાણ હું મરીશ તો ભલે, પરંતુ આપનો જીવ જોખમમાં નહીં નાંખવા દઉં."

"આ વખત હઠ કરવાનો નથી, તને ખબર નથી કે સીંહના બાળક સીંહજ હોય છે, બધાની આંખોમાં ધૂળ નાંખી તમોને આવી મળીશ હાલ તમે જલદી કરો."

લાચારીથી લક્ષ્મીએ પોતાનાં કપડાં ઉતારી પેલાં વસ્ત્રો પહેર્યાં. કેસરીએ પણ લક્ષ્મીનાં વસ્ત્રો ધારણ કર્યાં.

આ પ્રમાણે ક્રિયા થઇ રહ્યા પછી કેસરીએ સરદાર તરફ ફરી પુછ્યું. "પેલો આપણો સાથી ક્યાં ? શું કાંઇ દગો તો નથી ?" "નહીં" સરદારના પાછળના ખૂણામાંથી અવાજ આવ્યો, કેસરીનું ધ્યાન તે તરફ ખેંચાયું, વિસ્મય થયો. વિચારમાં પડયો. તેણે એક સ્ત્રી ઉભેલી જોઇ. કેસરીસીંહ બીજો સવાલ કરે તે પહેલાં તે સ્ત્રી બોલી ઉઠી "તે હુંજ" "કોણ વિમળા ? તમે પોતેજ ! શાબાશ તામારી શૌર્યતાને ! તમારો મોટો ઉપકાર થયો છે"

( વાંચક ! જે વખતે લક્ષ્મીને અને વિમળાને કેદ કરી કુરસીંહ ગયો ત્યાર પછી બીજે દીવસે વિમળાએ દરવાન સાથે કેટલીક છૂપી સંજ્ઞા કરી તેજ રસ્તેથી કેસરીને મળવા—લક્ષ્મી કેદ થયાના સમાચાર વીદીત કરવા ગઇ હતી. )

"કાંઇ નહીં મેં મારી ફરજ બજાવી છે" સરદાર તરફ જોઇ "હવે તમે જલદી નીકળી જાઓ, નહીં તો કોઇ આવી પડશે–અનર્થ થઇ જશે."

# પ્રકરણ ૪ થું.

## સરદારસીંહ કોણ?

---

પુર્વે નૌતમગઢમાં એક ગંભીરસીંહ નામનો રાજા રાજ્ય કરતો હતો તેની પડોશના રાજાની કુંવરી સાથે તેનાં લગ્ન થયાં હતાં. તેને બે પુત્રો તથા એક પુત્રી હતાં. લડાઇના પ્રસંગમાં તેનો મોટો પુત્ર મરણ પામ્યો હતો. તે જાતે ઘણો ધર્મીષ્ટ, પ્રજા પાલન, શાંત પ્રકૃતિનો અને સુશિલ હતો. રૈયતની પ્રીતિ કેમ મેળવવી તે સારી રીતે જાણતો હતો. તે બહાદુર, શુરો, અને લડાયક હતો, અસ્ત્રશસ્ત્ર વાપરવામાં કુશળ હતો, એને એક પીત્રાઇ ભાઇ હતો, તે નાની ઉમરનો હતો ત્યારે તેનાં માતાપિતા મરણ પામ્યાં હતાં. તેથી એને પાળી પોશી ગંભીરસીંહે મોટો કર્યો, પુખ્ત ઉમરનો થતાં તેને પોલીસ જમાદારની જગો આપી, થોડા વખતમાં તેણે ચાલાકી બતાવી એક લડાઇમાં સારૂ પરાક્રમ બતાવ્યું, જેથી તેને સૈન્યાધિપતી નીમ્યો. ગંભીરસીંહે પોતાના ખંડીઆ રાજાની પુત્રી સાથે તેનું લગ્ન કર્યું હતું. ગંભીરસીંહને શિકારનો ઘણો શોખ હતો, જંગલમાં હિંસક પશુઓનો શિકાર કરવો તેને બહુ ગમતો સિંહ, વાઘ આદિ ક્રુર પશુઓનો તે કાળ હતો, એક વખત એવું બન્યું કે સૈન્યાધિપતિને સાથે લઇ

તે શિકાર કરવા ગયો. રસ્તામાં તેને અપશુકન થયા. પણ તે બહાદુર રાજા તેને ગણે તેમ નહોતો, આમ તેમ શિકારની તપાસ કરતાં કોઈ પણ શિકાર નજરે પડયો નહી. બપોરના બાર વાગ્યા, તાપથી રાજા ઘણો હેરાન થયો જેથી તે એક વૃક્ષ તળે આરામ લેવા બેઠો. આ વખતે સેનાપતિ પાસેજ હતો, તેના અંતઃકરણમાં ઘણા તર્ક વિતર્કો થઇ આવ્યા.

" આવો લાગ ફરી આવનાર નથી માટે હવે કોઇ પણ યુક્તિ પ્રયુક્તિથી ગંભીરસીંહને ઠાર કરવો પછી મારા નામની દુવાઇ ફેરવવાને તો સાધન સબળ તૈયાર છે " આમ વિચાર કરતો હતો, એટલામાં અહાહા ! ઇશ્વર તારી ખુબીજ ન્યારી છે. તારી લીલામાં બ્રહ્માદીક રૂષિઓ પણ પાર પામ્યા નથી. તું પળમાં ધારે તો તરણાનો મેરૂ અને મેરૂને તૃણવત કરી નાંખે છે. રંકને રાજા અને રાજાને રંક બનાવી દે છે. જળને ઠેકાણે સ્થળ અને સ્થળની જગ્યાએ મોટો ઉદધિ બનાવી દે છે. વળી ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ઘેર કુશળતા આપનાર પણ તુંજ છે.

ગંભીરસીંહ ઘણો શ્રમીત થવાથી બેઠો હતો એટલામાં એક હરણીની પાછળ એક વીક્રાળસીંહને દોડતો જોયો. ઘોડાપર સ્વાર થઇ સિંહની પાછળ પડયો. બે ત્રણ માઇલ નીકળી ગયા પછી એક ઘીચ ઝાડીની વચ્ચે તે હરણી ભરાઇ ગઇ, રાજાએ પણ બરાબર નિશાન તાકી ગોળી બહાર કરી સીંહને ઠાર કર્યો એક મોટી ભયાનક ગર્જના કરતો સીંહ જમીનપર લાંબો થઇને પડયો. જે વખતે રાજા સીંહની પાછળ પડયો તે

વખતે સેનાપતિ પણ તેની પાછળજ હતો. અને તેની પાછળ એક નોકર છુપી રીતે કેટલેક દુર તે તેને જોઇ ન શકે તેમ તેનો ઘોડો ચલાવતો હતો, રાજા ઘણો તૃષાતુર થવાથી એક વૃક્ષ તળે બેઠો, સેનાપતીને પાણી શોધી લાવવા કહ્યું. દૈવ ઇચ્છાએ પાણીનો એક નિર્મળ ઝરો પાસેજ હતો તેમાંથી પ્યાલો ભરી પાણી લીધું અને પાસે રાખેલું એક પડીકું અંદર છોડી નાંખ્યું એ બનાવ પેલો નોકર જોયા કરતો હતો પણ એ શું છે તેની તેને ખબર પડી નહીં. સેનાપતી પાણી લઇને ગયો તરતજ પેલા નોકરે આવી પડીકાનો કાગળ ઉચકી લીધો તપાસ કરતાં માલુમ પડયું કે તે વિષનું પડીકું હતું.

"હરી ! હરી ! રાજાએ પાણી પીધું હશે અને જરૂર પ્રાણ જશે" એમ વિમાસણ કરતો તે એકદમ રાજાની પાસે ગયો. જો પાણી પીને સુતો છે થોડી વારમાં રાજાને હળાહળ ઝેર વ્યાપી ગયું. પેલો નોકર આવી જુએ છે તો રાજા બેશુદ્ધિમાં પડેલો છે અને ત્યાં સેનાપતી ન મળે ! રાજા ને મરણ પામેલો જોઇ તેની કંઇ પણ વ્યવસ્થા ન કરતાં અવળે રસ્તે થઇ નગ્રમાં ગયો અભયસીંહને બનેલી હકીકતથી જાણ કર્યો. જો કે અભયસીંહ તેના પિતાના જેવો શુરો હતો પણ વખતને માન આપી "અણી ચુકયો સો વરસ જીવે" એ કહેવત પ્રમાણે કાંઇ પણ વિચાર ન કરતાં એકદમ અસ્વારૂઢ થઇ પેલો નોકર કે જેનું નામ જયસીંહ હતું તેને સાથે લઇ બંને નીકળી પડયા અભય અને જયસીંહ આવી વિંધ્યાચળ પર્વતની તળેટીમાં મુકામ કરી રહ્યા. આ વખતે અભયસીંહની ઉમ્મર બાર વર્ષ ની


હતી, તેઓ પથિકોને લુંટી પોતાનું ગુજરાન ચલાવતા ક્ષત્રિ પુત્રને કોઇ પાસે યાચના કરવી તે ધર્મ વિરૂદ્ધ હતું જેથી લુંટ ઉપર પોષણ કરતા હતા. અભયસીંહની બેન આ વખતે ચાર વર્ષની નાદાન બાળક હતી. તેની માતાનો ઘણો વખત થયાં સ્વર્ગવાસ થયો હતો, આ વખતે અભયસીંહ તેને જોવા પણ થોભ્યો નહોતો.

વાંચકો ! હાલ જે સરદારસીંહ બહારવટીઆનું નામ આપણા વાંચવામાં આવે છે તેજ આ અભયસિંહ ! આજથી તેણે પોતાનું નામ બદલી નાંખ્યું હતું.

સેનાપતી પોતાની ધારણા પાર પડવાથી હરખાતો હરખાતો એકદમ નગ્રમાં આવ્યો. રાજાને મારે કોઇએ પણ તપાસ ન કરતાં રાજા શિકાર કરતાં સિંહને હાથે મરાયો, એવી ગપ ચ-લાવી, કુરસીંહના નામની દુવાઇ ફેરવી. સેનાપતીએ આવતાંજ અભયની તપાસ કરાવી પણ તે ન મળે. હર્ષમાંજ તેણે તેની વધુ તપાસ કરી નહીં. રાજા મરણ પામ્યો અને અભયસીંહ ગુમ થયો એ પ્રમાણે આખા નગ્રમાં વાતો ચાલી. સેનાપતીએ ગાદીએ બેસતાંજ સભાસદોને મોટી ભારે બક્ષીસો આપી, કેટલાકને સકેત પ્રમાણે મોટી પદવીએ ચઢાવી દીધા, જો કે સેનાપતીએ આટલો પ્રપંચ કરી ગાદી લીધી પરંતુ તેણે રૈયતને હેરાન કરી નહોતી જેથી "ખોદશે તે પડશે." એમ કહી આખી રૈયત ચુપાચુપ બેસી રહી. લક્ષ્મી નાદાન હતી તેને

ક્રાંઇ પણ ન કરતાં પાળી પોષી મોટી કરી " આગળ ઉપર થઇ રહેશે." ધારી તેણે તેને જીવતીજ રાખી આ બાબત સેનાપતીની સ્ત્રીને ખબર પડતાંજ પોતાના પતીને નમ્રતાથી શીખામણ રૂપી બે વચનો કહ્યાં જેથી તેણે તેના તરફ અત્યંત ક્રોધિત થઇ તેને મહેલ જવાનું બંધ કર્યું આ પ્રમાણે પ્રપંચ જાળ પાથરી.

હાલ રાજા તરીકે આપણે ઓળખીએ છીએ તેજ આ ક્રુરસાંહ!



# પ્રકરણ ૫ મું.

## તારા.

---

ફરસીંહે દરમાસે મોટી મોટી મીજબાની સભાને આપવા માંડી તેમાં ચઢતા ઉતરતી દરજા પ્રમાણે ઇનામો પણ આપતો હતો. દરરોજ નાચ રંગ અને ગંમતોમાંજ દીવસો પુરા થતા. રાજ્ય ખટપટની બાબતોએ જાણે એને ભારે નુકસાન કર્યું હોય અથવા તો કોઇ એના વડીલને મારી નાંખ્યો હોય અને તેથી તેમને કેદખાનાની શીક્ષા આપી હોય તેમ તેના તરફ લક્ષ પણ આપતો નહી. પ્રતિદીન તે નવી નાયકાઓ, રામજણીઓ, ગાનારા ઉસ્તાદો આદી નવા નવા લોકોની મુલાકાત લેતો, અને તેમને કીમતી ઇનામો આપતો. એક દીવસ નિત્ય નિયમ પ્રમાણે દરબારમાં રંગ જામી રહ્યો છે, નાયકાઓ ગાનતાન કરી રહી છે, એટલામાં ચોપદારે બાહારથી આવી સલામ કરી રાજાને વરદી આપી કે કોઇ નવી નાયકા આપની પાસે આવવા રજા માગે છે. રાજાએ તરતજ પ્રવેશ કરાવવા હુકમ આપ્યો. તે નવી નાયકા અંદર આવી તેની ઉમર આ વખતે તેવીસ વરસની હતી જાણે કોઈ દેવી, વીદ્યાધરી, ગાંધ્રવી કે

કિન્નરી યાતો ઈંદ્ર રાજાની અપ્સરા હોય તેમ ભર યુવાનીમાં ગૌર વર્ણું બદનમાં પુર ભપકામાં ખીલી રહી હતી. તેના શરીરના અવયવોનું બ્યાન કરવા મારી કલમ અશક્ત છે જેથી આપ વાંચક વર્ગને એ તસ્દી સોંપું છું.

રાજા તો તેને જોતામાંજ લીન થઇ ગયો. ભાન ભુલી ગયો. વેહે વ્યાકુળ થઇ ગયો. "આહાહા ! શી અનોપમ રૂપની પુતળી છે ! ઇશ્વર તારો કેટલો ઉપકાર માનું ! આ રત્ન વિના પ્રયાસે મેળવ્યું ? " આ પ્રમાણે મનમાં અનેક તર્ક વિતર્ક કરે છે એટલામાં તે નાયિકા ઝુકીને સલામ કરી બોલી. "ખુદાવીંદ દાસીકુ કયા હુકુમ હય ? " દાસીકુ કુછભી હુકુમ ફરમાના ચાહીએ ! "

રાજાએ પુછ્યું " તમારૂં નામ અને ઠામ જાણવા ઇન્તેજાર છું. "

**નાયિકા**—"જી મેરા નામ તારા ઉર્ફે હુસ્ન-આરા હય ઓર મય મલકાપુરીકી રહેનેવાલીહું આપકા નામ સુનકે મય ઇધર મુઝરા કરનેકે લીયે આઇહું. "

**રાજા**—ઠીક ચલાવો.

**નાયિકા**—" જયસા હુકમ "

તરતજ તારાની સાથેના માણુસોએ તબલાં, સારંગીના સુરો મેળવવા માંડયા, તબલાપર થાપ પડતાની સાથે પ્યાઉં.

પ્યાઉં.' અવાજ નીકળ્યો તે અવાજ સારંગીના સુર સાથે મળતાંજ બન્ને સુરો મળી ગયા–એકત્ર થયા અને તારાએ પગના ઠેકા અને લટકા ચટકા સાથે ગાયન સરૂ કર્યું.

## લાવણી.

રસ્તેમે કાના આન ખરામેં કયસે કરૂં તદબીરરે,
કયસે કરૂં તદબીર મેરે રામા કયસે કરૂં તદબીરરે. રસ્તે.
જરા ઇધરસેં હઠજા કહાના ભરનેકું જાઉં નીરરે,
પલ્લો હમારો છોડો કાના, તુટે હમારાં ચીરરે રસ્તે.

વાહ ! વાહ ! શાબાશ! શાબાશના પોકારો થઇ રહ્યા. રાજા ખુદ પોતે પણ ગાયનથી ઘણો ખુશ થઇ ગયો. બીજી નાયકો- ઓને શિરપાવ આપી વીદાય કરી તારાને પણ શીરપાવ આપી કચેરી બરખાસ કરવા આજ્ઞા આપી. તરતજ કચેરી બરખાસ થઇ, રાજા મહેલમાં ગયો, પણ તેને ચેન પડયું નહીં, તરતજ તેણે એક નોકરને તારાને બોલાવી લાવવા મોકલ્યો. તે નોકર તારાના મુકામે ગયો. અને રાજાની આજ્ઞા કહી સંભળાવી. તા- રાએ વિચાર્યું કે "હવે આપણી ભુખ ભાગશે સ્ત્રી ચરીત્ર કરી રાજાનું મનહરણ કરી લઇશ. કાલથીજ રાજાના અંતઃકર- ણની વૃતી હું જાણી ગઇ હતી. હવે જે થાય તે ખરૂં " એમ વિચાર કરી નોકરને એક કલાક પછી આવવાનું કહી વિદાય કર્યો.

હવે તારાએ શણગાર સજવા માંડયા, આંખોમાં કાજળ આંજી દીધું. ચોટલો ઓળી વેણી ગુંથી અંદર સોનાની ચાકો

ખોશી દીધી. પાન ચાવી હોઠ લાલચોળ કર્યા, જો કે તેના ઓષ્ઠો પ્રથમથીજ પ્રવાળ જેવા રકત હતા પણ જેમ દુધમાં સાકર મળે તેમ લાલાશમાં લાલાશ મળવાથી ઘણા શોભતા હતા, અધર અને ઉભય ભ્રમરોની મધ્ય સ્થળે એક એક છુંદણું છુંદેલું હતું, જે તેની સૌન્દર્યતામાં વધારો કરતાં હતાં. તેણે ભરકચીનો સાળુ પહેરી લીધો. અનેક પ્રકારનાં આભુષણો ધારણ કરી તે રાજાના મહેલમાં જવા તૈયાર થઇ રાજાના મહેલમાં ગઇ.

રાજા તો જેમ ચાતકપક્ષી વરસાદની રાહ જોઇ ઉંચી ડોક કરી રહે તેમ તેની રાહ જોઇ રહ્યો હતો. તારા આવી નીચે નમી સલામ કરી, બાજુ ઉપર પડેલી ખુરશીપર બેસતી હતી એટલામાં રાજાએ આવી તેનો હાથ પકડી "નહીં પ્યારી તારા આ ખુરશી તમારે બેસવા લાયક નથી, તમારે માટે તો આ જગ્યાજ જોઇએ." એમ કહી પોતાની પાસે મુકેલી ચાંદીના હાથાવાળી ખુરશીપર તેને બેસાડી.

**તારા**—ખોદાવીંદ દાસીકું કયા ફરમાન હય ?

**રાજા**—એક વખત હું પ્યારી શબ્દ કહી ચુકયો તેમાં તમે ન સમજ્યાં. તો હું તમને ખુલ્લું કહુંછું કે હું તમને રાણી કરવા ઇચ્છું છું માટે.—

**તારા**—"નામદાર મય જેસી આપકું બહોત મીલેગી, અથમેં અયસા રૂપ ગુન નહીં હય ઓર આપ મુજકો રાણી

અનાનેકું ચ્હાતે હો. એ મેરા તગદીરકી ખુબી હય. ”

**રાજા**—“ પ્યારી તારા તમારા જેવી મારા મહેલમાં બલ્કે દુનીઆંમાં પણ ખુબસુરતીની પ્રતીમા નહીં હોય. પોતાના વખાણ પોતે ન જ કરે. તારા હવે મારાથી રહેવાતું નથી માટે જલદી જવાબ આપો. હશી ખુશીથી હા કહેશો તો ઘણું સારૂં. નહીં તો પછી સત્તા મારી છેજ. તમે કયાં જશો ! ”

તારાએ વિચાર્યું કે “ આ ઘણો સારો વખત છે, માટે આ વખતેજ વચન માગી લઉં ” એમ કહી બોલી “ મેરે છત્રમય બ્હોત ખુશી હું મગર. ”—

**રાજા**—“ બોલો બોલો શી ઇચ્છા છે, જે હોય તે કહી નાખો. ”

**તારા**—“ મેરે સરદાર આપકી પાસ એક વચન મંગતી હું માફ કરના.”

**રાજા**—“ લ્યો મારૂં વચન છે ” એમ કહી રાજાએ તારાના હાથમાં હાથ ઠોકી વચન આપ્યું.

**તારા**—“ ખોદાવીંદ એ લક્ષ્મીકી શાદી મેરા કાલુખાંકી સાથ હોના ચ્હાઇએ.”

રાજા ચમકયો, વિચારમાં પડયો. ક્ષત્રિ બાળા મુસલમાનને આપવી એ તેને અઘટીત લાગ્યું થોડીવાર વિચાર કર્યા

પછી સ્વગત બોલ્યો "ઠીક છે તે ક્યાં મારૂં પોતાનુંજ સંતાન છે વળી કોઇ ક્ષત્રી સાથે લગ્ન થશે તો કોઇ વખત મને નુકશાન કર્તા થઇ પડશે માટે આ ઠીક છે" એ વિચારમાં હતો એટલામાં તારા બોલી "ક્યું નામદાર ક્યા વિચાર કરતે હો. આપકી મરજી ન હોય તો વચન પીછા લે લો."

**રાજા**—"નહીં પ્યારી કુબુલ કરૂંછું કે લક્ષ્મિને કાલુ સાથેજ પરણાવીશ પછી કાંઇ?"

**તારા**—બસ એજ, અબ આ શરીર આપકા હય ચ્હાય એસા ભોગ કરો. રાજાએ રંગ જમાવ્યો **कामातुराणां न भयं न लज्जा** કામી પુરૂષને ભય કે આબરૂ કાંઇજ નથી. તે રાત્રીકે દીવસ જોતો નથી, રાજાએ નીર્ભયપણે અનિતીનો અખાડો જમાવ્યો (!!!)

વાંચકો હવે તારા કોણ હતી તેની ઓળખાણ અહીં આપવી અગત્યની છે.તારા એ એક શહેરમાં વસતા હલકા કુટુંબની છોકરી હતી. તેનાં માબાપ ઘણાં ગરીબ હતાં. તેઓ જાતે હીંદુ હતાં. તારાને નાનપણથીજ ગાવાનો શોખ ઘણો હતો. અનેક પ્રકારનાં ગીતો વીગેરે જે જે તે એકવાર સાંભળતી તે કદી ભુલતી નહોતી, દૈવેચ્છાએ તેનાં માબાપ તેને ૧૨ વર્ષની મુકી મરણ પામ્યાં હતાં. તેનું કોઇ અંગીકૃત માણસ નહોતું, જેથી તેને પોષણ કરવાને પણ સાંસા પડવા માંડયાં. એક વખતે તે બેઠી હતી. તેવામાં તેના અંતઃકરણમાં કોણ જાણે શું વિચારો પેદા થયા કે

જેથી તે લગાર રડી પછી શાન્ત થઇ અને વિચારોમાંજ તેના નાના ભાઇને કે જે આઠ વર્ષની ઉમરનો હતો તેને સાથે લઇને ચાલવા માંડયું. તે શહેર વટાવી, આગળ ચાલી ગઈ. ચાલતાં ચાલતાં તે એક નાના ગામડામાં આવી, રાત પડી જવાથી ત્યાં એક ધર્મશાળામાં પડી રહી, તે બિચારાં ઉભય ભાઇબહેન ભૂખ્યાંજ હતાં. બીજે દીવસે ગામમાંથી કાંઇક માગી લાવી ખાઇ લીધું. અને ત્યાંથી ચાલવા માંડયું. સાંજ પડતાંજ તે એક મોટા શહેરમાં આવી ચઢી. ત્યાં એક ધોરી રસ્તાપર ચાલતાં તેના ઉપર એક નાયકાની દૃષ્ટિ પડી. તેનું અદ્દભુત રૂપ જોઇ. "પોતાના ધંધામાં પૈસો મેળવવાનું સાધન ઠીક છે." એમ ધારી તે નાયકાએ તેને ઉપર બોલાવી. તેના ફાટાં તુટાં કપડાં તેની ગરીબ સ્થિતી ખુલ્લી કરી આપતાં હતાં. નાયકાએ તેને શાન્તવન આપી મીઠા મીઠા શબ્દોથી તેનું મનરંજન કર્યું. અને તે બન્ને ભાઇ બહેનને પોતાની પાસે રાખ્યાં. એક દિવસે તારા એકલી બેઠી બેઠી કાંઇક ઝીણા સ્વરથી ગાતી હતી, તે તે નાયિકાના સાંભળવામાં આવ્યું. તારાના મીઠા અને કોમળ કોયલના જેવા સુરે તે નાયકાને ઘણી ખુશી કરી દીધી. તારાને બીજેજ દીવસથી ગાયન શીખવવા માંડયાં. થોડા વખતમાં તે સારી સારી રાગ રાગણીઓ ગાતાં શીખી. આ નાયિકા જાતે મુસલમાન હતી, "સોબત તેવી અસર" આ કહેવત પ્રમાણે તારા પણ તેના ધંધામાં મળી ગઇ. તારાની મદદથી તે નાયકાએ પૈસો સારો મેળવ્યો પણ ઝાંઝવાના નીર સમાન તે ધન ઘણો

વખત ટકયું નહી, એક દીવસ રાત્રે ચોરી થવાથી તે સઘળું દ્રવ્ય ચોરાઇ ગયું. "પડી પડી તો સામટી" તેજ પ્રમાણે તારાને થયું થોડા વખતમાં તે નાયકા પણ ગતાયુષી થઇ. તારાને હવે આ ઠેકાણે રહેવું દુરસ્ત નહીં લાગવાથી તે કોઇ બીજા શહેરમાં જઇ રહેવાનો વિચાર કરી ચાલી નીકળી તે નૌતમગઢમાં આવી રહી તેની વૃતી આ શહેરમાં તેનો ધંધો ચલાવવાની હતી. તેણે આશરે દશેક દીવસ ત્યાં રહી અને નગ્રની ચર્ચા જોઇ. હવે એક વખતે તેનો નાનો ભાઇ રખડતો રખડતો લક્ષ્મીના બાગ આગળ જઇ ચઢયો. તેણે લક્ષ્મીને જોઇ મુળ તેમાં અડગો કાચો આશક હતો. તેણે તરતજ મુકામે જઇ તારાને કહ્યું "બહેન મય તેરી પાસ ઇતના મંગતાહું કી મેરી શાદી લછમીકી સાથ હોના" તારાએ પુછયું લછમી કોન? " કાલુએ જવાબ આપ્યો "ઓ બાગમેં રહેતી હય ઓર સુના હેકી ઓતો રાજાકી લડકી હય બહેન ઓ અયસી ખુબસુરત હય કે જયસી પરસ્તાનકી પરી ! બસ મેરી શાદી હોના બસ હોના?"

તારા તેના સ્વભાવથી વાકેફ હતી જેથી વખતને અનુંસરી "અચ્છા" કહી તેને સાન્ત કર્યો, અને મનમાંજ બોલી કે "ઇધર રહેનેકા તો ઠીકાના નહીં હય ઓર ઓ ઉલ્લુ રાજાકી લડકી સાથ સાદી કરનેકું તૈયાર હુવા હય"

બીજે દીવસે તે કાંઇ વિચાર કરી દરબારમાં ગઇ. ત્યાં રાજાને પ્રસન્ન કરી પાછળ બતાવ્યા પ્રમાણે રાણી થઇ રહી. વાહ નશીબની બલિહારી ! **दैवेच्छा वली यसी.**

---

# પ્રકરણ ૬ ઠું.

## ભયંકર આગ.

કૃષ્ણ પક્ષની રાત્રી–અંધારૂં ઘોર–આકાશ તારથી છવાઇ ગયું હતું. કસારીઓના બીહામણા અવાજ ચોતરફ સંભળાતા હતા. દરીઆના પાણીનો સુસવાટ જોરથી થતો હતો લાંબે સુધી સંભળાતો હતો.

આ વખતે દરીઆ કિનારે આવેલા એક અવર્ણનીય મહેલમાં દરીઆ તરફની બારીની પાસે પલંગપર ઉંડા વિચારમાં એક સ્ત્રી બેઠી હતી. ઝાંખો દીવો બળતો હતો તેણે સાદાં વસ્ત્રો પહેરેલાં હતાં તેના હાથમાંની સાભાગ્ય ચુડી ઉપરથી તે સાધ્વી સ્ત્રી છે એમ માલુમ પડતું હતું. જે ઓરડામાં તે બેઠી હતી તે ઓરડો પણ તદન સાદો માલુમ પડતો હતો ફક્ત બે ત્રણ ખુરશી અને એક પટ્કોણ મેજ પડેલાં હતાં. અને જે પલંગ પર તે બેઠી હતી તે પલંગ હતો. જોકે તે ઓરડો સાદો હતો પણ સાફ હતો. અને દરેક જોઇતી ચીજોથી ભરપુર હતો. આવા સ્થાનકમાં તે અબળા અગાધ દુઃખ સાગરનાં તરંગ મોજામાં તણાતી હતી આ પાસે કુદરતિ દરીઆને અને આ સ્ત્રીના મનરૂપી દરીઆ વચ્ચે ભારે રમખાણ ચાલ્યું. દરીઆનાં મોટાં મોટાં મોજાંઓ જોરથી કીનારાપર અથડાતાં હતાં અને કિનારાની સપાટીપર ફરી વળતાં હતાં. જ્યારે આ બિચારી દુઃખી

સ્ત્રીના મનરૂપી દરીઆમાં વિચારરૂપી તરંગ મોજાં પેટના પાસાં રૂપી કિનારે અથડાતાં હતાં. અને ત્યાંજ તેમનો લય થતો હતો દરીઆમાં મોટાં વહાણોમાં હઝારો મનુષ્યો સફર કરતાં હતાં તેઓનાં મન ઘણાં ધાસ્તી ભરેલાં હતાં "રખેને દરીઆના તોફા-નથી આપણે જળચર પ્રાણીના ભોગ થઇ પડીશું!" એવા વિચા-રમાં તે ઉંચે મને મુસાફરી કરતાં હતાં. જ્યારે આ અબળાના મનોદધિમાં નિશ્વાસ વહાણમાં એક બીજી સ્ત્રી નિર્ભયપણે સફર કરતી હતી તેને કોઇ પણ પ્રકારની ધાસ્તી નહોતી "અરેરે! આ અસત્યની ગાદી કયાં સુધી રહેશે ? હું જાણુંછું કે પતિએ ઘણા પ્રપંચ કરી કેટલાકના જીવ લઇ ગાદી મેળવી છે. તે ઘણો વખત ટકનાર નથી. આખરે તો **सत्यमेव जयते** ॥ સત્યનો જય અને પાપનો ક્ષય થવાનોજ છે. જે ઘર ભાગી તુટી અવસ્થામાં પણ થોડો વખત નભી રહે એવું હોય તેને વાવંટાળીઆના ઝપાટા અને વરસાદના સપાટા લાગવાથી જેમ એકદમ તુટી પડે તેમ આ પતિની અસત્યની ગાદી તારા રૂપી વા વંટાળીઆના ઝપાટાને સપાટાથી એકદમ થોડાજ સમયમાં ખેદાનમેદાન થઇ જશે. વેસ્યા કોઈની થઇ નથી અને થવાની નથી પતિ સમજતા નથી કોણ જાણે અહીં આવવાનું શે બંધ કર્યું ! "મુળ મીયાં ને વળી ભાંગ પીધી" તેમ પ્રથમથીજ કોણ જાણે મારાપર અવિર્ભાવ હતો અને તેમાં વળી તારાની પુરવણી થઇ. અનાથ બિચારી લક્ષ્મિ તું કયાં હશે ? તારૂં શું થયું હશે,! નક્કી તારો અનાથ બાળાનો નિશાસો લાગ્યા શિવાય રહેવાનોજ નથી ! હું શું કરૂં ? મારૂં શું ગજું ! પતિને કેમ કરી સમજા-

વું ?" આવા વિચારોમાં તે બિચારીનાં કોમળ તેજસ્વી નયનો-માંથી મોતીની સેરોની પેઠે અશ્રુ વારીની વૃષ્ટિ થતી હતી. એવામાં એકાએક બંદુકનો અવાજ તેણે સાંભળ્યો તે ચમકી. "અરે ? આશું ? કાંઈ આફત" ? એટલામાં તો બીજો અને ત્રીજો એમ એકાએક પાંચ સાત અવાજ થયા. મ્હેલ ચારે પાસથી સળગવા લાગ્યો અગ્નિ દેવે વૈરાટ સ્વરૂપ પ્રકાસ્યું. અને જાણે તે અબળાનો ભોગ લેવા ઘણા આતુર અને ખુશી થયા હોય તેમ પુર જોસમાં પ્રકાશી નીકળ્યા, રાતી પીળી જ્વાળાઓ ધુમાડા સાથે મળી જઇ આકાશ તરફ જવા લાગી. અગ્નિનો ઘણો પ્રકાશ પડતો હતો. શહેરમાંની તમામ રૈયત ખળ ભળી ઉઠી. દરેક જણે જોવા માંડયું તો રાણીનો મહેલ સળગતો દીઠો. માણસોની પુર મેદની મળી ગઇ, આગને શાન્ત કરવા ઘણા ઉપાયો કર્યા—લોકોથી જેટલું બન્યું તેટલું કર્યું. તોપણ પાણી પુરૂ પડી શકયું નહીં. જો કે દરીઓ નજીકજ હતો પણ તે ઘણો તોફાને ચઢયો હતો. જેથી ત્યાં જઈ પાણી લાવવાની કોઇની હીંમત ચાલતી નહોતી. આ વખતે સામેના બંગલામાં કે જે બળતા મહેલથી અડધો માઇલ દુર હતો તેમાં બારીમાંથી રાજા અને આપણી નવી નાયિકા તારા બન્ને જણ આ દેખાવ જોઇ રહ્યાં હતાં. તારા બોલી "પ્યારે ઇતિની રાતકો રાની કે મહેલમેં આગ જલાનેકી ઓર રાનીકો મારને કયા ખાયશ હય"!! રાજા બોલ્યો " વ્હાલી તને ખબર નથી કે લક્ષ્મિનું લગન કાલુ સાથે કરવા મેં તને વચન આ-પેલું છે?" તારાએ જવાબ આપ્યો "જીહા ઓ મય જાનતી હું." રાજા બોલ્યો." એ બાબતમાં એ આપણને અડચણ કર્તા થઇ

પડવાનો સંભવ હતો. જો કે લક્ષ્મિ એના પેટનું ફરજંદ નથી પણ તે તેને ઘણી ચ્હાય છે અને પ્રસંગો પાત વારસ પણ કરે છે. "તારા વિસ્મય થઇ પુછવા લાગી" ક્યાં પ્યારે અયસા બોલતે હો કયું લછ્મી આપકી લડકી નહીં ?" રાજાએ ઉત્તર આપ્યો "નહી આ બાબત ઘણી મોટી છે જેથી તને કોઇ વખત કહીશ. પણ હાલ એટલુંજ કે તે મારી પુત્રી નહીં પણ મારા ભાઇ ગંભીરસીંહની પુત્રી છે.

તારાએ સ્ત્રી જાતીના સ્વભાવ પ્રમાણે તે જાણવા હઠ લીધી જેથી મોહ પાસમાં પડેલા એ કામાન્ધ રાજાએ બધી બીના કહી સંભળાવી આ સાંભળી તારાના દુષ્ટ વિચારો સતેજ અને દ્રઢ બન્યા.

અગ્નિનારાયણે ધીમે ધીમે પોતાનો આવેસ સમાવ્યો. વૈરાટ સ્વરૂપ સમેટી લીધું. ધારેલું કામ પાર નહીં પડતાં જેમ કોઇ મનુષ્ય શરમથી લાચાર થઇ જાય-ફીકો પડી જાય તેમ અગ્નિદેવ પણ શરમાતા હોય તેમ ધીમે ધીમે શાન્ત થઇ ગયા.

વાંચકો ! જ્યારે કુરસીંહે ચાર માણસોને મહેલ સળગાવવા મોકલ્યા તેવાજ તેઓ મહારાયની સેવામાં હાજર થવા એક મકાન તરફ જવા એક સાંકડી ગલીમાં વળ્યા. જે ગલીમાં તે પેઠા તે ઘણી દુર્ગંધવાળી હતી. ત્યાં ઝાઝી વસ્તી નહોતી. ફક્ત નીચ વરણના દુબળા લોકો ત્યાં ઝુંપડાં બાંધી રહેતા હતા. ત્યાં આગળ તેઓ આવ્યા.

" હવે આપણે જઇને આપણું કામ બજાવીએ છીએ"


એવી વાતો કરતા કરતા તેઓએ મદ્યના પ્યાલાનું આરાધન કરવા માંડયું. હદથી ઉપરાંત થઇ જવાથી તેઓ તેમની બંદુકો સાથે ત્યાંજ લાંબા થઇ ગયા? અતિશય સર્વ ખોટું છે. કહ્યુ છે કે

**अति रुपवती सीता अति गर्भेन रावणा ।**
**अति दान बलिराजा अति सर्वत्र वर्जयेत् ॥**

અતીશયમાં કોઇ સાર નથી. જુઓ જગત જનુની શ્રી જાનકીમાતાને પણ અતીરૂપથી અનેક કષ્ટો સહન કરવાં પડયાં હતાં, રાવણ, લંકાધીશ કે જેની આખી નગરી સુવર્ણમય હતી, જેના ત્રાસથી ભુ મંડળ તેમજ ખગમંડળ, અને પાતાળ પણ ધ્રુજતું હતું. તેને હદ ઉપરાંત ગર્વ—અહંકાર થવાથી મૃત્યુ પામ્યો. બળી રાજાએ અત્યંત ઉદારતા વાપરી મેં માગ્યા દાન આપવાથી વામનાવતાર ધારણ કરી પ્રભુએ પાતાળમાં ચાંપી દીધો. માટે અતી સર્વત્ર નકામું છે. તેજ પ્રમાણે. આ મદ્ય સેવકોને પણ થયું. તેઓ દુર્ગંધવાળા મુખ સાથે ત્યાંજ પડી રહ્યા; બોલવાની પણ શુદ્ધ શાન રહી નહીં તેઓનો નિશો ઉતર્યો.

તેઓને યાદ આવવાથી ત્યાથી શાન્ત થઇ એકદમ છાનામાના સટકી ગયા. ચારે જણાનો પોષાક એક સરખો હતો. કાળા ઝભા પહેર્યા હતા. હાથમાં બે નળીની બંદુકો હતી. તેઓ રાણીના મહેલ તરફ વળ્યા અને તેમનું કામ શરૂં કર્યું. મહેલ સળગતાની સાથે તેઓએ રાજા પાસે જઇ સઘળી બીના જાહેર

ફરી. એકદમ મહેલ સળગવાનું કારણ એ હતું કે પંદર દીવસ ઉપર રાજાએ જાણીનેજ તે મહેલ પુષ્કળ રોગાનથી રંગાવ્યો હતો અને કેટલેક ઠેકાણે લાખ પણ ભરી મુકી હતી. આ ભરેલી લાખ કોઇના જાણવામાં નહોતી રોગાન અને લાખથી મહેલ એકદમ સળગ્યો ત્યારે આશરે ત્રણ વાગ્યા હતા. આ પ્રમાણે ક્રુરસીંહની નિર્દોષ રાણી ભયંકર આગનો ભોગ થઇ પડી ???



# પ્રકરણ ૭ મું.

## જંગલમાં મંગળ.

---

સાંજના ૬ વાગવાનો સમય થયો હતો સવિતનારાયણપુર્વ દિશામાંથી પર્યટન કરતા પશ્ચિમ દિશામાં અવલોકન કરતા હતા. સૃષ્ટિની સાદર્યતા નિહાળતા નિહાળતા તેજ દીશામાં ગમન કરતા હતા. પશુ, પક્ષિઓ તેઓના નીવૃતી સ્થાનમાં જવા કાંઇક ચાલાક બન્યા હતાં. આ વખતે બે શુરવીર પુરૂષો જંગલમાં એક વૃક્ષ તળે ત્રીભેટા આગળ કાંઇ વિચાર કરતા બેઠા હતા. આ સ્થળે ત્રણ દિશાઓમાં જવાના રસ્તાનો સમાગમ થતો હતો જેથી આ સ્થળ ત્રીભેટાને નામે ઓળખાતું હતું જંગલ ઘણું બીહામણું લાગતું હતું ખેર, ખાખર, કાચકી, થોર, મોટી શુળો વાળા બાવળો, બોરડી, બાવચી આદી અનેક વૃક્ષો ઘીચો ઘીચ આવેલાં હતાં, વાઘ, વરૂ, સીંહ આદી હીંસક પશુઓ પણ પુષ્કળ વસતાં હતાં. જે સ્થળે પેલા પુરૂષો બેઠા હતા તેમની એક બાજુએ નિર્મળપાણીનો ઝરો વહેતો હતો. તેના કિનારાપર નાની નાની લીલોત્રી ઉગેલી હતી, અને કિનારે કેટલાંક મોટા ડાળાં વાળાં વૃક્ષો આવેલાં હતાં જેથી સુર્યના તાપથી આ તપ્ત થયેલા પથિકોને આ સ્થળ એક વિ-

શ્રાંન્તી સ્થળ હતું. બીજી બાજુએ મણીપૂર જવાની નેળ હતી બન્ને બાજુએ ડુંગરોની માફક મોટા મોટા ટેકરા આવેલા હતા. ટેકરાપર ઉગેલાં ઝાડોની છાયથી આ નેળનો રસ્તો ઘણો વીકટ અને ભયંકર લાગતો હતો.

**અભય**—"આપણે ક્ષત્રી પુત્ર હોવા છતાં રૈયતપર આવી રીતે જુલમ કરી, તેમને સંતાપી આપણું ગુજરાન ચ-લાવવું એ મને ઘણું લાગે છે! હવે કયાં સુધી આવી આફ્તીમાં રહેવું પડશે! આપણે જેને લીધે બહારવટું લીધું છે તે હાલતો નિર્ભયપણે રાજ્ય કરે છે."

**રાય**—"અભયસીંહ આફ્તી વખતે આપણા ક્ષત્રી ધમ પ્રમાણે કોઇની પાસે યાચના કરવી એ ધર્મ વિરૂદ્ધ છે. શૈર્યતાથી શસ્ત્રો વાપરી દીવસો નિર્ગમન કરવા, એમાં પાપ નથી. "જી-વતો નર ભદ્રા પામશે" માટે હીંમત હારો નહીં. પાપનો ઘડો પુર્ણ ભરાશે ત્યારે આપેજ ફુટશે."

**અભય**—"પણ મને લુંટફાટ કરવી ઠીક લાગતી નથી પણ શું કરૂં લાચારીથી કર્યા સીવાય છુટકો નથી."

આ પ્રમાણે વિચાર કરે છે એટલામાં દુરથી નેળમાં કોઇ માણસ આવતું હોય એમ લાગ્યું. તેઓ બોલતા બંધ થયા. હથીઆર સંભાળી સાવચેત થયા. વટેમાર્ગુ પાસેને પાસે અ-વવા લાગ્યો તે મહત્ વિચારમાંને વિચારમાંજ કાંઇ બડબડતો બડબડતો પુર જોશમાં ચાલતો હતો, તેના દેખાવપરથી તે બ્રા-હ્મણ હોય એમ અનુમાન થતું હતું.

"ઉભા રહો મહારાજ આટલા પુરવેગમાં કયાં જાઓ છો?" કહી અભયસીંહે તેને અટકાવ્યો, બ્રાહ્મણે ઉંચું જોયું. અને પુછનારના દેખાવપરથી તે બ્રાહ્મણના હાંઝાજ ગગડીગયા. બહાવરો બની ગયો અને મનમાંજ ગણગણવા લાગ્યો "અરે પ્રભુ? મારા કયાં ભોગ લાગ્યા તે હું આ રસ્તે આવ્યો! આ સ્થળે સરદાર બહારવટીયાની પુરી ધારતી છે. તે તો હું વિસરીજ ગયો? કોણ જાણે રખેને આતો નહી હોય? અરે પ્રભુ! છોડીનાં લગ્ન કરવાને મહા મુશીબતે રૂ. ૭૦૦ ) રખડી રખડીને ભેગા કર્યા છે. તે હમણાંજ આ લઈ લેશે તો મારૂં તો સત્યાનાશજ વળી જશે? "અભયે પુછયું" કેમ શો વિચાર કરો છો? અને આટલા ઉતાવળા કયાં જાઓ છો?" બ્રાહ્મણે જવાબ આપ્યો "ભાઈ હું એક ગરીબ બ્રાહ્મણછું, અને મારે જરૂરના કામ સર કનકપુર જવું છે માટે મહેરબાની કરી મને જવા ઘો મને રોકશો નહીં" એમ કહી તેણે નીચી દ્રષ્ટિ કરી ચાલવા માંડયું અભયે તેનો હાથ ઝાલી અટકાવ્યો અને પુછયું "મહારાજ આ પોટલીમાં શું છે?" બ્રાહ્મણ ગભરાયો અને જુઠ્ઠુ બોલ્યો" આમાંતો મારાં ફાટાં તુટાં કપડા, એક આસન, અને ગૌમુખીમાં માળા શીવાય ટીમણ કરવા સારૂં મગજનો ડાબડો છે. અન્ય કોઇજ નથી." એમ કહી પોટલી સંતાડવા માંડી. "લાવો મહારાજ મને જોવાદ્યો અને તમે ઘણે દુરથી આવ્યા છો માટે થોડુંક ટીંમણ કરી લ્યો." અભયસીંહે મહારાજની પોટલી ઝાલતાં કહ્યું.

"આઘા રહો! આઘા રહો! અડશોમાં જો તમે અડશો

તો મારાથી એમાંથી બીલકુલ ખવાશે નહીં કારણ અગે નાગર બ્રાહ્મણ જેથી કોઇના હાથનું ખપે નહીં મુકામ પર જઇ નાહી, ધોઇ, સંધ્યા પુજા કરી ટીંમણ કરીશ માટે મને જવાદ્યો, " સરદારે કહ્યું "ત્યારે મહારાજ થોડૂં દુધ પીલ્યો દુધતો તમને અમારા હાથનું ખપશે નાં! બ્રાહ્મણે કહ્યું. "હા તે ઠીક છે પણ મારે ઉતાવળ છે અને જવાદ્યો તો ઘણુંજ સારૂં."

**સરદાર**—"ના મહારાજ અમારે ત્યાં તમે મેહમાન તરીકે આવી ચઢયા માટે તમને જમાડયા શીવાય જવા ન દેવાય માટે તમારા ડાબડામાંથી એક લાડું લઇને ખાઓ અને આ દુધ પીલ્યો લાવો હું કાઢી આપું.

**બ્રાહ્મણ**—"નહીં! નહીં! તમે છેટા રહો? અડશો નહી" એમ કહી આડુ ભાળી બેસીને બ્રાહ્મણે આમ તેમ જોતાં પોટલી છોડી, અંદરથી લાડૂનો ડબ્બો કાઢી, તેમાથી એક લાડું લઇ ટીમણ કરવા બેઠો. રાયસીંહે પૂછ્યું.

"મહારાજ તમે આટલા બધા શા માટે ગભરાઓ છો?"

**બ્રાહ્મણ**—"ભાઇ અહીં આગળ સરદાર બહારવટીઆનો ભારે ત્રાસ છે અને તે જતા આવતા વટેમાર્ગુને લુંટી લઇ હેરાન કરે છે, માટે તેની ધાસ્તીને લીધે હું ગભરાઉંછું."

આ પ્રમાણે બ્રાહ્મણ રાયસીંહ સાથે વાત કરતો હતો એટલામાં સરદારે તેનું પોટલું ઉપાડી લઇ અંદરથી રૂપીઆની કોથળી બહાર કાઢી લીધી. રાયસીંહે બ્રાહ્મણને કહ્યું.

"ત્યારે તો મહારાજ તેજ આ સરદારસીંહ! અને જુઓ

તેના હાથમાં શું છે! તમારા પોટકામાથી રૂપૈઆની થેલી કાઢી લીધી?"

બ્રાહ્મણે જોયું તો પોટકુ અને રૂપૈઆની કોથળી તેના હાથમાંજ જોઇ બ્રાહ્મણે મોટેથી "હાય; હાય બાપરે! હાય બાપરે!" કરી પેટ કુટવા માંડયું.

**સરદાર**—"મહારાજ નિરાંતે ટીમણ કરો તો પાછુ મળશે નહી તો નહી મળે."

બ્રાહ્મણે મહા મુશીબતે એક લાડુ પુરો કરી ઉપરથી દુધ પીધું અને રૂપૈઆ માટે આજીજી કરવા લાગ્યો.

**સરદાર**—"મહારાજ લ્યો તમારૂં પોટકુ અને રૂપૈઆ અને મેં તમને જમાડયા તેની દક્ષણામાં મારે તમને કાંઇ આપવું જોઇએ."

એમ કહી કોટમાં હીરાજડીત ગંઠો હતો તે કાઢી આપ્યો. અને કહ્યું કે "હવેથી કોઇને કહેશો નહી કે સરદારસીંહ લોકોને લુંટી લે છે."

**બ્રાહ્મણ**—"બહુ સારૂ, કલ્યાણ થાઓ" એમ કહી બ્રાહ્મણ ખુશી થતો થતો ચાલી નીકળ્યો.

એટલામાં વળી તેમણે તેજ નેળમાં ધૂળ ઉડતી દીઠી સરદારે કહ્યું "રાયસીંહ ઘણા માણસોનો કાફલો આવતો હોય એમ જણાય છે" તેઓ બરાબર સજ્જ થઇને ઉભા. માણસો નેળ ઓળંગી પાસે આવ્યાં. । તેમણે એક મેનો ઉપાડી ચાર માણસોને આવતા દીઠા અને તે મેનાની ચારે બાજુએ સીપાઇ ચાલતા હતા. સરદારે આગળ વધી પૂછ્યું.

"ઉભા રહો! તમે કોણ છો ? કયાં જાઓછો ? અને આ મેનામાં કોણ છે ? તે કહો ?"

**સીપાઈ**—"તુમ્હારેકો પૂછનેકી કયા મતલબ હય ? તુમ કોન હો ? રસ્તા છોડો નહી તો પચતાઓગે ?"

**સરદાર**—"હું કોણછું તે તમે જાણવા માગોછો તો આ મારી તલવાર તમને કહેશે.

એમ કહી સરદાર અને રાયસીંહ બંન્ને ખુલ્લી તલવારો કરી આગળ ધસ્યા મેનો ઉચકનારા તેને નીચે મુકી દઇ એક પાસે જઇ ઉભા. લડાઇ શરૂ થઇ પણ શૂરો સરદાર કોઇને પત કરે તેમ નહોતો. તેણે તમામ સિપાઇઓનો નાશ કર્યો. ફકત ચાર મેના વાળાનેજ જીવતા રાખ્યા. આ બનાવથી તે મેનામાં બેઠેલી શૂરી રાજપુત્રીને અત્યંત ક્રોધ ચઢયો, અને તેની નાનકડી શમશેર કોમળ હાથમાં પકડી અને સીંહણીની માફક મેના-માંથી બહાર નીકળી સરદારની સામે આવી કહ્યું.

"ક્રુર માણસ તેં મારા સઘળા રક્ષકોનો નાશ કર્યો છે હવે ચાલ યુદ્ધ કરવું હોય તો સ્હામે આવી જા ?"

જાણે અચાનક વીજળી પડવાથી માણસ જેમ સ્તબ્ધ બની જાય તેમ સરદાર તેના સામું જોઇ સ્તબ્ધ બની ગયો. જડવત્ થઇ ગયો ! શું કરવું તે તેને સુઝયું નહીં એક અબળા સામે હથીઆર ઉપાડવું તે તેના શૂરાતનને હીણપસ્તી લગાડનાર હતું જેથી તે વીચારમાંજ લીન થઇ ગયો, ઉભો થઇ રહ્યો.

આ પાસે તિલોત્તમાની પણ વૃત્તિ બદલાઇ ગઇ, સરદારનું

ભવ્ય કપાળ અને સુંદર સ્વરૂપનું તેજ જોઇ અંજાઇ ગઇ. અને તેના અંતઃકરણમાં પ્રેમના અંકુરો સ્ફુર્યાં. તિલોત્તમાએ મનમાં વિચાર્યું.

"દેખાય છે કોઇ રાજકુમાર જેવા પણ શા કારણથી આવી સ્થીતિમાં રહી આમ બહારવટુ કરે છે તે સમજાતું નથી." તે બોલી—

"કેમ શો વિચાર કરોછો? ચાલો જલદી શસ્ત્ર પકડો."

સરદારે નીચું જોઇ જવાબ વાળ્યો. "સ્ત્રી સાથે યુદ્ધ કરવુ એ મારો ધર્મ નથી" રાજકુમારી અંતઃકરણમાંજ બોલી. "ધન્ય છે તારા ટેકને? છે રાજકુમાર એમાં શક નહી? પણ હજુ વધુ તપાસ કરૂં" એવો વિચાર કરી તે બોલી.

"ત્યારે હથીઆર છોડી મારે શરણે થાઓ નહીં તો હાથમાં ઝાલી યુદ્ધ આપો. એમાંથી જે ઘટે તે કરો?"

સરદારસીંહ વિચારમાં પડયો અને મનમાં બોલવા લાગ્યો "કોણ જાણે શા કારણથી મારૂ અંતઃકરણ એના તરફ ખેંચાય છે! હવે શો ઉત્તર દેવો? ઇશ્વર તે શું ધાર્યું છે? **मम इच्छा समोनास्ति दैवइच्छा प्रवर्तते ॥** શો જવાબ દઉ" તેણે રાયસીંહને પૂછ્યું રાયસીંહ શું કરીશું.

રાયસીંહ હવે મંગળ થવાનો સંભવ છે એમ ધારી તાણો મારતો બોલ્યો "મારૂ માનો તો પડો પગે? પછી તમારી મરજી?"

**સરદાર**—"કેવી એ શરમી ફરજ પાડે છે?"

**રાયસીંહ**—"હું તો ખરૂંજ કહુંછું."

તરતજ સરદારસીંહે તલવાર ફેંકી દિધી. વિચાર મગ્ન નીચું જોઇ ઉભો થઇ રહ્યો. તિલોત્તમાએ પણ તલવાર ફેંકી દીધી નીચું ભાળી ઉભી રહી. તારામૈત્રીક રચાયુ, કેટલીકવાર સુધી કોઇ કાંઇ બોલ્યું નહી, છેવટે સરદારે પૂછ્યું.

"હવે આ કેદિને સું શીક્ષા ફરમાવોછો ?

**તિલોત્તમા**—"તે મારી મરજી ઉપર છે. પ્રથમ તમારૂ નામ ઠામ જણાવો."

**સરદાર**—"મારૂં નામ ઠામ હું જણાવું છું પણ પહેલાં તમે જણાવો પછી હું." જ—

**તિલોત્તમા**—"તમને મને પૂછવા અધીકાર નથી કારણ તમે મારા કેદી છો માટે તમો તમારૂ નામ ઠામ જણાવો."

**શરદાર**—"માફ કરશો. સરદારસીંહ બહારવટીઓ તે હું પોતેજછું."

સરદારનુ નામ સાંભળી તે ચમકી અને આવો બળીયો બહારવટીયો વિના પ્રયાસે મળ્યો, તેથી તેના પિતા પાસેથી ઇનામ લેવાની લાલસામાં ખુશ થઇ. અને ઇનામમાં એની સાથેજ લગ્નની માગણી કરવી એમ વીચાર નકી કર્યો.

**તિલોત્તમા**—"ખાત્રી પુર્વક તમારૂં નામ ઠામ જણાવશો તો તમને બંધનમાંથી મુક્ત કરીશ. અને હું આગ્રહથી કહું છું કે તે તમે જણાવશોજ."

સરદારસીંહે ફરી ઉપર પ્રમાણેજ જવાબ આપ્યો.

**તિલોત્તમા**—તમો તમારૂં ખરૂં નામ ઠામ ભલે છુપાવો પરંતુ આખરે ખરૂં નામ તો ખુલશેજ. ”

તે વિચાર કરવા લાગી “ અહાહા ? પ્રભુ મારૂ અંતઃકરણ એના તરફ શા માટે ખેંચાય છે ! એ પોતે ખરૂં નામ ઠામ જાહેર નથી કરતો પણ એના કુદ્રતિ દેખાવપરથી અને એની લાવણ્યતા ઉપરથી એ કોઇ ક્ષત્રી પુત્ર હોવોજ જોઇએ. મારૂં મન ઘણું ઠેકાણે લાવું છું પણ જેમ લોહ ચુંબક લોઢાને કોઇ અલોકિક શક્તિથી તેના તરફ આકર્ષે છે તેમ મારૂં હ્રદય એના તરફ ખેંચાય છે. હે પ્રભુ ! હું આજથી એને વરી ચુકી છું આવું સાહસ કરવુ યોગ્ય નથી પરંતુ એની કઇ શક્તિ મને એના તરફ ખેંચે છે ! પ્રેમ ઉત્પન્ન કરાવે છે તે મને સમજાતું નથી હવે ગમે તે થાઓ પણ હું મારૂં તનમન એને અર્પી ચુકી છું. પિતાશ્રીએ એક વખત દરબારમાં જણાવ્યું હતું કે “ જે કોઈ સરદાર બહારવટીઆને પકડી લાવશે તેને ભારે ઇનામ આપીશ. ” તો સરદારને પકડવાનુ ઇનામ મારે લેવાનું છે. જેથી ઇનામમાં એની સાથેજ લગ્ન કરવાની માગણી કરીશ. પણ વખતે એનું ખરૂં નામઠામ જણાવ્યા શિવાય મારી માગણી કબુલ નહીં કરે તો ? પણ દરબારમાં તપાસ કરતી વખતે જાહેર કરશેજ હે જગતનિયંતા ઇશ્વર ! આ તારી રંક બાળકીને તારી નજરમાં આવે તેમ કરજે ” થોડીવાર આમ તે મૌન્ય રહ્યા પછી ફરી તેણે સરેદારને પૂછ્યું.

“ તમે તમારે હાથે તમારો લાભ શા માટે ગુમાવો છો ? હું ખાત્રીથી કહું છું કે તમારૂં ખરૂં નામઠામ જણાવ્યાથી

તમને એવો લાભ થશે કે " ( બોલતાં અચકાય છે. )

સરદાર પણ વીચાર તરંગોમાં તણાતો હતો જેવું તિલોત્તમાનું મન પરવશ થયું હતું. તેમ તેને પણ પ્રેમાવેશનો પટ બેઠો હતો, તિલોત્તમાનું ભાષણ સાંભળી તે વિચાર મુક્ત થયો પણ તેના અંતઃકરણમાં જે વિચાર વંટોળીઓ પેશી ગયો હતો તે કેમે કર્યો નીકળે નહીં. ખરૂં નામઠામ જણાવવું કે નહીં તેની ગડભાંગ કરવા લાગ્યો. " વખતે ખરી હકીકત જણાવવાથી કાંઈ આફત આવી પડશે તો ? " પણ નાના તેમ થાય તો નહીં મનોમન શાક્ષી છે. એની મનોવૃતી પણ તનમનાટ કરી રહી છે અને એને સત્ય જાહેર કરવાથી પણ લાભ છે એમ મારૂં અંતઃકરણ કહે છે. પણ પ્રથમ એની પાસે કોઇને જાહેર ન કરવાનું વચન લઇ પછી જણાવું પછી **ईश्वरइच्छा बलियसी.** "

વિચાર કરી સરદાર બોલ્યો " સુંદરી હવે મને મારૂં ખરૂં નામઠામ છુપાવવાનું કારણ નથી પણ મને સૂર્યચંદ્રની સાક્ષીથી વચન આપો કે હું ભલે સુખી દુઃખી થાઉં પણ તમારે કોઇ પણ વખતે અને કોઇને પણ તે જાહેર કરવું નહીં. ફક્ત જ્યારે તમારા પિતાશ્રી તમને ઘણો આગ્રહ કરી પૂછે ત્યારેજ કહેવું."

**તિલોત્તમા**—હું સૂર્ય ચંદ્રની સાક્ષીથી વચન આપું છું કે તમારા કહ્યાથી વીરૂદ્ધ હું કોઇ પણ વખતે વર્તીશ નહીં.

આ પ્રમાણે વચન આપવાથી સરદારે તેને બધી ખરી હકીકતથી જાણીતી કરી જે સાંભળી તે કોમળ હૃદયની બાળા ખેદ પામી. શોક વિચારમાં તલ્લિન થઇ ગઇ. તેની આ સ્થીતિ

સરદાર પામી ગયો. એને પોતાને વાસ્તે પ્રેમીબાળાને લાગણી થઈ તે સમજી ગયો. તરતજ તેણે તે કોમળ હૃદયની બાળાને શાન્ત કરવા તેના વિચાર દુર કરવા વાત ઉપાડી.

" સુંદરી હવે તમારા કહ્યા મુજબ ખરી હકીકત મેં કહી તો તમારા કહેવા મુજબ હવે મને મુકત કરી તમે તમારો રસ્તો લેશો, "

**તિલોત્તમા**—કેદીને યાદગીરીને વાસ્તે કાંઇ પણ શીક્ષા કર્યાં શીવાય મુકત કરવા તે મને ઉચિત લાગતું નથી. માટે મારે તમને કાંઇ પણ શીક્ષા કરવી જોઇએ અને હું જે શિક્ષા કરીશ તે તમારે કબુલ કરવી પડશેજ ! ?

**સરદાર**—કેદીથી મળેલી શીક્ષાનો અનાદર થતો નથી તેને તે કબુલ કરવીજ પડે છે. પણ ગુન્હા પ્રમાણે ન્યાય મળવો જોઇએ.

**તિલોત્તમા**—હું જે શીક્ષા કરીશ તે ન્યાય પ્રમાણેજ કરીશ.

**સરદાર**—ત્યારે મારે પણ તે શીક્ષાનો સત્કાર કરવોજ જોઇએ.

**તિલોત્તમા** -જુઓ તમે બે ગુન્હા કર્યાં છે. એક તો તમે હાર્યા છે. અને બીજુ મારૂં અંતઃકરણ ચોરી લીધું છે. માટે તમને હમેશને માટે મારા હૃદય પીંજરમાં કેદ કરવાની શીક્ષા ફરમાવું છું કેમ કબુલ છે ના ?

**સરદાર**—તે મારાથી કબુલ નહીં થાય.

**તિલોત્તમા**—કેમ કબુલ નહીં થાય ? ન્યાયાધીશનું તમે

અંતઃકરણ છીનવી લીધું છે જેથી તમને તે હમેશને માટે કેદી તરીકે પાસે રાખવા માગે છે. માટે તમારે તે શીક્ષાનો સત્કાર કર્યા શિવાય છુટકોજ નથી. ”

**સરદાર**—"લાચાર" પણ સુંદરી મને તમે શા માટે ચ્હાઓ છો ? તમારૂં જીવન સોંપવા તૈયાર થાઓ છો ! મારાંમાં નથી રૂપ, નથી ગુણ, તેમ ધનપણ નથી હાલ મારી સ્થીતિ તમે જુવો છો. તમને કોઇ પણ કહેશે કે એક રખડતા બ્હારવટીઆ જોડે શા સુખને માટે જીવન દોરી જોડી ?

**તિલોતમા**—સ્ત્રીપર રૂપ અને ધનનાં પ્રેમી ઘણાં હોય છે. અને તેવો પ્રેમ ઘણો વખત નભતો નથી અને તેનું પ-રીણામ પણ સારૂં આવતું નથી હું તો ફક્ત ગુણનેજ મારૂં જીવન અર્પી ચુકીછું. અને તે આપનામાં સંપૂર્ણ છે. તેમ રૂપ પણ છે. હા ધન નથી. વળી લોકોને મને કહેવાની સત્તા નથી તેમ છતાં મારાં અંગીકૃતો કહેશે તો.

" ધૂળ ધરો કોઇ ફૂલ ચઢાવો કીર્તિ કહો કોઇ નીંદા ગાવો,
અગર ચોપડી અમ્રત લાવો મેંશ લગાડી વિષ પીવરાવો ( તોય)
સ્નેહીને સારૂં બુરૂં શું છે જેવી ધુળ ધનરે તેવું છે. સ્નેહીને

**સં. સા.**

**સ્નેહીને** સારૂં કે નઠારૂં કાંઇજ નથી. માટે હવે આપની નજરમાં આવે તેમ કરો. મેંતો મારૂં તનમન આપનેજ અર્પણ કરેલું છે. આપના શિવાય અન્ય પુરૂષ મારે ભ્રાતા પિતા સ-માન છે. દુનીઆંની દ્રષ્ટિએ તમે બહારવટીઆ છો પણ હુંતો તમને રાજ કુમાર તરીકેજ માની વરી

**સરદાર**—ત્યારે કેદીને એ શિક્ષા કબુલ મંજુર છે. ન્યાયતો બરાબર થયો. સુંદરી હવે હું કેદી તરી કે તમારી સાથે આવું છું પણ.

એમ કહી તેણે રાયસીંહને ઇસારતથી પાસે બોલાવ્યો. અને તેના કાનમાં કાંઇ વાત કહી.

રાયસીંહે જાણે તે સમજી ગયો હોય તેમ બતાવી "ઠીક" કહી ચાલવા માંડયું. તિલોત્તમા પણ કેદીને સાથે લઇ નગ્ર તરફ વળી.



# પ્રકરણ ૮ મું.

## ભવિષ્ય વેત્તા અવધુત

"આ જ સ્થળ આપણે માટે ઠીક છે. જોઈએ તેવી સગવડ વાળુ પણ છે" એવો વિચાર કરતા બે પુરૂષો સાધુને વેશે નૌતમગઢની પૂર્વ દિશામાં આવેલા એક શિવાલય આગળ આવી ઉભા રહી વીચાર કરતા હતા. આ શિવાલય ઘણા વખતથી અવડ પડી રહ્યું હતું. શિવાલયમાં મહાદેવનું બાણ પણ અપૂજ્ય રહેતું હતું. આલયના દેખાવ પરથી એવો ભાસ થતો હતો કે તે કોઈ અસલના વખતમાં બંધાવેલ હતું. દેવાલયની આસપાસ ખુલી જગ્યો હતી. એક પાસે કેટલાક ફુલના છોડવા દેખાતા હતા. તથા બીલીના વૃક્ષો પણ હતાં આ સ્થળનો વપરાટ નહીં થવાથી ઘણું ઘાસ, નકામા રોપાઓ આદી ઉગેલાં હતાં. તે શીવાલયના પ્રવેશદ્વારના કમાડ ઘણાં જીર્ણ થઇ ગયાં હતાં, પેલા સાધુઓ એ આ કમાડ ઉઘાડયાં. અંદર ગયા તો એક મહાન્ શીવલીંગ તેમની દ્રષ્ટિએ પડયું. શિવલીંગની આગળ પાછળ ચારે બાજુએ ઘણો કચરો ધુળ વીગેરે પડેલાં હતાં આ ધુળ, કચરો, માટી વિગેરે તેમાંના એક જણે સાફ કરી નાખ્યાં તો તળેથી પથ્થરની જગ્યો નીકળી. શિવાલયની જોડે અડોઅડ એક બીજી ઓરડી હતી તેની પણ દેવળના જેવીજ અવસ્થા હતી. તેનાં બારણાં ઉઘાડયાં તો તેમાંથી ભસ્મના ગોળા, રૂદ્રાક્ષની માળા, થોડાંક જીર્ણ ભગવાં વસ્ત્રો, ઝોળી, ભીક્ષાપાત્ર

એટલી વસ્તુઓ તેમને મળી આવી. એમાંના એકે કહ્યું. "આ ચીજો પણ આપણે અગત્યની છે."

ઓરડી પણ તેમણે સાફ કરી તેજ ઓરડીમાં મુકામ કર્યો આ બે સાધુમાંનો એક વૃદ્ધ ઉમરનો દેખાતો હતો. ધોળી દાઢી અને સફેદ મુછો સાથે માથાના વાળ પણ સફેદ દેખાતા હતા. હતા. આખા શરીરે ભસ્મ ચોળી હતી. ફક્ત એક લંગોટ શીવાય અન્ય વસ્ત્ર તેના શરીરપર હતું નહીં પગમાં પાવડી પહેરેલી હતી. લલાટપર મોટું ત્રીપુંડ કરેલું હતું છતાં પણ તેનો ભવ્ય તેજસ્વી ચહેરો ખીલી નીકળતો હતો. આ સાધુ પોતે મુની મહાત્માને નામે ઓળખાતા હતા.

બીજો સાધુ ઉમરમાં યુવાન દેખાતો હતો. તેને સહેજ મુછનો દોરો ફુટેલો માલુમ પડતો હતો. તેણે પણ આખે શરીરે ભસ્મ ચોળી હતી. અને ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં.

મહાત્માએ આવતાની સાથેજ મહાપુજાનો હાડ લગાવી દીધો. સહામે માટી શીવ પાર્વતિની ચિત્રેલી મૂર્તિ મુકી દીધી. આગળ એક યજ્ઞ કુંડ કર્યો હતો. આજ સ્થળે મુની મહાત્મા દીગંબરાસન લગાવી આખો દીવસ બેશી રહેતા હતા.

પ્રભાતમાં વહેલા ઉઠી, શૌચ, દંતધાવન, સ્નાનાદિક ક્રિયા કરી શિવલીંગની પૂજા કરી, ચંદનથી ત્રીપુંડ કરી પાસે અરગજા વિગેરેનો ધુપ કરી, મોટા ઘંટ અને શંખનાદ સાથે આરતિકા કરતા હતા. જેમ જેમ માણસોના જાણવામાં વાત આવી તેમ તેમ ઘણાં માણસો ત્યાં ભેગાં થતાં આરતિ થયા પછી પ્રસાદ વેહેંચાતો હતો. કોઇ દીવસ સાકર, કોઇ દીવસ ખાંડ,

વળી કોઈ દીવસ મેવા ફળ વિગેરે નવીન નવીન પ્રસાદ હમેશાં વહેંચાતો. નહાનાં નહાનાં બાળકો પ્રસાદની આશાએ ઘણાં ભેગાં થતાં આ પ્રમાણે આરતી થઈ રહયા પછી મહાત્મા પોતાની ઓરડીમાં આસનારૂઢ થઈ બેસતા. એક પણ શબ્દ બોલતા નહીં. ઘણાં સ્ત્રી પુરૂષો આવી નમન કરી–પગે લાગી પોતનો જન્મારો આવા સાધુ પુરૂષોના દર્શનથી સફળ થયો, તેમ ધારતાં. ઘણા સાધુ પુરૂષો કાંઈ પણ પ્રશ્ન કરે તો તેના જવાબમાં ફક્ત ડોકુ ધુણાવતા અને ચેલાજી તે લોકોને જવાબ આપતો. કોઈ પ્રસંગેજ આ મુનિરાજ બોલતા દેવ નહીં પણ આકીન ફળે છે." એ કહેવત પ્રમાણે મુની કોઇ વખત કોઇને કાંઈ શુભ આશીશ વચન વિગેરે આપતા, તે ખરૂં પડતું. જેથી તેમની ખ્યાતી વધવા લાગી ચેલો દર હમેશ સવારના પહોરના ભીક્ષા માગવા જતો. તે પણ મહાત્માની ખ્યાતી કરવામાં મણા રાખતો નહીં. તેથી જેમ દિવાપર પતંગીઆં તુટી પડે તેમ હઝારો માણસો સવારથી તે સાંજ સુધી મહારાજની પાસે બેઠેલાજ રહેતા બે જાય અને ચાર આવે, વળી થોડા વખત પછી કેટલાક જાય અને કેટલાક નવા આવે. આ પ્રમાણે અખુટ વહેણ આખો દીવસ મહાત્માની પાસે વહ્યાં કરતું. મુનીમહાત્માની ઘણી પ્રશંસા થવા લાગી. દર હમેશ પાકાં સીધાં ચાલ્યા આવતાં. પણ મુનિ તો ફકત દુધનાજ અહારપર રહે છે. એવો જવાબ ચેલા તરફથી મળતા જેથી તેમને માટે ગરમ મસાલાદાર દુધ પણ આવતું. આ મહારાજની પ્રશંસા છેક રાજાની પાસે ગઈ ત્યારે રાજા પોતે મહારાજનાં દર્શન માટે પધાર્યો. અહીં તો રાય અને રંક ગરીબ અને તવંગર એક સરખાજ હતા, જેથી મુંનિ તો

કાંઇ બોલ્યાજ નહીં. ભવિષ્યકાળે આ વખતે અહીં કોઇ હતું નહીં. રાજાએ ઉભા ઉભા હાથ જોડી નમન કર્યું. મહાત્માએ ડોકું નમાવી સ્વીકાર્યું. આશરે બેચાર ઘડી બેઠા પણ મહાત્મા કાંઇ બોલ્યા નહીં. ત્યારે રાજાના અંતઃકરણમાં કાંઇ વિચારો સ્ફુર્યા. જાણે ચેલો તે સમજી ગયો હોય તેમ બોલી ઉઠયો. "રાજાજી ગુરૂ મહારાજે મૌન્યસ્થ લીધેલું છે જેથી પોતે બોલતા નથી. કોઇ વખત અંતઃકરણની ઇચ્છા થાય છે તો કોઇકની સાથેજ વાત કરે છે"

આ વખતે રાજા એકલોજ હતો જેથી લાગ જોઇ મુનિ બોલ્યા "બચ્ચા હુમારા લોકકું બહોત બોલનેકા દુરસ્ત નહીં તેરી સઘળી બાબત મેરા લક્ષમેં શંકરકી કૃપાસે આગઇ હય. કોઇ બખત તુમકો સુનાયગે" આટલું બોલીનેજ મહાત્માએ પુનઃ મૌન્યસ્થ લીધું. લોકોનું આગમન થવા લાગ્યું. રાજાએ ત્યાંથી પ્રણામ કરી ગમન કર્યું. "તેરી સઘળી બાબત મેરા લક્ષમે આગઇ" એ વાકયે તેના અંતઃકરણમાં અનેક વિચારો ઉપજાવ્યા. અને ફરી મહાત્માને મળવા નિશ્ચય કરાવ્યો.

બીજે દીવસે મહાત્મા શ્રી સવારમાં ઉઠી દંતધાવન કરી સ્નાનાદિ ક્રીયાથી પરવારી, મહાદેવની પુજા કરી ચંદનાદી સુગંધી દ્રવ્યોથી અર્ચન કર્યું. બિલીપત્ર પુષ્પો વિગેરે ચઢાવ્યાં. અનેક પ્રકારના પુષ્પોની સાથે ધંતુરાના પુષ્પોનો મોટો અંબાર કરી દીધો હતો.

પુષ્પો, બીલી વિગેરેથી મહાદેવની આખી જળાધારી ભરાઇ ગઇ હતી. આ પ્રકાર થયા પછી આરાતકાનો સમય

થયો. હમેશ મુજબ ઘંટનાદ શંખનાદ વિગેરે સાથે આરતિ થઇ પ્રસાદ વહેંચાયો બાદ મહાત્મા ઓરડીમાં જઇ પોતાના આસન પર બિરાજમાન થયા. ચેલો ભીક્ષા માગવા ગયો તે નિયમ પ્રમાણે ભિક્ષા લઈ પાછો આવ્યો. રસોઇ કરી જમી લીધું ત્યાર પછી આખો દીવસ માણસો થોડે થોડેજ આવ્યા કરતા. ચારેક ઘટીકા રાત્રી વિત્યા બાદ રાજાજી પધાર્યા. મહારાજને નમન કરી પાસે નાખેલા આસન પર બેઠા. થોડી વાર મેન્ય રહ્યા પછી માહાત્માએ વાત ચલાવી.

"દેખ બચ્ચા તુમ યહ દુનિયાકા રાજાહય ઔર હમ ભી તુમ્હારે જયસે યોગી રાજા હય, તુમ્હારે હાથમેં ચ્હાય અયસી શિક્ષ કરનેકા અધિકાર હય. મગર હમ સચ બાત કહેનેમેં ડરતા નહીં ઇસ જીવોકા પાપી ઓદ્ધાર કરનેકે લીયે હુમારા શરીર પેદા હુવા હય. હુમારે દ્રષ્ટિમેં રાય ઓર રંક ગરીબ ઓર શ્રીમાન એકીઇ હય ઇશ્વર કે દરબારમયે ભી અયસાહય દેખ રાજા તુમ્હારા ખરા બ્યાન હમ તુમકો સુનાતે હય. દેખ તેને બહુત આત્માકું સતાકે ગાદી લીહય. ઓર સચ્ચા ગાદીપતિકા ખુન કીયા હય. ઇસ લીયે ઇસકા લડકા ધાસ્તીસે ભાગ ગયા હય. તુમને તુમારી ખુદ રાનીકું આગમેં જલાદિઇ હય. ઓર વેશ્યાકી સાથ ઉપભોગ કરતા હય. ઓર તુમેકા એક દુસરા આદમ પીડતા હય. મગર તુમ્હારી રાજ્ય રેખા બડી હય ઇસલીયે તુજકો ખલેલ નહી પહોંચાય સકેગા. ઓર સુન રાજન જો આદમ તુજકો સતા તે હય વો કેદી હુવા હય. ઓર તુમકો દો ચાર દીનમેં માલેગે મગર ઇસકો અભી ફક્ત કેદ કરના જાનસે મારના નહીં. જો મારેગાતો તુમ બહોત દુઃખી હોયગા, ફીર તુમ-જાનો બોલ સબી જો મયેને સુનાયા ઓ સચ્ચા હય ઓર જુદા."

**રાજા**—" મહારાજ આપ તો ઇશ્વરી અવતાર છો. હું એક અધમ કપટી મનુષ્ય છું આપનાથી કાંઇ અજાણ્યું નથી. આપ કહો તેમ કરવા હવે તૈયાર છું. "

**મુની**—" અચ્છા અબ તુમારા રાજ કરનેકા જરૂર હય. ફીર હમ તુજકો મુક્તિ માર્ગ બતાયગા. મગર અબ હમ તુજકો ફરમાઉં અયસા કરના. "

**રાજા**—" બહુ સારૂં મહારાજ. "

આ પ્રમાણે કહી રાજા ઉઠયો. મહેલ તરફનો રસ્તો લીધો તેને કોઇ પણ પ્રકારે ચેન પડે નહી. " વખતે મહાત્મા કોઇની આગળ પોગળ પ્રકાશ કરી દેશે તો ! પણ નહીં તેમને એમ કરવાની શું જરૂર હોય ? ના ના તે પોતે ઇશ્વરી અવતાર છે માટે તેમ કરેજ નહીં. " આ પ્રમાણે રાજા મનમાં ને મનમાંજ તુરંગમહેલ બાંધતો બાંધતો સુખશૈયામાં પડયો પડયો ઉંઘી ગયો.

આ પાસે રાજાના ગયા પછી મહાત્માએ ચેલા સાથે વાત ચલાવી " કેમ મોહન પાયો તો બરાબર રચાયો છે, હવે સરદાર અહીં આવ્યા પછી વાત. હવે ધીરે ધીરે રાજ્યની અંદરની માહીતી મેળવવા હું ધારૂછું એટલે બે ચાર દીવસમાં સરદાર આવરોજ. પણ પ્રથમથી આપણે ઠીક યોજના કરી મુકી કે તેના જીવને જોખમ પહોંચે નહીં. રાજા હાથપર આવી ગયો છે માટે બીજી બાબત તો તેનાથી નહીંજ થાય. પછી તો ઇશ્વરે ધાર્યું હશે તેજ થશે. "

# પ્રકરણ ૯ મું.

## કેદ.

તિલોત્તમાના નીકળ્યા પછી સૂરસીંહે પોતાના બનેવી કૃષ્ણુસીંહને તિલોત્તમા નીકળ્યાના સમાચાર પહોંચાડવા એક ઘોડેસ્વારને કાગળ આપી કનકપુર મોકલ્યો. તેમાં "આજે કાર્તિક શુદ ૫ ને રોજ તિલોત્તમા તમારા તરફ રવાના થઇ છે." એ મતલબ લખેલી હતી. આ ઘોડેસ્વાર પ્રથમ આજ રસ્તે થઇને ગયો હતો. સદ્ભાગ્યે તેને તે વખતે સરદારનો ભેટો થયો નહોતો. કૃષ્ણુસીંહને તિલોત્તમા નિકળ્યાની ખબર મળ્યાથી તેણે કેટલાક સિપાઇઓ તેની સામા રાયસીંહ મોકલ્યા. અને પેલો સ્વાર પણ તેમની સાથેજ ગયો. ત્રીભેટાથી અને સરદાર છુટા પડયા. તિલોત્તમા મેનામાં બેઠી. અને સરદાર ઘોડેસ્વાર થયો.

કેદીને છુટો મુકવો એ વાંચકોને અશકય લાગતું હશે. પરંતુ સરદાર તેની ખુશીથી કેદી થયો હતો જેથી નાસવા કરવાની તિલોત્તમાને ધાસ્તી નહોતી. ત્રીભેટાથી આશરે પાંચેક ગાઉ ચાલ્યા પછી સામેથી કેટલાંક માણસો આવતાં હોય તેમ દેખાયું. સરદારે તલવાર સંભાળી અને તિલોત્તમા પણ સજ્જ થઇને બેઠી. થોડેક ચાલ્યા પછી સામેથી આવતા સિપાઇઓ તિલોત્તમાએ પોતાના બાપના નોકરો તરીકે ઓળખ્યા. સરદારને કહ્યું કે "શાન્ત થાઓ એ મારા પિતાશ્રીના મોકલેલ માણસો

છે. જેથી આપણુને કોઈ પણ પ્રકારે અડચણુકર્તાં નથી. થોડીવારમાં સિપાઇઓમાંના એક કે જે તે સિપાઇઓનો નાયક હતો તેણે આગળ આવી તિલોત્તમાને નમીને સલામ કરી કે તેની સાથે બીજા સીપાઇઓએ પણ સલામ કરી.

તિલોત્તમાએ તેની પાતળી પણ નાજુક ડોક નમાવી સલામ ઝીલી. નાયકે "સાથેનો સ્વાર કોણ છે" તે નમ્રતાથી પૂછ્યું. તિલોત્તમાએ જવાબ આપ્યો. "જેને માટે ઘણા રાજાઓના માણસોનો ઘાણ નીકળી ગયો છે. છતાં પકડાયો નથી તેજ આ સરદારસીંહ."

આ સાંભળી નાયક તો સ્તબ્ધજ બની ગયો. આટલી કીશોર વયની બાળાનું અદ્ભુત પરાક્રમ જોઈ વિસ્મય થઇ ગયો. તરત જ તેણે મહારાજાને આ ખુશખબર વિદીત કરવા એક સ્વારને દોડાવ્યો. તેણે આવી કૃષ્ણસીંહને "તિલોત્તમા સરદારસીંહ બહારવટીઆપર જીત મેળવી, કેદ કરી તેને સાથે લઇને આવે છે." આ પ્રમાણે સમાચાર કહ્યા જેથી રાજા પણ તેની પુત્રીનું પરાક્રમ જોઇ આશ્ચર્ય પામ્યો. થોડીજ વખતમાં સરદારસીંહ કેદ થયાની ખબર આખા શાહેરમાં વિદ્યુતની માફક ફેલાઇ ગઇ.

તરતજ નાયક, તિલોત્તમા અને સરદારને લઇને નગ્ર તરફ વળ્યો અહીંથી કનકપુર ઘણું દુર નહોતું જેથી થોડા વખતમાં તિલોત્તમા કનકપુરની ભાગળે આવી પહોંચી. સિપાઇઓએ જયનાદ સાથે નગ્રમાં પ્રવેશ કર્યો.

સરદારને જોવા માટે સંખ્યાબંધ મનુષ્યો ચકલે, ચૌટે,

પાટે, ઘાટે, હાટે ભેગાં મળ્યાં હતાં કોઈ રાજકુંવરીની શૌર્યતાની પ્રશંસા કરતું હતું. તો કોઇ આ બાળકુમારીનું પરાક્રમ સાંભળી ખુશ થતાં હતાં–વિષ્મય થતાં હતાં. "એણે શી બહાદુરી કરી હશે? શું તે તેની સામે લડી હશે? કે દગાથી પકડ્યો હશે?" એવા અનેક પ્રકારના વિચારો ભિન્ન ભિન્ન અંતઃકરણોમાં જન્મ પામતા અને લય થતા હતા." હશે ગમે તેમ હો પણ બહારવટીઆને પકડ્યો એટલે એ બહાદુર તો ખરીજ એમાં શક નહીં.

જોનારાં લોકોનાં ટોળાંએ તિલોત્તમાને આશીશ વચનો રૂપી પુષ્પોથી વધાવી લીધી. જયજયકાર શબ્દો સાંભળતી, સાંભળતી તિલોત્તમા મહેલ આગળ આવી પહોંચી. સરદારને પિતાશ્રીની પાસે લઇ જવા હુકમ આપ્યો, અને તે તેની માતા પાસે ગઇ. પુત્રીની બહાદુરી જોઇ માતાની આંખોમાંથી આનંદાશ્રુ વહ્યાં. પાસે બેસાડી ચુમ્બન કર્યું. અને તિલોત્તમાના મામી, મામા વિગેરેની કુશળતા પૂછી.

બીજે દીવસે સરદારને દરબારમાં હાજર કરવાનો હતો, હાલ તેને એક સ્વચ્છ ઓરડામાં રાખવામાં આવ્યો હતો અને ચારે બાજુએ ચોકી પહેરો મુકી દીધો. સરદારના મનમાં શું તર્કો જન્મતા હશે અને સમાઇ જતા હશે તેનો ખ્યાલ કરવા વાંચક વર્ગનેજ સોંપુછું.

દરબારનો વખત થતાંજ તેને હાજર કરવામાં આવ્યો. નગ્રના લોકો દરબારમાં કેસ સાંભળવા માટે આવતા હતા. દરજ્જા પ્રમાણે સર્વને બેઠકો મળતી. દરબારમાં કામ શીરૂ થતા પહેલાં

તો માણુસોની એટલી તો હદ થઇ રહી કે કાંઈ કહેવાની વાત નહીં. નિયમ પ્રમાણે દરબારમાં સરદારનું કામ શરૂ થયું. આ વખતે તિલોત્તમા પણ ત્યાં હાજર હતી. રાજાએ પોતેજ તેની તપાસ કરવા માંડી સરદારને પૂછ્યું.

**રાજા**—તમારૂં નામ શું ?

**સરદાર**—સરદારસીંહ.

**રાજા**—તમારા પિતાનું નામ ?

**સરદાર**—ખબર નથી

**રાજા**—જાતે ?

**સરદાર**—ચાવડા રજપુત.

**રાજા**—ક્ષત્રી પુત્ર છતાં બહાર વટુ કરવાનું કારણ ?

**સરદાર**—ફક્ત આફત.

**રાજા**—શાની આફત ?

**સરદાર**—તે હાલ હું કહી શકતો નથી. આપને મને જે શિક્ષા કરવી હોય તે કરો. તેનો અંગીકાર કરવા તૈયારછું.

આ સાંભળી રાજા ક્રોધિત થઇ બોલ્યો. " સરદાર તમને ખબર છે કે તમે કેદી તરીકે અહીં ઉભા છો ? "

**સરદાર**—હા.

**રાજા**—તો ફકત હું પુછું તેનોજ જવાબ આપો.

**સરદાર**—મહેરબાની કરી પુછવાનું બંધ કરો શિક્ષાનું ફરમાન કરો.

રાજાએ તિલોત્તમા તરફ જોઇ પૂછ્યું. કુંવરી તમે આ

વીર બહારવટીઆને પકડવાને કેવી રીતે ફત્તેહ મેળવી તેનો ખુલાસો આ દરબાર સમક્ષ કરો.

**તિલોતમા**—પિતાશ્રી જે વખતે મણીપુરથી નીકળી, ત્રીભેટા આગળ નેળમાં મારા રક્ષકો સાથે હું આવતી હતી. તે વખતે આ બહાદુર બહારવટીઓ તેના એક સંગી સાથે ત્યાં આગળ હતો. મારા રક્ષકોને "મેનામાં કોણ છે?" એવો સવાલ એણે પૂછ્યો. રક્ષકોએ જવાબ નહીં આપતાં સામુ એ બહારવટીઆનું નામ ઠામ પૂછ્યું. એટલુંજ નહીં પણ તેઓ એની સામા થયા. જેથી એ બહાદુર બહારવટીઆએ એની તીક્ષણ તલવારથી મારા સરવે રક્ષકોનો નાશ કર્યો. ફક્ત ચાર મેના વાળાનેજ જીવતા રાખ્યા. આ બનાવ જોઇ હું મેનામાંથી મારી શમસેર લઇ બહાર નીકળી. અને લડાઇનું નિમંત્રણ કર્યું. ત્યારે એ વીર બહાદુર બહારવટીએ "અબળા સાથે યુદ્ધ કરવા મારો ધર્મ નથી" એમ જણાવ્યું. જેથી ફરી મેં કહ્યું કે લડાઇ આપ નહીં તો તાબે થા. લાંબો વિચાર કરી એ વિર પુરૂષ તેની તલવાર નીચે મુકી તાબે થયો. જેથી એને કેદી તરીકે આપની સમક્ષ હાજર કરવા હું ફત્તેહ મંદ નીવડી.

રાજાએ આશ્ચર્ય ચકિત થઇ કાંઇક દયા કાંઇક ઉદારતા અને કાંઇક પ્યારની લાગણીથી તેના સામુ જોયું. તેનો ચહેરો ગંભીર જણાયો. તેની મનોવૃતી સરદારના તરફ આકર્ષાઇ તેણે કાંઇક આશાની લાગણીથી કહ્યું.

"બહાદુર પુરૂષ તારી ક્ષત્રીવટ જોઇ તારે માટે મને ઉ-મદા વિચાર બંધાય છે. પરંતુ જ્યાં સુધી તારૂ બરાબર નામ

કામ જાહેર નહી કરે ત્યાં સુધી મારા અંતઃકરણમાંજ જન્મ પામી નાશ પામશે. " તિલોત્તમા તરફ જોઇ કહ્યું. બેટા તારે આ કામના બદલામાં શું ઇનામ લેવાની મરજી છે ?

**તિલોતમા**—પિતાશ્રી મારી મનોવૃતી આપને સહેજ માલુમ પડશે ઇનામમાં ફક્ત.———

**રાજા**—-ઠીક છે તેનો વિચાર પછી થશે.

દરબાર બરખાસ થયો. રાજા મહેલમાં ગયો અને સરદારને પ્રથમનાજ ઓરડામાં રાખ્યો અને પ્રથમ પ્રમાણેજ સિપાઇઓનો પહેરો મુકયો. જો કે રાજાની મનોવૃતી તેના તરફ ખેંચાઇ હતી. પરંતુ એક મંત્રી કે જેની મનો ઇચ્છા કોઇ જુદાજ પ્રકારની હતી તેણે આ લાગ સાંધ્યો. આ મંત્રીની ઇચ્છા તીલોતમાના લગ્ન હરીહરપુરના રાજા હરીસીંગના નાના પુત્ર નવલુભા સાથે કરવાની હતી. કારણ તે રાજા તરફથી તેને નાણાંની મોટી રકમ મળવાની ગોઠવણ કરેલી હતી. રાજા મંત્રીને પૂછીનેજ કામ કરતો.

એક વખત સૃષ્ટિની સૌન્દર્યતાનું અવલોકન કરતા રાજા અને મંત્રી ઉભય ઉદ્યાનમાં આવેલા બંગલાની અગાશીમાં બેઠા હતા. તે વખતે રાજાએ પુછ્યું.

" મોતીશા મારો વિચાર તીલોત્તમાનાં લગ્ન સરદાર સાથે કરવાનો હેતુ છે. કારણ મારે પુત્ર નથી દેખીતી રીતે એ બહાર વટીયો નથી, પણ કોઇ રાજપુત્ર હોય એમ લાગે છે તો એની સાથે તિલોત્તમાનાં લગ્ન કરી એને અહીં રાખી મારા પછી ગાદીનો પટાભિષેક એનેજ કરવો તેમાં તમારો શું વિચાર છે. ?"

**મોતીશા**—આપનો વિચાર સત્ય છે. પરંતુ ક્ષમા કરજો આપને એનું ચોકસ નામ ઠામ જાહેર કરતો નથી તેમ હાલતો એ બહારવટીઓ ખરોજ ના? તો રાજ્યકન્યાંનું એક રખડતા બહારવટીઆ સાથે લગ્ન કરવું એ ઠીક નહીં પછી આપની ઇચ્છા હું ધારૂં છું કે હરીહરપુરના રાજા હરીહરસીંગને બે પુત્ર છે તેમાં નાના કુમાર સાથે લગ્ન કરી દત્તક લ્યો તો મારા ધારવા પ્રમાણે સારૂં છે. રાજાનું કુળ પણ ઉંચું છે. તેમ કુમાર પણ સારો છે.

**રાજા**—તમારૂં કહેવું ખરૂં છે પણ એક તો એ રાજા દંભી છે. રૈયત એનાથી સુખી નથી. અને વળી તે કુમાર તો ગાંડો છે.

**મંત્રી**—તદ્દન ખોટું. એને સહેજ વાયાનો અસર છે, તે દવા કર્યેથી મટી જશે.

લગાર વિચાર કરી. "ઠીક છે એને માટે વિચાર કરીશું અને તમે કહો છો તેમ બહારવટીઆ સાથે લગ્ન નહીંજ કરવું."

આ પ્રમાણે વાતચિત થયા પછી ત્યાંથી ઉઠી, રાજા અને મંત્રી મહેલ તરફ વળ્યા. ત્યાંથી મંત્રી પોતાના મુકામપર ગયા.

હવે આપણે નાગમગઢ તરફ ફરીએ, મહારાજનાં દર્શન કરી આવ્યા પછી કુરસીંહ શયનગ્રહમાં ગયો ત્યાં તેને કેમે કરી નીંદ્રા આવી નહીં, મહા મુસીબતે રાત્રી વીતી બીજે દીવસે સવારમાં કચેરી ભરી. અને કનકપુરથી આવેલો પત્ર પ્રધાનના હાથમાં આપ્યો, વાંચ્યો અને સરવે સભાને સરદાર પકડાયાની હકીકત કહી અને વધારામાં "આજે એને તમારા

તરફ રવાના કર્યે છે" એ પણ કહી સંભળાવ્યું, કુરસીંહની ખુશીનો પાર રહ્યો નહીં "બસ હવે કોઇની ધાસ્તી નથી." એમ મનમાં મગ્ન થયો, કચેરીનું કામ તે દીવસે બંધ રાખ્યું ચાતકપક્ષિ વરસાદની રાહ જુવે તેમ સરદારની વાટ જોઇ રહ્યો, એટલામાં એક સ્વાર આવ્યો નમીને સલામ કરી, અને સરદારને લાવ્યાની ખબર કહી, રાજાએ જાતેજ જઇ સરદારને તૈયાર કરી રાખેલા કારાગૃહના ઓરડામાં ઘાલી ચોકી પહેરો સખત મુકી દીધો, જે ઓરડામાં સરદારને રાખવામાં આવ્યો હતો. તે ઘણા વખતથી બંધ હતો કેટલેક ઠેકાણેથી ભીંતોમાંથી ચુનો ખરી ગયો હતો, અને ઘણા વખતથી અવડ પડી રહ્યો હોય એમ દેખાતો હતો, રાજાએ સરદારને ફક્ત પ્રાણ ટકવા માટે કાંઇક અનાજ આપતો. એના અંતઃકરણમાં કયારે તેને ફાંસીએ લટકાવું એમ થતું હતું, તરતજ રાજા મહાત્માને સરદાર આવ્યાની ખબર કહેવા રવાના થયા, અને તેને શિક્ષા કરવા માટે પૂછવા લાગ્યા.

**મહાત્મા**—દેખ રાજા આજસેં પાંચમે રોજ બરાબર દક્ષિણ દીશા તરફ ઇસકુ ફાંસી દેના, ઓર અબ આજસેં મય સમાધિમેં બેઠતાહું. ઇસ લીયે તુમ ઇધર મત આઓ. તુમ તુમ્હારા કાર્ય કરના અબ હમકો મત પૂછો.

**રાજા**—જેવી આજ્ઞા ગુરૂ મહારાજની.

આ પ્રમાણે રજા લઇ કુરસીંહ મહેલમાં ગયો અને કયારે પાંચ દીવસ પુરા થાય, અને બેડો પાર થાય, એમ ચીન્તમાં ચટપટી થયા કરતી હતી, પણ એને ખબર નથી કે:—

## न जाने जानकी नाथ प्रातःकाले किं भविष्यति ।

જેલમાં રહીનેજ સરદારસીંહે છુપી તપાસ કરવા માંડી જેલર ઘણો સારા સ્વભાવને હતો અને મરહુમ રાજાનો નિમકહલાલ નોકર હતો પ્રસંગોપાત વખત મળતાં સરદારે જેલરને સઘળી હકીકત કહી. જાણે એકદમ વીજળી પડવાથી યાતો અચાનક કાંઇ ભયાનક બનાવ બનવાથી માણસ સ્તબ્ધ થઇ જાય તેમ રામસીંગ સ્તબ્ધ બની ગયો એની આંખોમાં સ્નેહાશ્રુનાં ઠંડા બીંદુ આવ્યાં તે એકદમ સરદારને ભેટી પડયો. અને કુરસીંહની હકીકતથી વાકેફ કર્યો. અને અમુક દીવસે ફાંસીપર તેને ચઢાવનાર છે તે પણ કહ્યું.

**સરદાર**—રામસીંગ તમો કોઇપણ તમારા વિશ્વાસુ માણસને મારી પાસે લાવો કારણ મારે મહાત્મા પાસે મોકલવો છે. આ વખત હવે કલ્પાંત કરવાનો નથી. ઇશ્વર ઇચ્છા હશે તો એના પાપનો ઘડો ભરાયો છે તે ફુટશે હું જાણીનેજ અહીં આવ્યોછું કેટલીક બીનાથી હું વાકેફ નહોતો તે તમે કદી પણ આ હકીકત બાહાર ન પડે.

**રામસીંગ**—આ શરીર જાય પણ એમ કેમ બને !

તરતજ રામસીંગ ગયો અને થોડાજ વખતમાં એક માણસ સાથે પાછો આવ્યો. તે કોણ હતું ? વાંચકોને ખબરનો હશેજ કે લક્ષ્મિને કેદમાંથી છોડાવનાર તે વિમળા હતી.

વિમળાને જોતાંજ સરદારે તેના હાથમાં એક કાગળ આપી મહાત્માને આપવા કહ્યું, તેની સાથેજ એ કાગળ કોઇના હાથમાં ન જવા માટે પણ ચેતવણી આપી વિમળા એક પણ

શબ્દ બોલ્યા શીવાય ચાલી ગઇ અને મહાત્મા પાસે જઇ કાગળ આપ્યો મહાત્મા એને ઓળખતાજ હતા પણ વિમળાને આ વખતે મહાત્માની ઓળખાણ પડી નહીં.

મહાત્માએ કાગળ વાંચી " અચ્છા " કહી વિમળાને રજા આપી.

આ પાસે વિમળા ગઇ કે તરતજ ક્રુરસીંહ આવી પહોંચ્યો. સદ્દભાગ્યે ઠીક થયું કે તેને તેનો ભેટો થયો નહીં. સરદાર પાસે આવી તે ઉભો, તેના સામું જોયું અને બોલ્યો.

" તારા હાથે મને ઘણું નુકશાન થયું છે મેં તારૂં કાંઇ પણ બગાડયું નથી છતાં તું મને સંતાપતો હતો જેથી તને આ સંકટ વેહવું પડયું છે. શું કરૂં ! કોણ જાણે તારી આયુષ્ય રેખા બે ચાર દીવસ વધારે હશે જેથી હાલ તું આવી સ્થીતિમાં પણ જીવતો છે. હવે થોડોજ વખત છે."

**સરદાર**—શું તું એમ સમજે છે કે હું મરણથી બ્હી જાઉં ? ના ના તારે ગમે તેમ કર હું તારી શીક્ષા અંગીકાર કરવા તૈયાર છું.

**ક્રૂરસીંહ**—ઠીક છે, ઠીક છે,

એમ કહી ક્રુરસીંહ જેલરને સખત બંદોબસ્ત રાખવાનું ફરમાવી ત્યાંથી ગયો જેટલો વખત શીક્ષાને માટે લંબાગ્યો હતો તેટલા વખતમાં સરદાર બધી છુપી હકીકતથી વાકેફ થઇ ગયો.

---

# પ્રકરણ ૧૦ મું.

## પાસા અવળા પડયા !

સવાર થવા આવ્યું છે. પૂર્વદિશામાં લાલાશ દેખાવા લાગી છે. જાણે સવીતા નારાયણ પોતાના દુશ્મન તિમિર સાથે લડી લડીને તેના લશ્કરને કતલ કરતા હોય અને મર્ણ પામેલી સેનાના રક્તની સેરો નીકળતી હોય તેમ લાલ કિરણો ધીમે ધીમે પૃથ્વીપર પડવા લાગ્યાં છે. ચંદ્રમા જાણે તે લડાઇ અને સૂર્યનું અતિ બળ જોઇ શરમ પામી ગયા હોય તેમ અદ્રષ્ય થઇ ગયા, તિમિરના સહાયભૂત તારાઓ પણ જાણે આ દિવ્યદેવની પાસે છુટકારાને માટે આજીજી કરવા જતા હોય તેમ અને જાણે માફી આપશે કે નહીં તેને માટે ધ્રુજતા ધ્રુજતા તેમના તેજમાં સમાઇ ગયા. પશુ પક્ષિઓ પોતાનો ખોરાક શોધવા કલ્લોલ કરતો નીકળી પડ્યાં સાધુ પુરૂષો સ્નાનાદિ ક્રિયા કરવા નદી, તળાવ વિગેરે જળાશયોપર જવા લાગ્યા. કુકડાંનાં “ કુકરેકુક ” અવાજ સંભળાવા લાગ્યા. દેવદેવસ્થાનોમાં ઘંટનાદ થવા લાગ્યા, કેટલેક ઠેકાણે લોકો પ્રભાત રાગ લલકારીને ગાઇ ખુશી થાય છે, યવનો મસીદોમાં જાણે પરમેશ્વર બહેરા હોયની! તેમ મોટેથી બાંગ પુકારી રહ્યા છે. કેટલીક ગૃહીણીઓ સ્નાન કરી સુંદર, સ્વચ્છ ત્રાંબા પીતળનાં બેડાં લઇ પાણી ભરવા જાય છે. નિશાચરો—ચોર, ઘુવડ આદિ તેમના મકાનોમાં ભરાઇ ગયા છે. તળાવોમાં કમળો ખીલી નીકળ્યાં ત્યારે પોયણી શર-

માટને પતિત થવા લાગી છે. કેટલેક ઠેકાણે સોની લોકો સોનું ટીપે છે. વળી કેટલેક ઠેકાણે લુહારના તેમની મોટી ધમણો ચલાવી લોઢું ટીપવાના અવાજ સંભળાય છે. વળી કેટલેક ઠેકાણે કેટલીક સ્ત્રીઓ મરનાર માણસને મોટા રાગ કાઢી રડે છે.

શહેરમાં આવો પ્રકાર ચાલી રહ્યો છે, ત્યારે દરબારમાં કાંઈ જુદોજ પ્રકાર થઈ રહ્યો છે. રાજાના અંતઃકરણમાં જેમ વંઝાસ્ત્રીને પુત્રોત્પત્તિ થાય અને જેટલો હર્ષ થાય તેથી ચાર ઘણો હર્ષ છવાઈ ગયો છે. દરબારમાં કેટલાકની મુખાકૃતિ શોક-મગ્ન દેખાય છે, અને કેટલાક આનંદ નિમગ્ન થઈ રહ્યા છે. કુરસીંહે પ્રથમથીજ દક્ષિણ દીશામાં દરવાજાની બહાર ફાંસી તૈયાર કરાવી દીધી હતી. ફાંસીપર ચઢેલા સરદારને જોવાને માણસોની ઠઠ મળી હતી. ફાંસીની સામે થોડેક દુર રાજાને બેસવાને બેઠક કરી હતી. અને તેની પાછળ બીજા સરદાર વર્ગને બેસવાની ગોઠવણ કરી હતી. ચારે પાસ હજારો માણસોની ઠઠ મળી હતી. તરતજ રાજા, પ્રધાન અને કેટલાક સીપાઈઓના પહેરા સાથે સરદાર ત્યાં આવ્યા. રાજા તેના આસનપર બેઠો, સરદાર તેના તરફ પીઠ કરીને ઉભો રહ્યો રાજા તરફથી પ્રધાને જાહેર ભાષણ કરવા માંડ્યું

" આ સરદારસીંહ બહાર વટીઓ આપણને ઘણા વખતથી હેરાન કરતો હતો. જો કે એવાં પગલાં ભરવાથી એને શો લાભ હતો તે કાંઇ સમજાતું નથી. અને બેશક એમાં એને કાંઇ લાભ મળી શકે એમ પણ નથી, છતાં એને હાથે કેટલાંક ખૂન થયાં છે; ખુદ કટાર ઉપર એના નામનીજ નિશાની મળી

આવી છે; અને તેજ કટારથી એણે ભુપતસીંહનું ખુન કર્યું હતું હાલ ઇશ્વરઇચ્છાથીએ કેદી તરીકે સર્વેના સમક્ષ ઉભો છે. માટે એને રૈયતના સુખને અર્થે ફાંસીપર ચઢાવવામાં આવે છે." પ્રધાનનું ભાષણ બંધ થયું; તે તેમની જગ્યોપર બેઠા. અને રાજાએ સરદારને પુછવા માંડયું.

"કેમ સરદાર ! હવે તારે કાંઇ ઇચ્છા હોય તો બોલી જા ?"

**સરદાર**—મારી ઇચ્છા આ ફાંસીજ પુરી પાડશે; તારાથી તે પુરી થઇ શકે તેમ નથી.

**રાજા**—મર્ણના સપાટામાં સપડાયા છતાં પણ તારૂં ગુમાન નથી મુકતો ?

**સરદાર**—મને મર્ણની દરકાર નથી; તારા જેવા બાયલા હીચકારા માણસો મર્ણથી ડરી જાય છે; માણસને એક વખત મરવુંજ છે.

**રાજા**—ચાલો આ હરામખોરને એકદમ ફાંસીએ લટકાવી દો જેથી એની જીભ આગળ વધતી બંધ થાય.

એ પ્રમાણે રાજાએ હુકમ કર્યો એટલામાં અહાહા ! ઇશ્વર ! "જેને રામ રાખે તેને કોણ મારી શકે" સરદારને ફાંસીપર લઇ જતા હતા એટલામાં એક સોદાગર બે ઘોડા લઇ રાજા પાસે આવી સલામ કરી ઉભો અને કહ્યું. "મહારાજાધીરાજ આપના શિવાય અન્ય આ અશ્વોને ખરીદી શકે એમ નથી. હું ઘણા દેશ ફર્યો પરંતુ આ તુરિની ઉપર બેસવાની કોઇની હીંમત ચાલતી નથી. એમનું પાણી જોઇનેજ તેઓ શીથળ થઇ જાય છે. ફક્ત આપજ એમને ફેરવી શકશો એવી મને

મને ખબર મળવાથી આપ સાહેબની હજુરમાં આવ્યો છું. આ પ્રમાણે કહી સલામ કરી ઉભો. એક ઘોડાની લગામ તેણે ઝાલી રાખી હતી અને બીજાને છુટો મુક્યો હતો.

રાજા આ માનથી ગર્વીત થઇ ગયો હતો. સર્વે જોનાર વર્ગની દ્રષ્ટિ સરદાર તરફથી ફરી અને આ સોદાગર અને અશ્વો ઉપર પડી. સોદાગરે સરદાર તરફ જોયું, સરદાર અને સોદાગરની નજર એક થઈ. એક થતાંજ સરદાર ઠેકો મારી પેલા છુટા ઘોડાપર સ્વાર થઇ ગયો, અને સરદારને સ્વાર થયલો જોતાંજ સોદાગર પણ પેલા બીજા અશ્વપર બેસી ઘોડાઓ મારી મુકયા.

" દગો ! દગો ! પકડો ! પકડો ! એટલા શબ્દ રાજાના મોંઢામાંથી નીકળ્યા. આટલું બોલતાં પહેલાં તો તેમના પાણીદાર ઘોડા દુર નીકળી ગયા; રાજા એકદમ બસેં સ્વાર સાથે તેમની પાછળ પડયો, જો કે તે વખત આ સ્વારો હાજર હતા પરંતુ દરેકની દ્રષ્ટિ પેલા સોદાગર તરફ ખેંચાઇ હતી.

પેલા બન્ને સ્વારો થોડીવારમાં એક ડુંગરાવાળી જગ્યો આગળ આવી પહોંચ્યા.

વાંચકો આ સોદાગર કોણ હતો ? તે સરદારનો સાથી રાયસીંહ હતો અને એજ રાયસીંહ અહીં મહાત્મારૂપે રહ્યો હતો. વિમળા પત્ર આપી આવી તેમાં "મારે માટે ફાંસીએ ચડવાનું નક્કી થઇ ગયું છે, માટે જેમ બને તેમ જલદીથી યુક્તિ શોધવી અને આપણી અસલ જગ્યાપર કેટલાક સાગરીતો રાખી અને તમારે અહીં સોદાગર થઇ બે અશ્વો સાથે આવવું, અને

રાજાને ગફલતમાં નાખી આપણે આપણો અર્થ સાધવો." એ બીના લખેલી હતી.

રાજા તેઓની પાછળ લાગેલો હતો તે પણ આ સ્થળે આવી પહોંચ્યો. આ સ્થળે સરદાર નિર્ભય હતો કારણ આ જગ્યો ઘણી વીકટ હતી; ફક્ત સરદારજ તેનો માહીતગાર હતો.



# પ્રકરણ ૧૧ મું.

## લડાઈ.

સ્થળે સરદાર નિર્ભય હતો: પ્રથમથીજ રાયસીંહે તેમના સહાયભૂતોને ગોઠવી રાખેલા હતા; અને તે એવી રીતે ચક્ર વ્યુહમાં ગોઠવ્યા હતા કે કોઇને પણ ખબર પડે નહીં; આ સ્થળ અનેક પ્રકારના નાના નાના ડુંગરોવાળું હતું; કારણ તેની પડોશમાં એક મોટી સરીતા વહેતી હતી: ઉંચા નીચા ડુંગરોમાં એવી રીતે માણસોને રાખ્યા હતા કે આવનાર દુસ્મનની ચારે બાજુએ ફરી વળાય; ડુંગરોની વચમાંથી એકજ માર્ગ હતો તે જાણે નાની ખીણુ હોય એમ લાગતો હતો. આ સ્થળે સેંકડો માણસો વિના હરકતે દુસ્મનોની સામે દ્રઢતાથી પોતાનો બચાવ કરી શકે એવું હતું. આશરે સરદાર અને રાયસીંહને અહીં આવે પૂરો કલાક પણ થયો નહોતો એટલામાં સામેથી તેમણે ધૂળ ઉડતી દીઠી; તેઓને ખબર હતીજ કે ફુરસીંહ આવશેજ, જેથી તેઓ બરાબર સજજ થઇ છુપાઇ ગયા; ફુરસીંહ ક્રોધાન્ધ થયેલો ત્યાં આવી પહોંચ્યો; અને તેજ ખીણમાંથી રસ્તો કાપતો હતો એટલામાં જેમ મેઘ વૃષ્ટિ થાય તેમ એકદમ તીરોની વૃષ્ટિ થવા માંડી; સરદાર તેની સામો આવીને ઉભો. સામા સામી લડાઇ ચાલી, ફુરસીંહને પણ આ વખતે દૈવીક બળ આવ્યું હતું; તેણે ઉંચી દ્રષ્ટિ કરી જોયું તો સરદારના સાથીઓ તેના પર બાણની

વૃષ્ટિ કરતા જણાયા. જાણે પૃથ્વી માતાએ સરદારપર કૃપા કરી તેને મદદ કરવા લસ્કરનો જન્મ આપ્યો હોય તેમ એકદમ ઉંચા, નીચા ટીંબા, ટેકરામાંથી તેઓનાં મસ્તકો, હાથમાં પકડેલાં વક્ર કામઠાં, તીર, ભાલા, તલવાર વિગેરે શસ્ત્રો સહીત કુરસીંહની નજરે તેના મદદગારો પડયા; આ બનાવ જોતાંજ તે નરમ પડી ગયો; તેની ચારે બાજુએ સરદારના માણસો ફરી વળ્યાં; હવેતો મરવું યા મારવું એવા નિશ્ચય પર વાત આવી હતી. લડતાં લડતાં કુરસીંહના સો અશ્વારોહીનો ઘાણ નીકળી ગયો, પણ સરદારનો એક પણ માણસ યમપુરીમાં જવા ભાગ્યશાળી થયો નહોતો આખરે સરદારના હાથનું તીર કુરસીંહને અચાનક લાગ્યું, જો કે આ વખતે તેણે બખ્તર પહેરેલ હતું, પરંતુ તીરની તીક્ષણ અણી તેના ડાબા પાસામાં પેશી ગઇ હતી. જોત જોતામાં તો તેના બાકી રહેલા સો સ્વારોમાંના ફકત દશ બાકી રહ્યા, તેમણે હવે બચવાને ખાતર નાસવા માંડયું, શૂરો સરદાર કુરસીંહનીજ તપાસમાં હતો, તેનો ઇરાદો બીજા માણસોને હેરાન કરવાનો નહોતો, તે ફકત કુરસીહનેજ શોધતો હતો, પણ તેનો પત્તો લાગ્યો નહી પેલા જીવતા રહેલા અશ્વરોહી એકદમ પલાયમાન થયા; જ્યારે કુરસીંહને તીર વાગ્યું તે વખતે તેને સરદારના હાથમાં સપડાવાની ધાસ્તી લાગ્યાથી લાગ જોઇ પાછે પગલે ગમન કર્યું હતું. પણ તે થોડેક દુર ગયો એટલામાં બેભાન થઇ ગયો કારણ તેને બખ્તરમાં પણ ઘા ઉંડો લાગ્યો હતો; જેથી તેને ચકરી આવવાથી તેના ઘેડાપરથી નીચે પડયો. કેટલાક વખત સુધી તે તેવીજ સ્થીતીમાં ત્યાં પડી રહ્યો. પણ સુભાગ્યે ઇજા કરવાને કોઇ મનુષ્ય યાતો હીંસક પ્રાણી આવી

ચઢયું, નહોતું; ઘામાંથી રૂધીરનો પ્રવાહ ચાલતો હતો. તે આવી હાલતમાં હતો પણ નિમકહલાલ તુરી તેની પાસેથી બીલકુલ ખસ્યો નહી. પ્રસંગોપાત મનુષ્ય જાતીને નીમકહરામ થતાં વાર લાગતી નથી, પરંતુ મુંગાં પ્રાણી તેમની નીમકહલાલી છોડતાં નથી. આશરે બે ઘડી પછી પેલા સ્વારો દમભર્યા પોતાના ઘોડા દોડાવતા જાણે યમરાજાના હાથમાંથી છુટકી નાઠા હોય તેમ પુર વેગમાં પાછું જોયા વગર પ્રયાણ કરતા ત્યાં આવી ચઢયા. જો કે સરદાર તેમને પકડવા ધારતે તો પકડી શકતે પરંતુ તેની મતલબ અન્ય મનુષ્યોને હેરાન કરવાની નહોતી તેથી તેમને જવા દીધા તેને ફકત કુરસીંહ સાથેજ વેર હતું.

પેલા સ્વારોએ કુરસીંહને ઓળખ્યો. તેમણે તેને બેભાન સ્થીતિમાં પડેલો જોયો, તેને તેમણે તેજ સ્થીતિમાં ઉપાડયો અને તેને લઇને નગ્ર તરફ ચાલવા માંડયું. હવે તેમને સરદારની ધાસ્તી રહી નહોતી તેથી તેઓ ઘાયલ રાજાને લઇ ધીરે ધીરે આગળ વધતા હતા. થોડા વખતમાં તેઓ નૌતમગઢ આવી પહોંચ્યા.

તારા રાજાની રાહ જોતી બેઠી હતી જો કે તારા એક હલકા કુળની સ્ત્રી હતી તો પણ હાલતો તે રાજાને ખરા પ્રેમથી ચહાતી હતી તે વિચાર કરવા લાગી " આજ બહોત વખ્ત હો ગયા મગર રાજા કયુ નહીં આયે ? કયા કુછ આફત તો નહીં આઇ હુઇગી ઓ મેરે ખોદા ! અબતક મયેં બહોત આફતમેં ગીરફતાર'થી, અબ મેરા સુખકે દીન આયેહય ઉસ્મેભી મુજકો રહેનો દો ? મય આપકી દોનુ હાથ જોડકર બંદગી કરતી હું

મેરાપર ઇતના અહેશાન હોના યા અલ્લા પરવર દીગાર. !"

રાજાને તરતજ તારાના મહેલમાંજ લાવવામાં આવ્યો, આ વખતે તેની મૂર્છા વળી હતી તેને ઘાગાં ઘણું દરદ થતું હતું. તારાએ રાજાને ઘાયલ થયલો જોઇને એક મોટી હાય મારી ! દીલગીરીમાં ડુબી ગઇ અને રાજાને સુવાડેલા પલંગપર જઇ બેઠી, અને પોતાને હાથે દવા કરવા લાગી આ વખતે રાજાને શુદ્ધિ આવી હતી, તેણે તારાને કહ્યું "પ્યારી તારા ગભરા નહી જો કે આ જખમથી મને દરદ થાય છે પરંતુ તારા કોમળ હસ્તના પ્રભાવથી તે નરમ પડતુ જાય છે આજના અવનવા બનાવથી તુ વાકેફ નથી પણ તે હું તને હમણાંજ કહુંછું." એમ કહી સર્વ હકીકત કહી સંભળાવી.

દીવસે દીવસે રાજાને આરામ થવા માંડ્યો દશેક દીવસમાં તેનો ઘા તદન રૂઝાઇ ગયો. સરદારને કોઇ પણ પ્રકારે ઠાર કરવાની તેની મૃગતૃષ્ણા તેના અંતઃકરણમાં વધારે ખટકી રહી, રાત દીવસ તે તેનેજ જોયા કરતો જેમ કંસરાજા તેના કાળ કૃષ્ણને દરેક ઠેકાણે નીહાળતો હતો તેમ કુરસીંહ પણ સ્વપ્નામાં સરદારને જોયા કરતો હતો.

સરદારને કુરસીંહનો પત્તો લાગ્યો નહીં અને પેલા ઘોડે સ્વાર પણ મૂર્ડીઆ વાળી નાઠા પછી તેના સાથીઓને રહેઠાણપર જવા હુકમ આપી તે તથા રાયસીંહ ત્યાંજ રહ્યા. સરદારે વાત ઉપાડી;

"રાયસીંહ આજે તે નીચ, નર પીશાચ કેવી રીતે ગુમ થઇ ગયો ! તેની મને પણ ખબર રહી નહીં આજ મારો તેને ઠાર કરવાનો નિશ્ચય હતો. પણ વ્યર્થ ગયો.

**રાયસીંહ**—જે થયું તે ઠીક થયું મારા ધારવા પ્રમાણે ઇશ્વર જે કરતો હશે તે સારૂંજ કરતો હશે તમારે હાથે કાંઇ સારૂંજ થવાનું હશે તો ?

**સરદાર**—રાયસીંહ તું મને શાન્તિ આપે છે પણ આવી દશામાં ક્યાં સુધી રહેવું પડશે ! હું એક ક્ષત્રી પુત્રને આવો ધંધો કરવો ઉચીત નથી હવે ઇશ્વર સુખનો વખત કયારે લાવશે ? અરે દૈવ ! મારી એકની એકની ભગનીને પણ તે દુષ્ટે દુઃખ દેવામાં કસર રાખી નથી; તે બિચારી પણ પેલા સાધુ પાસે રહી છે તે નીચ કુતરાને તેના કાર્યનો બદલો આપવાનો આજે વખત હતો પણ વ્યર્થ ગયો.

**રાયસીંહ**—ધીરજ ધરો સબુરીનાં ફળ મીઠાંજ હોય છે દુઃખને અંતે સુખ છેજ આખરે સત્યનો જય થશે હવે તેનાં કર્મનો ઘડો ભરાવા આવ્યો છે તે થોડા વખતમાં આપેજ ફુટશે હાલ ચાલો આપણે આપણા સ્થાનપર જઇએ.

**સરદાર**—રાયસીંહ તમે જાઓ અને હું લક્ષ્મિની તપાસ કરી આવું તેને મળી આવું.

**રાયસીંહ**—તો હું પણ સાથેજ આવું છું.

**સરદાર**—નહીં તમે સ્થાનકે જાઓ વખતે પેલા લોકો આપણી બન્નેની ગેરહાજરીમાં કાંઇ કરી બેશે માટે તમે ત્યાંજ જાઓ હુ પરમ દીવસે ત્યાં આવીશ.

**રાયસીંહ**—ભલે પધારો.

આ પ્રમાણે કહી રાયસીંહ સ્થાન તરફ ગયો અને સરદારે સાધુ મહારાજના આશ્રય તરફ ચાલવા માંડયું.

---

# પ્રકરણ ૧૨ મું.

## ભ્રાતૃ ભગિનિ.

---

"વ્હાલા કેશરી! તમારી શી દશા થઇ હશે! તમને પાપીએ શું કર્યું હશે! તમે હું હીણભાગી માટે કેટલા સંકટમાં પડ્યા! એનો બદલો હું ક્યારે વાળીશ! એના બદલામાં હું મારૂં તન, મન તમને અર્પણ કરી ચુકી છું. હવે આ દુઃખ મય દીવસો ક્યારે જશે, અને તમારો મેળાપ થશે! હે જગતનિયંતા પ્રભુ! હવે દુઃખ વાદળ વીખેરી નાંખ! હાય! તમને ભાગ્યેજ ખબર હશે કે આવા અઘોર જંગલમાં, સાધુની પર્ણકુટિકામાં પણ દુઃખી બાળા જીવતી છે!"

આ પ્રમાણે શોકોદ્દગાર કરતી એક તરૂણ બાળા અરણ્યમાં આવેલા એક સાધુની પર્ણકુટિના બહારની બાજુએ એક આમ્ર-વૃક્ષ તળે બેઠી છે. પર્ણકુટીની ચારે બાજુએ વૃક્ષોની હાર વાડની માફક આવી રહી છે. તે પર્ણકુટીની પાસે મીઠા નિર્મળ પાણીનો એક વાપી છે.

"આ સાધુ કોણ હશે? સરદારસીંહ મને અહીં શામાટે મુકી ગયો હશે? તેને મારા ઉપર આટલી દયા આવવાનું શું કારણ હશે? તે મને પવીત્ર પ્યારથી શા માટે ચહાતો હશે? એ ભેદની મને કાંઇ સુઝ પડતી નથી, હજુ ઇશ્વરે શું ધાર્યું છે, આ ભયાનક વેરાન જંગલમાં ક્યાં સુધી આમ રડવડવાનું

આશા છે; હજુ મહારાજ ગયા તે પણ આવ્યા નહીં, વખતે કોઇ આવી મને હેરાન કરે યાતો ઉપાડી જાય તો આ વખતે મારૂં અહીં કોણ બેલી છે."

જે વૃક્ષની તળે તે બેઠી હતી તેની પાછળથી અચાનક અવાજ સંભળાયો. "બેટા લક્ષ્મિ ગભરાઇશ નહી તારો વાંકો વાળ અહી કોઇ કરી શકનાર નથી, તું જ્યાં છે ત્યાં સુખી છે એમ માનજે; તારાપર ઇશ્વરે આવો સંકટનો સમય આણ્યો છે તો તે સહન કર. સરદાર કોણ છે, તે તને શા માટે ન્હાય છે તે હું મારી વિદ્યાના બળે તને કહું છું કે તે લુંટારો નથી પણ તારો સગો ભાઇ છે, તમે બંન્ને એક માબાપના સંતાન છો. કાળક્રમે તમારી માતાનો સ્વર્ગવાસ થયો અને તમારા પિતા શોકાર કરતાં—"

સાધુના મુખમાંથી આટલા શબ્દો નીકળે છે એટલામાં એક યુવક તેમની પાસે આવીને ઉભો, તરતજ મહારાજને નમન કરી લક્ષ્મિની ખબર પુછવા લાગ્યો. જોકે લક્ષ્મિને, સરદાર તેનો ભાઇ છે એવી ખબર હમણાંજ સાધુએ કરી હતી. પણ તે આ વખતે એવા વેશમાં આવેલો હતો કે લક્ષ્મિ તેને ભાગ્યેજ ઓળખી શકે તેમ તેણીએ તેને કોઇ વખત નિહાળીને જોયેલો પણ નહોતો.

સાધુએ લક્ષ્મિ તરફ ફરીને કહ્યું "આજ તારો ભાઇ, એજ સરદારસીંહ !" લક્ષ્મિ એકદમ તેની કોટે વળગી અશ્રુપાત કરવા લાગી. તેનો સાદ ગુંગળાયો, તેનાથી બોલાયું નહી. તેનાં નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં, તે સ્તબ્ધ બની

ગઇ, તેનાં અશ્રુશ્રાવનો સરિતાના વહેણની માફક પ્રવાહ જોઇ સરદાર અને સાધુનાં ચક્ષુમાં પાણી ભરાઈ આવ્યાં.

"વ્હાલી બ્હેન ! રડ નહીં; ઇશ્વરે આપણને આ વખત આપ્યો તો તે સહન કરવો જોઇએ; દુઃખને અંતે સુખ છે, માટે હવે થોડા વખતમાં સુખનો વખત આવશે. પાપનો ઘડો ભરાશે ત્યારે એની મેળેજ ફુટશે, માટે બ્હેન છાની રહે. રડીશ નહીં. રડી રડીને તારી આંખો દુખશે પણ કાંઇ વળવાનું નથી. છાની બહેન છાની. શાન્ત થા." આ પ્રમાણે સરદાર લક્ષ્મિને દીલાસો આપવા લાગ્યો.

**લક્ષ્મિ**—ભાઇ જુલમી કાકાએ આપણાપર ઘણો જુલમ કર્યો છે; ભાઇ તારી આ દશા જોઇ મારૂં કાળજુ વીંધાઇ જાય છે. મને હમણાંજ મહારાજે તારા વિષે માહીતી આપી, સાધુ મહારાજ ઘણા ભલા છે, એ મને પિતાની ગરજ સારે છે, કોઇ પણ વાતે મને ન્યુનતા પડવા દેતા નથી.

**સરદાર**—બહેન એ માટેજ મેં તને અહીં રાખી છે, મને એ પોતે પોતાના બાળક પ્રમાણે ચહાય છે; અને પ્રસંગોપાત ધીરજ આપી મને શાન્ત કરે છે; હું તને મારી સાથે લઇ જાત, પરંતુ બહેન તું જાણે છે કે હું હાલ મારૂં ગુજરાન કેમ ચલાવું છું; તેમ હાલ મારે છુપા રહેવાની આવશ્યકતા છે; જેથી મેં તને અહીં મુકી છે.

**લક્ષ્મિ**—ભાઈ તમને કેશરીસીંહ વીશે માહીતી મળી છે? તે દીવસે મારાં વસ્ત્રો પહેરી મારા બદલામાં ત્યાં રહ્યા હતા, પછી પેલા દુષ્ટને લગ્ન વખત તે ખબર પડી હશે ત્યારે તે નરરાક્ષસે

તેમની કેવી હાલત કરી હશે! ભાઇ મારે માટે તેમને નાહક સંકટમાં ઉતરવું પડયું; વળી બિચારી વિમળાનું પણ શું થયું હશે.

**સરદાર**—બ્હેન ગભરા નહીં તે શુરો રાજપુત્ર કોઇથી પણ ડરે એવો નથી સીંહણની કુખમાં પાકેલાં સીંહના જેવાંજ રત્નો ઉત્પન્ન થાય છે; ગમે તે યુકતથી તે છુટશે. પણ હા! બિચારી વિમળાનું શું થશે તે હું કહી શકતો નથી. વળી તે નર પિચાશે આપણી કાકીનો પણ જીવતાં તેમના મહેલમાં ભયંકર અગ્નિને ભક્ષ આપી દીધો એવું મેં સાંભળયું છે, તે ખરૂં છે કે ખોટું તે બરાબર ખબર નથી.

**લક્ષ્મિ**—ભાઇ જે દિવસે કેશરી મને મળીને ગયા અને તમે પેલા દુષ્ટ ભુપતસીંહનું ખુન કર્યું તેજ દીવશે રાત્રે એ કાળ મુખાએ આવી મારી આંખોએ પાટો બાંધી મને અને વિમળાને કોણ જાણે કયે રસ્તેથી પેલા ભયંકર કેદ ખાનામાં લઇ ગયો તે હું સમજી શકી નહીં. ત્યાં મને કેદ કર્યા પછી તેણે મને જણાવ્યું હતું કે "ફકત તારી કાકીજ તારૂં વારસ કરનાર છે જેથી તેને પણ થોડા વખતમાં સ્વધામ દેખાડું છું" તે પરથી હું અનુમાન કરૂંછું કે તે સત્યજ હોવું જોઇએ.

**સરદાર**—ત્યારે તો એ બાબત ખરીજ હોવી જોઇએ. આહ! નર પિશાચ શું કરૂં? નિરૂપાયછું, નહી તો તને હમણાજ યમપુરીમાં પહોંચાડત પણ—

આ પ્રમાણે તે લક્ષ્મિ સાથે વાત કરતો હતો એટલામાં તેઓ બન્ને જણ અકસ્માત હર્ષ તેમ આશ્ચર્યતામાં તલ્લીન થઇ ગયાં એકી નજરે ચાતક પક્ષિની માફક આતુરતાથી એકજ

દિશા તરફ જોઇ રહ્યાં. થોડીજ વારે લક્ષ્મિની આખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં તે વખતે તે કાંઇ બોલી શકી નહીં. તે દિગ્મુઢ બની ગઇ.

વાંચક સરદાર અને લક્ષ્મિની આવી સ્થીતિ કરાવનાર એક યુવક હતો. તેને સામેથી આવતો જોઇ ને ઉભયે તેને ઓળખ્યો જેથી તેઓ આશ્ચર્ય પામ્યાં. તે કોણ હતું ? તે લક્ષ્મિ રૂપે કેદમાં રહેનાર કેશરી હતો. જેના વિશે હમણાંજ ચર્ચા ચાલી હતી.

**સરદાર**—તમે કેવી રીતે તે દુષ્ટના પંઝામાંથી છુટી અહીં આવ્યા ? અમે ઘણી વિમાસણમાં પડયાં હતાં કે તે દુષ્ટે તમારી શું સ્થીતિ કરી હશે.

**કેસરી**—સરદારસીંહ શું હું એ બાયલા હીચકારાથી ડરૂં તેમ હતું ! તેની એકલાની નહીં પણ પચીશ માણસની આંખોમાં ધૂળ નાખી અહીં આવ્યો છું અને કાલુખા જીવતો છે કે નહી તેની પણ મને શંકા છે. જે વખતે લગ્ન મંડપ તૈયાર થયો અને મને લઇ ગયા તેજ વખતે ત્રણ મંગળ ફેરા ફિર્યા બાદ મારૂં પહેરેલું વસ્ત્ર કાઢી નાખી કાલુખાંને સખત તમાચો લગાવી ત્યાંથી પસાર થઇ ગયો. પછી તેઓએ મારી તપાસ ઘણીએ કરી હશે પણ તેઓ નિષ્ફળ થયા. ત્યાંથી નીકળ્યા પછી તમારી તપાસમાંજ ફરતો હતો. તે તમે અહીંજ મળ્યા, ( સાધુ તરફ જોઇ ) આ મહાત્મા કોણ છે ?

**સરદાર**—ભાઇ આ વખતે જો એ મહાત્મા ન હોતતો મારી શું સ્થીતિ થાત તે કહી શકતો નથી, મને તે પોતાના

બાળક પ્રમાણે ચલાય છે, અને વખતે યોગ સલાહ આપે છે, તેમજ ધીરજ આપી શાન્ત કરે છે.

આ બધો વખત પેલા સાધુ મહારાજ એક પણ શબ્દ બોલ્યા શિવાય ત્યાં સ્થીર ઉભા રહ્યા હતા.

**કેશરી**—સરદારસીંહ હવે આ કડાકુટ મુકી મારી સાથે ચાલો મારા પિતાશ્રીની પાસેથી હું તમને સારી મદદ અપાવીશ અને તમે તમારૂં રાજ્ય પુનઃ લેવા શક્તિમાન થશો. છતી યુક્તિએ આવી સ્થીતિમાં શા માટે રહેવું જોઇએ ?

**સરદાર**—કેશરીસીંહ હાલ એ વાત જવા દો, મારા કર્મના લેખ મને ભોગવવા દો—હજુ કાંઇક બાકી છે તે પુરૂં થવા દો. એ દુષ્ટાત્માનો અંત એની મેળેજ આવશે. માટે તમે હાલ જાઓ અને મારા તરફની ચીંતા રાખશો નહીં. હું પણ એક ક્ષત્રાણીની કુખમાં પાકેલો છું.

**કેશરી**—શું ત્યારે તમે નહીંજ માનો ? ત્યારે હું પણ તમારી સાથેજ રહીશ. તમે આમ કષ્ટ વેઠો અને હું શું નિરાંતે બેશીશ ? ના ! ના ! એ મારી ફરજ નથી.

**સરદાર**—કેશરીસીંહ હઠ ન કરો ઇશ્વર સૌ સારાં વાનાં કરશે. હાલ મારૂં કહ્યું માની તમે જાઓ અને શું થાય છે તે જોયા કરો.

**કેશરી**—શું ત્યારે મારા બધા પ્રયાસ નિષ્ફળ ગયા ? તમે નહીંજ માનો ?

**સરદાર**—હાલ નહીં.

**કેશરી**—લાચાર ! ત્યારે હવે હું જાઉં છું.

એમ કહી કેશરીસીંહ ત્યાંથી રવાના થયો કેશરીસીંહ આ બાબત એના પિતાને વિદિત કરત પરંતુ તેમ નહી કરવા સરદારે તેને કહ્યું હતું. તેથી તેમ પણ તેનાથી થઇ શક્યું નહીં.

વાંચક! તને કેશરી કોણ હતો તેની શંકા ઉત્પન્ન થઇ હશે તો તે હમણાંજ સ્પષ્ટ કરીશ.

કેશરીસીંહ ઉર્ફે નવલ એ કુંદનપુરના રાજા લક્ષ્મણસીંહનો પુત્ર હતો. એ રાજા ઘણો ધર્મીષ્ઠ હતો તેમજ પ્રેજાપાલન હતો પ્રેજા ઉપર પોતાના સંતાનની પેઠે સ્નેહભાવ રાખતો હતો. રાજાની વય ૩૫ વર્ષની થઇ ત્યાં સુધી તેની રાણીને કાંઇ પણ સંતાન થયું નહોતું. એ કારણથી એ તથા એની પ્રિય રાણી મયુરાવતી ઘણાં ગમગીનીમાં રહેતાં, જો કે રાજા પોતે રાજ્ય ખટપટમાં કેટલોક વખત રહેતો જેથી એ બાબત તેને કાંઇક વિસારે પડતી, પણ રાણીને કાંઇ પણ કાર્ય ન હોવાથી તેને આખો દીવસ એ બાબત તેના અંતઃકરણમાંથી ખસે નહીં. પ્રસંગોપાત તેની કોમળ તેજસ્વી આંખોમાંથી અશ્રુ પ્રવાહ ચાલતો હતો પણ રાજા આવતાં તે એવી સ્થીતિ બદલી નાંખી તેમને ખુશી કરવા કોઇ પણ પ્રકારે મણા રાખતી નહોતી.

એક વખત એવું બન્યું કે રાજા કચેરીમાં ગયા છે અને રાણીએ એકલી બેઠી બેઠી કોઇ પુસ્તક વાંચવાનું શરૂ કર્યું વાંચતાં વાંચતાં તેનાં ચક્ષુમાંથી વારીશ્રાવ થવા લાગ્યો; પુસ્તક બંધ કરી દીધું, દાસીઓએ પાસે આવી આશ્વાસન કરવા માંડ્યું. આમ થવાનું કારણ પૂછવા લાગી, રાણીએ બીલકુલ

જવાબ આપ્યો નહીં, એવામાં રાજાજી ત્યાં આવી ચઢ્યા, ખબર મળતાં રાણીએ શોકાગ્નિ સમાવવા ઘણાએ પ્રયત્ન કર્યા પણ વ્યર્થ ! તેના અંતઃકરણમાં વંઝાપણાનો એવો તો કારી ઘા લાગ્યો હતો કે તે એકદમ મૂર્છાવશ થઇ, રાજાએ આવી ઘણું આસ્વાશન કર્યું, ગુલાબજળ આદી શાન્તો ઉપચારો કર્યા, પરંતુ રાણીને મૂર્છા વળી નહિ. આશરે બે ઘડી પછી રાણીના જડ શરીરમાં કાંઇક ચૈતન્ય આવ્યું ધીરે ધીરે તે સાવધ થઇ, નીચું જોઇ રહી, દાસીઓ ત્યાંથી બહાર ચાલી નીકળી; રાજાએ તેની એવી સ્થીતિ થવાનું કારણ પૂછ્યું. તેના જવાબમાં અશ્રુપાત શિવાય અન્ય ઉત્તર મળ્યો નહિ, છેવટે રાજાનો અત્યાગ્રહ જોઇ મયુરાવતીએ જણાવ્યું.

"નાથ મારે આપનાથી તે કઇ બાબત ગુપ્ત રાખવાની હોય ? આપને દુઃખ ન થાય તેટલા માટેજ મારા અંતઃકરણની વ્યથા હું આટલા દીવસથી ગુપ્ત રાખતી હતી, પણ હવે મારાથી તેમ થઇ શકતું નથી; આપ મારા સુખને માટે જેટલા યત્ન કરોછો તેટલા બીજો કોઇ પુરૂષ તેની સ્ત્રીને માટે ભાગ્યેજ કરતો હશે ! નાથ ! મારા દુઃખનું કારણ જુદુજ છે અને જ્યારે આપનો અત્યાગ્રહ છે ત્યારે મારે કહ્યા શિવાય નહીજ ચાલે; પ્રભુ ! મને ફકત વંઝાપણાના કારણથી મારૂં હૃદય બળીને ખાખ થઇ જાય છે; આ સઘળો રાજ્ય વૈભવ મને સ્મશાનવત લાગે છે: આપ જ્યારે અહીં હોય ત્યારે હમેશાં હું મારા મનને વશ રાખતી હતી, પણ આજે તેમ કરવા જતાં તેની મારા દીલમાં જુદીજ અસર થઇ; મારો વિલાપ હું ખુશીમાં બદલવા ગઈ

પણ તેમ ન થતાં મને મૂર્છા આવી ગઇ. સ્વામીનાથ ! આપ રાજ્યકાર્યભારમાં ગુંથાયલા જેથી આપને તે ઘણો વખત યાદ નહીં આવતું હોય, પરંતુ આ દારૂણ વ્યથા મારાથી સહન થઇ શકતી નથી; આ સઘળુ રાજપાટ, વૈભવોનો આપણા અંત શિવાય પુત્રરત્ન વિના કોણ ઉપભોગ કરશે એ ચિંતા મારૂં કાળજુ દહન કરી નાંખેછે. આ સંસારમાં પુત્ર વિનાનું જીવતર ધિક્કારવા લાયક છે. ”

આવા શોકમય શબ્દો સાંભળી રાજા અતી ખેદ પામ્યો અને ગુપ્તપણે જઇ કોઇ દેવની ઉપાસના કરવી એવો દ્રઢ નિશ્ચય કર્યો, તે વખતે રાણીને શાન્ત કરી પોતાના શયનગ્રહમાં ગયો; રાજાને આખો દિવસ કોઇ પણ પ્રકારે ચેન પડયું નહિ. રાત્રી જેમ તેમ કાઢી, બરાબર પરોઢીઆના ચાર વાગતાને શુમારે તેણે ફકત એકલજ એક અશ્વપર બેશી પ્રયાણ કર્યું તરતજ તેને શુકનમાં સવચ્છી ગાય સામી મળી. તેણે ઉત્તર દીશાનો માર્ગ લીધો. રાજાએ અંતઃકરણમાં કાંઇ પણ વિચાર ન કરતાં આગળને આગળ જેમ બની શકે તેમ ત્વરાથી ચાલવા માંડયું. બરાબર મધ્યાન્હ વખતે તે એક સુંદર તળાવની પાળ ઉપર આવી પહોંચ્યો. આ તળાવ અતિ રમણીય લાગતું હતું. તેની અંદર કમળો ખીલી રહ્યાં હતાં એક પાસે પોયણી પણ તેનાં સ્વચ્છ સફેદ ફુલાથી શોભી રહી હતી. પાણી ઘણું નિર્મળ હતું તેની ચારે પાસે ગોળાકાર વૃક્ષોની હાર આવી રહી હતી, ગમે તેવો દુઃખી માણસ અહીં આવી બે ઘડી બેસે તો અંતઃકરણને આરામ થયા શિવાય રહેજ નહી. એવી

તરેહનીઆ તળાવની કુદ્રતિ રચના ઇશ્વરે કરેલી હતી. કુદ્રતનો અદ્ભુત ચમત્કાર તે તાદૃશ્ય કરી આપતું હતું. આ સ્થળે રાજાએ ઘોડાપરથી ઉતરી તેને એક વૃક્ષના થડ સાથે બાંધી, સ્નાનાદિ ક્રીયા કરી, પાછી મુસાફરી શરૂ કરી. અઘોર જંગલમાંથી પસાર થતાં એક સ્થળે સુંદર વૃક્ષોની ઘીચ ઘટા તેની નજરે પડી, પોતે જે કાર્યને માટે આવ્યો હતો તેને માટે આ જગ્યાને અનુકૂળ ધારી તેણે ત્યાંજ તેના અશ્વને થોભાવ્યો. પોતે નીચે ઉતરી તેને એક વૃક્ષની સાથે બાંધી પેલી ઘટાની અંદર ગયો. તે બરાબર તેની મધ્ય સ્થળે આવ્યો. ત્યાં અનેક પ્રકારનાં પાંદડાં, ડાંખળાં આદિનો મોટો પૂંજ થઇ રહ્યો હતો તે સાફ કરવા માંડ્યું, સાફ કરતાં કરતાં એક શિખરની ટોચ જેવું તેના હાથને લાગ્યું. ધીમે ધીમે સાફ કરતાં એક નાનું સુંદર શિવાલય તેની નજરે પડયું. રાજા આશ્ચર્યચકિત થયો, અને આવા નિર્જન્ય પ્રદેશમાં આ શિવાલય જોઇ પોતાના અંતઃકરણમાં, ઇશ્વરસાનુકૂળ થયા સમજી આનંદ પામ્યો. નજદીકમાંજ એક સુંદર પાણીનો ઝરો વહેતો હતો, ત્યાંથી પાણી લાવી તે જગ્યો ધોઇ ધોઇ સ્વચ્છ કરી નાંખી અને શંકરનું તપ આદરવા બેઠો. અન્ન જળ જ્યારે મહાદેવ લેવરાવે તોજ લેવું એવો દ્રઢ નીશ્ચય કરી શંકરની ભકિતમાં લીન થઇ ગયો. તેને તેના શરીરનું પણ ભાન રહ્યું નથી. આ પ્રમાણે અહો રાત્રી સાત દીવસ અઘોર તપ કર્યું ત્યારે ભોળાનાથ તેનાપર પ્રસન્ન થઇ તેની સન્મુખ અવધુતના વેશે આવી ઉભા અને કહ્યું "હે રાજા તારૂં ઘોર તપ જોઇ શંકર તારાપર પ્રસન્ન થયા છે માટે તારે જે ઇચ્છા હોય તે માગ."

રાજા એકદમ સમાધીમાંથી જાગૃત થયો અને સ્હામે ઉ-ભેલા યોગીરાજને નમન કરી, હાથ જોડી ઉભો રહી, દીનવદનથી પ્રાર્થના કરી "હે મહારાજ હું આપની પાસે ફક્ત એક પુત્ર રત્ન માગુંછું માટે કૃપા કરીને મને વર આપો."

**યોગીરાજ**—બચ્ચા તારી રાણીને એક પુત્ર થશે, અને તે નામાંકિત થશે. પણ તેનું લગ્ન તારે કરવુ નહીં, તેની મેળેજ તે કન્યા શોધી લગ્ન કરવા તૈયાર થાય ત્યારેજ તેનું લગ્ન કરવું. લે આ પ્રસાદ તારી રાણીને ખવરાવજે. જા તારો પુત્ર મારો ભક્ત થશે. આ હકીકત તેની પુખ્ત ઉમર થાય ત્યારે તેને જણાવજે. જ્યારે જ્યારે તે મારૂં સંકટ સમયે સ્મરણ કરશે કે હું હાજર થઇશ.

આ સઘળું રાજા એક ચિત્તે શ્રવણ કરતો ઉભો હતો; તે યોગીરાજને પગે પડયો. અને ભક્તિમાં લીન થઇ કેટલોક વખત તેજ સ્થીતિમાં પડી રહ્યો. પછી ઉઠીને જોયુંતો ન મળે યોગી-રાજ કે ન મળે ઝાડી કે મહાદેવનું દેવળ ! ચોતરફ દ્રષ્ટિ કરીતો ખુલ્લું મેદાન નજરે પડયું. તેણે તેનાં ચક્ષુ બંધ કર્યાં. થોડીવાર રહી પાછાં ઉઘાડયાં તો તેજ દેખાવ જોયો "અરે ! આતે હું સ્વપ્ના વસ્થા ભોગવું છું કે જાગૃત સ્થીતિમાં છું ! મહાદેવનું દે-વળ ક્યાં ગયું ? યોગીરાજ ક્યાં ગયા ? ઝાડી ક્યાં ગઇ ? પા-ણીનો ઝરો ક્યાં ગયો ? મારો અશ્વ ક્યાં ગયો ? જે રસ્તેથી હું ત્યાં ગયો હતો તે રસ્તો ક્યાં ગયો ? અરે ! પ્રભુ ! આ એક ક્ષણ વારમાં કેટલો ફેરફાર ! શું આ દૈવીક કૃતિતો નહીં હોય ! યા મને ભુલાવામાં નાંખવા માટે ઉમાપતિએ તેમની માયાવી ર-

ચનાનું આવરણ તો નહીં કર્યું હોય! ઓ પ્રભુ જો તેમ હોયતો હવે એનું સંકોચન કરો? આપની અગાધ શક્તિમાં મોટા સનકાદિ ઋષિઓ પાર નથી પામ્યા તો મારૂં શું ગજુ!

આ પ્રમાણે ઇશ્વરની પ્રાર્થના કરી પુનઃચક્ષુ બંધ કર્યાં. ખોલ્યાં તો તેજ દેખાવ! રાજાએ ધીરજ રાખી ચોગરદમ દ્રષ્ટિ ફેરવી તો તે પોતે તેના નગ્રથી ચારેક કોશ દુર હોય એમ લાગ્યું.

અહીં રાજાની આવીસ્થીતિ છે. તેને તેવીજ હાલતમાં મુકી આપણે નગ્ર તરફ વળીએ.

જે દિવશે. રાણી મુર્છા વશ થઇ હતી, અને રાજાએ શાન્તવન કર્યું હતું તેને બીજે દીવસે રાજા મળસ્કામાં રવાના થઇ ગયા હતા. તે બાબતની કોઇને પણ ખબર નહોતી. દિવસનો ઉદય થયો. તો પણ રાજાજી જણાયા નહીં રાણીએ આખા મહેલમાં તપાસ કરી પણ રાજાનો પત્તો લાગ્યો નહીં. " શિકારે ગયા હશે " એમ મન વાળી રાણી શાન્ત થઇ. કચેરીનો વખત થયો દિવાનજીએ આવી કચેરીનું કામ શરૂ કર્યું, પણ રાજાજી પધાર્યાં નહિં. પ્રધાને પણ રાણીની માફક મન વાળી કારણ ખોળવાનું મુલત્તવી રાખ્યું.

રાજાને ગયાને બીજો દિવસ થયો, ત્રીજો દિવસ થયો. પણ રાજા પાછા ફર્યાં નહિ ત્યારે તો સર્વના અંતઃકરણ ચિંતાગ્રસ્ત થયાં. આખા નગ્રમાં રાજાના એકાએક ગુમ થયાના સમાચાર વિજળીની માફક ફેલાઇ ગયા. રાણી પણ અત્યંત ચિંતામાં પડી. હઝારો તર્ક વિતર્કો કરવા લાગી. " અરેરે મેં અભાગણીએ તે

દિવસે તેમના અંતઃકરણને દુઃખી કર્યું જેથી રાજ્ય છોડીતો નહીં ગયા હોય ?" એવા વિચાર સાગરમાં પડી ગઇ. તેણે પણ આજથી અન્ન જળનો ત્યાગ કર્યો; વસ્ત્રાલંકાર પણ ધારણ કરતી નહિ. ફક્ત સફેદ વસ્ત્ર ધારણ કર્યું આવા સમયમાં નિમકહલાલ વજીર ધૈર્ય રાખી રાજ્યકારભાર ચલાવેજ ગયો; અને રાજાજીની તપાસ કરાવી. માણસોને ચારેતરફ દોડાવ્યા. પરંતુ તેઓ રખડી રઝળી પાંચ પાંચ દિવસે નીરાશ થઇ પાછા ફર્યાં. આથી પ્રધાન પણ ઘણો શોકાતુર થયો. ફરી એક સરદારને તપાસ કરવા માટે મોકલ્યો અને ગમે ત્યાંથી રાજાને શોધીને લાવવાનો હુકમ કર્યો. જો પ્રધાનજી પોતેજ જાયતો રાજ્યમાં સત્યાનાશ વળી જાય જેથી તેમણે ધીરજ રાખી રાજ્યકારભાર ચલાવ્યાજ કર્યો. સર્વે સભાસદો તેમજ અન્ય મનુષ્યોની મુખાકૃતિઓ શોકમયદેખાવા લાગી. હવે પેલા સરદારે પણ બનતી તપાસ કરી છેવટે જે દીશા તરફ રાજા ગયો હતો તે પાસે જવા માંડયું.

રાજા વિચાર ચક્રમાં ભમતો હતો, તેણે ઘોડાઓની ખરીઓનો અવાજ સાંભળ્યો. અને વિચારમાંથી જાગ્રત થયો. સામું દુર દૃષ્ટિ કરી જોયુ તો ધૂળ ઉડતી જણાઈ ઘણા માણસોનો કાફલો આવે છે એમ ધારી તે શાન્ત થઈ ઉભો રહ્યો. જોતજોતામાં પેલો સરદાર રાજાની લગભગ આવી પહોંચ્યો. રાજાએ તેને ઓળખ્યો. પેલા સરદારે પણ રાજાજીને ઓળખ્યા. રાજાને ઓળખતાંજ તેના નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. એકદમ ઘોડા ઉપરથી નીચે ઉતરી પગે પડી ગદગદ કંઠે નગ્રની હકીકત વિદીત કરી. રાજાએ તેને આશ્વાસન આપી શાન્ત કર્યો. અને

તેમની સાથે નગ્ર તરફ પ્રયાણ કર્યું. તેઓ નગ્રમાં આવ્યા. પ્રધાનને શુભ સમાચારથી વાકેફ કરવા એક માણસને આગળ મોકલ્યો હતો. તેણે રાજાજીના આવ્યાની વધામણી પ્રધાનને કહી જેથી દરબાર સહીત પ્રધાનજી રાજાની સામે આવ્યા. સરવે નગ્રમાં ગયા; રાજા પોતાના મહેલમાં ગયા. ત્યાં જઇ રાણીની પાસે ગયા તો તે સફેદ વસ્ત્ર ધારણ કરી પોતાના નામનીજ માળા જપતી જોઇ રાજાએ તેને પુછ્યુ.

"વ્હાલી તારે આમ શા માટે કરવું પડ્યું? આ સફેદ વસ્ત્ર ધારણ કરવાનું અને વસ્ત્રાલંકારાદિ વર્જીત કરવાનું શું કારણ?"

રાણી એકદમ પગે પડી બોલી "નાથ! આપ એકાએક જતા રહ્યા? દાસીને પણ ખબર કરી નહિ? શું પ્રભુ જળ વિના મીંન જીવી શકે? તેમજ આપના શિવાય મારાથી કેમ રહી શકાય–વિયોગ કેમ સહન થાય? આપને ખાતરજ આ વેશ લેવો પડ્યો છે! એક માસ સુધી આપની રાહ જોત અને આપનાં દર્શન ન થાત તો પછી આ જડ દેહનો અગ્નિ નારાયણને ભોગ આપત."

"વ્હાલી જેને માટે તું દુઃખી હતી. જેને માટે તું વારંવાર શોક કરતી હતી, જેને માટે તારૂ અંતઃકરણ શોકાગ્ર હતું, તે વસ્તુ હું શંકર કૃપાથી લાવ્યોછું. હવે આપણા દુઃખના શોકમય દિવસોનો અંત આવ્યો છે." એમ કહી રાજાએ શંકરની આપેલી પ્રસાદી રાણીને આપી, અદન કરવા કહ્યું રાણીએ તરતજ પ્રાશન કર્યું. ત્યારથી રાણીને પેટ ગર્ભ રહ્યો અને

પુરા નવ માસે પુત્ર પ્રસવ થયો. આ વખતે રાજાએ બ્રાહ્મણ, ભાટ, ચારણ વિગેરેને દાનપૂન્ય કર્યા; દરબારમાં હોદ્દા પ્રમાણે બક્ષીસો આપી, આખા શહેરમાં સાકર વહેંચાવી; વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને પણ ઇનામો આપીને તે દિવસે રજા અપાવી; આખા નગ્રમાં જયજયકાર થઇ રહ્યો; ઘેરે ઘેર આનંદ ઓચ્છવ થવા લાગ્યા જ્યાં જોઇએ ત્યાં ગાનતાન અને આનંદ ઓત્સવ શિવાય કાંઇ નજરે પડતું નહી. દરેક ઠેકાણે રાત્રીના સમયે રોશની ઝગઝગાટ થઈ રહેતી આ પ્રમાણે આખા રાજ્યમાં મંગળ સમય થઇ રહ્યો હતો.

દિવસે દિવસે શુકલપક્ષના ચંદ્રની પેઠે તે કુંવર વૃદ્ધિ પામવા લાગ્યો, વળી મહાદેવના પ્રસાદથી ઉત્પન્ન થયલો એટલે તેજમાં શું ખામી હોય ! શરદ પુનમના ચંદ્ર જેવું જેનું તેજ હતું તેમજ ગુણમાં પણ શ્રેષ્ટ હતો.

હવે જ્યારે તે કુંવર આશરે અગીઆરેક વર્ષનો થયો ત્યારે લક્ષ્મણસીંહને કોઇ કારણસર નૌતમગઢ જવું પડ્યું, કારણ લક્ષ્મણસીંહને અને મર્હુમ રાજા ગંભીરસીંહને ગાઢ મિત્રતા હતી, તે વખતે તેણે આ કુંવરને સાથેજ લીધેલો હતો લક્ષ્મણસીંહને નૌતમગઢ પાંચ દિવસ રહેવું પડયું તેજ અરસામાં અભય અને નવલને મિત્રતા થઈ હતી, અને ઇશ્વર કૃપાએ તે સ્નેહનું બીજારોપણ એવું થયું હતું કે એક એકને માટે અરસ્પરસ પ્રસંગોપાત તેઓના અમુલ્ય આત્માની પણ દરકાર કરે નહિ.

હવે જ્યારે જંગલમાં ગંભીરસીંહને ઝેર દઇ કુરસીંહે ગાદી મેળવી અને અભયસીંહને રાયસીંહ દ્વારાએ ખબર મળી, ત્યારે

તે પણ સમય સુચકતા વાપરી, રાયસીંહને સાથે લઇ નિકળી પડયો હતો, ત્યાં જંગલમાં રહી તેણે ગુપ્તપણે નૌત્તમગઢની તપાસ કરવા ગાંડી માહીતી મેળવવા માંડી, ત્યારે તેને ખબર પડી કે કોઇ તારા નામની હલકાકૂળની વેશ્યાના મોહપાસમાં પડેલો ક્રુરસીંહ લક્ષ્મિનું લગ્ન તેના ભાઇ કાલુખાં સાથે કરનાર છે ત્યારે તેને ઘણો સંતાપ થવા લાગ્યો. પણ શું કરે ? લાચાર હતો. તેની પાસે કોઇ પણ પ્રકારની સગવડતા યાતો સત્તા નહોતી. જો તે એકલો હીંમત કરી નગ્રમાં જાય છે તો તેના પ્રાણ બચવા મુસ્કેલ છે ! અને નથી જતો તો ક્ષત્રિ બાળા એક નીચ હલકા યવનને હાથ જાય છે ! તે ઘણો મુંઝવા લાગ્યો, તેને એકે રસ્તો સુઝયો નહીં. આખરે વિચાર કરી નગ્રમાં જવાનો તેના અંતઃકરણમાં ઠરાવ કર્યો " ભલે એ પાપીને હાથે મારૂં મ્રત્યુ થશે તો કાંઇ ફીકર નહીં પણ જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી મારી પવિત્ર ભગનિનું શરીર યવનને સોંપવા નહીંજ દઉ ? "

એવા ઠરાવપર આવ્યો હતો એટલામાં તેને નવલસીંહની મિત્રતા યાદ આવવાથી એક જાસુસને કુંદનપુર એક પત્ર આપી રવાના કર્યો અને તે પત્ર નવલસીંહને હાથો હાથ આપવા ચેતવણી આપી અને તે શું જવાબ આપે છે તે લઇ જલદી પાછા ફરવા કહ્યું કાગળની બીના સ્પષ્ટિકરણને માટે નીચે લખી છે.

" સુજ્ઞ મિત્રશ્રી નવલસીંહ ઉર્ફે કેશરીસીંહજી લખનાર
" કર્મ સંયોગે દુઃખનાં તરંગ મોજાંમાં સપડાયલો એક મિત્ર

" અભય હાલત્વરાને લીધે વિશેશ લખી શકતો નથી પણ
" આપને એક કામ સોંપવા માગું છું અને તે એજકે એક
" ક્ષત્રિબાળાનાં લગ્ન નોત્તમગઢમાં ક્રુરસીંહને હાથે એક નિચયવન
" સાથે થનાર છે; માટે તેને કોઇ પણ પ્રયત્ને બચાવવા આપને
" નિવેદન કરૂં છું. આપ એક તો મારી મિત્રતા અને બીજુ
" ક્ષત્રી પુત્રની ફરજને ખાતર કબુલ કરશોજી. હાલ મારે પણ
" જંગલમાં ગુપ્ત રહેવાની જરૂર છે કારણ મારા પિતાશ્રીને ઝેર
" દઈ જંગલમાં મારી નાંખી ક્રુરસીંહે ગાદી મેળવેલી છે. હાલ
" મારો મુકામ જંગલમાંજ છે. કયાં છે તે હાલ જણાવી શકતો
" નથી. પ્રસંગ આવે જણાવીશ હાલ એજ."

**લી. આપનો આભારી અભય ઉર્ફે સરદારસીંહ.**

આ પ્રમાણે પત્ર લઇ જાસુસ એકદમ કુંદનપુર તરફ રવાના થયો; તેજ વખતે સરદારે પોતે એક બીજો કાગળ લખી લઇ નોત્તમગઢ તરફનો રસ્તો લીધો અને છુપાવેશમાં લક્ષ્મિને રાખી હતી તેજ બાગમાં ગયો; વિમળાને કાગળ આપ્યો: અને તે લક્ષ્મિને આપવા કહી તરતજ ત્યાંથી નીકળી ગયો કાગળ ઉપર સ્પષ્ટ લખેલું હતું કે " કોઇ પણ બાબતનો વિચાર કર્યા શિવાય તરતજ તે લક્ષ્મિને સ્વાધિન કરવો " ઉપર પ્રમાણે વાં-ચવાથી વિમળાએ તે કાગળ આપનાર કોણ હશે? શા માટે કાગળ આપી ગયો હશે. અહીં આવતાં કોઇએ રોકાણ નહીં કર્યું હોય? તેની કાંઇ પણ તપાસ ન કરતાં તે મળેલો પત્ર લક્ષ્મિને આપી દીધો. તરતજ લક્ષ્મિએ કાગળ વાંચ્યો,

" બ્હેન તમારાં લગ્ન એક નિચ યવન સાથે થનાર છે

" તે મેં સાંભળ્યું છે, માટે તે ફંદામાંથી બચાવવાને ખાતર ત.
" મારી પાસે કેશરીસીંહ નામના ક્ષત્રી પુત્ર આવશે તેમની
" સલાહ મુજબ વર્તજો. હું કોણછું તે હું હાલ તમને ખુલ્લુ
" કરી શકતો નથી, પણ ઇશ્વર પ્રતિજ્ઞાથી અને સૂર્યચંદ્રની
" સાક્ષીથી કહું છું કે હુ તમારો હીતેચ્છુ છું; અને હૂં જે
" કરીશ તે તમારા ભલાને ખાતરજ કરીશ. હું પણ એક ક્ષત્રી
" પુત્ર છું. તો ક્ષત્રીબાળા તુરકની સાથે વરે તે શાસ્ત્રાધાર
" પ્રમાણે ઉલટું ગણાય તેમ છતાં ફૂરસીહે અણઘટતું પગલું
" ભર્યું છે તે ક્ષત્રીબીજથી નહી ખમાય. માટે ઉપર લખ્યા મુજબ
" વર્તજો."

લી. સરદારસીંહ બહારવટીઓ.

"મારૂં નામ સાંભળી ચમકશો નહિં. મારે રૈયત સાથે અથવા અન્ય સાથે બહારવટુ નથી. ફક્ત રાજા સાથેજ તેમ વર્તું છું. નહ કે અન્ય સાથે મારાપર પૂર્ણ ભરૂશો રાખજો."

કેશરીને સરદારનો પત્ર મળતાંજ તેણે વાંચ્યો, અને કાંઇ પણ વિચાર ન કરતાં જાસુસને "ફકત મારી ફરજ છે જાઓ અભગસીંહને કહેજો અને કહેજો કે હાલ તમે તમારૂં રહેઠાણ જણાવવા ખુશી નથી તો અન્ય વખતે જણાવશો" એ પ્રમાણે કહી વિદાય કર્યો. ત્યાર પછી શું બન્યુ તે આપ સુજ્ઞ વાંચકોના લક્ષમાં આવી ગયું છે. અને હાલ જે સરદાર સાથે વાત કરતો ઉભો છે તેજ આ કેશરીસીંહ આ વખતે કેશરીને લક્ષ્મિને મળવા યાતો કાંઇ પણ વાત કરવા વખત મળ્યો નહોતો.

# પ્રકરણ ૧૩ મું.

## ભેદ સ્ફોટન.

"બાપુ જુઓ આ હાર મને કેવો શોભે છે? મા તને નહીં આપું! આ હાર તો હું મારી સાથે મારા સાસરે લઇ જઇશ." આમ બોલતી બોલતી એક આઠ વર્ષની બાળા હાથમાં એક અમુલ્ય હાર લઇ હરખાતી હરખાતી તેના માત પિતાને કહેવા લાગી.

**ગંગારામ**—બેટા એવો હાર આપણને ન શોભે! આપણે ગરીબ માણસ કહેવાઇએ. એના બદલામાં તને બીજો કરાવીશું.

એમ કહી તે છોકરીના પિતાએ તેના હાથમાંથી તે હાર લઇ લીધો અને તેની સ્ત્રી સાથે વાત કરવા લાગ્યો.

"કેમ ત્યારે તારો શું વિચાર છે? આ હારને વેચવાથી મારા ધાર્યા પ્રમાણે રૂ ૫૦૦૦) આવશે અને આપણે હવે આ દરિદ્રતામાંથી મુક્ત થઇ શું, ઇશ્વરે આપણા સહામું જોયું કાણ જાણે આ છોકરી ભાગ્ય શાળીતો ખરી.!

**સ્ત્રી**—જેમ તમને અનુકુળ લાગે તેમ કરો અને એતો ખરૂંજ કે આપણા જેવા રંકને તો આવો અમુલ્ય હાર નજ શોભે માટે જેમ તમારી નજરમાં આવે તેમ કરો.

**ગંગારામ**—ઠીક છે ત્યારે હું એને લઇને મદન મોહન ચોકશીને ત્યાં જાઉછું અને બરાબર કીંમત ઠેરવી વેચી દઇશ.

એમ કહી ત્યાંથી ઉઠયો અને શરીરપર મોટું અંગરખું પહેરી માથે પાઘડી મુકી પેલો અમુલ્ય કંઠો હાથમાં લઇ શહેરના ધોરી રસ્તાપર થઇને ચાલવા માંડયું. " આ વખતે મદન મોહન ઘરે નહીં મલતાં તેમની પેઢીપર મિલશે કારણ વખત ઘણો થઇ ગયો છે જેથી ત્યાંજ ગયા હશે " એમ ધારી ચોકશીવાડા તરફ ચાલવા માંડયુ, અને મદન મોહનની પેઢીએ આવી; પેલો કંઠો બતાવી કહ્યું "આ વેચવાનો છે માટે એની કીંમત કરીઆપો."

આવો અમુલ્ય રત્ન જડીત કંઠો જોઇ મદનમોહન વિસ્મય થઇ ગયો તેને નિહાળીને જોવા લાગ્યો અને આવા રંકના હાથમાં આવો કીંમતી માલ કયાંથી અને શા રીતે આવ્યો તે વિચારમાં ગરકાવ થઇ ગયો. બ્રાહ્મણે પૂછયું કે " મહારાજ તમે આ રકમ કયાંથી લાવ્યા ? "

**ગંગારામ**—તે તમારે શી પંચાત છે? તમે તમારે કીંમત કરીને જો રાખવો હોયતો નાણું આપો. નહીંતો કંઠો પાછો આપો ? લાવો ? બીજે ઠેકાણે જઇશ.

મદનમોહન વિચારમાં પડયો કે " રખેને કાંઇ કાવત્ર હોય " એમ ધારી તે કંઠો બ્રાહ્મણને પાછો આપી દીધો. તે લઇ પેલો બ્રાહ્મણ જતો હતો એટલામાં પાછળથી બે શીપાઇઓએ આવી પકડી લીધો અને હાથ કડી કરી લીધી. બ્રાહ્મણતો દંગ થઇ ગયો! ધ્રૂજવા લાગ્યો અને પેલા સિપાઇઓને કરગરીને કહ્યું. " ભાઇઓ મને શા માટે બાંધો છો ? મેં કાંઇ તમારો યાતો તમારા રાજાનો ગુન્હો કર્યો નથી. નાહક મને ગ-

રીબને શા માટે સંતાપો છો ?"

**સિપાઇઓ**—ચુપરહે! આ કંઠો કયાંથી લાવ્યો એનો અમને શક છે તારા જેવા ગરીબ પાસે આવી કીંમતી રકમ કયાંથી? માટે એમાં કાંઇ ગુપ્ત કારણ હોવું જોઇએ, જેથી કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર સીધો ચાલ દરબારમાં, પછી ત્યાં જે પ્રમાણે ન્યાય થશે તે પ્રમાણે શિક્ષા થશે.

બ્રાહ્મણતો આ સાંભળી ગાંડો થઇ ગયો ! તેના હોશ-કોશ ઉડી ગયા હવે શું થશે તે વિચારમાં પડયો! બિચારાએ કોઇ દીવસ દરબારનું મોઢું જોયું નહોતું જેથી તેનેતો યમ પુ-રીમાં જવા જેટલો ત્રાસ થયો "ત્યાં મને શું કરશે !" તે વિ-ચારમાં પડયો. પણ શું કરે યમરાજના દુતો પાસેથી શી રીતે છુટનું ! અને એ લોકોને કરગરવાથી શું ફાયદો ! એમ ધારી તેણે તેમની સાથે જવા માંડયું. બ્રાહ્મણને હાથકડી સાથે દરબારમાં રજુ કર્યો. અને રાજાને હકીકત જાહેર કરી, તેમના હાથમાં તે કંઠો આપ્યો. બરાબર તપાસ્યો. બ્રાહ્મણના સામું જોયું. અને એક દમ વિસ્મય થઇ મોટેથી કહ્યું "અરે આ કંઠા ઉપરતો ગંભીરસીંહનું નામ છે ? મહારાજ જલદી બોલો તમે આ કંઠો કયાંથી આણ્યો ?"

**બ્રાહ્મણ**—( ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યો ) મણીપુરથી આવતાં રસ્તામાં ત્રીભેટા આગળ સરદારસીંહ બારવટિઆએ મને દક્ષિ-ણામાં આપ્યો."

રાજા એ સાંભળી વિસ્મય થયો અને ઉંડા વિચારમાં પડી ગયો. "ત્યારે શું એ પોતે તો અભય નહીં હોય ? નૈત્તમગઢમાં

ગંભીરસીંહ નાકાર કરતાં મારે હાથે મરશે અને તેનો પુત્ર ગુમ થશે ત્યારે શું તે તો આ બારવટીઓ નહીં હોય ?” વિચારમાંથી સ્થિર થતાંજ કાંઈક આજ્ઞાથી દરબારમાંથી તિ-લોત્તમાને બોલાવી લાવવા એક શીપાઈને મોકલ્યો.

તરતજ તેણે જઈને તિલોત્તમાને રાજાનો હુકમ કહી સં-ભળાવ્યો તિલોત્તમા તેની સાથે દરબારમાં ગઈ.

રાજાએ તિલોત્તમાને પુછ્યું. “ જ્યારે સરદારસીંહ બાર-વટીઆને અહીં કેદ કરી લાવ્યો તે વખતે તને ખરું નામઠામ જણાવ્યું હશેજ જેથી તે તું મારી આગળ ખુલ્લું કર મને શક છે કે તારા લગ્નની માગણી તેં તેની સાથે કરી જેથી તેની પુરી તપાસ કરેલી હોવી જોઈએ માટે તું મને સત્વર કહે.”

પિતાશ્રીનો અત્યાગ્રહ જોઈ તિલોત્તમાએ સરદારસીંહની ખરી હકીકત કહી સંભળાવી જે સાંભળતાં રાજાનાં ચક્ષુ ક્રોધથી રક્ત વર્ણ ગયાં અને ઘણાં કઠોર શબ્દોથી તિલો-ત્તમાને કહ્યું;

“ આહ ! નાદાન છોકરી ! શું કરું ! તેં પ્રથમથી તેનું નામઠામ જાહેર કેમ ન કર્યું ? મારા કટ્ટા દુશ્મનના પુત્ર સાથે તારાં લગ્ન ! એ કેમ બની શકે ? સરદાર ! સરદાર મને તરતજ ખબર પડી હોત તો મારા હાથેજ તારો શિરચ્છેદ કરી મારા બળતા આત્માની અગ્નિ શાન્ત કરત ?”

બિચારી તિલોત્તમા તેના પિતાનાં આવાં કઠોર વાક્ય પ્રહારથી જેમ કુમળાકળી વૃક્ષપર વિજળી પડતાંજ તે બળીને ખાખ થઈ જાય તેમ અચાનક ભાન રહીત થઈ ગઈ. કૃષ્ણસીંહ

શું બોલે છે, શું કહે છે, તે પણ તત્કાળ સમજી શકી નહિ તે ધીરે અને ધ્રુજતે અવાજે બોલી "પિતાશ્રી આપ આ શું કહો છો તે- હું સમજી શકતી નથી કોણ જાણે આપ આટલા બધા શા માટે ક્રોધાવેશમાં આવી ગયા છો. આપનો દુશ્મન કોણ ? તેની મને સમજ પડતી નથી જરા શાંત થાઓ."

રાજા—" શાન્ત ! શાન્ત તો હવે એને મારા સમક્ષ અબતત્ પડેલો જોઉં ત્યારેજ થાઉં. આહ ! છોકરી ! તેં મારો જીતેલો દાવ ધૂળ કરી નાંખ્યો, અને ભવિષ્યકાળે તારાં લગ્ન જો તેની સાથે થયાં હોત તો કોણ જાણે શું એ થાત ! શું એ મારો જામાત્ થાત ? હું એને શી રીતે દેખી શકત ! જેણે મારા રાજ્યપાટનું સત્યાનાશ વાળ્યું હતું તેના પુત્રનું શું મારી પુત્રી સાથે લગ્ન ! ના—ના કદી બનેજ નહી.

કૃષ્ણસીંહે તરતજ ત્યાંથી જઇ નૌતમગઢ તરફ એક જાસુસને રવાના કર્યો અને કુરસીંહને કહાવી મોકલ્યું કે તમારે ત્યાં જે બહારવટીઆને કેદી તરીકે મોકલ્યો છે તેને અમારા તરફ મોકલી આપો. કારણ અહીં તેની ઉ ટ તપાસ કરવી છે. પછી તેને તેવી સ્થીતિમાં પાછો સોંપીશું.

જાસુસે એકદમ નૌતમગઢ તરફ ચાલવા માંડયું ત્યાં આવી કુરસીંહને ઉપર પ્રમાણે સંદેશો કહ્યો.

કુરસીંહે તેના જવાબમાં " 'બહારવટીઓ અહીથી નાસી ગયો છે" એમ કહી તેને વિદાય કર્યો.

વાંચકો ! તમારા અંતઃકરણમાં શંકા ઉદ્‌ભવશે કે શત્રુના શત્રુને મદદ ન આપતાં તેને હવાલે કર્યો તે અશકય છે પરંતુ

તેને ગંભીરસીંહ સાથે શત્રુતા હતી તે શીકાર કરતાં સીંહને હાથે મરાયો અને તેનો પુત્ર પણ ગુમ થયો હતો, જેથી તેની તેના પ્રતિની દુશ્મનાવટ નરમ પડી હતી.

વાંચકો ! કૃષ્ણસીંહના આવાં વચનો સાંભળી તિલોત્તમાની શાંતી ઉડી ગઇ ! તેના ચિત્તની માઠી દશા થઇ ! તેના દરેક અ-વયવો શિથિલ થયા ! તેનું સૌભાગ્ય ભાગી જવાનો તેને ભાસ થયો ! તળાવમાં ઉગતા સુંદર કમળ જેવી કોમળવદની તિલોત્તમાના શરીર ઉપર સંતાપરૂપી મોટા ભ્રમરાઓએ અનેક ડંસ કરવા માંડયા ! એ ડંસથી તેનું કોમળ અંતઃકરણ આરપાર વીંધાઇ ગયું ! તેની ભાગ્યદેવી રૂઠી ! વિધાત્રા ક્રોધિત થઇ ! તેને અન્ન જળ વિષ સમાન લાગવા માંડયા વસ્ત્રાલંકારો તેને સર્પ અને વીંછુના જેવા થઇ પડયા ! સુંદર છત્ર પલંગની શય્યા શુળીવત્ સાલવા લાગી આહા ! ઇશ્વર તારી અપાર ગતિ છે જે સદ્ગુણી ટેકીલી ક્ષત્રીબાળા પતિસંગ રહી અપાર સુખ ભોગવવાની અ-ભિલાષામાં દિવસો ગુજારતી હતી તેને અણધાર્યું અનહદ સંકટ આવી પડયું मनसा चिंनति कार्य दैव मन्यथ चिंतयत ॥
Man proposes but God disposes.

---

# પ્રકરણ ૧૪ મું.

## નિશ્ચયો દ્રઢ થયા.

અસત્ય પ્રકાશ.

Let justice reign though heavens fall.

---

આપણે પાછળ વાંચી ગયા છીએ કે ફુલસીંહના વિચાર સરદાર સાથે તેની પુત્રીનાં લગ્ન કરી તેને પોતાને પુત્ર નહીં હોવાથી પોતાના મરણ પછી ગાદી સોંપવાનો હતો, પરંતુ મંત્રીના સલાહથી તે મુલતવી રાખી હરીહરપુરના રાજાના પુત્ર નવલુભા સાથે તિલોત્તમાના લગ્ન કરવાનો ઠરાવ કર્યો હતો. અને વળી હવે તો સરદારને તેના દુશ્મનના પુત્ર તરીકે ઓળખ્યો એટલે તો તે વીચાર દ્રઢ થયા. મોતીશાને બોલાવી કુંવરીનાં લગ્ન નવલુભા સાથે કરવાનો નિશ્ચય જાહેર કર્યો અને જેમ બને તેમ ત્વરીત તૈયારી કરવા ફરમાવ્યું. મોતીશાને તો "ભાવતુ હતું અને વૈદ્યે કહ્યું" "હતીને પીયરનાં મળવાં" તે પ્રમાણે તે તો પોતાનું પેટ ભરવાની વ્યવસ્થામાં મશગુલ રહેતો હતો. તેમાં વળી રાજાનો દ્રઢ નિશ્ચય થયેલો જોઇ તેમના કારભારની શી ખામી રહે? લોભી પુરૂષો ધન પ્રાપ્ત કરવાને ખાતર શું નથી કરતા કોઇનું ખુન કરવામાં, પોતાના સ્વલ્પ સ્વાર્થને માટે અન્ય મનુષ્યને મહાન જોખમમાં નાંખવામાં, લુંટ કરવામાં, અસત્ય બોલવામાં, પક્ષીઓને પકડનાર પારધિ જેમ તેની જાળ એવી રીતે પાથરે છે કે તેના સપા-

ટામાં આવેલાં નિર્દોષ પક્ષીઓનો જીવ જોખમમાં પડી જાય છે, તેમ પોતાની પ્રપંચજાળ નિર્દોષ વિશ્વાસુ પાત્રો ઉપર ફેલાવવામાં, કોઇને ગળે છરી મુકવામાં, તરકટ કાર્ય કરવામાં, નાદાન નિર્દોષ તેમ અજ્ઞાન બાળકોને પણ પ્રસંગોપાત નષ્ટ કરવામાં, કોઇપણ પ્રકારે તેઓ, ઇશ્વરનો ડર રાખતા નથી. ધિઃકાર છે એવા લક્ષ્મી ભકતોને! ધિઃકાર છે તેમના જીવતરને! ધિઃકાર છે તેમના કૃત્યોને! પ્રપંચથી મેળવેલું દ્રવ્ય કદી પહોંચતું નથી.

'મીઠા બોલા મન હરે પાછળ મારે ઠાર,
બહાર રૂપાળુ મ્યાન પણ ભીતરમાં તલવાર.

અહા! હા! ખરેખર મીઠી મૃદુ વાણી વદનાર સ્વાર્થી નીચ દંભી, લોભી મનુષ્યોના અંતઃકરણમાં જેમ ઉપરથી સોના ચાંદીની નકશી વાળા મ્યાનમાં કારી તિક્ષ્ણ અસિનોજ વાસ હોય છે તેમ અસત્ય અને સ્વાર્થ રૂપી તિક્ષણ તલવારોજ ભરેલી હોય છે અરે! દ્રવ્ય લોભી મનુષ્યો ઇશ્વરથી કાંઇ ડરો તમારા અલ્પ સ્વાર્થને માટે શા માટે અન્ય મનુષ્યોને તમારા પ્રપંચ જાળમાં ફસાવો છો?

"અખામાયા કરે ફજેત ખાતાં ખાડને ચાવતાં રેત."

(અખો.)

અખા ભગતનું આ અમુલ્ય વાકય યાદ કરો! અસત્યની લક્ષ્મિ દેખી તત્કાળ હર્ષ ઉત્તન્ન થાય છે, પરંતુ આખરે

"જેમ વરઘોડે મળ્યા બહુવના પલક રહીને થાય તે ફના"

(અખો.)

એ પ્રમાણે ફના થનાર છે, વળી આખરે મર્યું પછી

રૌરવ નર્કમાં પણ વાસ મળવો મુશ્કેલ છે, ઇશ્વર ગજને કાતર લઇને બેઠો છે, કરેલા કર્મનું ફળતો મળેજ છે.

જેમ રાજાને આશિશ આપનાર એક બ્રાહ્મણને વિના પ્રયાસે મળતું દ્રવ્ય જોઇ એક નાપિકના અંતઃકરણમાં ઇર્ષાનો જન્મ થયો. રાજાને કાંઇ સમજાવી બ્રહ્મને કાંઇ કહી દુતી કર્મ કરી, રાજાના શ્રોત્રમાં અંતરપટ રાખી બ્રાહ્મણ પાસે આશિશ દેવરાવી રાજાને પ્રથમ કહેલા કાનમાંથી નિકળતી દુર્ગંધનો વહેમ અચળ કરી આપ્યો. તો બ્રાહ્મણના બદલામાં તેનુજ મૃત્યુ ? જુઓ ! એજ પ્રત્યક્ષ પ્રમાણ !

મંત્રીને રાજાની આજ્ઞા મળતાંજ તેણે જાતેજ હરીહર પુર તરફ પ્રયાણ કર્યું. પહેલેથીજ સંકેત કરી રાખેલ હતો તે પ્રમાણે મોતીશાને રૂ ૧૫૦૦૦૦) ની રકમ મળી. ત્વરાથી જાન લાવવાનું કહી પાછો વળ્યો.

હવે હરીહર પુરના રાજાએ મોટી ધામધૂમથી તૈયારી કરવા માંડી. કુંવરને સારી રીતે શણગારી જામો, મંડીલ વગેરે પહેરાવી દીધાં. થોડા વખતમાં સર્વ કૃત્યની સમાપ્તિ કરવાના હેતુથી હરીહરસીંગે સર્વ તૈયારી કરી દીધી, જાન લઇ ત્યાંથી કનકપુર તરફ પ્રયાણ કર્યું.

લગ્નનો દિવસ નક્કી કરી મોતીશા કનકપુર ગયા. તેના હરખનો તો પારજ રહયો નહિ. જેવી રીતે મૂશક મદ્યાપાન કરી મસ્તાન થઇ ડોલવા માંડે તેમ અને કહાણી પ્રમાણે " સો રૂપીએ, શેર દારૂની ગરમી ચડે" તો પછી મોતીશાને રૂ ૧૫૦૦૦૦) ની ગરમી કેટલી થઇ હશે તે આપજ વિચાર કરી લ્યો !

કનકપુરમાં પણ લગ્ન મંડપ રચવાની ધામધુમ મચી રહી હતી. મંડપ કેવી રીતે બાંધવો, બેઠક કેવી રીતની રાખવી, આદિતકીઆ કેમ બિછાવવા, કેવી રીતે ગોઠવણ કરવાથી શહેરના મનુષ્યોને જોવાને સુગમ પડે. હાંડી, ઝુમર, તકતા આદી રોશનીની વ્યવસ્થા કેમ કરવી, ઈત્યાદી વિચારો ચાલતા હતા, તેજ તેખતે બિચારી નિર્દોષ બાળાના અંતઃકરણ મંડપમાં કેવી રચના થતી હશે, કેવા વિચારો ઉદ્ભવતા હશે ?

તિલોત્તમા પાસેથી કૃષ્ણસીંહ ગયા પછી મહાન્ સાગરમાં લઘુમત્સના કનિષ્ટ બચ્ચાની માફક શોકાબ્ધિમાં ડુબકા ખાવા લાગી. તેના પિતાના શબ્દો તેને કારી ધારવાળી ખંજર જેવા લાગ્યા. તેની ઇચ્છાઓ નિષ્ફળ ગઈ! ધારણાઓ ધુળમાં મળી ગઇ ! તેના હવાઇ વિચારો હવામાં છુટતી હવાઇની માફક ઉડી ગયા ! તેની આશા રૂપિ અમરવેલીનો નાશ થયો ! તેના સુખના ઉગતા સૂર્યનો ઉદય પામતાંજ નાશ થયો ! તેનું ધારેલું સુખ સ્વપ્નવત થઇ ગયું ! તેનો ચહેરો ફીકો પડી ગયો ! તેનાં તેજસ્વી નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. હવે શું કરૂ! ક્યાં જાઉં ? કોને કહું ? આપઘાત કરૂં ? જળમાં પડું ? ઝુભા કરડીને મરૂ ? શું મારૂં લગ્ન તે ગાંડા કુમાર સાથે થશે ? એવા એવા તરંગો વાદળીમાંથી વરસતા ધુમસના ગોટાની પેઠે તેના મગજમાં ગોટવાવા લાગ્યા. તેણે ખુલ્લે મરોડે રડવા માંડયું, તેનું રડવું સાંભળી તેની માતા તેના પાસે દોડી આવી; તે બિચારી આ સર્વ હકીકતથી અજાણ હતી, તેણીએ તેને શાન્ત કરી અચાનક આમ આક્રંદ કરવાનું કારણ પૂછ્યું. તિલોત્તમાથી

બોલી શકી નહિ. તેની જીભ ફેટવા લાગી: " માતા ! માતા ! મારી માતા ! માતા ! મારી આશા રૂપી લતાનો નાશ મારા પિતાશ્રીએ કાળરૂપી કુઠારે કરવા માંડ્યો ! તે લતા નષ્ટ થઇ ! આશા પણ ફેડી ગઇ ! આશા સાથે સુખ ગયું અને સુખ સાથે આ દેહ ગયું. ———"

તેનું ગળું રૂંધાયું, તે આગળ બોલી શકી નહિ તેનું આવું છાતીફાટ રૂદન જોઇ માયાળુ માતાના અંતઃકરણમાં કેટલી લાગણી થતી હશે ? પુત્રીની આવી દશા જોઇ તેના અંતરના નિર્મળ પ્રેમે તેનાં ચક્ષુમાં પણ અશ્રુવારી ભરવા માંડ્યું તે પુછવા લાગી.

" બેટા તું મને એ કારણ કહે, આમ રડવાથી શું થનાર છે ? અફસોસ કરવાથી આપણે કાંઇ પણ કરી શકીશું; માટે ધીરજ ધર. મને કહે તું શા માટે રડે છે; શા માટે વિલાપ કરે છે; તારો વિલાપ જોઇ મારૂં હૃદય ચીરાઇ જાય છે. છાની રહે મારી વહાલી છાની રહે. "

એમ કહી રાણી તેને છાતી સરસી ચાંપવા લાગી. માતાપિતાને પોતાનું સંતાન ગમે તેટલું મોટું થાય, પરંતુ તેમનો તેના પરથી બાળ પ્રેમ જતો નથી. તિલોત્તમા પણ શાન્ત થઇ તેની માતાને કહેવા લાગી.

" માતા તે દીવસે હું સરદારસીંહ બહારવટીઆને કેદ કરી લાવી હતી તેની તને ખબર તો હશેજ. "

માતા—હા.

તિલોત્તમા—મારા પિતાશ્રીએ એ બહારવટીઆને પક-

ડવા માટે એક વખત દરબારમાં ભારે ઇનામ આપવા જાહેર કર્યું હતું, દૈવયોગે તે બહારવટીઓ મારે હાથે પકડાયો, તપાસ કરતાં તે બહારવટીઓ નહીં પણ નૌતમગઢના મરહૂમ રાજા ગંભીરસીંહનો પુત્ર છે એમ મને માલૂમ પડયું. પૂર્વના ઋણાનુ-સંબંધે મારૂં અંતઃકરણ તેના તરફ આકર્ષાયું. મારી મનોવૃત્તિ, મારૂં તન મન તેને સોંપવાની થઇ. તે કુમારે પ્રથમથીજ એમ રખડતા બહારવટીઆ સાથે જીંદગી જોડવા મને ના કહી; પણ હું મારા દૃઢ પ્રેમથી ડગી નહીં, ત્યારે તેણે મારા નિર્મળ વિશુધ્ધ પ્રેમની ખાત્રી થવાથી મારી માગણી કબુલ રાખી. આજે આવી દરબારમાં પિતાશ્રી પાસેથી ઇનામના બદલામાં તેના લગ્ન તેની સાથે કરવાની ઇચ્છા જણાવી. તે વખતે તેમણે "વિચાર કરીશ" એમ કહી મુલતવી રાખ્યું. દરબારમાં [illegible] કરતાં તેણે તેનું ખરૂં નામ ઠામ જાહેર કર્યું નહિ. મેં પણ તેનું નામ ઠામ જાહેર ન કરવા પ્રતિજ્ઞા કરાવી હતી. [illegible] મારા પિતાશ્રીએ [illegible] કુમ કુસુમસીંહના તરફ નૌતમગઢ તેને [illegible] કર્યો હવે અકસ્માત પાછલે રોજ એક બ્રાહ્મણ અમુલ્ય [illegible] જડીત કંઠો વેચવા નીકળ્યો તપાસ કરતાં તેના ઉપર ગંભીરસીંહનું નામ નીકળ્યું. બ્રાહ્મણને તે કયાંથી લાવ્યો એમ પૂછતાં તેણે "સરદાર બહારવટીઆએ દક્ષણામાં આપ્યો છે" એમ જણાવ્યું. ત્યાર પછી મને દરબારમાં બોલાવી તેને વિશે પૂછયું. મેં અ-ભાગણીએ તે સર્વ ખરી હકીકત જાહેર કરી. પાછલી થઇ ગયેલી દુષ્મનાવટનું કોણ જાણે શાથી આજે તેમને ભાન થઇ ગયું. તેને અહીં પાછો લાવવા નૌતમગઢ એક સ્વાર મોકલ્યો છે, ત્યાંથી તે બંધનમુકત થયો તો હશેજ કારણ ત્રીભેટા આ-

ગળથી મારી સાથે આવતાં તેના સાથી સાથે કાંઇ સંજ્ઞા કરેલી હતી. પરંતુ ન કરે નારાયણ ને તે અહીં આવશે તો નિશ્ચય મારા પિતા આગળની શત્રુતાને લીધે મારા સૌભાગ્ય રક્ષકના પ્રાણ લેશે. વળી મારા લગ્ન પેલા ગાંડા કુમાર સાથે કરવા નક્કી કર્યું છે. તો મારે હવે જીવીને શું કરવું છે.

**માતા**—બેટા આમ સાહસ ન કર; એને માટે આપણે કાંઇ વિચાર કરીશું. એમ અનેક પ્રકારે શાન્ત્વન કરી રાણી ત્યાંથી ચાલતી થઇ, કારણ રાજાને આરામગૃહમાં આવવાનો વખત થયો હતો. જેથી તે બિચારી તિલોત્તમાને તેવીજ સ્થાતિમાં છોડી ગઇ.

વિરામગૃહમાં ગયાને પૂરી અધ ઘડી તો થઇ નથી ત્યાર પહેલાં તો રાજા ત્યાં આવ્યા અને રાણીને સઘળી હકીકત કહેવા લાગ્યા.

"પ્રિયા તિલોત્તમાનાં લગ્ન હરીહરપુરના રાજા હરીસીંગના પુત્ર નવલુભા સાથે કરવાનો નિશ્ચય કરેલ છે. માટે તિલોત્તમાને તૈયારી કરવા તું જણાવ."

**રાણી**—પ્રાણનાથ એ કુમાર તો ગાંડા છે, વળી તિલોત્તમા કરતાં નહાના પણ છે. આપ એવું લગ્ન કરી દિકરીને દુઃખી શા માટે કરોછો ?

**રાજા**—કદી એકાદ વર્ષનો ફેર હશે તેને માટે વાંધો નહિ; અને ગાંડા છે એ ધારણા તદન જુઠી છે. તેને ફકત વાયાનો અસર છે તે દવા કરેથી ઠીક થઇ જશે. આપણા મોતીશાએ તે બાબત બરાબર તપાસ કરી છે.

રાણી વળતું કાંઇ બોલી નહિ. અને તિલોત્તમાને તૈયાર થવાનું જણાવવાને પણ રાણીએ સવિનયથી રાજાનેજ સોંપ્યું. રાજા ત્યાંથી ઉઠી તિલોત્તમાના ઓરડા તરફ ગયા અને તિલોત્તમાને કહેવા માંડ્યું.

"બેટા તું ખુશી થા; અને તારાં લગન નવલુભા સાથે થનાર છે, માટે તારે વસ્ત્રાલંકાર આભુષણો આદિ જે જોઇએ તે નક્કી કરી મને કહે તેને માટે હુ બંદોબસ્ત કરૂં."


કુંવરી પ્રથમથી જાણતી તો હતીજ પણ અજાણ થઇ આશ્ચર્યતાની સાથે કહ્યું:—"પિતાશ્રી એ કુમાર તો ગાંડા છે! અને વળી મારાથી લઘુ વયના છે. આપે મને બહારવટીઆને પકડયાના બદલામાં ઇનામ માગવા કહેલું તે વખતે મેં આપની પાસે મારા લગનની માગણી તેની સાથે કરેલી, જો મારૂં સુખ જોવા આપ ઇચ્છતા હો તો તેની સાથેજ મારાં લગન કરો. અન્ય મનુષ્યો મારા ભ્રાત પિતા સમાન છે હું ક્ષત્રી પુત્રી છું તો એક વખત મનમાં ઇચ્છાવર વરી ચુકી છું, તે હવે બીજાને હાથ નહીં સોંપું.

**રાજા**—છોકરી! તારી હઠનાં પરીણામ સારાં નહીં નીકળે. બસ! તારે મારી ઇચ્છાને સ્વાધીન થવુંજ પડશે! મારા શત્રુ સાથે લગ્નની માગણી કરતાં શરમાતી નથી? બસ! બીજું કાંઇ નથી સાંભળવો એટલે તરે તારી તૈયારી કરવી.

**કુંવરી**—પિતાશ્રી! લ્યો આ કટાર અને આપને હાથેજ મારો શિરચ્છેદ કરો. પરંતુ એ કદી નહી બને. આપ માયાળુ પિતા થઇને તમારી રંક પુત્રીને શા માટે દુઃખી કરવા

ધારોછો ? ગાંડા સાથે જીવન જોડી જીવવું તેના કરતાં મૃત્યુને વરવું તે હજાર દરજ્જે સારૂં ગણું છું. પિતા ! મારા દયાળુ પિતા ! કાંઇ વિચાર કરો ! પુત્રીના સુખ સામી દ્રષ્ટી કરો !

આક્રંદ કરતી બાળાનું દયાર્દ્ર વિવેચન ન સાંભળતાં રાજાએ ત્યાંથી ચાલવા માંડયું. બીચારી પ્રેમી બાળાએ એક ખુણે બેસી રૂદન કરવા માંડયું ! !



# પ્રકરણ ૧૫ મું.

## અસીમ કલ્પાંત !

"સખી પાછી ખુણામાં બેસી અશ્રુપાત કરવા લાગી ? એમ કર્યાથી તારાં નેત્રો તુટી જશે. છાની રહે. **मन इच्छा समो नास्ति ईश्वरेच्छा प्रवर्त्तते ।** માટે તું શાંત થા !" એમ કહેતાં એક લાવણ્ય સંપન્ન યુવતિએ આવી તિલોતમાના અશ્રુથી ભરપુર થયલા નેત્રો લુંછી નાંખી તેને હૃદય સાથે દાબી. "જો તું આમ નિશદીન અશ્રુપાત કર્યા કરશે તો ક્યાં સુધી જીવશ ? 'આશા અને ધીરજ એ મનુષ્યનાં જીવનનું સાધન છે' એમ તું શા માટે ઉદાશ થાય છે ?

"ભલે જન કોટી પ્રયત્નો કરે, થાશે ધાર્યું જે ધરણી ત્રરે"
માટે છાની રહે"

તિલોતમાએ દીન વદનથી કહ્યું:—બ્હેન ! સંસાર રૂપી સમુદ્રમાં ડુબતા જીવને બચાવવા આશા રૂપી મારૂં નાવ ભાગી ગયુ ! મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે મારા કુશાગ્ર બુદ્ધીના પિતાની એકાએક આવી મતી થશે ! આજ સુધી અને અત્યાર સુધી પુષ્પોદ્યાનમાં કલોલ કરનારી કોકિલાની પેઠે ભવિષ્યના અચળ સુખની આશારૂપી વાટિકામા હું પણ તેની માફક આનંદ માણુતી હતી. પરંતુ હાય ! દૈવ ! જે પ્રમાણે શ્રી રામચંદ્રજીને પ્રાતઃકાળમાં રાજ્યાભિષેક થવાનું નક્કી હતુ. પરંતુ દુર્દૈવે કૈકેયિ

ની મતિ ભ્રષ્ટ કરી રણસંગ્રામમાં દસરથ રાજાએ આપેલા એ વચનની માગણી કરવાની યાદશાકત તેજ પળે સતેજ કરી રામચંદ્રજીને વનવાસ અપાવ્યો તેજ પ્રમાણે કૈકેયી રૂપી કોઇ મનુષ્યે મારા પિતાશ્રીને અવળે રસ્તે દોર્યાં છે. અને મને વનવાસ કાંતે—ગર્ભવાસ અપાવશેજ, બ્હેન! મારા પ્રાણરક્ષક કોણ જાણે ક્યાં હશે? કેવી સ્થીતિમાં હશે? મને યાદ કરતા હશે? અરેરે! પણ તેમને મારી આ દશાની ભાગ્યેજ ખબર હશે.

તિલોત્તમાનું આવું આક્રંદ જોઇ વિજયા (તિલોત્તમાને શાંતી આપનાર યુવતીનું નામ વિજયા હતું) એ દિલગીર થઇ કહ્યું બ્હેન! હવે ધૈર્ય ધર્યા શિવાય અન્ય ઉપાય નથી. જળથી અગ્ની શાંત થાય છે. અંકુશથી મસ્ત ગજેન્દ્ર શાંત થાય છે. ઔષધિ આપવાથી વ્યાધિની શાંતી થાય છે. શઠ મનુષ્ય માનથી શાંત થાય છે માટે તારા દુઃખરૂપ અગ્નિને ધીરજરૂપ વારી સીંચી શાંતી પમાડ. રથ ચક્રની પેઠે 'સુખ પાછળ દુઃખ અને દુઃખ પાછળ સુખ' ફર્યાજ કરે છે. મનુષ્યને જ્ઞાન શકિત હોવાથી ત્યારે લાગણી થાય છે અને ન વર્ણાવી શકાય એવું કરણ કે જ્યારે પશુઓ મુગાં મુગાં સહન કરે છે મોટા મોટા રૂષી મુનીવરોને પણ સુખ દુઃખનો સત્કાર કરવા પડ્યા છે, તો આપણું શી ગણત્રીમાં!

सुखं वा यदि वा दुःखं प्रियं वा यदि वा प्रियं ।
प्राप्तं प्राप्त मनु भवेत् हृदयेना पराजित ॥

સુખ અથવા દુઃખ—પ્રિય અથવા અપ્રિય જેજે આવી પડે તેને. હૃદય વડે અનુભવ કરવો. કષ્ટાળવાથી દુઃખને બદલે

દુઃખ અને દુઃખને બદલે સુખ મળવાનું નથી પ્રારબ્ધ એ ડગલા આગળનું આગળજ છે. માટે સંકટમાંથી મુક્ત થવા યત્ન કરી માર્ગ શોધવો ”

આ પ્રમાણેનું વિજયાનું ભાષણ સાંભળી તિલોત્તમાએ શાંત થવા ઘણા પ્રયત્ન કર્યા પરંતુ તે બિચારીને દુઃખનો આ પહેલોજ અનુભવ હતો તેણે કહ્યું:—“ વિજયા ! તુ કહે છે તે યથાર્થ છે. પરંતુ મારા લગ્ન તે ગાંડા સાથે થશે તે ના સ્વપ્ને પણ નહીંજ બને. બસ હું તો આત્મ હત્યા કરવાનીજ. ” બન્નેજણ એકદમ કોઈનો દીર્ઘ નિઃશ્વાસ મુકવાનો અવાજ સાંભળી ચમક્યાં. તિલોત્તમાને નાના પ્રકારના વિચારો થવા લાગ્યા થોડીવાર સુધી બેમાંના એકે બોલ્યું નહીં. શાન્ત થઈ એક કાને સાંભળવા માંડ્યુ પણ કોઈનો પગરવ યા અવાજ પુનઃ સંભળાયો નહીં પછી વિજયાએ તેને અનેક પ્રકારના બોધ સાથે હિંમત આપવા માંડી. અત્યાર સુધી એક પુરૂષ જે આ સઘળી બીના સાંભળ્યા કરતો હતો તેનાથી નિઃશ્વાસ મુકાઈ ગયે પણ તે શ્વાસ તેઓના અજાણમાં ગયો. તેઓ વાતચીતમાં પાછી રોકાઈ. ઝાડીમાં પેલા છુપાએલા મનુષ્યના મુખમાંથી અચાનક શબ્દો નીકળવા લાગ્યા.

“ અહા ! ઈશ્વરે આટલું બધું ચક્ર ફેરવી નાંખ્યું છે ! મારા પિતાને અને આ રાજાને શત્રુતા હતી તે મને પણ યાદ નથી. વળી મારે માટે આ બીચારી બાળાના સુંદર શરીરને આટલું કષ્ટમાં નાખ્યું છે ! મારા જીવતરને ધીક્કાર છે કે મારે માટે આ નીરપરાધી અને સુશીલ બાળા આટલું અસહ્ય દુઃખ

સહન કરે છે. અને તે હું અટકાવી શક્યો નથી ”

એમ કહી તે એકદમ બંધ કરેલાં દ્વાર ખોલી નાંખી તીલોતમા અને વીજયાના સામો આવી ઉભો. તીલોતમાએ એકદમ ઓળખી જેમ અંધને લોચન પ્રાપ્ત થાય તેમ એકદમ તેને ગળે વળગી પડી. ધ્રુસકે રડવા માંડયું ઘણો વખત એ પ્રયોગ ચાલુ રહ્યો. તે વળગી તે વળગીજ છુટીજ નહી ! કેમે કરી છુટેજ નહી ! રૂદન મુકે નહીં ! પેલા પુરૂષને પણ અશ્રુ આવવા લાગ્યાં અને બોલ્યો. “ મુગ્ધે ! આ તારૂં રૂદન જોઈ મારી છાતી ચીરાઈ જાય છે. તું શાંત થા. સઘળી હકીકત મેં બહારથી સાંભળી છે. અને જો મારા અહીં આવ્યાની ખબર તારા પીતાને થશે તો મોટો અનર્થ થશે મને મારા દેહની તો દરકાર નથી. પણ તારી વીપત્તી જોઈ મારો હૃદયાગ્ની પ્રજવલીત થાય છે. વધતોજ જાય છે. તે શાંત થવો કઠીણ છે. જ્યાં સુધી તું શાંત નહી થાય ત્યાં સુધી તેજ અગ્નિમાં મારૂં હૃદય બળી ખાખ થઇ જશે ! હું ધારતો હતો કે હવે સુખનો વખત પાસે આવ્યો છે પરતુ અફસોસ ! મારા નસીબમાં સુખનો અંક લખતાં વિધાતા વીસરી ગયા છે મારા ભાગ્યમાં સુખ સરજાયું નથી, વહાલી પ્રિયે ! તુ મારી આશા છોડ અને તારા પિતાશ્રીના કહ્યા મુજબ વર્તિ સુખી થા ! હું તારા સુખના માર્ગમાં તને નડી કંટક રૂપ થઇ પડી રહેવા ———”

“ વહાલા ! આ તમારી અનર્થ વાતેનું પ્રયોજન શું ? આપના મુખમાંથી આવા કઠોર ભાષણ નીકળવા મેં સ્વપ્ને પણ

આશા રાખી નહોતી ! હાય ! શું હું તમને તજી અન્ય સાથે જીવતર જોડું ? કદી નહીં. મારા પ્રાણ જાયતો ભલે પણ તે નહીં થાય. નાથ ! મને છોડવાથી શું હું સુખી થઇશ ? એમ તમે માનો છો ! અદ્યાપિ અખીલ વિશ્વમાં જે કોઇ પણ વસ્તુને સુખકાર માની હોય તો તે આપજ છો. વ્હાલા આપને હું મારા પ્રાણ જીવન આધાર રૂપ માની વરી ચુકીછું તો તમને છોડવાથી– અન્યને વરવાથી શું મારા પ્રાણ આ નાશવંત ખોળીઆમાં રહેશે એવો તમને વિશ્વાસ છે? શું પ્રાણ ! આપની દાસીને હમેશને માટે ત્યાગ કરવાનો આપનો વિચાર છે જો તેમ હોય તો ભલે મારો ત્યાગ કરો. અને પછી આપના પ્રેમમાં અંધ થયલી તિલોત્તમાનું શું થાય છે તે જો જો ! "

તે બિચારી આગળ બોલી શકી નહીં ! તેનો કંઠ બંધ થઇ ગયો ! જીભ ચોંટવા લાગી ગળું રૂધાવા લાગ્યું ! પેલા પુરૂષની પણ તિલોત્તમાના તેના તરફ દ્દઢ પ્રેમના શબ્દો સાંભળી તેવી દશા થઇ. પણ મન જરા કઠણ કરી; તિલોત્તમાના અશ્રુ શ્રાવ લુછી નાંખતાં બોલ્યો. " મ્હારી હૃદય મંજરી ! હદ થઇ ગઇ. તારો ત્યાગ કદી નહીં કરૂં મારા મનમાં–તનમાં અને રોમ રોમમાં તુંજ વસેલી છે. જ્યાં સુધી આ દેહનો એક પણ અવયવ રહેશે ત્યાં સુધી તારો ત્યાગ નહીંજ કરૂં. પણ શું કરૂં ? લાચારછું ! મને પ્રથમ ખબર ન હોતી કે તારા પિતાને મારા મરહુમ પિતા જોડે દુસ્મનાવટ છે, અને હાલ તે મારા પ્રાણના ભુખ્યા થઇ રહ્યા છે મને પુનઃ અત્રે લાવવા માટે નાતમગદ જાસુસ પણ મોકલ્યો છે. મને ખબર નહોતી તે હાલજ થઇ

તો તેઓ ભવિષ્યમાં પણ તારો હાથ મને સોંપી સુખી થવાદે એમ બનવું અશકય છે."

**તિલોત્તમા**—પ્રાણપતિ શું હજું આપને મારે હાથ ઝાલવાનો બાકી છે? શું હું હજુ આપની થઇ ચુકી નથી? કહો મારા લગ્નમાં શી ન્યુનતા છે? નાથ! વિવાહ કરવો એતો માત્ર લોકાચાર છે. તે હવે પછી થાય યા નહીં પરંતુ જ્યાં સુધી આ દાસીના દેહમાં પ્રાણ રૂપી પોપટ ભરાઇ રહ્યો છે. ત્યાં સુધી તે તમારીજ છે તમે નક્કી માનજોકે આ હસ્ત પ્રીય અભય સીવાય અન્યના હાથમાં કદી જવાનો નથી. મારૂં તન મન, ધન, તમનેજ અર્પી ચુકીછું. હવે આપની મરજીમાં આવે તેમ કરો મને અત્યારે સાથે લ્યો, અને ચાલો અહીંથી નીકળી જઇએ અહીં રહેવું ઉચીત નથી."

આ પ્રમાણે વાત થતી હતી એટલામાં તિલોતમાની મા ત્યાં આવી સરદારને જોતાંજ તેના અંતઃકરણમાં કાંઇક ભય સાથે હીંમત આવી. ત્યા તેને દાખલ થતી જોઇ તીલોતમા શરમાઇ ગઇ નીચું જોઇ રહી. સરદારસીંહને કાંઇક ભયનો અંકુર સ્ફુર્યો તે રાણી સમજી ગઇ તરતજ તેણે કહ્યું—"સરદારસીંહ! તમે ગભરાશો નહીં! મારી પ્રીય પુત્રી તેનું જીવન તમારી સાથે જોડવા નિશ્ચય કરી રહી છે. માટે કોઇ પણ યોજના કરી તેને અહીંથી તમારી સાથે લઇ જવી પડશે. હાલ આજ તમે અહીં છુપા રહો અને કાલે આપણે એને માટે કોઇ પણ ઘાટ ઘડીશું." એમ કહી તેને છુપો રાખ્યો.

એક ક્ષત્રિ પુત્રને આવી રીતે શીઆળની માફક એક

ખુણે ભરાઇ રહેવું ઉચીત લાગ્યું નહીં પરંતુ તે તેની પ્રીયાને ખાતરજ !

બીજે દીવસે રાણીએ એક બ્રાહ્મણને બોલાવી છુપી રીતે તિલોતમા અને સરદારનાં ગંધ્રવ લગ્ન કરી દીધાં અને તે દીવસે રાત્રે તેઓને છુપી રીતે રવાના કર્યાં! અને તેજ ક્ષણે રાણીના પ્રેમી ચક્ષુમાંથી આંસુની ચોધાર છુટવા લાગી, તેણે તેને મંદ સ્વરે કહ્યું "સરદારસીંહ ! મારૂં જતન કરી જાળવેલા રત્નને સાચવજો. આપને વિશેષ કહેવું પડે તેમ નથી હવે એ મારૂં નહીં પણ તમારૂંજ છે એમજ સમજજો." એમ કહી તેણે અસીમ કલ્પાંત કરવા માંડયું.

"માતુશ્રી! આ વખતે રૂદન કરો નહીં. ઇશ્વરે આ વખત આણ્યો તે સહન કરવો જોઇએ એક ટેકને ખાતર અસહ્ય સંકટો આવે તે. પણ સ્હેવાં જોઇએ "સત્યનો બેલી પ્રભુ છે, માટે કલ્પાંત ન કરો" તીલોતમાએ દીલાસો આપ્યો.

**રાણી બોલી**--"મારી એકની એક પુત્રીને આવાં છુપાં લગ્ન કરી રાત્રીના સમયે વીદાય કરતાં મારૂં હૃદય ફાટી જાય છે-કાળજું ભેદાઇ જાય છે. હાય! દૈવ! તારે એમજ કરવું હતું તો પુત્રીનો જન્મ આપતાં પહેલાંજ નાશ કેમ ન કર્યો."

**સરદાર**--" આ સમય અમને રજા આપો ઇશ્વર સારો વખત લાવે એવી તેના પ્રતી પ્રાર્થના કરો. ગભરાઇને કલ્પાંત કરવાનું કારણ નથી હરીશ્ચંદ્ર, નળ આદી મહાન પુરૂષોને સંકટ આવી પડયું હતું તો આપણને આવે તો તે નવાઇ જેવું

નથી માટે શુભ આશીષ આપી વીદાય કરો. અને આ વીજયા ને પણ સાથે મોકલો. કારણ હજી મારે વનવાસમાં છુપા રહેવાના જરૂર છે જેથી તિલોત્તમા સાથે એક સ્ત્રી જોઇએ.

**વીંજયા**—હું મારી મેળેજ આવવા ખુશીછું મારી પ્રીય સખીનો વિયોગ હું સહન કરી શકીશ નહીં માટે હું પણ આવવા તૈયાર છું.

રાણીએ અશ્રુથી ભીંજાએલા નેત્રો સાથે ગદગદ કંઠે "ચારા યુષ્મિત" એવો આશીર્વાદ આપી તેમને વીદાય કર્યાં. અને મોતે મનને દ્રઢ કરી જાણે કાંઇ જાણતીજ ન હોય તેમ ગ્રહ કાર્યમાં પ્રવૃત થઇ,

અહા હા ! શુદ્ધ રાજપુતાણી ટેકને ખાતર આવા અસહ્ય સંકટ વેઠવામાં પણ સુખ માની લે છે. વિરાંગનાઓ ! ધન્ય છે તમારા ટેકને ! ધન્ય છ તમારા પાતવૃત ધર્મને ! વન્ય છે તમારી નીતિને ! ધન્ય છે તમારા દ્રઢ નિશ્ચયને ! ધન્ય છે તમારી શક્તિને ! તમારા જેવી પતીવ્રતા સ્ત્રીઓને હજારો ધન્ય છે !

વાંચકો ! તીલોતમાને તેના પતિ સાથે વનવાસ વળાવી હવે આપણે લગ્ન મંડપ તરફ ફરીએ.

રાજાએ તીલોતમાને ખબર કરી તરતજ મંડપ કરવામાં પોતાનું ધ્યાન લગાડયું અને પાછળ કહ્યા મુજબ રૈયત તેમજ સરકારી અમલદાર વર્ગને જોવાને એક સરખો લાભ મળે એવી ગોઠવણ કરી. મંડપ તૈયાર થયો હરીહરસીંગ રાજાના માણસોને પણ મુકામ આપવાનો મહેલ નકી કર્યો. તેને માટે શીધ્રુ

સામાન ઘોડા બળદ વીગેરેને માટે ઘાસ ચંદી વીગેરેનો પણ યથેચ્છ બંદોબસ્ત કર્યો.

લગ્નના મુહુર્તને દીવસે જાન આવી ઠેરવેલી જગોએ આવાસ આપ્યો અને લોકાચાર પ્રમાણે સર્વ વ્યવસ્થા કરી. રાત્રીના દશ વાગ્યાને સમયે હસ્તમેળાપ કરવાનુ ઉત્તમ ચોઘડીયું હોવાથી મંડપમાં રોશની કરી દીધી અનેક પ્રકારનાં હાંડી ઝુમ્મરમાં ભિન્ન ભિન્ન રંગોના પાણી સાથે તેલથી પુરેલા કાચના પ્યાલા મુકી દીધા. રોશનીનો ઝગઝગાટ થઇ રહ્યો, બરાબર સમયે વરરાજાની પધરામણી થઇ કન્યાને લાવવાની વરદી આપી ઘણો વખત થયો તો પણ કન્યા આવી નહી રાજાએ પોતે અંદર જઇ જોયું તો તિલોત્તમા ન મળે ! તરતજ રાણી પાસે જઇ જોયું તો તેને એકલીજ જોઇ પુછયું " કુંવરી કયાં છે ?" રાણી બોલી " ગાંડા કુમાર સાથે વરવા ઇચ્છા નહીં હોવાથી કાંઇ છુપાઇ તો નથી પેઠી ? અગર મરણને શરણ તો નથી થઇ ? કાંતો ઘર ત્યાગ કરીને તો નથી ગઇ ? નાથ ! તપાસ કરો " એમ કહી રાણીએ પણ તપાસ કરવા માંડી. પરંતુ તિલોત્તમા હોય ત્યારે જડે કની ? બહાર તો તલ પાપડ થઈ રહ્યા છે. બીચારો નવલુભા તો પરણવાની લતમાં લીન થઇ રહ્યો હતો, અત્યાર સુધી જેમ તેમ કરી તેને મૌન્ય રાખ્યો હતો તેનાથી હવે રહેવાયું નહીં. એકદમ બોલી ઉઠયો. " બાપા બાયડી લાવોની ! નહીં તો તમારી સાથે પરણાવો ? " આદી અનેક પ્રકારનાં ભાષણો કરવા લાગ્યો પ્રેક્ષક વર્ગ વિસ્મય થઈ ગયો કૃષ્ણસીંહથી બહાર નીકળાતું નથી.

'સાહે છછુંદરને મુખ સાપ, મરે તરત તે ગળતાં આપ;
થાય આંધળો તજતાં હાલ..............."

બીચારા મોતીશાનાં તો મોતીઆંજ મરી ગયાં! તેનું તો આવીજ બન્યું તેનું પોગળ પ્રકાશ થયું! હરાહરસીંડે એકદમ તલવાર ખેંચી કહ્યું "લાવ કન્યા કયાં છે? રૂપીઆ દોઢ લાખનું પાણી કરવા માગે છે?"

મોતીશાનો આનંદ ઉડી જઇ મર્ણ જવર આવ્યો. કૃષ્ણસીંડે બહાર આવી જોયુ સાંભળ્યુ ભેદ ફુટી ગયો! મોતીશાનું મસ્તક ધડથી જુદું થઇ પડયું.!!!



# પ્રકરણ ૧૯ મું.

## વિશુદ્ધ પ્રેમ.

'પ્રિયા ! શા સુખને માટે મારી સાથે જીવન જોડયું ? આવા નિર્જન્ય અઘોર અરણ્યમાં કમનશીબ હીણભાગી સાથે ગામડી રઝળી તારા સુકોમળ દેહને શા માટે દુઃખમાં દોટાવ્યું ? તને અહર્નીશ સુખ શાંતીભુવનમાં વસવાના, ઐશ્વર્યીક વસ્ત્રાલંકારો ધારણ કરવાના, મિષ્ટ અન્ન પ્રાસન કરવાના, અતી સુંવાળી મખમલની સ્વચ્છ શૈયામાં આરામ લેવાના બદલામાં આવુ અસહ્ય પરાકષ્ટ પામતી દેખી મારૂં હૃદય કંપી ઉઠે છે. તને દુઃખી કરનાર હુંજ હીણભાગી !"

"નહી, પ્યારા ! એ શું બોલો છો ? મને મોટા રમણીય ભુવન આપના સંયોગ શીવાય સ્મશાનવત્ લાગે છે, વળી વસ્ત્રાલંકારો શું કરવા છે ? આપની છાયારૂપ આભૂષણોએજ મારૂં શરીર દીપાવ્યું છે ! પ્રાણનાથ ! હું આપની સાથેજ રહેવાથી સુખી છું."

આ પ્રમાણે શોકગ્રસ્ત, વાદ વિવાદ કરતાં ત્રણ મનુષ્યો રાત્રીના પૂર્ણ તિમીરમાંથી રસ્તો કાપતાં ચાલ્યાં જાય છે, અમાવાસ્યાનો દીવસ હતો તેથી અંધારાનું તો પૂછવુંજ શું ? અને વળી તેઓએ રાત્રીના તીમીરને મળતાંજ તીમીરમય શ્યામવસ્ત્રો પહેર્યાં હતાં. એટલા માટે શારિરીક બ્યાન કરવું તે 'રાત

અધારી અને તલકાળાના જેવુંજ હતું, તેઓએ માત્ર ઇશ્વર ઉપર આધાર રાખી ચાલવા માંડયું. રાત્રી સમસમ બોલી રહી હતી, વાઘ વરૂ આદિ બીહામણા પશુઓના શબ્દો ગમે તેવા કઠણ હૈયાના મનુષ્યોને પણ કંપાવે તેવા હતા. કેટલેક દૂર ગયા પછી એક આમ્રના વિશાળવૃક્ષ તળે બેઠાં. ચાલવાથી શ્રમિત થવાથી તેમને નિંદ્રા આવવા માંડી જેથી બે જણાંને સુવાનું કહી એક જણ જાગતોજ તેમની પાસે બેઠો થોડા સમય પછી પેલા બેમાંથી એક નિંદ્રા મુકત થઇ તેમના રક્ષકને સુઇ જવાનું કહ્યું તેના મુખાર્વિંદ ઉપર શોકની છાયા છવાઇ રહી હતી, પરંતુ શ્રમિત થવાથી તે લગાર વાર સુઇ ગયો.

રાત્રી વ્યતિત થઇ ગઇ, અંધકાર નાશ પામ્યો, સવાર થયું, સૂર્યનાં સોનેરી કિરણો પથરાવા લાગ્યાં પક્ષીઓ માળામાંથી ઉડવા લાગ્યાં. પેલાં મનુષ્યોએ પુનઃ તેમની મહાયાત્રા શરૂ કરી ચાલતાં ચાલતાં તેઓ એક અમૂક જગ્યાએ આવ્યાં. આ સ્થળ ઘીચવૃક્ષોની ઘટાટોપથી ઘેરાયલું હતું તેની અંદર તેઓ દાખલ થયાં તેની મધ્યસ્થળમાં એક મકાન બાંધેલું હતું પણ તે સાધારણ સગવડવાળું હતું આ સ્થળનો ફક્ત સરદારસીંહ એકલોજ ભોમીઓ હતો, તેમાં તિલોત્તમા અને વિજયાને રાખી.

અહાહા ! પ્રેમના પાસમાં પકડાયલાં સ્ત્રી પુરૂષોનાં હૃદયો પોતાનાં પ્રેમીનુંજ ચિન્તવન કર્યા કરેછે. તેઓનાં અંતઃકરણો લોહચુંબકની ગતિની માફક એક બીજા તરફ આકર્ષાયા કરેછે, જ્યાં આગળ વિશુદ્ધ સ્નેહ સાંકળ ગુંથાએલી છે, ત્યાં આગળ

ઇશ્વિર પરોક્ષ છે. પ્રેમી મનુષ્યો પોતાનું સાર્થક પ્રેમના પરિચયમ જ સમજે છે. જડ પદાર્થો તેમજ ચૈતન્ય વસ્તુઓમાં પોતાનાં પ્રેમીનેજ નિહાળે છે. ઉભય એક બીજાના વિયોગથી શોકાગ્નિમાં ડૂબી જાય છે. અને પ્રેમી પાત્રને પોતાના જીવન સમાન ગણેછે. ભલે હજારો બલ્કે લાખો મનુષ્યોનું ટોળું હોય તેમાં પણ જેમ કોયલ આમ્ર વૃક્ષ ઉપર ઉડીને બેસેછે, તેમ પોતાનાં પ્રેમી ઉપરજ દ્રષ્ટી જઇ બેસેછે. અનેક પ્રકારનાં સુખ, વૈભવ, ભય, શોક, નિંદ્રા અને આહારનો ત્યાગ કરી પોતાના સ્નેહાત્માંની પાછળ પલાયન કરેછે, અને તેના સંયોગથીજ સુખી થાય છે જો કે પ્રસંગોપાત તેઓ કોઇ મોટા મોટા સુગંધીત પદાર્થોથી બહેક બહેક થઇ રહેલા રંગમહેલમાં વસે, અથવા કુબેરભંડારીની પેઠે અઢળક લક્ષ્મીના માલિક થાય તો પણ તેવા સ્થાનોમાં પોતાના પ્રેમીનો પ્રસંગ ન હોય તો સઘળું વ્યર્થ સમજેછે. એવી મહાન રંગભૂમિકાઓ પ્રેમીની પ્રતિમા વિના તેમને વિક્રાળ જનાવરોની ગુફાઓ જેવી ભાસેછે, વસ્ત્રાલંકારો, રંગબેરંગી આભૂષણો, કામોત્તેજક વસ્તુઓ તેમને ઝેરી વીંછી અને કાનખજુરા જેવાં લાગેછે. પરંતુ સ્નેહાર્દ મનુષ્યો અઘોર વેરાનમાં વસે, મિષ્ટ અનાજને બદલે ફળફૂલનો આહાર કરી કાળ વ્યતીત કરે—નિર્ગમન કરે, સુંદર વસ્ત્રને બદલે કદળી વૃક્ષનાં અને ભોજપત્રનાં વલ્કલ પહેરે, અને આભૂષણોને બદલે વનમાળા ધારણ કરે, મખમલની રજાઇઓને બદલે ધૂળ કાંકરા અને ખડબચડી જમીનના બીછાનાપર સુઇ રહે તોપણ તેઓ અપાર સુખ માની સંતોષથી રહેછે.

તિલોત્તમામાં પણ આ ગુણ સંપૂર્ણ હતો. જ્યારે જ્યારે

સરદાર તેનાથી વિખુટો થાય ત્યારે તે તેના નામનીજ માળા ફેરવતી તેની મનોહર છબીને તેનાં ચક્ષુ આગળથી ખસેડતી નહીં. પ્રિય વાચક! તને આવી વિશુદ્ધ, પવિત્ર, સ્નેહાળ બાળાપર પ્રેમ અને દયા ઉપજતા નથી? અને તેજ પ્રેમ અને સ્નેહની સાથે દયાની લાગણી થતી નથી? ના! થતીજ હશે.

સરદારસીંહ તેના સાબતીઓથી છૂટો પડયાને ઘણો વખત થઇ ગયો હતો તેમ તેના વાયદાસર તે આવી પહોંચ્યો નહોતો જેથી રાયસીંહે તેની તપાસ કરવા માંડી હતી ઘણી જગાએ છુપી તપાસ કરી પણ તેનો પત્તો લાગ્યો નહીં. નૌતમગઢમાં પણ તપાસ કરી તો ત્યાં પણ એ પ્રકારની સરદારસીંહની ન સાંભળી વાત, કે ન મળ્યું નિશાન ત્યાંથી તરતજ કનકપુર તરફ ગયો ત્યાં ભિક્ષુક બ્રાહ્મણના વેશમાં તપાસ કરવા માંડી ને રાજકન્યાની વરણી ઉપરથી સમજી ગયો કે અહીંથી રાજકન્યા અચાનક ગૂમ થઇ ગઇ. અને તે પણ જ્યારે હરિહરપુરના રાજાના કુંવરની સાથે લગ્ન થવાનાં તેજ દિવસે! માટે અહીં તે આવીને રહેવો જોઇએ. જેથી તેની આસપાસનાં સ્થળોમાં તપાસ ચલાવી તપાસ કરતાં કરતાં ચતુર્દિશા પરિક્રમણ કરતાં કરતાં તેજ સ્થળે આવી પહોંચ્યો.

આ વખતે સરદાર તિલોત્તમા અને વિજયાને સાથેથી રહેવાનું જણાવી તેના સાથીઓને તેના કરેલા વાયદા ઉપરાંત ઘણો વખત થઇ ગયેલ તેઓએ શું ધાર્યું હશે વા શું કર્યું હશે તે જાણવા સારૂ તેઓને મળવા જવા નીકળ્યો હતો એટલામાં રાયસીંહ તેને મળ્યો. રાયસીંહદ્વારા તેણે સઘળી હકીકત જાણી અને તેને તેની સાથે આણી તે સર્વને બોલાવ્યા.

## પ્રકરણ ૧૭ મું.

## તપસ્વી !

---

એક દિવસ સરદાર પોતાના અંતઃકરણમાં અનેક વિચારો કરતો કરતો ફરતો હતો, તેની મુખમુદ્રા ઉપરથી એમ ભાસતું હતું કે તેણે કોઈ મહત કાર્યનું બીજારોપણ કરવા ધાર્યું હતુ તેનો ચહેરો ગંભીર જણાતો હતો. વિચાર તરંગમાં ફરતાં ફરતાં તે એક વૃક્ષની તળે આવી ચડ્યો. આ વખતે તે એકલોજ હતો તેની નજર તે વૃક્ષના મૂળમાં પડી તો તેણે એક પથ્થર દીઠો, તરતજ તે પથ્થર ઉપાડી જોયું તો તેણે બીજો પથ્થર જોયો તેના ઉપર કાંઈ કોતરેલું હતું. તે વાંચ્યું તરતજ તેણે ત્યાંથી ચાલવા માંડ્યું. આશરે દોઢસો કદમ ચાલ્યા પછી પ્રથમના જેવુંજ વૃક્ષ તેણે જોયું. તેની ઉત્તર દીશા તરફ ચાર હાથ દૂર એક વ્હેંત જમીન ખોતરી તો ત્રણ ગજનો ચોરસ પથ્થર તેની દ્રષ્ટીએ પડ્યો, તેણે તે ઉપાડ્યો તો તેણે અંદર ઉતરવાના પગથીઆંવાળો રસ્તો જોયો ત્યાંથી ઉતર્યો તો એક ભોંયરામાં ગયો હોય તેમ તેને માલમ પડ્યું. તેની અંદર જતાં એક ઓરડો આવ્યો, તે ઉઘાડી અંદર ગયો તો ત્યાં એક તપસ્વીને દીઠા! હાથ જોડી, નમન કરી, તેમની સન્મુખ ઉભો, તપસ્વીએ ઉંચું જોયું અને સરદારને જોઇ બોલ્યા;

"તુ કોણ છે? અહીં શા માટે અને શી રીતે આવ્યો?

**સરદાર**—મહારાજ અહીંથી દોઢસો કદમ દુર એક વૃક્ષની તળેના પથ્થર ઉપરનું કોતર કામ વાંચી અહી આવ્યો છું જેમ આપ કહેશો તેમ કરવા કબુલ છું.

**તપસ્વી**—તે કામ ઘણું કઠિણ છે. તારી આટલી નાની વયમાં તારાથી તે બને તેમ નથી, મોટા મહારથીઓથી પણ તે થવું અશકય છે, માટે છાનોમાનો અહીથી ચાલ્યો જા.

**સરદાર**—મહારાજ મારી નાની વય છે પણ સીંહનું બચ્ચું ઘણું નાનું હોય છે પણ તેનાથી સર્વ પશુઓ ડરે છે; વિંછુનું બચ્ચું ઘણું નાનું હોય છે પણ ઘણુ ઝેરી હોય છે;

અગ્નિની એક ચીણગારી આખા વિશ્વને દહન કરવા શક્તિમાન છે. માટે મારી લઘુવય ઉપર આપ કાંઇ વિચાર ન કરતાં, આપની આજ્ઞા ફરમાવો; હું પણ ક્ષત્રાણીની કુખમાં પાકયોછું.

તપસ્વીએ તેનું શુરાતન, બોલવાની છટા અને ચાલાકી જોઈ કહ્યું “ તું આટલી હીંમત ધરાવે છે તો હુ તને કહુંછું.

અહીંથી ઘણોજ દુર શૈરન્ધ્ર દેશ છે, તે દેશ દક્ષિણ દીશામાં છે, ત્યાં એક શાન્તાવતી નામની દ્રીજ પુત્રી છે તેની, ઉમર આશરે વર્ષ ૧૨ એકની છે છતાં તે કુંવારીજ છે, તેને અહી લાવી આપવાની તારી શક્તિ હોય તો જા નહી તો હજુ પાછો જા.

આ સાંભળી સરદાર મોટા વીચારમાં પડયો “ આ તપસ્વી કોણ હશે ? અહી શા માટે તપ આદર્યું હશે ? તે બ્રહ્મકન્યાને અહીં શા માટે મંગાવતા હશે ? ” વિગેરે વિચારો ઉ

ત્પન્ન થયા " હશે ગમે તેમ અને ગમે તો હો પરંતુ મારી ફરજ મારે બજાવવીજ, આ દેહ ગૌ, બ્રાહ્મણ આદિના રક્ષણાર્થેજ જન્મેલું છે " અહો ઇશ્વર ! હું ધારૂછું કાંઈ અને થાય છે કાંઇ ! કાંઇ નહિં તું જે કરતો હશે તે સારૂંજ કરતો હશે, " એ પ્રમાણે વિચાર કરતો હતો એટલામાં તપસ્વી બોલ્યા.

" કેમ શું વિચાર કરે છે ? મેં પ્રથમથીજ તને કહ્યું હતુ કે તારાથી તે નહી બને ? છતાં તેં હઠ કરી મારી પાસે કહેવરાવ્યું. હશે જા તારી હીંમત ન ચાલતી હોય તો છાનોમાનો ચાલ્યો જા અહીની હરકત કોઇને કહેતો નહીં; જો કહેશે તો તને મોટો અનર્થ થશે. "

**સરદાર**—મહારાજ, આ દેહના સહસ્ત્ર કટકા થશે તોપણ હું આપનું કાર્ય કરીશ અને કરીશજ; જો તેમ કરતાં ફ્તેહ મેળવીશ તો નામ થશે અને મર્ણ પામીશ તો વૈકુંઠમાં જઇશ માટે મને શુભ આશીશ આપો હું અહીંથી આજેજ રવાના થઇશ અને થોડીજ મુદ્દતની અંદર આપને મળીશ.

તપસ્વીએ પોતાના તપનું બળ તેના ઉપર મુક્યું અને કહ્યું કે " તારાથી આ કાર્ય પુર્ણ થશે પરંતુ આ વાત અને આ ભેદ પ્રથમથી કોઇને જણાવતો નહી."

**સરદાર**—જેવી આજ્ઞા.

સરદારસીંહ તરતજ ત્યાંથી બહાર નીકળ્યો અને તેની પ્રિયાને પણ ન મળતાં, તરતજ એક ચાલાક તુરીપર સ્વાર થઇ દક્ષીણ દીશાનો રસ્તો લીધો.

તપસ્વી, નૌત્તમગઢમાં વસતા એક ગ્રહસ્થ પણ દશાના ચ-

ક્રને લીધી અધમ સ્થીતીમાં આવી ગયલા દ્વીજ કુટુંબનો બાળક હતો; તેની નાની વયમાં તેના માતાપિતા ગતાયુષી થયાં હતાં, તે વખતે તેની ઉમર માત્ર પાંચ વરસની હતી, તે તેના માતૃપક્ષમાં ઉછરી મોટો થયો હતો; સ્ત્રીઓનો સ્વભાવ કુદ્રતિથી જ ઇર્ષાવાળો હોય છે. તેથી કરીને નણુદના એક પુરા છોકરા ઉપર પણ મામીની અમીદ્રષ્ટિ નહોતી; તેની નાની વયને લીધે તે બિચારો કાંઇ સમજી શકતો નહોતો, જેમ તેમ કરતાં તેની અગીઆર વર્ષની ઉમર પુરી થઇ. તેને હવે મામી તરફનું કેટલું સુખ છે અને મામીનો તેનાપર કેટલો અને કેવો સ્નેહભાવ છે તે સમજવા લાગ્યો; મામીના કટુ વચનોનો પ્રહાર તેના અંતઃકરણને ચીરવા લાગ્યો; પણ શું કરે ! તે અનાથ હોવાથી જેમ તેમ કરી સહન કરતો. મામી તરફનું સુખ મામાને પણ કહેવાતું નહોતું; જો તેમ કરે તો વળી इदंत्रतीयम् જેવું થાય છે; અને જો કહેતો નથી તો મામીના મુખમાંથી નીકળતા અગ્નિની ઝવાળા જેવા શબ્દો સહેવાતા નથી ! બિચારાને વખતે અન્ન મળતુ અને વખતે કડાકોજ કરવો પડતો, પરંતુ તે સહન કરતો.

એક દીવસે તેને ભરનીંદ્રામાં સ્વપ્ન થયુ જાણે "કોઇ ૮ વર્ષની બાળા તેને વરમાળ આરોપવા આવી; તેણે તેનો ઇનકાર કર્યો; વળી તેણી લગાર દુર જઇ ફરી તેને બોલાવવા લાગી છતાં તે ત્યાં ગયો નહીં; એમ ચાર વખત તેણીએ સાન કરી બોલાવ્યો, પરંતુ તેને સંસારના રહસ્યનુ ભાન નહોતું, જેથી તેણે ગણકાર્યું નહી; જાણે તે બિચારી નીરાશ થઇ જવા લાગી તેજ

વખતે તે ઉઠયો અને તેની પાસે ગયો અને વરમાળ આ-રોપવા કહ્યું. પણ તે બાળા ગુસ્સામાં આવી જવાથી એકદમ ચાલી ગઇ! તેની પાછળ પાછળ જઇ ઘણા કાલાવાલા કર્યા પરંતુ તેણી તેના તરફ લક્ષ ન આપતાં ચાલી ગઇ! તે વિમા-સણમાં પડયો અને લક્ષ્મિ ચાંલ્લો કરવા આવી ત્યારે મોઢું ધોવા ગયા જેવું થઇ જવાથી ખેદ કરવા લાગ્યો. આંખોમાં પાણી ભરાઇ આવ્યું " એટલામાં તેની આંખ ઉઘડી ગઇ! ફના દેખાવ દુર થયો! તે ભારે અજાયબીમાં પડયો! અને સ્વપ્ન છે કે સાચુ! તે વિચાર ડુંગરપર ચઢી ગયો! સુતો વળી બેઠો થયો; આંખો ચોળી જોવા લાગ્યો એમ બે ત્રણ વખત કર્યું, પણ મામાનુ ઘર અને તેના સુવાના બિછાના શીવાય અન્ય કાંઇ નજરે પડયુ નહી, સ્વપ્નામાં જાણે તે કુંવરીએ તેને તેનુ નાગ દામ આપેલું હોય તેમ તેને એક ચોકસ નામ પણ યાદ આવી ગયું હતું.

હવે તેજ દીવસે સવારે એવો બનાવ બન્યો કે કોઇ કાર-ણુસર મામાને બહાર ગામ જવું પડયુ; અને મામી અને ભા-ણેજ બે જણ ઘેર રહ્યાં. વખત થતાં તે સ્નાન કરવા બેઠો પાણી ઘણું ઉષ્ણહોવાથી મામીને કહ્યું " મામી પાણી ઘણું ગરમ છે, માટે ઠંડુ પાણી થોડું આપો. "

**મામી**—હું કાંઇ તારી બાઇરી [illegible], કે ચાકર નથી, **શું તારા હાથ પગ ભાગી ગયા છે? [illegible] સાયબી અહીં નહીં ચાલે? ગમે તો રહે નહીં તો નીકળ બહાર! એટલો હુકમ કરવો હોય તો પરણી લાવ બાઇરી! અને તારા લાલાજીલે તેવી**

જોઇએ તો જા શૌરન્ધ્ર દેશમાં અને પરણ શાન્તાવતીને ?

આમ કહેવાનો મામીનો અર્થ તે બિચારાને અહીંથી કાઢવાનોજ હતો.

**ભાણેજ**—ભલાં મામી ! આમ શું બોલો છો ! હું આપને ક્યારે હુકમ કરૂં છું ! મારાથી લેવાય એમ નથી માટે જ મેં તમને કહ્યું ! અને વળી કર્મ સંયોગે મારાં માત પિતા મરણ પામ્યાં માટે આપના બોલો સહન કરૂં છું ! શું આપને મારા રંક ઉપર દયા નથી આવતી ? હરી ! હરી !

મામીએ તેના શોકમય શબ્દોપર લક્ષ આપ્યું નહીં તે બિચારો એમજ બેશી રહ્યો ! તેને માત પિતા યાદ આવ્યાં ! અને તેની સાથેજ નેત્રોમાંથી આંસુ વહેવા લાગ્યાં ! ગત રાત્રીએ થયલા સ્વપ્ન દર્શનનું ભાન થયું ! ત્યાંથી તે તેવીજ સ્થીતિમાંથી ઉઠી ચાલી નીકળ્યો "હવે ફરી ઘેર આવવું નથી જંગલમાં રહી મારા દીવસો પુરા કરીશ તે આ કાળ મુખ મામીના કઠોર શબ્દો કરતાં સો ગણે દરજ્જે સારૂં છે." એવો નિશ્ચય કરી તેણે ચાલવા માંડયું; એક અનાથ બાળકની તપાસ કોણ કરે ! કોઇએ પણ તેની તપાસ કરી નહી. તે એક સ્થળે આવી પહોચ્યો. ત્યાં તે એક વૃક્ષ તળે નિરાશ થઇ બેઠો. ત્યાં નજર કરતાં એક પથ્થર દીઠો તે ઉપાડયો તો અંદર રસ્તો જોયો; તેણે અંદર ઉતરી ચાલવા માંડયું; થોડેક દુર ગયો તો એક ઓરડો દીઠો ત્યાં તેણે કોઇ તપસ્વીનો કરેલો યજ્ઞ કુંડ પણ દીઠો; અને કેટલુંક સાહીત્ય પણ મળી આવ્યું અને તેની સાથે નાણાંથી ભરપુર એવા ચાર ચરૂ પણ જોયા ત્યાં રહી

તેણે તપ આદર્યું પ્રથમ જે રસ્તેથી ગયો હતો તે રસ્તો બરાબર બંધ કરી ઉપર બીજા પથ્થર પર કાંઇ કોતરી મુકયો, તે વાંચકની દ્રષ્ટિગોચર થવા માટે નીચે દર્શાવેલ છે.

"આ વૃક્ષ તળે મહોરના ચાર શીલબંધ ચરૂ છે, તે આ
"કોતર કામ વાળ પથ્થરની તળે ચાર હાથ ઉંડાઇમાં છે,
"પણ ખબરદાર! અહીંથી ૧૫૦ કદમ દુર એક બીજુ વૃક્ષ છે
"તે વૃક્ષની પાસે તેનાથી ચાર હાથ દુર ઉત્તર દીશામાં
"એક વેંત જમીન ખોદતાં એક ત્રણ ચોરસગજ પથ્થર મા-
"લુમ પડશે તે પથ્થર ઉપાડી તેની અંદર ઉતરવાથી ભોંયરૂં
"આવશે તેની અંદર એક ઓરડો છે તે ઓરડામાં એક પુરૂષ
"તપ કરે છે તેની રજા શિવાય તે પથ્થર ઉપાડશે તો દ્રવ્ય
"નહીં મલતાં મોટું જોખમ થશે; જેણે આ વાંચ્યું હોય તેણે
"ત્યાં જવાની હીંમત હોય અને તપસ્વીના કહ્યા મુજબ વ-
"ર્તાય એમ હોયતો ત્યાં જવું."

# પ્રકરણ ૧૮ મું.

## પાશ્ચાત વિચારો.

"હાય ! તેજ આ સ્થળ ! તેજ આ દરીયો ! તેજ આ રસ્તો ! તેજ આ બાગ ! તેજ આ મહેલ !" આ પ્રમાણે નિશ્વાસ નાખતી વિચારથી ભ્રમિત થયલી એક અબળા દરીયાકિનારે અમુક જગ્યાએ ઉભી ઉભી બડબડતી હતી. જે જગ્યાએ તે ઉભી હતી ત્યાં આગળ બળીગયલાં લાકડની રક્ષા, ઈંટો, નળીઆં, લોખંડના ખીંટા આદી નીરૂપયોગ વસ્તુઓ પડેલી હતી; તેણે ઉંડા નિઃશ્વાસ મુકી આગળ બોલવાનું શરૂ કર્યું.

"હાય ! પ્રભુ ! આજ સ્થળે એક સમયે અવર્ણનીય મહેલના અંતઃપુરમાં પલંગપર મારા પ્રીયતમ, સાથે બેસી મને આનંદ આપતા હતા તેજ સ્વામીએ મને આ દશામાં લાવી મુકી ! જે સૌભાગ્ય રક્ષકે મને સ્નેહ પુર્વક આલીંગન આપી, પ્રેમના મધુર ભાષણો રૂપી વૃષ્ટિથી નવરાવતા હતા તેજ પ્રિયતમે મારાપર ક્રોધાગ્નિનો વરસાદ વરસાવ્યો, જે પ્રાણનાથે મને અભય વચનો આપ્યાં હતાં તેમણેજ વિશ્વાસઘાત કર્યો ! જે વસ્તુ એક વખત અમૃતથી પણ મીષ્ટ લાગતી હતી તે ઝેર સમાન થઇ પડી ! સોભાગ્ય છત્ર ! શું આપને ખબર નહોતી કે હું એક દ્રઢ સ્નેહથી બંધાયલ છું ! શું આપ જાણતા નથી કે આપના શિવાય આ અવનીમાં મારા પ્રાણ ટકી શકે એમ નથી ! શું આપ અજાણ હતા કે સૃષ્ટિપરના તિમિરને પ્રકાશ આપ-

નાર જેમ સૂર્ય છે તેમ મારા હ્રદયમાંના અંધકારને પ્રકાશીત કરનાર આપ મારા સુર્ય છો ! નાથ! આપને આમ કરવું કેમ સુઝયું! **विश्वासो नैव कर्तव्यं स्त्रीषु राज कुलेषु च!** આ શ્લોકના ઉતરાર્ધ વાક્યને આ બનાવ ખોટું પાડે છે ! વિશ્વાસ કોનો ન કરવો તે આ પરથી જણાઇ આવે છે! શાસ્ત્રકારોએ સ્ત્રીનું નામજ બાપડીનું હલકુ પાડી દીધું છે; પણ ખરૂં જોતાંતો પુરૂષના હ્રદયજ પાષાણ રૂપ છે! અરે વિધાતા! મારાજ નશીબમાં તને આવો લેખ લખવાની સુઝ પડી ! હશે ! એમાં કોઇનો દોષ નથી પરંતુ મારા નશીબનોજ દોષ છે કહ્યું છે કે:—

**नदोषो दीयेते आत्मा नदोषो दीयते परा ।**
**नदोषो दीयते स्वामि कर्म दोषोही दियते ॥**

આત્માનો દોષ નથી! કોઇ અન્ય મનુષ્યનો દોષ નથી! સ્વામીનો પણ દોષ કાઢવો નહી! માતપિતા, સગાં સહોદરનેપણ દોષ દેવો નહીં! ફક્ત પોતાના કર્મનોજ દોષ છે એમ માની લેવું હાય! પ્રભુ! મેં એવાં શાં કર્મ કર્યા હશે તે મને આવું કષ્ટ! શું મે કોઇની જુઠી સાક્ષી પુરી હશે! શું મેં કોઇનું ઘર ભાગ્યું હશે! શું મેં ધાવતાં બાળ વછોડયાં હશે! શું મે વહેતી નીકે પગ દીધો હશે! શું મેં કોઇને જુઠાં કલંક ચઢાવ્યાં હશે! શું હું કોઇ દીવસ જુઠું બોલી હશે! શું મેં કોઇના નીશાશા લીધા હશે! શું મેં ગૌ, બ્રાહ્મણના તીરસ્કાર કર્યા હશે! શું કોઇ પણ પુન્યમાર્ગમાં આડી જીભ કરી હશે! અરે પ્રભુ!

આ જન્મમાં મેં કોઇ દીવસ પતિવ્રતનો ભંગ કર્યો નથી! મે કોઇના પેટ ઉપર પગ દીધો નથી! છતાં મને આવું દુઃખ!"

આ પ્રમાણે બોલતાં બોલતાં તેની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં, તેના દીલનો ભાર ઓછો કરવા તેણે ડુસકા મુકી રડી દીધું. કેટલીક વાર રડયા પછી "શાન્તીનો બદલો ઇશ્વર આપશેજ" એમ મનવાળી એની મેળે શાન્ત થઇ—છાની રહી. "દમયંતી, દ્રૌપદી, સીતા, તારામતી આદી અનેક પવીત્ર સ્ત્રીઓને દુઃખ આવ્યું છે તો હું શી ગણત્રીમાં! અનેક સંકટોમાં સત્યને વળગી રહ્યાં તો આખરે તેમનો જય થયો તેવી રીતે ઇશ્વર મારી પણ અરજ સાંભળી મને સહાય કરશેજ અને આશા સફળ કરશેજ"—આ પ્રમાણે પોતાના મનનું સમાધાન કરી; ઇશ્વર ઉપર આધાર રાખી હીંમત ધરી તે આગળ ચાલી.

અહાહા! આવા સંકટમાં પણ પવીત્ર સ્ત્રીઓ પોતાના પતીનુંજ સ્તવન કરે છે. પતિ એજ જીવન, પતિ એજ પ્રભુ, પતિ એજ પોતાનું તનમન ધન છે. એમ પોતાના ખરા અંતઃકરણથી દ્રઢ નિશ્ચયથી ગણે છે, સદાચારથી વર્તે છે, ધન્ય છે તારા પતિ પ્રતી પ્રેમને! ધન્ય છે તારી શીયળતાને! ધન્ય છે તારી હીંમતને! તને હજારોવાર ધન્ય છે! આ પ્રમાણે દુઃખમાં પણ પતિનું હીત ચહાનારી, પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થનાર, પતિનેજ જીવન જાણનાર, પતિની સેવા કરનાર, પતિને નિરંતર આનંદમાં રાખવા તત્પર થનાર, સદાચારથી વર્તનાર અને પતિનીજ મરજી પ્રમાણે ચાલનાર સ્ત્રીઓની આ ગુર્જર દેશમાં દીન પ્રતિદીન વૃદ્ધિ થાઓ!

# પ્રકરણ ૧૯ મું.

## વિણા.

---

આસો સુદી પૂર્ણીમાની નિર્મળ રાત્રી છે, ચંદ્રમા પૂર્ણ કળામાં પ્રકાશી રહ્યા છે, જાણે રૂપેરી પિછોડી પૃથ્વીપર બિછાવી દીધી હોયની ! તેમ આખી વસુંધરા સફેદ પૂણી જેવી દેદીપ્યમાન દેખાય છે, શીતળ પવનની ઠંડી લહેરીવાય છે; આકાશ નિર્મળ થઇ ગયું છે; તારાઓ ચંદ્રના તેજમાં મળી ગયા છે; આછા આછા માલુમ પડે છે; નવરાત્રી મહોત્સવ ચાલુ હોવાથી કેટલેક સ્થળે માતાજીના ગરબા ગવાયે છે, દેવળમાં ચંદની ખેલવા બિરાજેલા દેવોને ધીમે ધીમે શયન કરાવવાની તૈયારી થઇ રહી છે, ઉત્સવનો દીવસ હોવાથી રાત્રીના બાર વાગ્યા સુધી પણ રસ્તાપર માણસો જતાં આવતાં નજરે પડે છે; કેટલેક સ્થળે નાચ, રંગ ગમતો થઇ રહી છે; કેટલેક ઠેકાણે ઇશ્વર સ્તવન થઇ રહ્યું છે; એક તારી તંબુરા અને નાની નાની ચંગડીઓ સાથે મીરાંબાઇ નરસીંહ મહેતા વિગેરે પ્રભુના લાડીલા ભક્તોનાં ભજનો ગવાઈ રહ્યાં છે; દરેક ઠેકાણે સુખ શાન્તી પ્રસરી રહી છે; આ સમયે એક તરૂણ સ્ત્રી, સફેદ વસ્ત્ર ધારણ કરી; હાથમાં વિણાજંત્ર લઇ, ઉદ્યાનની પાસે આવેલા એક દેવાલયની પાછળના ચુનાકચી ધાબામાં બેઠી છે; વિણાના તારોનો એકત્ર સુર મેળવે છે; સુરો મેળવતાં, મેળવતાં બે ઘડી વખત વીતી ગયો; વિણાના તારો બરાબર સુરમાં મળી ગયા. આ વ-

ખતે દરેક ઠેકાણે શાંતી વ્યાપી ગઇ હતી, દરેક મનુષ્યો ઉપર નિંદ્રા દેવીએ પુરો અમલ બજાવ્યો હતો.

જેમ ગંગાજીએ સંતનું રાજાના બાગમાં જઇ વીણાજંત્ર વગાડી રાજાને વશ કરી લીધો હતો, તેજ પ્રમાણે આ સ્ત્રીની ધારણા પણ કોઇ પુરૂષને વિહવળ કરવાની તેને મોહીત કરવાની હતી અહાહા ! વાજીંત્ર અને ગાન એ એવું વશીકરણ છે કે જેના ઝપાટામાંથી મોટા રૂષી મુનીઓ જેઓએ હજારો વર્ષ તપ કરી દેહને મહાકષ્ટ આપ્યું હતું, મોટા સમાધિષ્ટો જેમણે અનેક વર્ષ સુધી તેમની જીંદગી સમાધિમાં ગાળી હતી તેઓ પણ બચવા પામ્યા નથી તે પ્રમાણે આ સ્ત્રીના ગાયનથી જેને વિહ્વલ કરવા ઇચ્છતી હતી તેમાં તે ફતેહમંદ થઇ. જેમ વિ- ષધર મહુવર સાંભળી ગુલતાન થાય છે જેમ કુરંગ ઝાંઝર સાં- ભળી તલ્લીન થઇ પ્રાણ ખુવે છે તેમ આ પુરૂષને આ મોહિત વિણાના તારે અને વિણાધારીણીના કોકિલ જેવા કંઠે વ્યાકુળ કરી દીધો. તેને ચિતમાં ચટપટી થવા લાગી તેનું વિસ્મર્ણ ક- રવા અનેક ઉપાય કર્યા પરંતુ વિણાના તારના અને મધુર કંઠના એકત્ર અવાજે તેનું ચીત ચકડોળે ચડાવી દીધું. તે પલંગપરથી ઉઠયો, બારી પાસે જઇ જે દિશામાંથી અવાજ આવતો હતો, તેજ દિશામાં એકી ટશે જોતો ઉભો રહ્યો. જુદા જુદા રાગ- રાગણીના ગાયનો માળાના મણકાની પેઠે એક પછી એક ગ- વાવાં લાગ્યા. શૃંગાર રસના ગાયન પણ તે વિણાધારીણીએ ગાયાં. પેલા પુરૂષથી અંતે નજ રહેવાયું. અને તેની પદવીની મર્યાદા છોડી જે સ્થળેથી આ સ્વર આવતો હતો ત્યાં જવાનો

વિચાર કરી બહાર નીકળ્યો.

આ વખતે તેના પુર્ણ સુભાગ્યે તેની સ્ત્રી (!) ભરનિંદ્રામાં પડેલી હતી "રખેને બારણા ખખડવાથી તે જાગી ઉઠશે." એવી ધાસ્તીને લીધે બારણુ ઘણું ધીમેથી ખોલ્યું. વાહ! પ્રભુ! એક મહત્ પદવીનો ધણી કે જેની ધાસ્તીમાં આખા મુલકની રૈયત રહેતી તેને અત્યારે એક સ્ત્રીની બીક લાગે છે, અકળકળા ઇશ્વરની!

ઘણીજ ચાલાકીથી અને ધીમેથી બારણું ઉઘાડી તે ત્યાંથી ચાલી ગયો અને જે સ્થાનકેથી વીણાનો અવાજ આવતો હતો તેજ દેવાલયના પ્રવેશ દ્વાર આગળ આવ્યો. "અંદર જવું કે નહી? ગાનાર કોણ હશે? રખેને મને ઓળખશે?" આદી અનેક વિચારો તેને આવ્યા "અંદર પ્રવેશ નથીજ કરવો." એવો વિચાર થવાથી પાછો વળ્યો. વળી થોડેક દુર જઇ પાછો આવ્યો. આ પ્રમાણે તેને વિચાર વંટોળીએ ભમાવ્યો. એક પાસેથી વીણામાંથી નીકળતા મધુર અવાજે અને બીજી પાસેથી "રખેને તે જાગ્રત થશે તો વળી નવાજુની થશે." એ ધાસ્તીએ તેને જડ બનાવી મુકયો. અને આખરે તેનાથી ન રહેવાયું—દેવળ પાસે ગયો—દ્વાર ખોલ્યું—અંદર દાખલ થયો. તેને જોતાંજ વીણા ધારીણીએ વીણા હેઠળ મુકી સવીનય આસન આપી બેસાડયો. આ સ્ત્રીને જોતાંજ તેની મુખ મુદ્રા ઉપરથી તે કાંઇક વિસ્મય થયો હોય એમ જણાયું કાંઇક બોલવા જતો હતો. પણ એકદમ જીભને અચકાવી રાખી થોડીવાર પછી તેના ચ્હેરાનો રંગ બદલાયો કાંઇક શોકના અંકુર સ્ફુર્યા હોય એમ

દેખાયું. રાજાની આવી સ્થીતિ હતી તેજ પળે પેલી વીણા ધારીણીના દ્દઢ વિચારોએ તેને ઉશ્કેરણી આપી. તેના મનમાં આનંદ ઉછળી રહ્યો. પણ તે આનંદ તેણે ત્યાંજ સમાવી દીધો. પેલા પુરૂષે બોલવાનું શરૂ કર્યું:—

"અહો ! વિણાધારીણી ! આપ કોણ છો ? અને આવી ખીલતી વયમાં આવી સ્થીતિ શા માટે ભોગવવી પડે છે ? આવી સુકામળ કાયાને શા માટે દગ્ધવી પડે છે ? એટલી બધી શું આફત આવી પડી છે ?"

વિણાધારીણીએ નિસ્પૃહતાપણે જવાબ દીધો. "આપ કોણ છો તે હું જાણી ગઇ છું. આપ આ નગ્રના તેમજ અન્ય દેશના અધિપતી છો હું આપની રૈયતમાંની એક છું. મારો ઇતીહાસ હું આપને ટુંકમાં જણાવું છું તે સાંભળો:

હું એક કુલીન કુળની કન્યા છું મારૂં લગ્ન એક કહેવાતા તેમજ દુનિયાની દ્રષ્ટીએ દેખાતા શ્રીમંત સાથે થયું હતું જ્યારથી મારૂં લગ્ન થયું ત્યારથીજ હું શ્વસુર પક્ષમાં રહેવા લાગી, કારણ મને પુખ્તવયે પરણાવેલી હતી, કેટલોક વખત સલાહ સંતોષમાં ગુજાર્યો, સમય ચક્ર ફરતાં પતિ નીચ વેસ્યાના સંગમાં પડ્યા, અને તેજ ફંદમાં ફસાવાથી તેમના અંતઃકરણ ઉપર દુષ્ટતાનો પટ બેઠો એક દિવસના સમાયોગે મેં મારી સ્ત્રીની પતિપ્રતિ વર્તણુકને અનુસરીને બે વચનો કહ્યાં, જેથી પતિએ ગુસ્સે થઇ મને આ ફના દુનિયામાંથી મુક્ત કરવા દુષ્ટ ઉપાય યોજ્યો. પરંતુ મારા કર્મ સંયોગે તેમ થયું નહી, હું બચવા પામી— જીવતી રહી ત્યાર પછી દુનિયામાંથી વિરક્ત થવા અને વૈરાગ્ય

ધારણ કરવા વિચારો દૃઢ થયા. મેં વિચાર્યું કે આ ઝાંઝવાના નીર જેવી ક્ષણ ભંગુર દુનિયામાં કોઇ કોઇનું સગું નથી. સત્યતાએ વેર બાંધ્યું. અસત્યતાએ પ્રધાનપદ લીધું વીગેરે અનેક વિચાર તરંગોએ, ઇશ્વર તરફના પ્રેમે અને સાચો સ્નેહી મળ્યો નહીં. અને મળશે પણ નહીં એવા વિચારે મારૂં મન દુનિયામાંથી વિરક્ત કરી નાંખ્યું. અને હાલ આવા વેષમાં રહું છું.

એમ કહેતાં તેનાં લોચન બાષ્પ દુષીત થયાં. પણ તે રાજાની દ્રષ્ટી ગોચર થાય નહીં તેટલા માટે આડું ભાળ્યું.

**રાજા**—" અરેરે ! એવો દુષ્ટાત્મા કોણ હશે કે જેણે આવી લાવણ્યમયી પતિવ્રતા અર્ધાંગનાનો વગર વિચારે સાહસ કરી વિયોગ કર્યો ? " રાજા અંતઃકરણમાં મનન કરવા લાગ્યો, " પ્રભુ ! આવું રત્ન જો મને મળ્યું હોત તો મારૂં કેવું મહદ્ ભાગ્ય ગણાત ! "

**વીણાધારીણી**—તેના અંતઃકરણનાવિકારો પામી ગઇ હોય તેમ બોલી—" મહારાજ આપના તરફ મારૂં કુદરતી અંતઃકરણ ખેંચાય છે. આજ સુધી મારો દૃઢ નિશ્ચય હતો કે કોઇ પણ પુરૂષ સાથે સમાગમ રાખવો નહીં. પરંતુ આપ અચાનક અહીં આવી ચડયા જેથી હું મારાં અહોભાગ્ય માનું છું.

રાજા બોલ્યો " શું આપનું અંતઃકરણ મારા તરફ આકર્ષાય છે ? આપ જો મારી સાથે રહો તો મારી દેહને કૃતાર્થ થઇ ગણીશ. "

**વીણાધારીણી**—ક્ષમા કરશો વિચાર તો એવોજ થયો હતો પરંતુ હાય ! મારા સાંભળવામાં આવ્યું છે કે આપે પણ

આપના હાથેજ આપની સ્ત્રીને મૃત્યુના મુખમાં સોંપી દીધી છે

**રાજા**—તમારા ધારવામાં ભૂલ છે. જો કે તે મારા સ્વભાવથી વિરૂદ્ધ હતી જેથી મેં તેને જુદો આવાશ રહેવા આપ્યો હતો. પરંતુ અકસ્માતને લીધે તેજ મહેલમાં અગ્નિ થવાથી તે મરણ પામી તેમાં મારો શું દોષ ?" પોતાની સત્યતા પ્રગટ કરવાથી રાજાએ વાત ઉડાવી.

**વિણાધારીણી**—તે ગમે તે હોય પણ લોક ચર્ચા એમ ચાલે છે. પરંતુ હું આપની સાથે ફક્ત નિર્મળ પ્રેમથીજ રહીશ.

**રાજા**—અતિ ઉપકાર.

એમ કહી કુરસીંહ તરતજ ત્યાંથી ઉઠયો અને મહેલમાં ગયો સદ્‌ભાગ્યે તારા પ્રથમના જેવીજ સ્થીતિમાં હતી. રાજાએ શયન કર્યું. પરંતુ નિંદ્રાદેવીએ યત્કીંચીત પણ દયા કરી નહિ તે જાગ્રત અવસ્થામાં પડી રહ્યો. વીણા ધારીણીનું રૂપ, મૃદુતા, લાવણ્યતા, વીણા વગાડવાની છટા, અને કંઠની મીઠાશ તેના ચક્ષુ સમીપ તરવા લાગ્યાં; આ વખતે રાત્રીના બે વાગ્યા હતા, કેટલીક વાર પછી તેને ઉંઘ આવી અને વિચાર તંત્ર ઉડી ગયું ! રાત્રી વીતી ગઇ, સવાર થયું, આકાશ લાલ દેખાવા લાગ્યું; રાજા એકદમ જાગી ઉઠયો; અને વિણાધારીણીને રાખવા બંદોબસ્ત કરી તે તેની પાસે ગયો અને તે વિણાધારીણીને તૈયાર કરી રાખેલા મકાનમાં રાખી.

## પ્રકરણ ૨૦ મું.

### બેવફા તારા !

**नदीनां नखीनां शस्त्र पाणीनां श्रृंगीनां तथा ।**
**विश्वासो नैव कर्तव्यं स्त्रीषुराज कुलेषुच ॥**

આપણે ત્રીજા પ્રકરણમાં વાંચી ગયા છીએ કે લક્ષ્મીનાં લગ્ન તારાના ભાઇ સાથે કરવામાં રાજાના પાસા અવળા પડયા અને લક્ષ્મી એકાએક કારાગ્રહમાંથી ગુમ થઇ; ત્યાર પછી થોડેક દીવસે કાલુખાં પણ મરણને શરણ થયો; અને હમણાં રાજા વળી એક વિદ્યાધારીણીના પ્રેમમાં પડયો; ત્યારથી તારાના વિચારો કેવળ બદલાઇ ગયા, રાજા ઉપરથી તેનો પ્રેમ ઉડી ગયો, અને કોઇ પણ પ્રકારે રાજાનું કાસળ કાઢવા યુકિતઓ શોધવા મંડી; સ્ત્રી એ એક એવી અજબ ચીજ છે કે જેને માટે કોઇ પ્રકારનો નિશ્ચય બંધાઇ શકતો નથી, સેંકડો સ્ત્રીઓમાં કવચીતજ એકજ પતિવૃતા, વિશ્વાસુ, નિર્મળ વિશુદ્ધ પ્રેમવાળી, સત્ય બોલનારી સ્ત્રી મળી આવશે; તેનો સ્નેહ પતંગી રંગ જેવો છે; તેનો પ્રેમ મેઘ ધનૂષ્યના ચિત્ર વિચીત્ર રંગના જેવો છે, તેનો સ્નેહ શ્રાવણની જળમય વાદળીના જેવો છે; કમળના પત્રપર જળબીંદુ જેમ ઘણો વખત ટકી શકતું નથી તેમ તેનો સ્નેહ ઉડી જતાં વાર લાગતી નથી, તેના અંતઃકરણમાં સ્નેહનો પટ ફકત કેળના કુમળા પત્રના જેવો છે, તેનો પ્યાર માત્ર સમીપનો

જ છે, દ્રવ્ય અને સૌન્દર્યતાનીજ તેઓ સગી છે; આકાશમાંના બદલાતા રંગોની પેઠે તેનો સ્નેહ બદલાતાં વાર લાગતી નથી, તેના સન્મુખ જે પુરૂષ જશે તેના ઉપર તે અસીમ પ્રેમનો વરસાદ વરસાવશે; આજે એક ઉપર જેવો પ્રેમ બતાવશે તેવોજ સ્નેહ કાલે અન્ય ઉપર દર્શાવશે; જે જે પુરૂષો તેના સમાગમમાં આવશે તેઓના ઉપર તાત્કાળ પ્રાણ પાથરશે, મૃદુ ભાષણથી, અને મીઠી વાણીથી વાત કરશે, અને અનેક પ્રકારના હાવભાવો કરશે. પ્રથમ કોઇ પણ પ્રકારની વસ્તુ અથવા દ્રવ્ય લેવાની ચોખ્ખી ના પાડશે, અને ફક્ત તે સ્નેહનીજ ભુખી છે એમ બતાવશે, અને પોતાની જાળ બરાબર રચી ઉંદરની માફક ફુંકી ફુંકીને ખાશે, હર હમેશ તે તેનીજ છે એમ બતાવશે પણ તેના અંતઃકરણથી તે તેની નથીજ ! માત્ર ઉપરથીજ તે તેની છે એવો નાટકી દેખાવ આપે છે, અનેક પ્રતિજ્ઞાઓ કરશે પણ સઘળું વ્યર્થ ! જ્યારે પુરૂષ પાસેથી મળતર ઓછું થશે કે તેના તરફથી પ્રેમ કમી કરશે અને અન્ય મળતાંજ તેના પ્રતીતે તેવોજ પ્રેમ દર્શાવશે, પ્રથમના જેવીજ વાત તેવોજ હાવભાવ કરશે, નર પશુ છેતરાશે, તેનું અંતઃકરણ તેને છેતરશે, તેના વિયોગમાં તેનું દીલ બળ્યા કરશે. તેનો સ્નેહ, મૃદુ ભાષણ તેના હાવભાવ આદી તેની નજર આગળ ખડા થશે, તેમ તેમ તે બિચારો બ્હાવરો થઇ જશે, સંસારની માયા તજી પોતાની પ્રિયાને મળવા ટળવળ્યા કરશે, આબરૂ, લજ્જા, માન, અપમાન, દ્રવ્ય હાની, માતા પીતા, સગાં, સહોદર, મિત્ર સઘળાંને શત્રુ-વત્ માનશે, અને એમ થતાં જો તેને તે નહીં દેખે તો—તેનો

મેળાપ નહીં થાય તો જીવતરને ધિક્કારશે—વૃથા સમજશે, તે તેનાજ નામની માળા જપશે, તેનામાંજ લીન થઈ જશે, મનને પરોક્ષ કરશે; પણ તે મુંઢ સમજશે નહીં કે જેને માટે હું આ-ટલું કષ્ટ સહન કરૂં છું તે તો અન્ય સાથેજ મઝા ઉડાવતી હશે! વિચાર શીળ, ડાહ્યા પુરૂષોએ પરસ્ત્રીના મોહમાં ફસાવું નહીં, પોતાનીજ ગણીને તેનો વિશ્વાસ કરવો નહીં, તે સ્ત્રી ફક્ત દ્રવ્ય, સૌન્દર્યતા, સુખ વૈભવનેજ ચહાનારી છે, પરસ્ત્રીના મોહમાં રાવણ—લંકાધીશ જેવા મહાબળીષ્ટ રાજાઓના પ્રાણ ગયા! કેયા કીચક જેવાઓનો નાશ થયો! કૌરવ જેવા બળીયા રાજા કે જેને અઢાર ક્ષોણી સૈન્યા હતી તેમનો પણ નાશ થયો; અને શ્રીકૃષ્ણ પરમાત્મા જેવાને પણ વ્યભિચારનો દોષ લાગ્યો. **नारी प्रत्यक्ष राक्षसी।** ખરેખર ! તે રાક્ષસીજ છે, રાક્ષસના પંઝામાં આવેલ બચવા પામતું નથી તેમજ તેની જાળમાંથી કોઇ બચ્યુ નથી, માટે એવા ફના સ્નેહમાં પડવુંજ નહીં.

તારા યુક્તિ પ્રયુક્તિ કરી મનની મુરાદ બર લાવવા વખત શોધવા લાગી, જોકે રાજા વિણાધારીણીના મોહમાં પડયો હતો પણ તે તારાની પાસેજ ઘણો વખત રહેતો; રાત્રીએ પણ તારા તેને ખસવા દેતી નહોતી, રાજાને અહીં રહેવાનું કંટક જેવું લાગતું હતું પણ શું કરે ! નીરૂપાય હતો; તેને ધાસ્તી એમ રહેતી હતી કે “ રખેને પેલી વિણાધારીણીની ખબર તેને પડી જાય ! અને જો તેને ખબર પડે તો જીવને જોખમ પણ થાય! તેટલા માટે તે તેના કહ્યા મુજબ વીના દીલાજે કરતો, તારાને એ બાબતની ખબર તો થઇ હતીજ, પણ તે રાજાને તેના વિષે

કાંઇ પુછપરછ કરતી નહિ; તારાને અન્ય સરદાર તરફથી સબળ મદદ મળી હતી; તે સરદાર તારાના મોહમાં પડયો હતો, તે શરીરે મજબુત, દેખાવમાં અતી સુંદર હતો, રાજાના કરતાં સૌન્દર્યતામાં અધીક હતો, તેથી તારા પણ તેની જાત પ્રમાણે તેનાપર લટી પડી! પેલા સરદારે તારાને રાત્રીના સમયમાં નિદ્રાવસ્થામાંજ રાજાનુ ખુન કરવાની યુકિત બતાવી હતી, તારા તેવોજ વખત ખોળ્યા કરતી હતી; એક દીવસ તેને વખત મળી આવ્યો, રાજા ભર નિંદ્રામાં પડયો હતો, તારા એક ચળકતી શીરોઇ કટાર હાથમાં લઇ રાજાની છાતીમાં એકદમ ધા લગાવવાનો નિશ્ચય કરી, સુતેલા કુરસીંહ તરફ આસ્તે આસ્તે જવા લાગી, તે કઠોર હૃદયની સ્ત્રી ગઈ! જરાક થોભી! તેના પગ પાછા પડયા! ધ્રુજવા લાગી! પાછી વળી! જાણે નિશ્ચયપર આવી હોય તેમ પાછી ગઇ! ઉંચો હાથ કરી જેવો રાજાની છાતીપર ધા કરવા જાય છે તેવોજ તેનો ઉપડેલો હાથ પાછળથી કોઇએ ઝાલ્યો! ઝાલનારે બુમ પાડી " દગો! દગો!"

રાજા એકદમ જાગી ઉઠયો, જુવે છે તો તારાના હાથમાં એક તિક્ષણ કટાર દીઠી! તારાના હાથ ઝાલનારને વિણાધારીણી તરીકે ઓળખી! તારાએ એકદમ પાછા ફરી તેણીને મારવા ઘણો પ્રયત્ન કર્યો! પણ તે ચાલાક સ્ત્રીએ તારાના હાથમાંથી કટાર છીનવી લઇ તેના કાળજામાં ભોંકી દીધી! તારાનો દુષ્ટાત્મા યમ પુરીમાં ગયો!!

"અરે! આ શું! ઓ પ્રભુ! આતે હું સ્વપ્ન જોઉંછુ કે જાગ્રતછું! જો જે બનાવ હું જોઉંછું તે સત્ય ન હોયતો હું—

સ્વપ્નજ નિહાળતો હોઉતો મને જાગૃતાવસ્થામાં લાવીશ નહિં! ઓ વિણાધારીણી તમે કોણ છો ? સત્ય પ્રકાશ કરો!

મને—વિણાધારીણી મારા નૌત્તમગઢના નાયક! તમે જે ધારો છો તે સત્ય હશે; પરંતુ હવે હું તે અવસ્થાનો ઉપભોગ કરવા ઇચ્છતી નથી.

**રાજા**—મારા મનની શંકા સત્ય હોયતો ઓ વિણાધારીણી! મને મારા પાપ કર્મનો બદલો હમણાંજ મળત, અને મળી ચુકયો છે. મારી પ્રાણસક્ષક પ્રિયા! મને માફ કર."

**વિણાધારણી**—નહીં! કૃપાનિધ્રો! હું આપની પ્રિયા નથી! નૌત્તમગઢના નાયક! આ યોગીની વેશ શું આપ દેખતા નથી ? હું પૃથ્વી ઉપરના કોઇ મનુષ્યની પત્ની નથી."

**રાજા**—નહીં નહીં પ્રીય મેનાવતી જો તું વિણાધારીણી નહીં પણ મેનાવતીજ હોય તો આ તારા અવ્યવસ્થિત પતિની ભ્રમણા નથી અને તું જીવતીજ છે એવી મારા અતઃકરણની ખાત્રી કરી મને ભેટ!

વિણાધારીણીનું અંતઃકરણ તેના યોગીની વેશના વસ્ત્ર તળે ધડકવા લાગ્યું, અને તેનાં કમળની પાંખડા જેવાં નયનોમાં પાણી ભરાઇ આવ્યું અને તે કંપતે અવાજે બોલી. "સ્ત્રીનાં હ્રદય કોમળ હોય છે અને તેઓનાં મન સ્થીર નથી માટે મને હવે લલચાવો નહીં."

એમ કહી તેણે કૃત્રીમ વેશ કાઢી નાખ્યો અને રાજાની સન્મુખ ઉભી.

**રાજા**—કો પ્રીય મેનાવતીજ.

**મેનાવતી**—હા સ્વામીન્ તેજ હું.

**રાજા—**તને મુખ બતાવતાં મને ઘણી શરમ આવે છે? પવિત્ર પ્રિયા ! મેં તને ઘણીજ દુખી કરી ! તે દુઃખમાંથી તું શી રીતે બચી અહીં આવી? જો તું આ વખતે અહીં ન આવી હોતતો મારૂં જીવતર પુરૂં થાત ! મેં હીણભાગીએ આ નીચ વેસ્યાના ફંદમાં પડી તારો નાશ કરવા વગર વિચારે પગલું ભર્યું ! મારી નિચ બુદ્ધિ થઇ ગઇ ! મને માફ કરજે.

**મેનાવતી**—પ્રભુ ! તેમાં આપનો દોષ નથી, મારા ભવીષ્યનોજ દોષ છે, મારા કર્મમાં એ દુઃખ સરજાયલું હશે; આટલું છતાં આપના, અણીના વખતે પ્રાણ બચાવવા ફ્નેહમંદ થઇ તે ઇશ્વરનો આભાર!

**રાજા**—પ્રીયા! બળતા મહેલમાંથી તું શી રીતે ઉગરી?

**મેનાવતી**—પ્રાણનાથ! તે હું હમણાંજ કહુંછું.

" નાથ ! જે વખતે તે મહેલમાં હું અથાગ વિચારોમાં બેઠી હતી, તેવામાં મેં બંદુકોના અવાજ સાંભળ્યા; એક પછી એક એમ ચાર પાંચ અવાજ થયા, એટલામાં તો અગ્નિનો મોટો ભભુકો મેહેલની ત્રણે બાજુએ દીઠો, મેં બચવાને ઘણા પ્રેયત્ન કર્યા. ઘણાં ફાંફાં માર્યાં. પણ તે સઘળુ વ્યર્થ ગયું; આખરે મહેલની બારીમાંથી મેં સમુદ્રમાં પડતું નાંખ્યું; હું તણાવા લાગી, અગ્નિમાંથી તો બચી પણ જળમાં પણ મારૂં મૃત્યુ તો હતુંજ, કારણ મને તરતાં આવડતું નહોતું. પરંતુ આપની આ સેવામાં હાજર થવાને માટે મારા ભાગ્યમાં મારી જીવનદોરી લાંબી હશે, જેથી તણાતાં તણાતાં એક ભાંગેલા વહાણનું પાટીયું મારા હા-

થમાં અનાયાસે આવી ચડયું, તે ઉપર પડી અને તેના આધારે હું તણાવા લાગી; એવી રીતે તણાતાં હું ક્યાં જાઉંછું તે ખબર રહી નહીં; કારણ ભયથી અને ઠંડીથી હું તદ્દન બેશુદ્ધ થઇ ગઇ હતી; હું કેટલેક દુર ગઇ હશે ત્યાર પછી મછીમાર લોકોએ મને જોઇ, અને તે લોકોએ મને બહાર કાઢી, અને મારામાં ચૈતન્ય છે કે નહીં તેની તપાસ કરી; હું જીવતીછું એમ માલુમ પડતાં તેઓએ ગરમીના ઉપચારો કરી મને શુદ્ધિમાં આણી; શુદ્ધિમાં આવ્યા પછી તે લોકોએ મને દિલાસો આપી હું કોણછું તે પુછ્યું, અને હું તેમના હાથમાં કેવી રીતે આવી. અને તેઓએ મને શુદ્ધિમાં કેવી રીતે આણી તે મને કહ્યું; તેઓને મેં નૌતનગઢ અહીંથી કેટલે દુર છે તે પુછ્યું, તે પ્રત્યુતરમાં 'અહીથી તે ૪૦૦ કોસ દુર છે' એવો જવાબ મળ્યો. તેઓએ પુનઃ મારા વિષે પૂછ્યું, ત્યારે મેં કહ્યું કે "ભાઇ હું એક રજપુતાણીછું અને અચાનક દરીઆમાં પડવાથી અહીં આવેલછું, અને તમો મને જો નૌતનગઢ મોકલી આપશો તો મોટો ઉપકાર થશે."

તેઓએ કહ્યું. "હાલ તમે અહીઆં રહો અને અમે તમારે વાસ્તે ગોઠવણ કરીશું, કોઇ વહાણ જવું આવતું હશે તેની તપાસ કરાશું" એમ કહી તેઓ મને તેમના રહેવાના મકાનમાં લઇ ગયા. આશામાંને આશામાં મેં ત્યાં કેટલોક વખત નિર્ગમન કર્યો.

એક દીવસ એવું બન્યુ કે તેઓ તેમનો ધંધો કરવા ગયા હતા, એટલામાં કોઇ એક નગરનો રાજા ત્યાં આવી ચડયો,

તેણે મને જોઇ, તેના દુષ્ટ વિચારો તેણે મને જણાવ્યા, મેં તેનો તિરસ્કાર કર્યો, ત્યારે તેણે જવાબ આપ્યો.

" બહેન ગભરાશો નહીં, હું તમારી પરીક્ષા જોતો હતો, હવે મને ખબર પડી કે તમો ખરાં ક્ષત્રાણીછો, શુદ્ધ ક્ષત્રાણીની કુખમાં પેદા થયલું રત્નછો પરંતુ કોઇક આફ્રતિને લીધે આવાં કંગાલ ઝુંપડામાં વાસ કર્યો હશે; માટે તમે મારા નગ્રમાં ચાલો તમે મારાં બહેન બરાબર છો. તમને કોઇ પણ પ્રકારે હું ઇજા આવવા દઇશ નહીં, " વિગેરે મને અનેક પ્રકારના વિશ્વાસો આપ્યા, અને મને અત્રે રવાના કરવા પણ વચન આપ્યું જેથીહું પેલા મછી મારોને કહ્યા શીવાય ત્યાંથી તેની સાથે નગ્રમાં ગઇ; નગ્રમાં જતાંજ મને જુદો મહેલ રહેવા આપ્યો, તે દરેક સાહીત્યોથી ભરપુર હતો, અનેક પ્રકારનાં રંગ બેરંગી છબીઓ, લડાયક વિરપુરૂષોનાં હસ્તથી ચિત્રેલાં ચિત્રો વિગેરે શણગારોથી શણગારવામાં આવ્યો હતો. તેમાં હું રહી, પણ મને તે મહેલ સ્મશાનવત્ લાગતો હતો; બે ત્રણ દીવસ હું એમ રહી; પણ મારો અંતરાત્મા છિન્નભિન્ન થઇ ગયો હતો, મને કોઇ પ્રકારે ચેન પડતું નહીં, એક દીવસ તે નર પિશાચ રાત્રીના સમયે અચાનક ત્યાં આવી અને મને કહેવા લાગ્યો:--

" કેમ હવે મારે તાબે થવું છે કે નહીં ? બોલ આ વખત તારૂં કોણ છે ? વગર બોલે મારે સ્વાધીન થા ? મારૂં માન ? હું તને પટરાણી કરીશ, હું તારા કહ્યા મુજબ વર્તીશ, જેમ તું કહીશ તેમ કરીશ, તને કોઇપણ પ્રકારની ન્યુનતા પડવા દઇશ નહીં"

આવા અચાનક તેના દુષ્ટ મુખમાંથી નીકળતા કઠોર શબ્દો મને વજ્ર સમાન લાગ્યા; હું ગાભરી બની ગઇ મને કાંઇ સુઝયું નહીં, મેં તેને ઘણું સમજાવ્યો, છતાં તે કઠોર હૃદયના વિષયાંધ કામી રાજાએ માન્યુ નહીં, અને મને વિચાર કરવાને વખત ન મળે એટલામાં તો તે અધમે મારી પાસે આવી તેના દુષ્ટ વિચારનો અમલ કરવા તત્પર થયો.

(સમય વિચારી મેં યુક્તિ કરી કહ્યું. "આટલું સમજાવવા છતાં તમે નથી માનતા-નથી સમજતા, અને તમારો આટલો અંતઃકરણનો પ્યાર જોઇ હું તમારા કહ્યા મુજબ વર્તવા ખુશીછું. પણ મને એક માસની મુદત આપો, કારણ આપણ ઉભયમાંથી કોઇને પ્રાયશ્ચિત ન નડે તેને માટે મને એક વ્રત પૂર્ણ કરવા દ્યો, તે એક માસમાં પુરૂં થશે, પછી આપની ઇચ્છા પૂર્ણ કહીશ. તમે મને આવા પ્રકારનું સુખ આપવા તૈયાર થયા છો તો પછી હું તમારીજ થઇ રહીશ.")

એમ કરતાં પંદર દીવસ વિતી ગયા, મને એક પણ ઉપાય સુઝયો નહીં, એક દીવસે તે મહેલમાં ફરતાં ફરતાં મને નવી હીમત આવી, એક ઓરડીમાંથી મને પુરૂષનો પોષાક મળી આવ્યો, તે મેં પહેર્યો. તેની સાથે એક તલવાર પણ હતી, તે પણ લીધી, મારૂં શીયળ સાચવવા તત્પર થઇ ત્યાંથી નિકળી જવા નિશ્ચય કર્યો જગતનિયંતા ઇશ્વર સત્યને સહાય કરેછેજ, મારાં નશીબે તે વખતે બહાર નીકળવાના દ્વાર આગળ જેનો પહેરો હતો તે ભર નિંદ્રામાં પડયો હતો, જેથી મેં લાગ સાંધી ત્યાંથી ચાલવા માંડયું; પ્રભુ કૃપાએ હું ત્યાંથી સહી સલામત નીકળી ગઈ.

હવે કૃષ્ણ પક્ષની રાત્રી, અંધારૂં ઘોર, મધ્ય રાત્રી વીતી ગઇ હતી, પવન સુસવાટા બંધ વાતો હતો, આકાશમાં વરસાદની ગર્જના સાથે વિધુતના ચમકારા થતા હતા; વરસાદ પણ ઝીણો ઝીણો વરસવા લાગ્યો, છતાં પણ મેં આગળ ચાલવાજ માંડયું; એમ અહો રાત્રી ચાલ ચાલ કર્યાં કર્યું; આખરે હું ઘણી શ્રમીત થવાથી એક મોટા વૃક્ષ તળે બેઠી, મને સહેજ ઉંઘ આવવા લાગી, લગાર સુતી નિંદ્રાદેવીએ તેમનો પુરો અમલ બજાવ્યો, હું ભર નીંદ્રામાં પડી, એટલામાં તો કોઇએ આવી મને જાગૃત કરી. તેઓએ મારા હાથ બાંધેલા હતા. હું એ બાકળી ઉઠી. પેલા દુરાત્માઓએ મને જણાવ્યું કે "કાંઇ પણ ન બોલતાં અમારી સાથે ચાલ " મેં કહ્યું " ભાઇ મને દુઃખીઆરીને કયાં અને શા માટે લઇ જાઓ છો ?" મારો આવો પ્રશ્ન સાંભળી તેઓને કાંઇક વહેમ આવ્યો, અને તેઓએ મારૂં દીલગર ભાષણ નહી સાંભળતા મને એકદમ તેમની સાથે ચાલવા કહ્યું. અને તેમની તલવાર બતાવી કહ્યું કે " છાનાં માનાં ચાલો નહીં તો બળાત્કારે પણ લઇ ગયા શીવાય છોડનાર નથી. " હું નીરૂપાયે તેમની સાથે ગઇ.

( વાંચક આ માણસો લુંટારાનાં હતાં તેમણે તેણીના બોલવાના ભાષણ પરથી તે સ્ત્રી જાત છે એવું અનુમાન કર્યું હતું, અને તે રૂપાળી અને લાવણ્યવતા સ્ત્રી સરદારને આપીશું તો આપણને ઇનામ મળશે એમ ધાર્યું હતું, અને કેટલીક વખત તેઓએ એવાં પારીતોષિકો લીધાં પણ હતાં. )

તેઓ મને ઝાડની એક ઘીચ ઘટા આગળ લઇ ગયા.

તેમાં તેઓ ગયા અને મને પણ સાથે લીધી; થોડેક ચાલ્યા પછી પથ્થરની એક મોટી શીલા ઉપાડી તો અંદર એક સીડી નજરે પડી, તે ઉતરી નીચે લઇ ગયા, ત્યાંથી આગળ ચાલતાં એક મોટી દીવાલ આવી મેં જાણ્યું કે એ લોકો મને અહીંજ કેદ કરવાના હશે, કારણ ત્યાંથી આગળ જવાય એમ નહોતું. પણ મારી તે ધારણા ખોટી પડી. તેમાં હું છેતરાઇ, ઠગાઇ, પેલામાંના એક જણે નીચે બેશી વેત એક જમીન ખોતરી અને કાંઇક કર્યું એટલામાં મોટા અવાજ સાથે ભીંતના બે ભાગ થયા અને વળી બીજી સીડી વાટે નીચે ઉતારી આશરે પાંત્રીશેક પગથીઆં નીચે ઉતર્યા પછી આગળ ચાલવા માંડ્યું, અને એક સાંકડી ગલીમાં આવ્યાં, આ સ્થળે અંધારૂં હોવાથી તેઓ તૈયાર રાખેલી મશાલ શળગાવી આગળ વધ્યા, એમ કેટલુંક ચાલ્યા પછી એક ઓરડામાં આવ્યા, વળી એક જણે ઉંચો હાથ કરી છલંગ મારી એક ત્રાંબાનું કડું પકડ્યું, તરતજ તે કડું નીચું ખશી આવ્યું, તેને ફેરવવા માંડ્યું તેને ફેરવી ફેરવીને હાથેક બહાર કાઢ્યું; અને તે બરાબર બહાર નીકળતાંજ તે કડા સાથે જડેલું પતરૂં ખરરરર લઇને ખશી ગયું! અને તેમાંથી એક લોઢાનો દાદર નીચે ખશી આવ્યો, તે વાટે મને ઉપર લઇ ગયા અને ત્યાં પણ થોભ્યા વગર આગળ ચાલ્યા, ત્યાર પછી મને લઇને તેઓ એક સુંદર ઉપવન આગળ આવ્યા અને તે વાડીની અંદર એક નાનું મકાન બાંધેલું હતું તેમાં મને લઇ જઇ બેસવાનું કહ્યું અને કોઇ માણસની આવવાની રાહ જોતા હોય તેમ તેની બહાર આતુરતાથી જોવા

લાગ્યા. એટલામાં, એક મોટી મુછોવાળો, માથે મોટું મોરીયું બાંધેલું, હાથમાં તીરને કામઠાં ઝાલેલાં, કમરે તલવાર લટકાવેલી જમૈયો ખોશી દીધેલો, એવી રીતે સજ થયલો એક પુરૂષ ત્યાં આવ્યો; પેલાં માણસોએ સલામ કરી કહ્યું "સરદાર આપને વાસ્તે આ એક રત્ન શોધી લાવ્યા છીએ તેને માટે અમને ઇનામ મળવું જોઇએ." એમ કહી ચુપ રહી ગયા.

"ઠીક છે વિચાર કરી તમને જે ઇનામ આપવા યોગ્ય લાગશે તે આપીશ હાલ તમે તમારા કામપર જાઓ" એમ કહ્યું પેલા ત્યાંથી ચાલતા થયા.

પ્રાણનાથ ! આવા ગુપ્તગ્રહમાં અને નીચ નર પિશાચ સામે ઉભેલો જોઇ મારી શું સ્થીતી થઇ હશે ! તે વખતે ફક્ત મેં ઇશ્વર ઉપરજ આધાર રાખ્યો હતો, શીયળભંગ થતાંજ પ્રાણાર્પણ કરવા નક્કી કર્યું હતું; પેલા માણસે હથીઆરો છોડી નાંખી હુક્કો પીધો તેની ઉમર આશરે વર્ષ ૪૦ એકની હશે.

વાંચક ! આ લૂંટારાના સરદાર વિશે આ સ્થળે કાંઇક માહીતી આપવી જોઇએ.

તે એક ગરાશીઓ હતો અને મેનાવતીને માછીના ઝુંપડામાંથી લાવનાર ઉન્મત્તસીંહના નગ્રમાં રહેતો હતો, તેને દરબારમાંથી ગીરાસ મળતો હતો તે ઉન્મત્તસીંહે બંધ કર્યો જેથી કેટલાંક માણસોને હાથમાં લઇ તેના સામો થયો, પરંતુ તેમાં તે ફાવ્યો નહીં અને કેદ પકડાયો, ઉન્મત્તસીંહે તેને મારી ન નાખતાં કેદ કર્યો હતો ત્યાંથી પ્રસંગ મળતાં છટકી નાઠો, અને જંગલમાં રહી નગ્રમાં જઇ છુપી રીતે લૂંટફાટ કરવા લાગ્યો.

એક વખત એમ તેના માણસો સાથે ફરતાં આ ઘીચ ઘટા આગળ આવી ચઢયો, અંદર ગયો તો પાછળ કહ્યા મુજબ પથ્થરની શૈલ જોઇ. અને તેજ રસ્તેથી તે અહીં આવ્યો અહીં તેની જીંદગી જોખમમાં નહી હોવાથી તેણે રહેઠાણ કર્યું; રાજા તેની પાછળ લાગેલો હતો પણ તે મળતોજ નહીં. પ્રીય વાંચક! આ લૂંટારા માટે લંબાણ કરી કંટાળો નહીં આપતાં ટુંકામાંજ તેની ઓળખ આપી છે.

હવે પેલા સરદારે મને પુરૂષ વેશમાં જોઇ તેમ રહેવા પ્રશ્ન કર્યો, મેં તેના જવાબમાં "ફક્ત કાળની ગતી." એટલોજ જવાબ આપ્યો. વળી હું કોણ છું, અહીં આ વેશે આવવાનું શું કારણ? તે પણ પૂછ્યુ મેં તે જણાવવા ઇનકાર કર્યો, તે મને બીજે સવાલ પુછત પણ એટલામાં એક માણસે આવી કહ્યું કે "ત્વરીત ચાલો, શીકાર હાથ ઠીક આવ્યો છે."

તે તરતજ હથીઆર સજી લઇ મને ત્યાંજ તેવી સ્થાતિમાં રહેવા દઇ તેના સાથે ગયો. આ વખતે હું ત્યાં એકલીજ હતી, કેટલોક વખત ત્યાં હું બેશી રહી. મરવા વિચાર કર્યો, પરંતુ આત્મહત્યાનો દોષ ગણી, ત્યાંથી ઉઠી મેં તપાસ કરવા માંડી, બાગની બહાર આવી આમ તેમ ફરવા માંડયું. હુ બાગની પશ્ચિમ દિશા તરફ ગઇ ત્યાં આગળ એક લત્તામંડપ હતો તેમાં ગઇ તો ત્યાં એક નાનું દેવળ મેં જોયું, અંદર ગઇ તો મહાદેવનું બાણ નજરે પડયું. મેં શંકર ભોળાનાથની સ્તુતિ કરી, મને દૈવીક ચેતન્ય આવ્યું અને મહાદેવનું બાણ સહેજ હલાવ્યું તો હાલવા લાગ્યું મેં તે ઉપાડયું તો એક ચક દીઠું!

તે ફેરવતાં જળાધારી મોટી થઇ, અને અંદર ઉતરવાનાં પગથીઆં દીઠા, તે વખતે કાળજું કોરે મુકી હું અંદર ઉતરી, મરવાનું તો ગમે તે રીતે હતુંજ ! માટે તેથી તો બ્હીવાનું નહોતું; હું આગળ ચાલી, પ્રથમથીજ મેં પેલા બાણને અસલ સ્થીતિમાં ગોઠવી ચક્ર ફેરવી જળાધારી બરાબર કરી દીધી; મેં આગળને આગળ વધવા માંડયું આશરે ગાઉ એક ચાલ્યા પછી પહેલાના જેવીજ પગથી આવી, ઉપર ચઢી તો પ્રથમ જેવુંજ ચક્ર અને બાણ મેં જોયું; તે ઉપાડી બહાર આવી તો હું પૃથ્વીની સપાટી ઉપર આવી ગઇ હોય એમ મને લાગ્યું; આ સ્થળે પર્વતની તળેટી હતી, કેટલોક વખત ત્યાં બેઠી અને એક નિર્મળ ઝરામાંથી પાણી પીધું, સાન્ત થઇ, અને આગળ ચાલવા મંડી; એટલામાં ઇશ્વરે મારે માટે એક મહાત્માનું ઝુંડ મોકલ્યું, તેમની સાથે હું પ્રયાણ કરવા લાગી, આ મહાત્મા ઘણા સારા સ્વભાવના હતા અને ત્રીકાળદર્શી હતા. મારૂં દુઃખ અને ધૈર્ય તેમજ ટેક જોઇ મને આશીશ આપી કે “ થોડા વખતમાં તને તારા પતિનો મેળાપ થશે. ” તેમની સાથે મુસાફરી કરતાં કરતાં હું આ સ્થળે આવી. વિણા વગાડતાં મને પ્રથમથીજ આવડતું હતું જેથી તે મહાત્મા પાસેથી એક વિણા જંત્ર માગી લીધું; અને ત્યાર પછી અહીં શી રીતે આવી તે આપ જાણોછો. ”

કુરસીંહ તેની પવીત્ર રાણીનું દુઃખ સાંભળી અતી ખેદ પામ્યો અને ધ્રુજતો ધ્રુજતો તેના પગે પડી પકડી રહ્યો, આંસુ પાડવા લાગ્યો અને બોલ્યો “ પ્રિયા ! મારી મધુરી મ-


ઢીલા મેનાવતી ! મને તારી ક્ષમા યાચવા દે ! મે તારી યુવાવસ્થા અનેક દુઃખોથી દુઃખમય કરી દીધી છે અને મેંજ પાપીએ મારા હૃદય અને ગૃહથી વિરક્ત કરી—અળગી કરી, દુનિઆં ઉપર રવડતી કરી છે !"

મેનાવતીએ ઘણા પ્રયાસે તેને છુટો કરી શાન્ત સ્વરે બોલી " પ્રાણનાથ ! તે ગત અવસર આપણી ઉભયની વર્ત નષ્ટ થઇ ગયો છે અને ભુલાઇ ગયો છે તેને પુનઃ સ્મરણમાં લાવી ખેદ શા માટે કરો છો ? જે આપણાં પાપમાંથી આપણને મુક્ત કરવા સમર્થ છે તેની ક્ષમા યાચો."

**કુરસીંહ**—ખરેખર ! તેની ક્ષમાની જરૂર છે મેં જે દુઃખ વેઠયું છે. તેને જો તું જાણતી હોય તો તું પણ માફ કરજે; ગત કાળને કેવી રીતે વિસરી શકું ? તે વખત મને હમણા સોયોની પેઠે સાલેછે !

**મેનાવતી**—પ્રાણનાથ હવે શોક ભુલીઘો ભવીષ્યમાં જે હતું તે બની ગયું એમ અનેક પ્રકારે સજનને શાન્તી આપી.

રાજાએ તારાની લાસને દરીઆમાં ફેંકાવી દીધી ! ! !



# પ્રકરણ ૨૧ મું.

## કપટ તંત્ર !!

---

"દુર રહે ચંડાળ! તારા પાપી દેહનો સ્પર્શ કરી મારા પવીત્ર આત્માને ભ્રષ્ટ ન ( કર ! શું કોઇ દીવસ સુર્યનો ઉદય પશ્ચિમ દિશામાં થશે! શું મેરૂ પર્વત તેના સ્થાનથી કદી ચલાયમાન થશે! શું સમુદ્ર તેની મર્યાદા તજશે! શું હંસ કોઇ દીવસ મોતીનો ચારો મુકી સુકું ઘાસ ખાસે! શું અગ્નિ કોઇ દીવસ એની મેળે શિતળ થશે! તેમજ શું શુરી ક્ષત્રાણીનો પવિત્ર દેહ તારા જેવા નિચને હાથે ભ્રષ્ટ થશે! શું તું મને એક રંક અબળા સમજીને તેનો લાભ લેશે! ના! ના! ખબરદાર! અહીંથી એક પગલું પણ આગળ ધર્યું તો! નીચ કુતરા! શરમ છે તારા જેવા ભત્યોને! ધીકાર છે તારા કૃત્યોને ધિક્કાર છે તારી જાતને!"

આ પ્રમાણે એક અપરીચીત પુરૂષને ધીક્કારતી એક શુરી ક્ષત્રાણી એક વૃક્ષ તળે ઉભી છે; એક પુરૂષ હાથમાં તલવાર લઇ તેની સહામે ઉભો છે અને ઝાડની સાથે એક ઘોડો બાંધેલો છે.

**પુરૂષ**—કેમ ત્યારે તું નહીજ માને? મારા આટલા આટલા કરેલા પ્રયત્નો વ્યર્થ જશે? મારા મનના મનસુબા માટીમાં મળી જશે? મારી ધારેલી ધારણાઓને ધૂળમાં ઢાંકી દેશે? મારા પ્રયાસને પાણીમાં પલાળી દેશે? શું તું એમ જાણે છે

કે હું તને છોડીશ ? તેમાં ને મારામાં શું તફાવત છે ? તેના કરતાં હું તને ચાર ઘણું સુખ આપીશ સમજશે તો ઠીક છે નહીં તો પછી તારા શું ભાર છે.

**સ્ત્રી**—શું સિંહને શિયાળ એકજ ! કનકને કથીર તે એકજ ! કાગડો અને કોયલ તે એકજ ! બાયલા ! હીચકારા ! શું તારાથી હું ડરીશ ! મરવું એકજ વાર છે ! તારા હાથેજ મારૂં મર્ણું નીર્માયલું હશે તો કોને ખબર ! હુ તો શું પણ તારા પાપનો બદલો તને ઇશ્વર આપશેજ !

**परस्त्री पतै बिन्दु कोटि पुजा विनस्यति !**

**जप हानिस्तपो हानि ब्रह्महत्या पदे पदे ॥**

માટે ખોટા ખ્યાલ છોડ ! ઇશ્વર તરફ પ્રીતિ જોડ ! હજુ પણ કહું છું કે મને લાવ્યો ત્યાં મુકી આવ ! હું કોઇને પણ તારા કાળા કપટ તંત્રની ખબર કરીશ નહીં !

**પુરૂષ**—હવે તને મુકી આવું ! એમ ! કેમ ! સમજ ! હજુ સમજ ! તું નહીં સમજે તો હું જોર જુલમથી સમજાવીશ ! મારી ઉમેદ બર લાવીશ ! અને જો તું આપેજ હશી ખુશીને માનશે તો ઇન્દ્રના ઘરનું સુખ ભોગવીશ ! અહીં તારૂં કોણ બેલી છે !

**સ્ત્રી**—આગ લાગો ! તારા સુખમાં ! મારો બેલી ? મારો બેલી ઇશ્વર અને બીજા મારા બાહુ ! તું મારા રાઇ રાઇ જેટલા કટકા કાં કરતો નથી ! તારા જેવા દુષ્ટાત્મા સામે ઉભા રહી વાત કરતાં પણુ પાપ લાગે છે ! થુ છે તારા મુખ પર !

**પુરૂષ**—જેમ જેમ હુ તને સમજાવું છું તેમ તેમ તું

તારી મગરૂબીમાં તણાય છે? લે જો મારૂં સમર્થ ! ચલાવ તારી સત્તા હોય તે !

એમ કહી તે દુષ્ટ પિશાચે તે યુવતી ઉપર હાથ ઉપાડયો. જો કે તે પણ એક શુરી ક્ષત્રાણી હતી પરંતુ આ વખતે તેના હાથમાં કાંઇ પણ હથીઆર ન મળે ! છતાં પણ તેણે તેના કુમળા દક્ષિણ બાહુથી તેની છાતીમાં એવો તો મુકકો માર્યો કે તે ચતોપાટ ભોંય ઉપર પડી ગયો; અતિ ક્રોધમાં આવી તેણે તેણીની લાજ લેવા વસ્ત્ર હરણ કરવા માંડયું ! ગમે તેટલું પણ સ્ત્રી તે સ્ત્રીજ ! તે રાક્ષસે તેના હાથ બાંધ્યા, હવે તેણીને મરવા શીવાય છુટકો નહોતો, તેણી જીભ કરડી મરવાની અણી પર હતી, એટલામાં પેલો રાક્ષસ એક મોટી હાય મારી નીચે પડયો ! ચંદ્રનગરનો રાજા ચંદ્રવર્મા શીકારે આવેલો હતો તેણે દુરથી આ બનાવ જોઇ નિશાન તાકી તીર માર્યું જે આવી પેલા દુષ્ટાત્માની પીઠમાં કરોડમાં લાગવાથી તે તમરી ખાઇ નીચે પડયો ! અને તેનાં કરેલાં કર્મો ભુક્ત માન કરવા દિવ્ય સૃષ્ટિમાં રવાના થયો !

**ચંદ્રવર્મા**—બહેન ગભરાશો નહીં ! તમારી બહાદુરી જોઇ હું ઘણો ખુશી થયો છું ! હું દુરથી આ બનાવ જોતો હતો, પરંતુ મનુષ્ય હત્યા નહી [કરવાના સબબથી, તે સમજે તો ઠીક એમ ધારી ત્યાંજ ઉભો, પણ તે પિશાચે તમારી આબરૂપર હાથ નાખવાનું કર્યું જેથી મારે એને મારવાની ફરજ પડી, બહેન ! તમે કોણ છો ? અને એ પાપીના હાથમાં શી રીતે સપડાયાં!

**સ્ત્રી**—છત્ર હું એક ક્ષત્રાણીની જાયા છું એ દુષ્ટ મને દગાથી ફસાવી અહીં લાવ્યો અને તેની ધારણા મને જાહેર કરી, પછી શું થયું તે આપે જોયું છે હું ક્યાં આવી છું તે પણ સમજી શકતિ નથી.

**ચંદ્રવર્મા**—તમે મારાં ધર્મનાં બહેન છો, માટે મારી સાથે ચાલો, તમે કોઇ પણ રીતે ગભરાશો નહીં, ઘણું સારૂં થયું કે ઇશ્વરે મને અણીને વખતે મોકલ્યો.

**સ્ત્રી**—અતિ ઉપકાર.

એમ કહી તે ચંદ્રવર્મા સાથે નગ્રમાં ગઇ.



# પ્રકરણ ૨૨ મું.

## પ્રયાસ સફળ!

**आस्ते भग आसि भस्योर्ध्वे तिष्ठति तिष्ठतः ।**
**शेते निपद्य मानस्य चराति चरतो भगः ॥**

Perseverance will over come all difficulties which at first appear insuperable; and it is amazing to thought how great and numerous obstacles may be removed by continual attention to any particular point.—

Addison.

ગત સોળમા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે સરદારસીંહે દક્ષીણ દીશાનો રસ્તો લીધો; અહોરાત્રી તપસ્વીના બોલોનું અને આપેલા વચનનું મનન કરતો કરતો તે આગળને આગળ પ્રયાણ કરતો હતો; જ્યાં રાત્રી પડે ત્યાં કોઇ વૃક્ષ, યા ગુફા કે કોઈ અન્ય સ્થળે અથવા ગામ કે શહેર હોય તો ધર્મશાળામાં વ્યતિત કરી સહુવારમાં સુર્ય પુર્વ દીશામાંથી પર્યટન કરવાનું શરૂં કરે કે તરતજ સરદાર તેની મુસાફરી ચાલુ કરતો, એ પ્રમાણે કરતાં કેટલેક દિવસે તે એક નગ્રની સમીપ આવી પહોંચ્યો. ત્યાં આગળ નગ્રમાં પ્રવેશ કરતાંજ તેની નજરે એક સુંદર સરોવર પડયું, તેની મધ્ય સ્થળે સુંદર કમળના પુષ્પોપર ભ્રમરા ગુંજારવ કરી રહ્યા હતા! પાણી

ઘણું નિર્મળ હતું; પરંતુ કોઇ મનુષ્યને તે તળાવમાંથી પાણી લેતાં જોયું નહીં! આગળ ચાલી નગ્રમાં પ્રવેશ કર્યો, તો મોટી મોટી ઇમારતો, હવેલીઓ, બંગલાઓ, દુકાનો આદી તેની નજરે પડયાં, પણ તે આશ્ચર્ય ચકિત થયો! કારણ ત્યાં તેણે દરેક મનુષ્યને ચિત્રવત્ સ્તબ્ધ ઉભેલાં ત્યાં ઉભેલાંજ, બેઠેલાં ત્યાં બેઠેલાંજ, સુતેલાં ત્યાં સુતેલાંજ એવી સ્થીતિમાં જોયાં! કોઈ હાલતું નથી કે ચાલતું નથી જેમ જેમ તે આગળ ચાલ્યો તેમ તેમ તેની નજરે ઉપર પ્રમાણેજ દેખાવ નજરે પડયો તેણે વિચાર્યું કે "શું આતે ઇશ્વરી લીલા! કે કોઇ દેવી દેવતાનો ચમત્કાર! કે યક્ષ કે કિન્નરનો પ્રતાપ! કે કોઇ જાદુગરની કપટ જાળ! કે કોઇ પિશાચ, કે યોગીનિની માયા કે છે શુ!"

આમ તે મનમાંને મનમાં ગડભાંગ કરતો કરતો આગળ ચાલ્યો તો તે સુંદર સુવર્ણમય, રત્ન જડીત સાત માળની એ હવેલીઓ આગળ આવી પહોંચ્યો, તેની રચના જોઈ તે અંજાઇ ગયો, "ખરેખર દૈવીમાયા શિવાય આવી રચના કરવા મનુષ્ય જાતીમાં સત્તા હોયજ નહિ! હું આ શું જોઉછું! સ્વપ્નું દેખું છું કે સ્પષ્ટ चक्षुभिःसत्यम। ખરેખરો બનાવ નિહાળું છું!"

હવેલીઓ પાસે ઉભો ઉભો તે વિચાર કરતો હતો એટલામાં સોળ વર્ષની એક તરૂણીએ આવી સ્નેહ પુર્વક કહ્યું:— નાથ પધારો! અહો! મારાં મહદ્ ભાગ્ય તે આપ મને મળ્યા! ઇશ્વરનો મોટો ઉપકાર થયો મારો જન્મારો સફળ થયો!

સરદાર મોટી મુંઝવણમાં પડયો "આ વળી નાથ વાળી કોણ? અને! એ શું કહે છે તેપણ હું સમજી શકતો નથી!"

આ અલૌકિક યુવતીના રૂપનું વર્ણન કરવા મારી શકિત પહોંચતી નથી તેનું મુખ કમળ જાણે ચંદ્રમાંજ જોઇ લ્યો!

સરદારને આમ તટસ્થઃઉભેલો જોઇ તે પુનઃબોલી "નાથ! પધારો શું વિચાર કરો છો? આ સર્વ આપનુંજ છે! એનો ભોકતા આપ શિવાય અન્ય કોઇજ નથી! ઇશ્વરેજ મારી આજીજી સાંભળી આપ જેવા ભરથાર મને બક્ષ્યા છે!"

**સરદાર**—આપ કોણ છો? અને આખા નગ્રમાં દરેક વસ્તી આમ પથ્થરની પ્રતિમાઓની પેઠે સ્તબ્ધ ગતિ રહીત ગમે તેમ સ્થીતિમાં રહેવાનું શું કારણ? તે મને સમજાવો.

**તરૂણી**—આપ એક વખત અંદર પધારો, પછી આપને એ સઘળી હકીકત વિદિત કરીશ.

સરદાર આ વખતે અને આ સ્થળે વાદ વિવાદ કરવો દુરસ્ત નહીં ધારી તે સુંદરી સાથે હવેલીની અંદર ગયો, અંદર પ્રવેશદ્વારમાં પગ મુકતાંજ તેણે જન્મ પર્યંત નહીં દીઠેલી રચના જોઇ! હવેલીનો વિસ્તાર વિશાળ હતો; અને અદભુત પદાર્થોથી સુશોભિત કરેલો હોય એમ જણાતી હતી; પેલી તરૂણી તેને ઉપલા માળપર તેડી ગઇ, ત્યાંની રચના વળી ઓરજ હતી; એકંદર રીતે જોતાં તે હવેલી નહીં પણ ઇન્દ્રરાજાનું ભવ્ય મંદીર યાતો ઇન્દ્રાસન હોય એમ લાગતું હતું. ઉભય હવેલીઓ એકજ જાતની હતી, આખા મંદીરમાં ફરી વળ્યો પરંતુ અન્ય એકજ સ્ત્રી શિવાય કોઇને તેણે દીઠું નહિં. આખું મકાન શાન્ત અને ગંભીર લાગતું હતું. જ્યાં તે જુવે ત્યાં નહી જોયેલી વસ્તુઓ તેની નજરે પડતી, તેને નવી

સૃષ્ટિનું દીગ્દર્શન થયું ! તેના દેહનું પણ ભાન ભુલી ગયો, અને તે પોતે કયે સ્થળે છે તેપણ વિસર્જન થઇ ગયું. "આહાહા ! આવા અલૌકિક મકાનમાં વસનારનાં ખરેખર મહદ્ ભાગ્યજ હોવા જોઇએ ! પૂર્વે કેવાં પુન્ય કરેલાં હશે ત્યારે આવું સ્થળ પ્રાપ્ત થયું હશે !" એવા એવા ભ્રમિત વિચારોએ તેને ભમાવ્યો ! ભટકાવ્યો ! આકાશમાં અથડાવ્યો !

તરતજ પેલી યુવતિએ આવી તેને હાવભાવ કરી તેનું મન હરણ કરી લીધું; આવા અજાણ્યા નવિન અપરીચિત મનુષ્ય સાથે આવા હાવભાવ કરવાનું તે સ્ત્રીને શું પ્રયોજન હશે ? ઇશ્વર જાણે ! સરદારને હજુ શું શું જોવાનું, અને અનુભવવાનું અને ભોગવવાનું હશે તે સમજાતું નથી.

પેલી મનહર મહિલાએ તેના ઉપર મોહિની મંત્રની પૂર્ણ અસર ફેલાવી, તે જે કહે તે સરદાર 'હાજી હા' કર્યેજ જતો.

હવે પેલી બીજી હવેલીમાં કોણ વસતું હતું તેપણ અત્રે જણાવવું અગત્યનું છે; સરદારને પતિ તરીકે લાવનાર આ રમણીની નાની બ્હેન એકલીજ તેમાં રહેતી હતી, કારણ તેની મનોવૃતી આ બે બહેનો કરતાં જુદાજ પ્રકારની હતી; તેના અંતઃકરણમાં કાંઇક દયાનો વાસ હતો; તેણી તેની જયાયસ્ બ્હેનોના મતમાં મળતી રહેતી પણ તેલને અને પાણીને જેવો સબંધ રહે છે તેમ રહેતી.

નવિન મનુષ્યના આવ્યાની ખબર પડત્તાંજ તે મોટી બ્હેનોના આવાસમાં આવી અને જોયું તો બન્ને બ્હેનો ત્યાં ન મળે, માળપર ગઇ તો ત્યાં ફકત સરદારનેજ તેણીએ જોયો,

તેને જોતાની સાથેજ તેના નેત્રોમાં કાંઇક પાણી ભરાઇ આવ્યું, "અરેરે ! આવા સુકુમાર પુરૂષની પણ તેવીજ દશા થશે ! નાના ! તેમ નહીંજ થવા દઉં ! મારી જાત ગમે તે છે પણ આવા રત્નનો નાશ નહીંજ થવા દઉં !" એવી લાગણી તેના અંતઃકરણમાં થઇ, આ મુગ્ધાના દ્રષ્ટિ રત્નોમાંથી વારીશ્રાવ થતો જોઇ સરદારને પણ અચંબો લાગ્યો, તેણે કહ્યું "મધુરી મુગ્ધે! આમ અહીં આવી અચાનક અશ્રુપાત કેમ કરવા માંડયું. ?"

**નવીનબાળા**—નવીન મનુષ્ય ! તમને ભાગ્યેજ ખબર હશે કે આ મનુષ્યોનો વાસ નથી પણ યક્ષણીઓનો મુકામ છે અમો દરેક રવીવારે અઠવાડીઆમાં મળેલાં મનુષ્યોનો ભક્ષ કરીએ છીએ પણ તમને જોતાંજ મારા અંતઃકરણમાં દયાની લાગણી ઉત્પન્ન થઇ, ચાલો, મારી સાથે આવો હું તમને મારા શબ્દોનું બરાબર ભાન કરાવું.

સરદારસીંહ આ સાંભળી હીમાલય ઉપર પડતા હીમની પેઠે ઠંડો થઇ ગયો ! તેની સ્મરણ શક્તિ તેને છોડી ચાલી ગઇ ! તે ગતિ ભંગ ! અને આ સુંદરી શું બોલે છે તેપણ સમજી શક્યો નહીં; તે કાંઇ બોલવા જતો હતો પણ એટલામાં તેલી યુવતીએ તેને નહીં બોલવા સાન કરી અને કહ્યું કે "હાલ મારી બ્હેનો જળક્રિડા કરવા ગઇ હશે માટે થોડીજ વારમાં તમને સર્વ હકીકત કહું અને અહીંથી તમારે કેવી રીતે છુ-ટવું તે બતાવું છું તમે મારી પાછળ આવો."

એમ કહી તે લલના તેને ઉપલા છેલ્લા સાતમા માળપર લઇ ગઇ અને એક પછી એક એમ સાત ઓરડાઓ

ખોલી બતાવી જે જોતાંજ સરદાર મરણ તોલ થઇ ગયો! જમીન પર બેસી ગયો! તેને ઉભા થવાની પણ શકિત રહી નહી! આવી દશા થવાનું કારણ કે તેણે સાતે ઓરડીઓ માણસના હાડપીંજરોથી ભરેલી દીઠી!!!

તે ગદ્ગદ્ સ્વરે બોલ્યો "જો આપ મને આવા ભયંકર મરણ સંકટમાંથી બચાવશો—મુકત કરશો તો આપનો અતિ ઉપકાર થશે; જો આપ મને આ સમયમાં સહાયભૂત નહીં થાઓ તો મારૂં આવીજ બન્યું છે તમારી બ્હેનોએ મારાપર મોહીની મંત્રની પુર્ણ અસર બજાવી હતી તે આ દેખાવ જોવાથી ખસી ગઇ—ઉડી ગઇ;" એમ કહી બેબાકળાની પેઠે તે યુવતીની સામે હાથ જોડી ઉભો રહ્યો.

**યક્ષણી**—તમે ગભરાશો નહીં હું તમને જે કાંઇ આપું છું તે આજ નિશાએ જ્યારે મારી બ્હેનો તમારી સાથે ચોપાટ ખેલવા બેસે તે વખત તેમને પાનમાં ખવરાવી દેજો જે ખાવાથી તેઓને ઘેન ચઢશે, અને તમે તરતજ અહીં નીચે તૈયાર કરી રાખેલા અશ્વપર બેસી અહીંથી રવાના થઈ જજો અને અહીંથી પચીસ યોજનપર એક સરિતા વહે છે તેની સામેની બાજુએ નીકળી જજો, આ તુરી ઉપરથી પાણીમાં પણ ઉતરશો નહીં; તેજ તમને પેલી પાળ લઇ જશે ત્યાં એમનાથી અવાશે નહીં કારણ તે નદીની પેલી પારથી સૌરાષ્ટ્ર દેશની હદ આવે છે ત્યાં તેમનાથી જવાતું નથી, મારા બોલો બરાબર ચોકસ યાદ રાખજો અને ચાલાકીથી નીકળી જજો જો ગફલતમાં રહેશો તો આવતી કાલેજ તમારી તેવીજ વલે થશે. કારણ

કાલેજ રવીવાર છે અને તેટલા માટેજ તેઓ આ તમારી સાથે આજે રાત્રે ચોપાટ રમવા બેસશે. પણ યાદ રાખજો કે તેઓ તમને જે કાંઈ આપે તે ખાતા નહી ! નહીંતો તમારાથી અહીંથી જવાશેજ નહીં. હવે હું જાઉંછું તેઓ હમણાંજ આવશે તે વખતે આમાંનો એક પણ શબ્દ બોલશો નહીં. અને જ્યારે તમને કોઈ પ્રસંગે મારી જરૂર પડે તે વખતે આ લ્યો આને અગ્નિમાં નાંખવાથી હું આવી હાજર થઇશ,

આટલું કહી તેણી એકદમ ત્યાંથી બહાર નીકળી ગઇ અને તેના મકાનમાં જતી રહી થોડીવારમાંજ પેલી યક્ષણીઓ આવી, સરદાર જાણે કાંઇ બીના જાણતો નથી એવો ડોળ કરી બેઠો.

રાત્રીનો સમય થયો ઘડીએક રાત્રી વીતી ગઇ તેજ વખતે પેલી યુવતીએ કહ્યું "પ્રીયનાથ ! આજે મને આપની સાથે ચોપાટ ખેલવા મન થાય છે, મને આજે એવોજ ઉમંગ થઇ આવ્યો છે. માટે ચાલો આપણે ચોપાટ રમીયે."

**સરદાર**—ભલે તમારી ખુશી હોયતો હું તૈયાર છું, તમારા મનની ઇચ્છા પુર્ણ કરવી એ મારી ફરજ છે, તમારા જેવા રમણીય રત્ન સાથે રમવા કોણ ના કહેશે ?

પેલી યુવતીએ તરતજ ચોપાટ પાથરી અને એક પાસે સરદાર અને તેની સામે પેલી યુવતી બેઠી અને બીજી બે પાસે પેલી બે બહેનો બેઠી, ખેલવાનું કામ શરૂ થયું પાસા નખાવા માંડયા, પહેલી બાજી સરદારને જીતવા દીધી; બીજી બા-

જીએ પેલી યુવતીની જીત થઇ, એમ રમતાં રમતાં આશરે કલાક એક થયો હશે એટલે સરદાર બોલ્યો.

“ પ્રિયા આજે હુ મારે હાથે તમને પાન કરી આપું મારી પણ એવી ઇચ્છા થાય છે તમારા હાથના પાન મેં ઘણાં ખાધાં પરંતુ મારા હાથનું પાન તમે એકે વખત અંગીકાર કર્યું નથી તો આજે તમારે તે લેવુંજ પડશે. ”

**યક્ષણી**—ભલે તમારી જેવી ઇચ્છા.

સરદારે તરતજ ચાર પાન બનાવ્યાં અને પેલી ત્રણે બહેનોને એક એક આપ્યું અને એક તેણે લીધું થોડાજ વખતમાં તેઓને ઘેન ચઢવા માંડયું, પેલી નાની બહેનતો જાણીનેજ ઘેન ચઢવાનો ડોળ કરી લાંબી થઇને પડી.

સરદારે એકદમ ત્યાંથી ઉઠી પેલી યુવતીએ તૈયાર કરી રાખેલા ઘોડાપર બેશી મારી મુકયો. ઘોડો પણ એવો ચાલાક હતો કે એક ક્ષણવારમાં કેટલાક ગાઉ ચાલી નીકળતો આશરે નદી બે યોજન રહી એટલામાં પેલી યક્ષણીઓનું ઘેન ઉતર્યું, જુવે છે તો ત્યાં સરદારને દીઠો નહીં ! પેલી નાની બહેનતો હજુ પડેલીજ હતી તેને ઉઠાડી પરંતુ પેલી બે જણીઓ સમજી ગઇ કે આ કૃત્યાનુંજ એ કામ છે. જેથી તેને ઠપકો દેવા લાગી પેલી નાની બહેનને કહ્યું “બ્હેન એમાંનું હું કાંઇ જાણતી નથી, તે અહીંથી જતો રહ્યો તો આપણને તેને પકડતાં શું વાર છે? ચાલો આપણે ઉડીએ ? ”

પેલી ત્રણે યક્ષણીઓ પક્ષીની માફક આકાશ માર્ગે ઉડવા લાગી; અને સરદારની પાછળ ચાલી; આ વખતે સરદાર

તેનાં સુભાગ્યે સરિતાની મધ્ય સ્થળે આવેલો હતો. પેલી યક્ષણીઓ ઘોડાને પુંછડે વળગી પડી પણ સરદારે તલવારથી ઘોડાનું પુચ્છડું કાપી નાખ્યું અને પેલીપાર જઇ પહોંચ્યો, ત્યાં તે નિર્ભય થયો! પેલી દુકિતઓ નિરાશ થઇ પાછી વળી ગઇ!

સરદારની પ્રાણ રક્ષક યક્ષણીએ તેને કહ્યું હતું કે સરિતાની પેલી પારથી શૌરન્ધ્ર દેશની હદ છે અને સરદારને ત્યાંજ જવું હતું. જેથી તેણે આગળ ચાલવા માંડયું.

હવે શાંતાવતીની અહીં શી હાલત છે તેની તરફ વાંચકોનું લક્ષ ફેરવવું જોઇએ.

પાઠક વર્ગને ખબર તો હશેજ કે શાન્તાવતી એક દ્વીજ કુમારી હતી તેને એક તેનાથી સગીર બહેન હતી તેનું નામ કમળા હતું પરંતુ તેની સાથે આપણે કાંઇ સંબંધ નથી.

એક દિવસ એવું બન્યું કે શાન્તાવતીના પિતા સનત્કુમાર તેની બંને દુહિતાઓ સાથે આનંદમાં બેઠો હતો તે વખતે તેણે એવો પ્રશ્ન કર્યો કે, "હે મમ પુત્રીઓ! તમે આપ કર્મી થવા માગો છો કે તમારૂં ભવિષ્ય મારામાં ભેળવાયલું સમજો છો?

**કમળા**—પિતાશ્રી! વળી અમારૂં ભાગ્યનો, આપના ભવિષ્યની સાથેજ મળેલું; તેમાં આપ શું પુછો છો?

આ સાંભળી શાન્તાવતી બોલી ઉઠી "નહીં પિતાશ્રી! સુખ કિંવા દુઃખ; યશ અથવા અપયશ; વિપત્તી અથવા વૈભવ જે કાંઇ મળવાનું તે તો સ્વ કર્મથીજ મળે છે; તેમાં પારકાનું નશીબ ચાલતુ નથી. ઇશ્વર અને ભાવિની કૃતિને કોઇ છેદન

કરવા શક્તિમાન નથી, માટે હું તો પોતે આપ કર્મનેજ આધારરૂપ માનું છું. ”

આ સાંભળી સનત્કુમારને અતિક્રોધ ચઢયો, અને આજથી નવમે દિવસે ચતુર્દશીને દિવસે પ્રાતઃકાળમાં જે કોઇ મનુષ્ય દ્વાર આગળ આવી ચડે, તેને શાન્તાવતીને સોંપી દેવા નિશ્ચય કર્યો અને કહ્યું કેઃ—“ જોઉછું તારૂ આપકર્મ કેવું પ્રબળ છે તે ? ”

**શાન્તાવતી**—પિતાશ્રી ! મારા ભાવિમાં જેમ સરજાયલું હશે તેમજ થશે.

**સનત્કુમાર**—ઠીક, ઠીક, તારૂં ભાવિ જણાશે.

આ હકિગત આખા નગરમાં પ્રસરી ગઈ. સરદારે નગ્રમાં આવી એક માલણને ત્યાં મુકામ કર્યો. અને તેણીની દ્વારા સઘળી નગરની ચર્ચાથી માહેતગાર થયો. માલણે તેને શાન્તાવતીના પિતાની સાથે થયલી શાન્તાવતીની વાતચીત પણ કહી જેથી ચતુરદશીને દિવસે સરદાર બ્રાહ્મણને વેષે સનત્કુમારના દ્વાર આગળ જઇ ઉભો રહ્યો.

પ્રાતઃકાળમાં દ્વાર ખોલતાંજ સનત્કુમારની નજરે સરદારસીંહ દ્વીજ વેષે પડયો. શાન્તાવતીને તેની સાથે બહાર નીકળી જવા હુકમ કર્યો શાન્તાવતી ધૈર્ય ધરી ફક્ત નશીબ ઉપરજ આધાર રાખી તેની સાથે ગઇ.

**સાન્તાવતી**—પ્રાણનાથ—સરદારસી હે તેને બોલતી અટકાવીને કહેવા લાગ્યો. “ દ્વીજકુમારી ! તમારા પિતાએ તમારા સુખનો કાંઇ પણ વિચાર ન કરતા તમને આમ ઘરમાંથી કાઢી

મુકવાનું કારણ મેં જાણ્યું છે. અને દૈવ ઇચ્છાએ પ્રથમજ હું તમારા પિતાની દ્રષ્ટીએ પડયો જેથી તમારે મારી સાથે આવવાનું થયું છે. હવે ત્યારે મારી સાથે તમારી જીંદગી જોડાઇ છે તો મારૂં કહ્યું તમારે માન્ય કરવુંજ જોઇએ."

**શાન્તાવતી**—જ્યારથી તમારી સહચરી થઇ ત્યારથી તમારા કહ્યા મુજબ વર્તવા તૈયારછું.

**સરદાર**—ત્યારે તો સાંભળો. હું પોતે દ્રીજ નથી પણ ક્ષત્રિછું! તો એક દ્રીજ કન્યાનાં લગ્ન ક્ષત્રી સાથે થાય એ અસંભવિત છે. તો હું એક દ્રીજ કુમાર સાથે તમારાં લગ્ન કરીશ. અને તે પણ તમારે લાયકજ છે. તમને કોઇ પણ પ્રકારે સંકટમાં નાંખીશ નહીં. અને તમને મારી પાસેજ રાખીશ બોલો તમારે કબુલ છે કે નહી?

**શાન્તાવતી**—હું ફક્ત નશીબનેજ આધારે વર્તનારછું જેથી આપ જે કહેશો તે કબુલજ કરીશ મારા ભવિષ્યમાં જે સર્જાયલું હશે તેમજ થશે.

આ સાંભળી સરદારે દ્રીજ બાળાને સર્વે વૃતાંત અને તેને ક્યાં લઇ જવાની છે તે પણ કહ્યું. અને અહીંથી તાત્કાળ શી રીતે જવું તેના વિચારમાં પડયો. એટલામાં તેને કાંઇ યાદ આવ્યું. જેથી માલણને ત્યાં જઇ થોડો અગ્ની લઈ તેના ઉપર કેટલાક વાળ મુકયા, તેને બળતાની સાથેજ એક નવયૌવના હાજર થઇ અને કહ્યું. "મને કેમ યાદ કરી? ફરમાવો શો હુકમ છે?"

**સરદાર**—અહીંથી અમને મારી જગ્યાપર લઇ જવા માટે તમને બોલાવેલ છે.

**યક્ષણી**—તે ખરૂં છે, પણ મારાથી અહીંથી ફક્ત સો યોજનં સુધી અવાશે, આગળ આવવા મારી શકતી નથી. ફક્ત ત્યાં સુધીજ મારી વિદ્યા ચાલે છે. ત્યાંથી પછી તમે ગમે તેમ કરી જજો.

**સરદાર**—ભલે પણ ત્યાં સુધી અમને લઈ જાઓ.

પેલી યક્ષણીએ તે બંનેને બે હાથમાં લઇ આકાશ માર્ગે ઉડવા માંડયું અને થોડી મુદતમાં તેમને એક નગ્રથી બે યોજન દુર મુકી તે પાછી ચાલી ગઇ.



# પ્રકરણ ૨૩ મું.

## સ્વયંવર.

આજે વસંતપંચમીનો દિવસ છે, ચંદ્રનગરના લોકો આનંદી દેખાય છે, ઉદાસીનું ચિન્હ કોઇના મુખપર દેખાતું નથી, જ્યાં જોઇએ ત્યાં મંગળ વાતો થતી સાંભળવામાં આવે છે, કારણ ચંદ્રવર્માની કુંવરી કામલત્તાનો સ્વયંવર આજે થવાનો છે દેશ દેશના રાજાઓ સંપુર્ણ ઠાઠમાઠથી આવેલા છે. ચંદ્રવર્માએ એક મોટો સ્વયવર મંડપ તૈયાર કરાવ્યો હતો; દરેક દેશના રાજાનો ના હોદા પ્રમાણે બેસવાનાં સ્થાનકો પણ રીતસર મુકરર કર્યાં હતાં. સ્વયંવરની શોભાનો પાર નહોતો. દરેક સ્થંભે સ્ફટિક મણી જડી દીધા હતા. તેમાં આછાં આછાં નીલમ, માણેક, ચુનીઓ વિગેરેનું જડીત્ર કરેલું હતુ મંડપ ઘણો વિશાળ હતો. સઘળી રૈયત તેમજ અન્ય પ્રેક્ષકો પણ એ સ્વયંવરનો લાભ લઇ શકે તેટલા માટે ઘણી સારી જુકિત કરેલી હતી પ્રાતઃકાળમાથી અન્ય નગરના રાજાઓની સ્વયંવરમાં આવક થવા લાગી; ધીરે ધીરે સઘળા રાજાઓ આવી રહ્યા. કુંવરી કામલત્તાને પણ સારાં સારાં વસ્ત્રાંલંકારો સજાવી એક અદભૂત હાથણીપર બેસાડી સ્વયંવર મંડપમાં આણી. આ હાથણીની સુંઢમાં એક વરમાળા આપેલી હતી. જેના કંઠમાં આ વરમાળ હાથણી આરોપે તેની સાથે કામલત્તાનાં લગ્ન કરવાં અને ચંદ્રવરમાને પુત્ર ન હોવાથી

તેનેજ રાજ્યાધિકારી કરવો, એવી ધારણાથી આ સ્વયંવર ભરવામાં આવ્યો હતો. અદ્દભૂત હાથણી સોનાના ઘંટનાદ સાથે સ્વયંવરમાં ફરવા લાગી, દરેક રાજાઓ અને રાજકુંવરો તરફ દ્રષ્ટી કરવા લાગી. "પોતાને વરમાળ આરોપે એવા હેતુથી નાના મોટા સર્વે રાજાઓ પોતાના મસ્તકો આગળ ધરવા મંડયાં. હાથણી તપાસતી તપાસતી રાજાઓની સભામાંથી પસાર થઈ ગઇ અને અન્ય પ્રેક્ષકોના ટોળામાં આવી કુંવરીને લાયક એક સગીર વયના બાળકના કંઠમાં વરમાળ આરોપી. આવો અવનવો બનાવ જોઇ સર્વે આશ્ચર્ય પામ્યાં.

હાથણીની ભૂલ થઈ સમજી સ્વયંવરમાં બીજી હાથણીને શણગારી આણી તેણે પણ ઉપર પ્રમાણેજ કર્યું, ચંદ્રવર્માએ વિચાર કર્યો કે.—

"આજ રાજ્યાધિકારી થવાને લાયક હશે તો ! ઇશ્વર કાંઇ સારૂં ધારીનેજ કરતો હશે. જેમ કુંવરીના ભવિષ્યમાં હશે તેમ થશે, માટે ખેર, એ જે હોય તે હવે કાંઇ પણ વિચાર ન કરતાં એનેજ કુંવરી પરણાવવી." એમ વિચાર કરીને આખા સ્વયંવ ની સમક્ષ તે બાળક સાથે કુંવરીનો હસ્તમેળાપ કર્યો.

"આવા રખડતા–ભમતા ભુત સાથે તારી કુંવરીનું લગ્ન કરવું હતું તો અમને શા માટે અત્રે તેડવા પત્રિકા લખી મોકલી હતી ? આટલા ક્ષત્રી પુત્રોમાંથી એક પણ તારી પુત્રીને વરવા લાયક નથી ? શું હમને તું બાયલા સમજે છે ?" આદિ ઉચ્ચારો સ્વયંવરમાંથી થવા લાગ્યા. દરેક રાજાના નેત્રોમાં ક્રોધાગ્નિ પ્રકટી રહ્યો.

તરતજ તે બાળક જેની સાથે આવેલ હતો તે યોગિની આગળ આવી બોલી "હે રાજા ! તમે કાંઇ પણ વાતનો અંદેશો લાવશો નહીં, એ એક ક્ષત્રી પુત્ર છે. અને તમારી પુત્રીનો ભરચાર થવા લાયક છે. અને રાજ્યનો અધિકારી થવાને પણ લાયક છે. દશાના પ્રબળને લીધે તે આવી અધમ સ્થીતિમાં આવી પડયો છે. એ કોણ છે અને કોનો પુત્ર છે તે હું હમણાંજ સ્પષ્ટ કરૂંછું."

તે યોગિની આગળ બોલવા જતી હતી એટલામાં એક અણચિંતવ્યા બનાવે તેને અટકાવી.

એક પુરૂષને કેદી તરીકે સ્વયંવરમાં કેટલાક સીપાઇઓ પકડી લાવ્યા. અને રાજાને કહ્યું—"મહારાજ આપના નગ્રમાં આજ રોજ આનંદ ઉત્સવના સમયમાં ખલેલ પહોંચાડનાર આ પુરૂષ છે. નેમચંદ શેઠના પુત્ર હીમચંદનું ગઇ રાત્રીએ ખુન થયું હતું પરંતુ તે આજે પ્રાતઃકાળમાં જાહેર થયું. તપાસ કરતાં એ લાશ સ્મશાન વાડીની પાસે આવેલા એક આલયની બહારથી મળી આવી. ત્યાં તે આલયમાં આ પુરૂષ અને એક સ્ત્રી હતાં તે સ્ત્રીને પણ અત્રે લાવવામાં આવી છે. જેથી આ પુરૂષેજ એબદ કૃત્ય કરેલું હોવું જોઇએ કારણ લોહીથી ખરડાયલી કટાર પણ તે આલયમાંથીજ મળી"

આખો સ્વયંવર તેના તરફ જોવા લાગ્યો. આ બંદીવાનના મુખપર શોકનું એક બીંદુ પણ દેખાતું નહોતું.

'પલમાં રાય પલકમાં રાજા, પલમાં સૌ સ્રષ્ટીની માઝા,
એ કર્તાંનો તું જગરાયા દિસે વિશ્વપતિ—'

વાહ પ્રભુ નસીબની બલીહારી !

'તારેકા તેજમેં ચંદ્ર છુપે નહીં, સુર્ય છુપે નહી બાદલછાયો.
રાઢ પડે રજપુત છુપે નહીં, દાતા છુપે નહીં મંગન આયો.
ચંચળ નારીકા નેન છુપે નહીં, પ્રોત છુપે નહી પું ઠ દીખાયો.
કહે કવી ગંગ સુનો શાહ અકબર, કર્મ છુપે નહીં ભભુત લગાયો.

આવી સ્થીતિમાં હોવા છતાં પણ આ પુરૂષનું નુર છુપું રહેતું નહોતું; ચંદ્રવર્માને આમાં કાંઇ ઉંડો ભેદ હોવાનો ભાસ થયો.

**ચંદ્રવર્મા**—કેમ આ ખુન તમે કર્યું ?

**કેદી**—હા.

**ચંદ્રવર્મા**—તમારે એમ કરવામાં શું ફાયદો હતો ?

**કેદી**—તે ઇશ્વર જાણે.

**ચંદ્રવર્મા**—તમે કોણ છો ?

**કેદી**—ચડતી પડતીનો અનુભવાર્થી.

**ચંદ્રવર્મા**—તમારો ધંધો શો છે !

**કેદી**—ચોરી અને જીવહીંસા કરવાનો.

**ચંદ્રવર્મા**—તમે મારા સવાલના જવાબ ઉંધા આપો છો પણ મને એમ ભાસ થાય છે કે તમારે હાથે આ કામ થયલું નથી, ફક્ત શકપર તમને કેદ કર્યા છે. હું તમને હમણાંજ બંધન મુક્ત કરૂં છું.

એમ કહી તેને મુક્ત કરવા ફરમાવ્યું. તરતજ સીપાઇઆએ તેને છુટો કર્યો.

**ચંદ્રવર્મા**—તમે તમારૂં નામ ઠામ ખરેખરૂં જણાવો. તમે કોઈ સુજ્ઞ પૂરૂષ હોય એમ લાગે છે. તો, તમારા ઉપરથી આ આરોપ દુર થવા તમે કાંઇ આધાર આપી શકો છો !

**કેદી**—આધાર ફક્ત ઇશ્વરનો અને મારી જબાનનો.

**ચંદ્રવર્મા**—જો તમે ઇશ્વર પ્રતિજ્ઞાથી સત્ય જાહેર કરશો અને તેમાંનું સત્યાસત્ય મને સમજાશે તો તમારાપરથી આરોપ દુર થશે.

**કેદી**—આપ સત્ય શું છે, તે સમજી શકશો ? અને સત્ય કહેવાથી શું હું બેહદ વિપત્તીમાંથી મુક્ત થઇશ ?

એકદમ એક સ્ત્રીએ આવી આંખોમાં અશ્રુ સહીત ભેટી પડી કહ્યું; "સ્વામીનાથ ! આપની આ દશા ! આ સ્થીતિ જોઇ મારૂં કાળજું ફાટી જાય છે ! નાથ ! અનાથ અબળાને એકલી મુકી આમ કરવાનું આપને કેમ સુઝયું ? મને શા ગુન્હા ને માટે તરછોડી ?" એમ કહી ધ્રુસ્કે રૂદન કરવા માંડયું. પેલા કેદીના ચક્ષુમાંથી પણ અશ્રુધારા ચાલવા માંડી. આખો સ્વયંવર આ ભેદમાં ગોથાં ખાવા લાગ્યો.

એટલામાં વળી એક અન્ય સ્ત્રી જે યોગીનિ રૂપે ઉભી હતી; તેણે આવી કહ્યું. "શાન્ત થા, સખી, શાન્ત થા. અને મારા સામુ દ્રષ્ટી કર."

સ્ત્રીએ ઉંચું જોયું તો તેની દ્રષ્ટીએ શું પડયું ?......

કોણ ! તું ! આ શું ! સ્વપ્ન કે સત્ય ? જો સત્ય હોય તો મારો પુત્ર કયાં છે ? બોલ સખી જલદી બોલ

**યોગિની**—તેજ આ તમારો પુત્ર ! ચંદ્રવર્માનો જમાતૃ અને રાજ્યાધિકારી થયો.

આ સાંભળતાંજ પેલો બાળક આવી ભેટી પડયો. "શું આ મારાં માતાશ્રી અને પિતાશ્રી ?"

વાંચકો ! આવા વખતનો દેખાવ કેવો હશે ? તેમના અંતઃકરણમાં કેવો આનંદ ઉપજ્યો હશે ? તેમને નવો જન્મ લીધા જેવું નહીં લાગ્યું હોય ?

ટોળાને બીજે છેડેથી એક આશરે વર્ષ ૪૫ એકની ઉમ્મરનો પુરૂષ દોડતો માગ કરતો આવી પેલા કેદીને પગે પડી બોલ્યો, " નામદાર ! આ શું ! આવું કરવું હતું તો મને પણ ન જણાવ્યું ? મને દુઃખી કરીને છુટા થવાનું કેમ ઠીક લાગ્યું ! ઇશ્વરે તમને આવી બુદ્ધી કેમ આપી ? "

આ વખતે અશ્રુપાત સિવાય અન્ય કાંઇ નજરે પડતું નહોતું. અને તે અશ્રુપાત સ્નેહનોજ હતો.

**ચંદ્રવર્મા**—આ ઇંદ્રજાળમાં મને કાંઇ સમજ પડતી નથી; માટે આ ભેદનો ખુલાસો ત્વરીત કરો.

પેલા પુરૂષે સઘળી હકીકત જાહેર કરી—અથઇતિ કહી સંભળાવી.

**ચંદ્રવર્મા**—અહોહો ! મારાં કેવાં નભાગ્ય ! હવે તે દુષ્ટને શાસન આપવા કાંઇ ઢીલ કરવી ન હાલજ બંદોબસ્ત કરી ત્યાં જવું. !

સ્વયંવરના પ્રેક્ષકો અને રાજાઓ દંગ થઇ ગયા. આવો એકાએક બનાવ જોઇ આશ્ચર્યચકિત થયા અને સ્વયંવર વિસર્જન થયો.

પ્રીય પાઠકવૃંદ ! આ ભેદ જાણવા ઘણો આતુર થઇ રહ્યો હશે—એ બીના સાંભળવા એક પગે થઇ રહ્યો હશે. તને આ ભેદમાં રાખત, પણ તારી આતુરતા એ ભેદ જાણવા

એટલી બધી વધી ગઇ છે કે મારી કલમ મારા હાથને તે સ્પષ્ટ કરવા ફરજ પાડે છે.

આ કેદી પુરૂષ આપણી વાર્તાનો નાયક સરદાર હતો! પેલી સ્ત્રી તેની પ્રીય પત્ની તિલોત્તમા હતી! અને કુંવર પણ તેનોજ હતો. જંગલમાં વસતાં તેને ગર્ભ રહ્યો હતો, સરદારના એક સાગરીતને તિલોત્તમાની ખબર પડી હતી, પાંચ સાત દીવસ સરદાર નહીં જણાવાથી તે તેણીને સરદારના સપડાયાનું કહી અને "તમારા સીવાય તે છુટે તેમ નથી" એમ જણાવી સાથે તેડી ગયો. રસ્તામાં તેના ઉપર થયેલી બદ નજર જાહેર કરી અને તે ફાંસામાંથી અ. ચંદ્રવર્મા તેણીને બચાવી લાવ્યો હતો.

કુંવર જંગલમાં રહી વિજયા પાસે ઉછર્યો યોગીનિ વેશે તેને લઇ ત્યાંથી તે તિલોત્તમા ઘણા વખત થયાં નહીં આવ્યાથી નીકળી પડી સરદારના સઘળા સાગરીતો બેવફા થઇ ગયા. રાયસીંહ સરદારની શોધમાં નીકળી પડ્યો હતો.

હેમચંદનું ખુન તેની સ્ત્રીએજ કર્યું હતુ. અને તે લાશને લઇ સ્મશાન વાડીની પાસેના આલયની બહાર નાંખી. આલયમાં સરદાર અને શાન્તાવતી ઉંઘી ગયલાં હતાં ત્યાં આગલ કટાર મુકી દીધી. તે પણ ખુલ્લું થઇ ગયું અને તેને ઘટતી શિક્ષા કરી. સરદારસીંહ કેદ થયો ત્યારે શાન્તાવતી તેની સાથેજ હતી.

# પ્રકરણ ૨૪ મું.

## હર્ષનું પહેલું પગથીયું.

---

ગત પ્રકરણમાં આપણે વાંચી ગયા છીએ કે સરદારસીંહ અહીં શાંન્તાવતીને લઇને આવ્યો હતો અને તે એક ખૂની તરીકે પકડાયો હતો. અહીંજ સર્વનો મેળાપ થયો. ચંદ્રવર્માએ તેમને ત્યાંજ રાખ્યાં અને નૌતમગઢપર ચઢાઇ ક્યારે કરવી તે વીષે સરદાર, રાયસીંહ અને ચંદ્રવર્મા સલાહ કરવા લાગ્યા.

**સરદાર**—રાજન્, આપણે અહીંથી તેના ઉપર એક પત્ર લખી મોકલો કારણ આપણે દગો કરી તેને પકડવો નથી. જો કે તે મારો શત્રુ છે ખરો, પરંતુ આપણે આપણા ધર્મ પ્રમાણે વર્તવું જોઇએ. સરદારના કહેવાથી ચંદ્રવર્માએ કાગળ લખ્યો.

"નૌતમગઢાધિપતી કુરસીંહ."

"તમે જે ગાદી ભોગવો છો તે કપટ કરી લીધેલી છે, એમ માલમ પડવાથી, અને ગાદીનો ખરોવારસ ઇશ્વર પાએ હયાત હોવાથી એકદમ શરણમાં આવી ગાદીની સત્તા તેને સોંપી દ્યો જો કે તમે ઘણું ઘોર કૃત્ય કર્યું છે, પરંતુ એ બહાદુર ક્ષત્રી તેને માટે તમને માફી આપશે, શું કરૂં! તમારા જેવા કૃતઘ્નીઓનો નાશ કરવા મારા બાહુ ઘણા અધીરા થઇ રહ્યા છે. પણ તેમ કરવા તે વીર પુરૂષ મને અટકાવે છે. ક્ષત્રી ધર્મની વિરૂદ્ધ આચરણ તમે કર્યું છે. જો તમે તમારૂં આયુષ્ય

ચહાતા હોતો, દીવસ ૧૫ ની અંદર અહી ચંદ્ર નગર આવી માફી માગો નહીં તો લડાઇ આપવા તૈયાર થજો. અસત્યની— કપટની ગાદી ભોગવતાં તમને કેટલું નુકશાન છે અને કેટલું પ્રાયશ્ચિત છે તે તમે સમજો છો છતાં, અલ્પ સુખને ખાતર ગાદીના સત્યાધિપતીનો નાશ કરી તમે ખુશી થાઓ છો, પણ ઇશ્વર તે સહન કરનાર નથી. કાગળ વાંચી ઉપર લખેલી મુદતમાં નહીં આવો તો તમારી સ્થીતિ શું થશે તે તમે જાતે અનુભવ શો. ”

**“ લખનાર—સત્યનો સાથી અને અસત્યનો શત્રુ ચંદ્રવર્મા. ”**

કાગળ આપી એક સ્વારને તાબડતોબ રવાના કર્યો. સરદારને ઘણી ચટપટી થતી હતી. તેને હવે શુભ થવાનાં ચિન્હો જણાવા લાગ્યાં, તેનો આત્મા કુદરતી આનંદમાં રહેવા લાગ્યો. એક દીવશ તે આગાશિકામાં બેઠો હતો ને કાંઇ વિચાર કરતો હતો એટલામાં પાછળથી તિલોત્તમાએ આવી કહ્યું.

કેમ પ્રાણનાથ ? આપ અત્યારે શા વિચાર કરો છો ?

**સરદાર**—વિચાર તો એજ કે—

**તિલોત્તમા**—હા હા એતો હું સમજી તમારા વિચાર બીજા તે વળી શા હોય ? આજે તો આને મારવો, કાલે પેલાને લૂંટવો વળી ફલાણે ઠેકાણે ચડાઇ કરવી એવા તમારા વિચાર !

**સરદાર**—વાહ ! વાહ ! ત્યારે તું તો ભવિષ્ય વેત્તાજ છે કાં ? ત્યારે તો હવે કાંઇ ખુલાસો કરવો હશે તો તનેજ પૂછીશ અને પુંછશ.

**તિલોત્તમા**—આવું બોલવું તમને કેમ સુઝે છે. જરા હાસ્ય કરવાને કહ્યું એટલામાં તો 'પૂછીશ' અને 'પુંજીશ' એ શું વળી!

**સરદાર**—ત્યારે હું પણ હાસ્યજ કરૂં છું. જો, હાલનો વખત તો તું જાણે છેજ અને પ્રભુ કરશે તો થોડા દિવસમાં તું મહારાણીની પદવી ધારણ કરવાને ભાગ્યશાળી થઇશ.

**તિલોત્તમા**—સ્વામિનાથ. આજે મહારાજ કહેતા હતા કે નૌતમગઢ એક સ્વારને કાગલ આપી મોકલ્યો છે.

**સરદાર**—હા, જો તે માનશે તો ઠીક છે નહિ તો પછી લડાઈ તો છેજ.

**તિલોત્તમા**—એવા દુષ્ટોને તો શાસન આપવું જોઇએ.

**સરદાર**—તે ખરૂં; પણ એક તો એ મારો કાકો છે. અને વળી અપકારનો બદલો ઉપકારથી વાળવો એવો મારો હેતુ છે. હશે એની નીચ બુદ્ધી થઇ; મારા ભાગ્યમાં એમ લખ્યું હશે. જો એણે એમ ન કર્યું હોત તો તારો મેળાપ કયાંથી થાત? માટે ઇશ્વર જેમ કરશે તે સારૂંજ કરશે.

પરમેશ્વરે કેટલાક સમયે આવી હાસ્ય જનક વાતો કરવાનો વખત આ પ્રેમી દંપતીને આપ્યો હતો, અને તેવાજ હર્ષમાં નિંદ્રા દેવીએ તેમને પોતાના ખોળામાં લઇ લીધાં અને શાન્ત કર્યાં.

હવે નૌતમગઢ ગયલો સ્વાર પંદર દીવસે આવી પહોંચ્યો કુરસીંહે જવાબમાં તેને એક પત્ર લખી આપ્યો હતો, તે ચંદ્રવર્માએ વાંચ્યો.

## "ચંદ્રનગરના ચંદ્રવર્મા."

"તમે જે લખ્યું છે તે શું વિચારીને લખ્યું છે? શું હું ખરો વારસ નથી? મારા શિવાય બીજો વારસ કોણ છે? જે હોય તેને આવવા દયો. મારા બાહુ, હું ગાદિનો અધિકારી છું કે નહી તે બતાવશે અને તમારે પણ મદદમાં આવવું હોય તો બેશક આવજો. તમારી વ્યવસ્થા પાછળથી શું થાય છે. તે તમે પણ અનુભવશો,

**લી, ક્રુરસીંહ મહારાજ.**

ચંદ્રવર્માથી આ સહન થયું નહીં. સરદાર પણ ત્યાં હાજરજ હતો તેમણે નૌતમગઢ ચઢાઇ કરવાની તૈયારી કરવા માંડી.

સ્વારના ગયા પછી ક્રુરસીંહે પણ લશ્કરને બરાબર તૈયાર કરી દીધું અને ગઢની ચારે પાસે મજબુત પહેરો રાખ્યો.

ચંદ્રવર્માએ અમુક દિવસે જવું એવો નક્કી ઠરાવ કર્યો તેની ખબર કામલત્તાને પડી જેથી વખત મળતાં મદનચંદ્રને મળી.

**કામલતા**—વાહરે! પ્રિયતમ! તમને હવે માતા-પિતા મળ્યાં એટલે બધુંય મળ્યું પછી અમારો ભાવ કોણ પુછે? અને હવેતો બેચાર દિવસમાં જવાના એટલે થઈ રહ્યું.

"વાહ! આવું બોલતાં તો તને મંજરીએ શીખવ્યું હશે? કેમ? જો માતા, પિતા હોય તે વખતે આપણે મળીએ તો કેવું ગણાય" મદનચંદ્ર, કામલતાનો કોમળ કર ઝાલી તેના ગુલાબ જેવા કોમળ કપોળ પ્રદેશપર કરનો મૃદુ પ્રહાર કરી બોલ્યો.

**કામલતા**—જો તમે જશો તો હું પણ સાથેજ આવીશ.

**મદનચંદ્ર**—હાલ નહીં.

**કામલતા**—' હાલ નહી ' ? એમ ! જાઓ ત્યારે અમારી સાથે બોલશો નહીં. વધારે સહવાસ કરવાથી વધારે માપ લાગે તો.—

" તું તો ગાંડી છે. આવા લડાઇના પ્રસંગમાં તને સાથે શી રીતે લેવાય ! " મદને લગાર સ્મીત કરી કહ્યું.

કામલતા કાંઇ બોલીજ નહીં.

**મદનચંદ્ર**—જો. સાંભળ પિતાશ્રીએ તને સાથેજ લેવાનું કહ્યું છે.

**કામલતા**—હેં ! ખરૂં કહો છો ?

**મદનચંદ્ર**—હવે કેમ બોલાયું.

**કામલતા**—જો વળી પાછી મશ્કરી ? બિલાડીને હસવું થાય-અને ઉંદરનો જીવ જાય.

**મદનચંદ્ર**—ના ના ખરૂંજ કહું છું.

કામલતા કાંઇ બોલવા જતી હતી પણ એટલામાં કોઇએ આવી તેને બોલતી અટકાવી.

" સખી તું તો પ્રેમમાં બહૂજ લીન થઇ ગઇ છે ને ! કોઈ આવે તેનુંએ ભાન નથી રાખતી ! વાહ ! "

**મદનચંદ્ર**—હાં, હાં, લગાર શીખામણ દો.

**કામલતા**—તું ડાહ્યલી છે તે હું જાણું છું. તારી વળી શરમ શી ?

**મંજરી**—હવે આજતો શરમ મૂકી અને કાલેતો બોલવાનુંએ મુકશો.

**કામલતા**—જા-જા-એવું શું બોલે છે ?

**મંજરી**—સખી હવે તૈયારથા, કાલે સવારમાંજ અહીંથી નૌતમગઢ સ્વારી જનાર છે માટે તને કહેવા મને પિતાશ્રીએ મોકલી છે.

એમ કહી મંજરી ચાલી ગઇ. બીજે દીવસે ચંદ્રવર્માં મોટા લશ્કર સાથે નૌતમગઢ રવાના થયા ક્રુરસીંહ દરેક રીતે તૈયારી કરી રહ્યો હતો.

ચંદ્રવર્માં નૌતમગઢ આવી પહોંચ્યા. ઘણા વખત સુધીતો ક્રુરસીંહ ગઢમાંથી બહાર નીકળ્યો નહીં કારણ તેણે વિચાર્યું કે "ઘણા દિવસ થશે એટલે ઘેરો ઉઠાવી જશે." પણ ચંદ્રણર્માં અને સરદારે તો નિશ્ચય કર્યો હતો કે ગઢ લીધા સીવાય ખસવુંજ નથી. આખરે ક્રુરસીંહ એકદમ ધસારા સાથે સૈન્યને લઇ બહાર પડ્યો સરદાર અને ક્રુરસીંને લડાઇ ચાલી. ક્રુરસીંહના સૈનીકો કેળવાયલા હતા તેમજ ચંદ્રવર્માના માણસો પણ ડગે તેમ નહોતા બે દીવસ સુધી તુમુલ યુદ્ધ ચાલ્યું. આખરે સરદારને હાથે ક્રુરસીંહ કેદ પકડાયો તેના માણસો વિખરાઇ ગયાં. અને કેટલાક જેઓ રામસીંહના મળતીઆ હતા તેઓ સરદારને મળી ગયા.

# પ્રકરણ ૨૫ મું.

## સ્વપ્ન દર્શન.

---

આજે ચૈત્ર માસની કૃષ્ણ પક્ષની અમાવાસ્યાનો દીવસ છે. મધ્ય રાત્રી વીતી ગઇ છે. ચારે દીશામાં ઘોર તીમિરની સાથે શાં-તી પ્રસરી રહી છે. માત્ર થોડા થોડા સમયે શ્વાનના ભસવાના નાદ અને સંત્રીના અવાજ સીવાય અન્ય કાંઇ સંભળાતું નહે તું. આખું જગત ભરનિંદ્રામાં લીન થયું છે આ વખત એક યુવક કે જેની સાથે આજે કેટલાક દિવસો થયાં નિંદ્રાદેવી. ક્રોધાયમાન થઈ હતી, તે પોતાના શયન ગ્રહમાં આમ તેમ ફેરા માર્યા કરતો હતો. શયન ગ્રહમાં એક ઝાંખો દીવો બળતો હતો. ઘડીમાં તે પલંગપર સુઇ જતો ચક્ષુ બંધ કરી જાણે નીંદ્રા દેવીની ક્ષમા યાચતો હોય તેમ પડી રહેતો. પણ તેને બીલકુલ ઉંઘ આવી નહીં આખરે લાચાર થઇ પલંગપર બેસી કાંઇ બબડવા લાગ્યો " પ્રેમ મૂર્તી તેં મને દિવાનો બનાવી દીધો છે. હવે તું આ તારા વિયોગી ભોગી ભ્રમરાને ભેટી ક્યારે શાન્ત કરીશ, જાણી બુઝીને હાથે દુખ શા માટે વ્હોરી લેછે? અરે પણ તેમાં તારો શું અપરાધ! જ્યારે તે નથી માનતો તો પછી તું શું કરે."

આ પ્રમાણે તેના ભવિષ્યમાં થનારી પ્રિયાનું ચિંતવન કરતો હતો.

પ્રીય વાંચક ! આ આપણી વાર્તાના નાયકનો મીત્ર કેશરી હતો આખી રાત્રી તેણે જેમ તેમ ગુજારી બીજે દીવસે પિતાશ્રીની પાસેથી શિકારને બ્હાને રજા લઇ ત્યાંથી નીકળ્યો. પ્રેમી દીલનાં મનુષ્યોને જ્યાં સુધી ઇચ્છીત વસ્તુ નથી મળતી ત્યાં સુધી કોઇ પણ પ્રકારે ચેન પડતું નથી, જ્યારે તેને દેખે છે ત્યારેજ તેને શાન્તી વળે છે. આ પ્રમાણે કેશરીને થયું હતું. જેવું તેણે નગ્ર છોડયું કે તરતજ સાધુની રહેવાની પર્ણકૂટી તરફનો રસ્તો લીધો; આ વખતે તેનું નાશવંત ખોળીઉં આવી સ્થીતિમાં પ્રયાણ કરતું હતું પણ તેનો અમર આત્મા લક્ષ્મીની અદ્રશ્ય પ્રતિમા સાથે મળી ગયો હતો. પોતાની ભવિષ્યની મનોરમાને મળવાના તરંગમાં ને તરંગમાં તે કયે રસ્તે જાય છે તેનું પણ તેને ભાન રહ્યું નહીં. જે રસ્તે તેને જવાનું હતું તે રસ્તો રહી ગયો. અને અવળે રસ્તે ચઢી ગયો. કેટલેક દૂર ગયા પછી તે વિચાર સ્વપ્નમાંથી જાગ્રત થયો તેણે આડી અવળી દ્રષ્ટી ફેરવી તો માલુમ પડયું કે તે પોતાના હૃદયમાં સ્થપાયલી પ્રેમી પ્રતિમાની પર્ણકૂટીના માર્ગથી અવળે રસ્તે ચઢી ગયો છે. આ વખતે બરાબર મધ્યાન્હ થયા હતા. સુર્યનારાયણના સખત તાપથી ઉષ્ણ લુ વાતી હતી, આ સ્થળ દીવસે પણ ભયંકર લાગે એવું હતું. દરેક જગ્યા શાન્ત ગંભીર લાગતી હતી મુસાફરીથી શ્રમીત થયલો કેશરી આ સ્થળે એક વૃક્ષની નીચે તેના ઘોડાનો ઘાસીઓ પાથરી સુઇ ગયો. આગલા દીવસના જાગ્રણને લીધે આ વખતે તે ભર ઊંઘમાં પડયો. અને ક્ષણવારમાં તે સ્વપ્નાવસ્થા ભોગવવા લાગ્યો. "જાણે

પોતાની ભવિષ્યની થનાર પ્રીયાને એક વિકાળ વનરાજના ભયં-
કર પંજામાં સપડાયલી તેણે દીઠી. પર્ણકૂટીમાં સાધુ મહારાજ
હતા નહીં. લક્ષ્મી જાણે તેના પતી કેશરીને જોયાથી આ કા-
ળના પંજામાંથી મુક્ત થવા મદદ માગવા લાગી તે તેની શો-
કજનક બુમો સાંભળી સીંહની પાછળ પડયો પણ ક્ષણવારમાં
તો તે સીંહ એક રાક્ષસના રૂપમાં બદલાઇ ગયો અને આકાશ
માર્ગે લક્ષ્મીને લઇ ઉડયો. આ બનાવ તે એકી નજરે જોયા
કરતો હતો., તે પોતાની પ્રિયાને લઇ જવાથી એક બાળકની
પેઠે અશ્રુપાત કરવા મંડયો નીચે રહીને પણ તેણે તે રાક્ષસને
ઘણી આજીજી કરી પણ તે ક્રુ નિષ્ઠુર હ્રદયના દાનવે તેના
વિલાપ તેમજ આજીજી તરફ લક્ષ ન આપતાં બીચારી દુઃખથી
ડરતી લક્ષ્મીનો ભક્ષ કરી ગયો !!! તેણે ઉંચે દ્રષ્ટી કરી મો-
ટેથી વીલાપ કરવા માંડયો અને તેની પાછળ પ્રાણાર્પણ કરવા
તલવાર કાઢવા લાગ્યો." તલવાર કાઢવા જતાં હાથ જમીનપર
પછડાવાથી નેત્રોમાં અશ્રુવારી સહીત તે જાગી ઉઠયો તેણે ચ-
તુર દીશામાં દ્રષ્ટી ફેરવી પણ સ્વપ્નમાંનો કાંઇ બનાવ તેની
નજરે પડયો નહીં. તેનું ડાબું નેત્ર ફરકવા લાગ્યું. તેને અં-
તઃકરણમાં દુષ્ટ તર્કવિતર્ક થવા લાગ્યા આ વખતે સુર્યનારાયણ
વિશ્વની ઉપર પર્યટન કરતા કરતા અસ્તાગત થતા હતા સં-
ધ્યાકાળનો વખત થયો હતો જેમ જેમ રાત્રી વ્યતીત થતી
તેમ તેમ વનવાસી હીંસક પ્રાણીઓના કઠોર શબ્દો સાંભળવા
લાગ્યો. આ વખતે તે પોતાની સ્થીતિ અને લક્ષ્મીના પ્રેમની
તુલના કરવા લાગ્યો. પળવારમાં તે મરણની અણીપર આવી

ગયો. એક મોટો વિકાળ સિંહ પહાડી ગર્જના કરતો કરતો તેની તરફ પુર જોસમાં આવતો તેણે જોયો. તેણે હવે જીવવાની આશા છોડી ભય વખતે માણસની બુદ્ધી બહેર મારી જાય છે તેવુંજ આ કેશરીને થયું. સીંહ નજીકને આવતો ગયો. આ વખતે તેને દૈવીક પ્રેરણા થઇ તે ઝાડપર ચડી ગયો. તે વિક્રાળ કેશરી ઝાડ નીચે કેશરી તરફ ઘુંરકતો આવી ઉભો. કેશરીની સઘળી આશા નિરાશામાં બદલાઇ ગઇ ! માતા પિતા, રાજ્ય-વૈભવનું સુખ, લક્ષ્મીનો પ્રેમ, નિદ્રામાં નિહાળેલું સ્વપ્ન આદિ અનેક વચારો તેના મસ્તિકમાં ધુમવા લાગ્યા !

સઘળાં સુખો તેની દ્રષ્ટિગોચર થવા લાગ્યાં, તેનો જીવ બ્રહ્માંડમાં ચડી ગયો; તે લક્ષ્મી તેની સમીપ ઉભેલી જોઇ તેણીને સંબોધીને બોલવા લાગ્યો " વ્હાલી, તું અહીં શા માટે આવી ? તું જુવે છે કે હું મૃત્યુના મુખમાં સપડાયો છું છતાં કુવામાં પડેલો મનુષ્ય જેમ હાથમાં આવેલા પીપળાના વૃક્ષનું ડાળ ઝાલી ઉપરથી ટપકતા મધનો સ્વાદ લેવા નિષ્ફળ આશા રાખી મોઢું વિકાશી રહ્યો હતો, તેને ખબર હતી કે " જો ડાળ હાથમાંથી છુટશે તો નીચે ઝેરી સાપ મને ડસવા ટાંપી રહ્યો છે, " છતાં આશા છુટતી નથી; તેમ હું પણ તારા અધરોષ્ટનું ચુંબન કરવા, તને આલીંગન દેવા નિષ્ફળ આશા રાખી રહ્યો છું. ભવિષ્યે આ ડાળ તુટી અથવા છુટી તો મારો તેમજ મારી આશાનો કોળીઓ થતાં વાર નથી, તેમાં તું તારા સુકુમાર શરીરનો ભોગ આ-પવા સા માટે આવી ? મારે માટે તું પણ— "

**લક્ષ્મી**—વ્હાલા ! જેવી તમારી સ્થીતિ તેવીજ મારી, આ જન્મમાં તો તમને તન મન અર્પી ચુકી છું. તો જેવી તમારી દશા તેવીજ મારી.

આવા દિગ્દર્શનમાંજ રાત્રી વ્યતિત થઇ. કેશરી લક્ષ્મીના બોલ સાંભળી અત્યંત પ્રેમાવેશમાં આવી ગયો હોય તેમ આ-લીંગન દેવા ગયો, અને હાથમાંથી ડાળ છુટી !

આજ પળે કેશરીના પડવાનો અને સીંહની ઘોર ગર્જના સાથે મરવાનો એકજ વખત હતો, જેવો કેશરી ડાળથી છૂટો થયો કે તેના વિચારો ઉડી ગયા ! તે નિચે પડયો! સદ્ભાગ્યે તે પાંદડાંના મોટા પુંજપર પડયો હતો જેથી તેને ઇજા થઇ નહોતી. તે ત્યાંજ ચક્ષુ બંધ કરી પડી રહ્યો બે માણસોએ આવી તેને દીલાસો આપી ઉઠાડયો. કેશરી વિસ્મય થયો, જેમણે કેશરીને ઉઠાડયો તેઓ શિકારી હતા. તેમણે કેશરીને કહ્યું.

“ ભાઇ તમે કોણ છો ? અને અહીં શા માટે આવ્યા હતા ? જો ઇશ્વર ઇચ્છાએ અમે અત્રે ન આવી ચઢયા હોતતો તમે આ વિક્રાળ કેસરીના ભક્ષ થઇ જાત; પણ તે તમારી નજર આગળ મરણ પામ્યો છે. ”

શિકારીઓએ સીંહને ઝાડ તળે ઉભી દ્રષ્ટિ કરી ઘુરકતો જોઇ બે તીરો છોડયાં, અને તે તીરો સીંહને ચોકસ જગ્યાએ વાગવાથી તે તમરી આઇ નીચે પડયો, અને તેનો પ્રાણ ની-કળી ગયો.

કેશરી તેમનો અનહદ ઉપકાર માનતો બોલ્યો “ ભાઇઓ હું રસ્તો ભુલો પડવાથી અહીં આવી ચઢયો છું. આ સ્થળનો

હું તદ્દન અજાણ્યો છું, અહીંથી કોઇ શહેર યા ગામ કેટલે દુર છે અને ત્યાં કયે રસ્તેથી જવાશે તે બતાવશો તો ઉપકાર થશે."

**શીકારી**—અહીં દશ દશ યોજન સુધી કોઈ પણ ઠેકાણે વસ્તી નથી, માત્ર ચારેક યોજન દુર એક સાધુની ઝુંપડી છે એટલીજ વસ્તી છે.

કેશરીએ અધીરાઇથી પુછયું—ત્યાં જવાનો રસ્તો મને બતાવશો ?

**શીકારી**—અમારી સાથે આવો.

કેશરીએ તેમની પાછળ ચાલવા માંડયું થોડેક દુર ગયા પછી તેને તેઓએ રસ્તો બતાવ્યો જો કેશરીને પક્ષીઓની માફક પાંખો હોતતો આ વખતે તે તેની હૃદયેશ્વરીને મળવા આકાશ માર્ગે ઉડી જાત ! જેમ બન્યુ તેમ તેણે જલદી રસ્તો કાપવા માંડયો, નિંદ્રામાં થયલા સ્વપ્ન વિશે તેને હજારો તર્કો થવા લાગ્યા, થોડા સમય પછી તે પર્ણકુટીકાપાસે જઇ પહોંચ્યો, તપાસ કરીતો અંદર નમળે લક્ષ્મી કે નમળે સાધુ ! આ વખતે તેને "રખેને સ્વપ્નાનો દેખાવ સત્ય પડે" એવી શંકા થઇ તેણે ચારે બાજુએ કેટલેક દુર સુધી તપાસ કરી એવા વિચારથી કે "વખતે પુષ્પ, ફળ આદી લેવામાં મદદ કરવા લક્ષ્મીને સાથે લઇ મહારાજ ગયા હોય; તેણે પર્ણકુટીની પાછળ જવા માંડયું, થોડેક જતાં તે એક મોટી હાય મારી ત્યાંજ થોભ્યો ! અને વિલાપ કરવા લાગ્યો ! તેણે આ ઠેકાણે લક્ષ્મીને સર્પ ડંસથી મર્ણ પામેલી જોઇ ! અને પ્રત્યક્ષ પ્રમાણમાં પાસે સાપ પણ પડેલો દીઠો ! "અરે રે ! દૈવ ! મારૂં સ્વપ્ન સત્યજ ઠર્યું", આ અસાર

સંસારમાં મુસાફરી કરવાના વહાણની મારી સુકાન નાશ પામી ! ત્યારે હવે મારે પણ જીવીને શું કરવું છે! હું પણ એની સાથેજ મરીશ!"

એવો વિચાર કરે છે એટલામાં મહારાજ પોતે લક્ષ્મીને દહન કરવા કાષ્ટ લેવા ગયા હતા તે પણ રૂદન કરતા ત્યાં આવ્યા, કેશરીને જોઇ બોલ્યા "ભાઇ તમે કયાંથી અહીં આવ્યા ? મારી લક્ષ્મી આ ફના દુનીઆં તજી ગઇ! હું સરદારને શો જવાબ દઇશ ?" એમ કહી આક્રંદ કરવા માંડયૂં.

**કેશરી**—મહારાજ મારૂં સંસાર સાગરમાં તરવાનું નાવ નાશ પામ્યું ત્યારે મારે પણ જીવીને શું કરવું છે, જેથી હું પણ એની સાથેજ બળી મરવા તૈયાર થયો છું તમે સરદારને એ બાબત જણાવશો.

એમ કહી સાધુનું કાંઇ પણ વીવેચન ન સાંભળતાં તેણે ખડકેલી ચિતામાં લક્ષ્મીને સુવાડી અગ્નિ મુકવા જતો હતો એટલામાં. હાથમાં મૃગચર્મ સહીત, આખે શરીરે ભસ્મ ચોળીને લલાટપર ચંદનનું મોટું ત્રિપુંડ્ર કરીને સાક્ષાત મહાદેવ તેની સમક્ષ આવી ઉભા અને બોલ્યા. "બચ્ચા કયા હય, ઇસ્ત્રીકે સાથ જલનેકું કયું તૈયાર હુવાહય; ઇસ ફના દુનિઆં મેં કોઈ કીસીકા નહીં હય, બચ્ચા, ઉસકી આયુષ્ય દોરી નષ્ટ હુઈ જબ ઇધર અપના જડ દેહ છોડકર ચલી ગઇ, ફીર કાયકું સંતાપ કરતા હય, ઔર જલનેકું તૈયાર હુવા હય."

**કેશરી**—મહારાજ, મારૂં સર્વ ગયું છે, હું એના શીવાય જીવી શકું તેમ નથી, બસ મને મરવાદો, મને રોકો નહિ.

અહાહા ! કેશરી ! ધન્ય છે તારા લક્ષ્મિ પ્રતિ પ્રેમને ! ધન્ય છે તારી દ્રઢતાને ! તારા જેવા પુરૂષ રત્નો ભાગ્યેજ થશે ! પ્રિય વાંચક ! એનું નામ તેજ પ્રેમ ! એજ પ્રેમનું ખરૂ ચિત્ર ! કે પોતાની ભવિષ્યની પ્રિયાને માટે પણ બળી મરવા તૈયાર થયો. !

શ્રી શંકર ભોળાનાથને કેશરી ઓળખી શક્યો નહીં, કેશરીનો અત્યાગ્રહ જોઇ શંકરે કહ્યું—ગભરા નહિ, બચ્ચા, મેરી પાસ મંત્ર હે ઉસકા પ્રભાવસે સજીવન કરતા હુ, તું બડા પ્રેમી મનુષ્ય હય.

એમ કહી લક્ષ્મીના મૃતદેહ ઉપર હાથ ફેરવ્યો. લક્ષ્મી ઉઠી બેઠી થઇ, પોતાને ચીતાપર જોઇ, પાસે કેશરી, પાળકપિતા અને બીજા યોગીને જોઇ ગભરાટની સાથે આશ્ચર્ય ચકિત થઇ! કેશરી થકી અચાનક બોલાઇ ગયું " વ્હાલી ગભરાઇશ નહી ! આ મહાત્માના મંત્ર પ્રભાવથી હું તને મળવા શક્તિમાન થયો છું ! તને સર્પ ડંસ થવાથી મરણ પામી હતી જેથી આ યોગીરાજે તને સજીવન કરી છે ! "

યોગીનું આવું અદ્ભુત પરાક્રમ જોઇ ત્રણે જણ તેને પગે પડયાં તેમને શુભ આશિશ આપી યોગીરાજ અંતરધ્યાન થયા !

ત્રણે જણ પર્ણકુટીમાં આવ્યાં તેમને આવ્યને લગાર વખત થયો નહોતો એટલામાં એકજણે આવી સાધુને નમન કર્યું.

સાધુ—કોણ ! રાયસીંહ ?

પુરૂષ—હા મહારાજ.


સાધુ—કેમ આટલો વખત થયાં સરદાર માલુમ પડતો નથી.

**રાયસીંહ**—મહારાજ ઇશ્વરે ભય વાદળ વિખેરી નાખ્યું છે. સરદારસીંહે ચંદ્રનગરના રાજા ચંદ્રવર્માની સહાયથી ક્રુરસીંહપર ફતેહ મેળવી છે, તેને કેદ કર્યો છે, અને મને આપને અને લક્ષ્મીને તેડવા મોકલ્યો છે.

**કેશરી**—શું સરદારસીંહ નૌતમગઢમાં છે? અને ક્રુરસીંહને કેદ કર્યો?

**રાયસીંહ**—હા, મહારાજ હવે આપ ત્વરાથી ચાલો. કારણ આપણા ગયા પછી જાહેર સભા ભરાવાની છે. માટે આપણે જલદી જવું જોઇએ.

**સાધુ**—કેશરી લક્ષ્મી અને જયસીંહ ઉર્ફે ( રાયસીંહ ) ત્યાંથી ચાલી નીકળ્યા!



# પ્રકરણ ૨૬ મું.

## જાહેર ભાષણ.

બીજે દીવસે સવારમાંજ સરદારસીંહ તરફથી મોટી સભા ભરાઇ. આ સભા ફક્ત રૈયતને ગાદીનો ખરો અધિકારી હજુ હયાત છે તે જાહેર કરવાનેજ ભરવામાં આવી હતી. આને માટે ખાસ એક વિશાળ મંડપ સરદારના કહ્યા મુજબ બંધાયો હતો. અને તે ઘણી સારી રીતે શણગારવામાં આવ્યો હતો. તે મંડપની મધ્ય સ્થળે સિંહાસન ગોઠવ્યું હતું અને આજુબાજુ સરદાર વર્ગને બેસવાની ગોઠવણ કરી હતી. ચંદ્રવર્માને માટે ખાસ સિંહાસનની દક્ષિણ બાજુએ સોનાના હાથાવાળી એક ખુરશી મુકી હતી, તેની સાથે સાધુ અને કેશરીને માટે પણ તેવીજ ખુરશીઓ મુકી હતી.

સભા ભરાવાનો વખત થઇ ગયો. એક પછી એક સર્વ મનુષ્યો આવવા લાગ્યા; ચંદ્રવર્મા, કેશરીસીંહ અને સાધુએ પણ તેમનાં આસનો લીધાં; પરંતુ આ સાધુને અહીં બેઠેલો જોઇ "એ કોણ હશે?" એમ દરેક જણ શંકાશિલ થતા હતા. બરાબર સભા ભરાતાંજ સરદારે જાતે ઉઠી ભાષણ કરવાનું શરૂ કર્યું.

"આજે કેટલાક સમયે નૌત્તમગઢની રૈયતને આમ એકત્ર મળેલી જોઇ મને ઘણો હર્ષ ઉત્પન્ન થાય છે. તમે

જાણો છો કે હાલ કેટલા વખતથી તમારો ખરો રાજા જંગલમાં શિકાર કરતાં સિંહને હાથે મારાયા અને તેમનો પુત્ર અભયસીંહ એકા એક ગૂમ થયો; અને કુરસીંહ તમારો રાજા થયો. પણ ખરૂં જોતાં તમારા રાજા સિંહને હાથે મરાયા નહોતા, પણ આકૃતઘ્નિએ તેમને જંગલમાં ઝેર દઈ મારી નાંખ્યા હતા! અને તેમના પુત્રને પણ એ દુરાત્મા મારી નાખવાનોજ હતો, પરંતુ તેને એકા એક ખબર મળવાથી તે શહેર છોડી નાશી ગયો હવે તમને શંકા ઉત્પન્ન થશે કે 'હું કોણ છું અને આમ કુરસીંહ સાથે લઢી ગાદી લેવાનું કારણ શું? તો સાંભળો જે તમારા રાજાનો પુત્ર ગુમ થયો હતો તેજ હું અભય!" આ સાંભળી રૈયત વર્ગમાંથી જય જયકાર શબ્દોનો પ્રતિધ્વની થવા લાગ્યો અભયસીંહે તેમને શાન્ત કરી આગળ ચલાવ્યું.

"જ્યારે કુરસીંહે મારા પિતાને ઝેર દીધું ત્યારે, આ રાયસીંહને ખબર પડી, જેથી એણે અવળે રસ્તે આવી મને ચેતવ્યો. તરતજ હું અને એ બંન્ને નીકળી પડ્યા. અહીં ભૂપતસીંહનું ખુન પણ મારા હાથે જ થયું હતું. જંગલમાં રહી મેં બહારવટું કરીને ગૂજરાન ચલાવ્યું, ત્યાં મને આ સાધુ મહારાજે ઘણી મદદ આપી હતી.

હવે એ સાધુ મારા પર એટલો સ્નેહભાવ કેમ રાખતા હશે? તેને માટે મને મોટી શંકા છે તો તે હમણાં દૂર કરશે."

પેલા સાધુએ બોલવાનું શરૂ કર્યું—

"તમારા રાજા કુરસીંહે ગંભીરસીંહને ઝેર દઇને મારી નાંખ્યો, પરંતુ ઇશ્વરકૃપાએ તે હજુ હયાત છે" એમ કહી તેણે જે કૃત્રિમ દાઢી જટાવીગેરે રાખ્યાં હતાં તે કાઢી નાંખ્યાં. અને અસલનાં વસ્ત્રો પણ સાથે રાખ્યાં હતાં તે બતાવ્યાં અને કહ્યું કે—"જુઓ તે ગંભીરસીંહ તમારી સમક્ષ ઉભો છે"

આ સાંભળતાં જ સર્વે આશ્ચર્યતરંગોમાં ચપટવાવા લાગ્યા! સરદારસીંહ એકદમ છલંગ મારી ગંભીરસીંહની કોટે વળગી પડયો! આખી સભામાંથી પુનઃ "ગંભીરસીંહ મહારાજકી જય! ગંભીરસીંહ મહારાજકી જય!" એવા શબ્દો સંભળાવવા લાગ્યા.

ગંભીરસીંહે આગળ ચલાવ્યું—"જ્યારે મને કુરસીંહ ઝેર દઈને રવાના થયો ત્યાર પછી કેટલેક સમયે એક સાધુએ આવી મારૂ વિષ કોઈ વનસ્પતિના ઉપચારથી ઉતાર્યું. અને મને સાવધ કરી પોતાની સાથે તેમની પર્ણકુટીમાં લઇ ગયા છુપી રીતે મેં તપાસ કરી તો કુરસીંહનું કાવત્રુ છે એમ માલમ પડયુ, અભય પણ ત્યાંથી નીકળી ગયો હતો. જેથી હું ત્યાં રહ્યો. ત્યાર પછી કેટલેક કાળે તે સાધુનો કાળ થયો."

સભા મળવાને આગલે દીવસે ગંભીરસીંહે ક્ષૌરકર્મ કરાવી નાંખ્યું હતું, અને કૃત્રિમ દાઢી અને જટા પહેરી લીધાં હતાં

આ વખતે કુરસીંહને ત્યાં હાજર રાખ્યો હતો. સઘળા લોકો તેને ધીટકાર આપવા લાગ્યા. આ વખતે તેને એમ થયું કે પૃથ્વી માર્ગ આપે તો અંદર સામાઇ જાઉં!

સભાની સમક્ષ ગંભીરસીંહે કુરસીંહને છુટો કર્યો અને કહ્યું—

" તેં મને દુઃખ દેવામાં મણા રાખી નથી, તું મારો પિત્રાઇ ભાઇ છે, મેં તને કોઈ રીતે ન્યુનતા રાખી નહોતી, છતાં તારી મતિ ભ્રષ્ટ થઇ, પરંતુ તેનો બદલો તને ઇશ્વરે આપ્યો છે. પણ હું અપકારનો બદલો ઉપકારથી જ વાળીશ. તને તારી સૈન્યધીપતિની પદવી પાછી સોંપું છું " કેશરી તરફ ફરીને કહ્યું.

" કેશરીસીંહ તમે તમારી મિત્રની ફરજ બરાબર બજાવી છે તેના ઉપકારમાં લક્ષ્મિનો હસ્ત તમારા હસ્તમાં ઘણા હર્ષથી સોંપું છું ઇશ્વરનો મોટો ઉપકાર થયો કે કેટલે વખતે પણ આવો મંગળ સમય આણ્યો. "

ચંદ્રવર્માએ પણ આ વખતે ગંભીરસીંહને કહ્યું,—

" ગંભીરસીંહજી, મારી ગાદીનો વારસ મારા પછી આ તમારો પૌત્ર મદનચંદ્ર જ છે. હું હવે લાંબો કાળ જીવી શકવાનો નથી, માટે થોડા સમય પછી એમને ત્યાં મોકલશો. હવે હું પણ રજા લઉં છું. " એમ કહી ચંદ્રવર્મા ત્યાંથી તેમના નગર તરફ ગયા.

આ પ્રમાણે થયા પછી સભા ' જય જય ' શબ્દ સાથે વિસર્જન થઇ !



# ઉપસંહાર.

અભયસીંહે શાન્તાવતીને લાવવાને જે તપસ્વીને વચન આપ્યું હતું, તેમને અહીં તેડાવ્યા અને શાન્તાવતીનું તેમની સાથે લગ્ન કર્યું, અને ત્યાંજ તેમને એક મહેલ બાંધી આપ્યો.

હવે શાંન્તાવતીના પિતાએ કમળાને એક સારા આબરૂદાર ગર્ભ શ્રીમંત સાથે પરણાવી, પરંતુ હત્ ભાગ્યને લીધે કમળાના સ્વસુર પક્ષની તેમ જ સનત્કુમારની પડતી દશા આવી. તેઓ પર્યટન કરતાં કરતાં અત્રે આવી પહોંચ્યાં. શાંન્તાવતીએ કહ્યું.

" પિતાશ્રી સારૂ યા બુરૂ પોતાના ભાગ્યને જ આધારે થાય છે કે નહિ ? "

**સનત્કુમાર**—એક વખત નહિ પણ દશ વખત હું કબુલ કરૂંછું. બેટા મેં તને ક્રોધાવેશમાં જ ઘરની બહાર કાઢી મુકી——— "

**સાન્તાવતી**—પિતાશ્રી જે થયું તે ઠીક થયું, મારૂં ભાવી ભવિષ્યમાં સુખ હતું તો મને તેજ પ્રમાણે મળ્યું, માટે હવે દીલગીર થશો નહિ.

એમ કહી તેણીએ તેમને ત્યાં પોતાની પાસેજ રાખ્યાં. અભયસીંહે તિલોત્તમાના પિતાને કહાવી મોકલ્યું કે—

" તમારી પુત્રી તમારા શતરૂના પુત્ર સાથેજ વરી ચુકી છે, અને હાલ નૌતમગઢમાં રાણીપદ ધારણ કરી રહી છે. તમારે વેર લેવાની ઇચ્છા હોય તો અત્રે આવવું. "

કૃષ્ણસીંહને ખબર મળતાંજ તેણે નોતમગઢ જવાની તૈયારી કરી. ત્યાં જઇ ગંભીરસીંહને નમન કરી અભય પાસે માફી માગી કહ્યું.--

" આટલી દુશ્મનાવટ કરાવનાર તે નીમકહરામ મોતીશાજ હતો તેની મને ખાત્રી થઇ. કારણ તેનું ઘર તપાસતાં કેટલાક કાગળ મને મળી આવ્યા. તેમાં ખુદ ગંભીરસીંહજીના સહી શીક્કાનો કાગળ પણ હતો. પરંતુ તે પત્ર તે નીચે મને નહીં બતાવતાં આટોપી રાખ્યો હતો. હવે મને સઘળી ખબર પડી માટે મને મારા કૃત્યને માટે માફી આપશો. "

**અભય**—તમને તમારા હાથે પશ્ચાતાપ થયો એટલે તમને માફી મળીજ ચુકી છે. ગંભીરસીંહ તો આવા એક પછી એક બનાવો જોઇ વિસ્મય થઇ ગયા. કુરસીંહથી રૈયતનો ધીટકાર સહન થયો નહી. તે મનમાંજ પશ્ચાતાપ કરવા લાગ્યો, " અરે હાય ! મારા પાપ કર્મોનો ઘડો પુર્ણ ભરાઇ ચુકયો હતો તે ફુટી ગયો ! મારાં દુષ્ટ કર્મો આજે ખુલ્લાં પડી ગયાં ! તો પછી મારે આ સંસારમાં જીવીને શું કરવું છે ? મારૂં કાળુ મુખ મને બતાવતાં શરમ આવે છે ! હવે શું કરૂં ? હાય ! હાય ! મને આવી બુદ્ધિ કેમ સુઝી ? બસ હવે મરવા શીવાય અન્ય ઉપાય રહ્યો નથી ! અરે પરમેશ્વર ! મારા કર્મોનો બદલો મને મળી ચુકયો છે ! હવે હું તારે શરણે આવવા

તૈયાર છું ! આ મારાં ઘોર કૃત્યોની તું શું શીક્ષા આપીશ ! વડીલ બન્ધુ ! તમે તો મને ક્ષમા કરી પણુ તે મને કેમ છોડશે ! હવે મારાથી દુનીયાંપર જીવાય એમ નથી ! માટે હવે તો આત્મ હત્યાજ કરૂં !"

કુરસીંહે એકદમ ખેદના આવેશમાં પોતાના પેટમાં કટાર ખોશી દીધી ! તેનો આત્મા સૃષ્ટીના સર્જનહારની હજુરમાં રજુ થઇ ગયો ! મરતાં મરતાં તેણે એક મોટી હાય મારી. મેનાવતીએ એકદમ દોડતાં આવી જોયું તો તેણીનો પતિ આ ભુમી તજી અન્ય દીવ્ય સૃષ્ટિમાં પહોંચી ગયો હતો ! તેણે અસીમ કલ્પાંત કરવા માંડયું ! તેણીનું આક્રંદ સાંભળી ગંભીરસીંહ ત્યાં આવી પહોંચ્યા તેમણે પણુ કુરસીંહને મર્ણ પામેલો જોયો. તે પણુ ઘણો ખેદ પામ્યા અને મેંનાવતીને શાન્ત કરવા લાગ્યા ! આ શોકમય કલ્પાંત એક પ્રહર સુધી ચાલ્યું ! પ્રીય વાંચનાર ! આ કલ્પાંત ગમે તેવા પાષાણ હૃદયના મનુષ્યને પણુ પીંગળાવે તેવું હતું ! મેંનાવતીને અનેક પ્રકારે સમજાવી કુરસીંહના મૃત પંચમહાભુતના ખોળીઆને લઇ નદીના ત્રટપર આવ્યા, ત્યાં ચિતા ખડકી તેને ઉપર સુવાડયું અને—

तिस्र कोट्यार्द्ध कोटी च यानि रोमानि मानवे ।
तावत्कालं वसेत्स्वर्गं भर्तारं यानुगच्छति ॥

એ શ્લોકને અનુસરીને તે વિરાંગના મેંનાવતી તેના પતિની સાથે સતિ થઇ બળી મુઇ !

આર્યભુમીમાં હજારો શુરી ક્ષત્રાણીઓ પોતાના પતિની પાછળ સતિ થઇ બળી મુઈ છે. હજારો પ્રયત્ન કરવા છતાં પણ તેઓ રોકાઇ નથી, તેઓ પોતાના પતિનેજ પ્રભૂરૂપ સમજે છે તેમનો વિયોગ એક ક્ષણુ પણ સહન કરી શક્તિ નથી. અહોનિશ પતિ ભક્તિમાં નિમગ્ન રહે છે. તેના દરેક અવયવમાં રોમેરોમમાં પતિ, પતિને પતિજ વ્યાપી રહે છે, તેવી વિરાંગનાઓ શું પતિના મરણુ પછી દેહ ધારણુ કરી શકે? જોકે કૃરસીંહ ઘણો દુષ્ટ સ્વભાવનો હતો છતાં મેંનાવતી તેને અપુર્વ પ્રેમથી ચ્હાતી અને પ્રભુ સમાન ગણુતી હતી.

ગંભીરસીંહથી આવો શોકમય બનાવ ખમી શકાયો નહિ. તેને સંસાર ખારો લાગ્યો! આ રાજ્ય વૈભવનાં સુખ સૂળી જેવાં લાગ્યાં! અને આખી દુનીયાં ઝેર જેવી લાગવા માંડી! જેથી અભયસીંહને સર્વ રાજ્યની સત્તા સોંપી તેણે વાનપ્રસ્થ સ્વીકાર્યું!

# सत्यमेव जयते.

## समाप्त.

# છપાવનારાઓને ખુશ ખબર.

સરવે છાપવાનુ કામ કરાવનાર ગૃહસ્થોને જણા-વાને ખુશી થાઉ છું કે સસ્તુ સારૂ સફાઇબંધ રંગબે-રંગી કામ વાયદાસર કરી આપવામાં આવશે બીજા મોટા છાપખાના કરતાં હમારે ત્યાં ભાવ ઘણાજ કી-ફાયત રાખેલા છે. જેવું કે—

બીલ બુકો, હુંડી બુકો, રશીદ બુકો, (રેશમી કપડાપર) માનપત્ર, પાર્ચમેન્ટ, નોટીસો, જાહેર ખબરો એ શીવાય બીજા ઘણા સારા ફેન્સી કામ કરવામાં આવશે માટે આશા છે કે બીજી જગાએ કામ કરાવતાં પહેલાં એક વખત હમારી મુલાકાત લઇ ભાવ પુછી જોસો તો ખાત્રી થશે. બહાર ગામના ઓર્ડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે. પત્રવ્ય-વહાર નીચેને સરનામે કરવા.

મેનેજર.

નરોતમ જી. કાયસ્થ.

શ્રી "પદ્મવિલાસ" પ્રીન્ટીંગ પ્રેસ

કોઠીઆગળ—ભરૂચ.